BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

**પ્રથમ વર્ષ**

**સેમેસ્ટર : 02**

**GMJ -202**

# ગુજરાતી પદ્ય ભાગ – 2

ભાઈ રે, આપણા દુ:ખનું કેટલું જોર

પિતા-પુત્રી મિલન

થોડો વગડાનો શ્વાસ

એક જ દે ચિનગારી

અખિલ બ્રહ્માંડમાં

વધામણી

નિર્દોષ ને નિર્મળ આંખ તારી

વિદાય

આઠમું દિલ્હી

જૂનું ઘર ખાલી કરતાં

હાં રે કોઈ માધવ લ્યો



As per NEP - 2020

B.A. (Hons.)

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે :

'જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠાં મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે. બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખું રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસસામગ્રીનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબ સમા અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો. (ડૉ.) અમીબહેન ઉપાધ્યાય**

**કુલપતિ**

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**

**જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

## સંપાદન

| | |
|---|---|
| પ્રિ. નટુભાઈ ઠક્કર | આચાર્ય, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| પ્રિ. સોમાભાઈ પટેલ | આચાર્ય, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ |
| ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | રીડર, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. કીર્તિદા જોષી | પ્રાધ્યાપિકા, ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |

**પરામર્શ :**

| | |
|---|---|
| પ્રો. વિનોદ અધ્વર્યુ | નિવૃત્ત આચાર્ય, બાલાસિનોર આર્ટ્સ કૉલેજ, બાલાસિનોર |

**સંપાદન અને સંકલન :**

| | |
|---|---|
| પ્રિ. નટુભાઈ ઠક્કર | આચાર્ય, સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ અમદાવાદ |
| ડૉ. ચન્દ્રકાન્ત એચ. ઠક્કર | રીડર, અર્થશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. અરવિંદ ભાંડારી | રીડર, ભાષાવિજ્ઞાન વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| પ્રો. સિદ્ધાર્થ ન. ભટ્ટ | રીડર, રાજ્યશાસ્ત્ર વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| ડૉ. નિશા કે. શાહ | રીડર, કેમિસ્ટ્રી વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |


| | |
|---|---|
| **નૂતન સંસ્કરણ** | **: વર્ષ-૨૦૨૫** |
| પ્રો. યોગેન્દ્ર પારેખ | અધ્યક્ષ : ગુજરાતી વિભાગ<br>નિયામક : માનવવિદ્યાઓ અને સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખા<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ |

**પ્રકાશક :**

કુલસચિવ : ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ



**સર્વાધિકાર સુરક્ષિત**

આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.

# વિભાગીય પ્રસ્તાવના

**પદ્ય**

આ વિભાગમાં ગુજરાતી સાહિત્યના બન્ને મોટા યુગોનું પ્રતિનિધિત્વ કરતી ૧૬ કાવ્યકૃતિઓનો અભ્યાસ કરવાનો છે. ગુજરાતી સાહિત્યનો પ્રારંભ તો નરસિંહ મહેતા પૂર્વે થઈ ચૂક્યો હતો પણ આરંભિત તબક્કામાં ત્રણસો વર્ષના સાહિત્યમાં કોઈ મોટા ગજાનો સર્જક સાંપડતો નથી. નરસિંહ મહેતા ગુજરાતી સાહિત્યના પ્રથમ ઉત્તમ સર્જક છે. તેમને ગુજરાતીના આદિકવિ પણ કહેવામાં આવે છે.

નરસિંહ મહેતાથી પ્રારંભાયેલા સાહિત્યને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય કહેવામાં આવે છે. દયારામ આ યુગના અંતિમ તેજસ્વી કવિ છે. મીરાંબાઈ, અખો, પ્રેમાનંદ, પ્રીતમ વગેરે આ યુગના નોંધપાત્ર કવિઓ છે. આ દરેક કવિની એક-એક પ્રતિનિધિ - રચનાનો સમાવેશ આ સંચયમાં કર્યો છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ગદ્ય નહિવત્ છે. આ યુગમાં મુખ્યત્વે પદ્ય જ પ્રયોજાયું છે. પદ અને આખ્યાન આ યુગના મુખ્ય સ્વરૂપો છે. અખાના છપ્પા અને દયારામની ગરબીમાં પણ ઊર્મિકાવ્યના જ પેટા પ્રકારો છે.

નર્મદથી અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પ્રારંભ થાય છે. નર્મદને 'અર્વાચીનોમાં આદ્ય' કહેવામાં આવ્યો છે. તેણે ગદ્ય અને પદ્યનાં અનેક સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. પશ્ચિમી ઢબનાં ઊર્મિકાવ્યો (Lyrics) નર્મદથી મળવા માંડે છે. ઊર્મિકવિતાનાં સોનેટ, ગીત, ગઝલ જેવાં સ્વરૂપોનું ખેડાણ અર્વાચીન કાળમાં થાય છે. કવિ કાન્ત ખંડકાવ્યનું નવું સ્વરૂપ સર્જે છે. આ બધાં સ્વરૂપોની ઉલ્લેખનીય રચનાઓનો અહીં સમાવેશ કરવામાં આવ્યો છે.

જે તે સાહિત્યસ્વરૂપ અને સર્જકનો સંક્ષિપ્ત પરિચય એકમમાં આપવામાં આવ્યો છે. તેમ જ જે તે કવિની કૃતિ વિશેની સમગ્ર સમીક્ષા પણ કરવામાં આવી છે. આ પરિશ્રમ તમને અવશ્ય ઉપયોગી નીવડશે જ એ શ્રદ્ધા સહ.

# અનુક્રમણિકા


| એકમ ક્રમ | એકમનું નામ | કર્તા | પેજ નંબર |
|---|---|---|---|
| 1. | અખિલ બ્રહ્માંડમાં | નરસિંહ મહેતા | 5 |
| 2 | હાં રે કોઈ માધવ લ્યો | મીરાંબાઈ | 10 |
| 3. | પિતા-પુત્રી મિલન | પ્રેમાનંદ | 15 |
| 4. | હરિનો મારગ | પ્રીતમ | 22 |
| 5 | શ્યામ રંગ સમીપે ન જાવું | દયારામ | 28 |
| 6. | આઠમું દિલ્હી | કૃષ્ણલાલ શ્રીધરાણી | 33 |
| 7. | આપની યાદી | કલાપી | 48 |
| 8. | વધામણી | બળવંતરાય ક. ઠાકોર | 60 |
| 9. | નિર્દોષ ને નિર્મળ આંખ તારી | હરિશ્ચંદ્ર ભટ્ટ | 73 |
| 10. | કસુંબીનો રંગ | ઝવેરચંદ મેઘાણી | 84 |
| 11. | એક જ દે ચિનગારી | હરિહર ભટ્ટ | 99 |
| 12. | ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર | રાજેન્દ્ર શાહ | 109 |
| 13. | જૂનું ઘર ખાલી કરતાં | બાલમુકુંદ દવે | 121 |
| 14. | વળાવી બા આવી | ઉશનસ્ | 128 |
| 15. | થોડો વગડાનો શ્વાસ | જયંત પાઠક | 138 |
| 16. | વિદાય | પ્રહ્લાદ પારેખ | 152 |

# એકમ ૧

# અખિલ બ્રહ્માંડમાં

**- નરસિંહ મહેતા**

રૂપરેખા


1.1 ઉદ્દેશો
1.2 પ્રસ્તાવના
1.3 કૃતિ (કવિતા)
1.4 કૃતિનો સારાંશ
1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
1.5.1 ભૂમિકા
1.6 વસ્તુલક્ષી કસોટી
1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
1.8 પુનરવલોકન
1.9 લેખન-પ્રવૃત્તિ
1.10 વિશેષ અધ્યયન
1.10.1 કવિ-પરિચય
1.10.2 સ્વરૂપ-પરિચય
1.10.3 વિશેષ વાચન
• ટિપ્પણી


## 1.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી ભાષામાં પાંચસો વર્ષ પહેલાં કેવા વિષયની અને કેવા સ્વરૂપની કવિતા લખાતી હતી તેનો પરિચય મેળવશો.
- વિશ્વના સઘળા પદાર્થોમાં હરિ કઈ રીતે વ્યાપી રહેલો છે તેનો ખ્યાલ મેળવશો.
- એ ખ્યાલ આ કવિતામાં કેવી સચોટ રીતે વ્યક્ત થયો છે તે સમજશો.
- કવિતાની ભાષાના અર્થો અને વપરાશના તરીકાઓથી માહિતગાર થશો.
- કવિતાના વિચારને મનમાં દૃઢ કરશો.
- કવિતાની કોઈ એક પંક્તિનો વિચાર કઈ રીતે વિસ્તારથી લખી શકાય તે શીખશો.
- ગુજરાતી ભાષાના આદિકવિનો પરિચય મેળવશો.
- આવા જ વિચારને રજૂ કરતી અન્ય કવિતાઓ મેળવી વાંચશો તથા તેમને આ કવિતા સાથે સરખાવશો.

## 1.2 પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યની શરૂઆતની રચનાઓ મોટો ભાગે માત્ર પદ્યમાં જ મળે છે. એ જમાનામાં લેખન-પરંપરા દૃઢ થઈ ન હતી. પદ્યનો લય યાદ રાખવામાં સરળતા કરી આપતો. એ રચનાઓ ગવાતી. કંઠોપકંઠ રચનાઓ લાકો સાંભળતાં અને સ્મૃતિબદ્ધ કરતાં. દરેક કુટુંબમાં વડીલો આવાં પદ્યો અનુકૂળ સમયે કામ કરતાં-કરતાં ગાતા. જેમ કે, નાહતાં-નાહતાં, છાશ વલોવતાં, ઘંટીએ દળતાં, ખેતીકામ કરતાં-કરતાં વગેરે. આ ગાયનને લીધે કામ કરવાનો આનંદ આવતો

અને કામમાં એકાગ્રતા પણ થતી. બાળકોને કાને આ પદ્યો પડતાં એમના ચિત્તમાં પણ આ સંસ્કારો દઢ થતા. આ પદ્યો બાળકમાં અને સમાજમાં સારા સંસ્કાર દઢ કરવાની કામગીરી પણ આડકતરી રીતે કરતાં.

## 1.3 કૃતિ

### અખિલ બ્રહ્માંડમાં

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે,
પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિધ રચના કરી, અનેક રસ લેવાને, શિવ થકી જીવ થયો એ જ આશે.
અખિલ બ્રહ્માંડમાં૦
વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ શાખ દે, કનક કુંડલ વિષે ભેદ ન્હોયે;
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.
અખિલ બ્રહ્માંડમાં૦
ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે તે પૂજે;
મન વચન કર્મથી, આપ માની લહે, સત્ય છે એ જ મન એમ સૂજે
અખિલ બ્રહ્માંડમાં૦
વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું, જોઉં પટંતરે એ જ પાસે;
ભણે નરસૈયો એ, મન તણી શોધના, પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે.
અખિલ બ્રહ્માંડમાં૦

- નરસિંહ મહેતા

## 1.4 કૃતિનો સારાંશ

આ પદમાં સકળ વિશ્વના સઘળા પદાર્થોમાં વિવિધ રૂપે વ્યાપી રહેલા હરિનું ચિત્ર કવિએ આલેખ્યું છે. દેહમાં દેવરૂપે અને તેજમાં તત્ત્વરૂપે વ્યાપ્ત આ હરિએ પવન, પાણી, ભૂમિ, વૃક્ષ એમ વિવિધ પ્રકૃતિતત્ત્વોનું સર્જન કર્યું છે અને તે તત્ત્વોમાંથી અનેક રસનું પાન કરવા માટે હરિ તેમાં વિલસી રહ્યો છે. કવિ કહે છે જેમ સોનું અને સોનાના કુંડળ બંને બાહ્ય દષ્ટિએ જુદાં દેખાય છે, પરંતુ તત્ત્વતઃ બંને એક જ છે. એ રીતે વિવિધ સ્વરૂપે વિલસતું દેખાતું આ જગત અંતે તો ચૈતન્યનું જ સ્વરૂપ છે. આ વાત સમજવામાં આપણાં શાસ્ત્રોએ ગરબડ કરી છે. તેઓ મનસ્વીપણે અર્થો કરે છે ને જેને જે સાચું લાગે તેની તે પૂજા કરે છે. હકીકતમાં વૃક્ષમાંનું બીજ અને બીજમાંનું વૃક્ષ એ બંનેનું ચાલકબળ ચૈતન્યતત્ત્વ જ છે. આ સત્ય જેને લાધશે તે હરિને પામશે.

## 1.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

### ભૂમિકા

આ પદ ‘પ્રભાત’ રાગમાં રચાયેલું છે તેથી તે પ્રભાતિયા તરીકે ગણાય છે. સવારે ઘંટીએ દળતાં, નાહતાં, વલોણું કરતાં, છાણવાસીદું કરતાં-કરતાં આજે પણ ગામડાંઓમાં કેટલાક ઘરોમાં આવાં પદો ગવાય છે. ‘જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા તુજ વિના ધેનમાં કોણ જાશે ?’ એ પ્રભાતિયું તો ઘણાંએ સાંભળ્યું હશે. એ જ રાગમાં આ પદ પણ છે તે તમે ગાઈને ખાતરી કરશો. ભારતીય સંસ્કૃતિમાં ‘ભગવદ્‌ગીતા’નું સ્થાન ઉત્તમ ધર્મગ્રંથ રૂપે છે. એ ગ્રંથમાં અદ્વૈત (કશું ઈશ્વરથી જુદું - અલગ નથી તેથી વિશ્વના બધા પદાર્થોમાં એ વિવિધ રૂપે હાજર છે. ‘એકો અહં બહુસ્યામ્’)ની જે સમજ છે તે આ પદમાં સચોટ રીતે રજૂ થઈ છે. નીચેના સ્વાધ્યાયથી એ સમજ વિશે સ્પષ્ટતા થશે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

(1) **કયાંકયાં જૂજવે (જુદાજુદા) રૂપે અનંત (ઈશ્વર) દેખાય છે?**

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(2) **અનેક રસ લેવાને ઈશ્વરે કઈ કઈ વિવિધ રચના કરી છે?**

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(3) **વેદ શું વદે (કહે) છે?**

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(4) **ગ્રંથોએ શી ગરબડ કરી છે?**

........................................................................................................

........................................................................................................

........................................................................................................

(5) **બીમાં વૃક્ષ છે કે વૃક્ષમાં બી છે એ નક્કી થઈ શકે? કારણો શોધો.**

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 1.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવો.

1. આ વિશ્વમાં અનેક ભગવાન છે. ☐
2. આકાશ તરફ વિકસી રહેલું વૃક્ષ તે ઈશ્વરનું જ સ્વરૂપ છે. ☐
3. ‘ભગવદ્‌ગીતા’ નામના ગ્રંથને વેદ કહે છે. ☐
4. દરેક જણ પોતે જેને સત્ય માને છે તેને જ પૂજે છે. ☐

## 1.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

‘અખિલ’, ‘બ્રહ્માંડ’, ‘શ્રીહરિ’, ‘અનંત’, ‘તેજ’, ‘તત્ત્વ’ જેવા શબ્દો મૂળ સંસ્કૃત ભાષાના છે આ શબ્દો ગુજરાતી ભાષામાં એના એ રૂપે વપરાય છે. તેથી તેમને ‘તત્સમ’ (તત્ એટલે તેવા અને ‘સમ’ એટલે જેવા) શબ્દો કહે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

નીચેના શબ્દોમાંથી તત્સમ શબ્દો જુદા તારવોઃ

પવન, પાણી, ભૂમિ, વૃક્ષ, આકાશ, રચના, રસ, શિવ, જીવ, શ્રુતિ, સ્મૃતિ, શાખ, કનક, કુંડળ, ભેદ, ઘાટ, હેમ, ગ્રંથ, ગરબડ, વાત, મન, વચન, કર્મ, સત્ય, બીજ, તું, પ્રીત, પ્રેમ, પ્રગટ.

## 1.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

આ કવિતાનો તમે ઝીણવટથી અભ્યાસ કર્યો. હવે નીચેના પ્રશ્નોના ઉત્તર તમે સરળતાથી આપી શકશોઃ

1. કવિને શ્રીહરિ સૃષ્ટિનાં કયાંકયાં તત્ત્વોમાં વ્યાપી રહેલા જણાય છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. બ્રહ્મ-શિવમાંથી જીવ કઈ આશાએ થયો છે? એ આશા દ્વારા કવિ શું સૂચવવા માંગે છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

3. 'ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં, અંતે તો હેમનું હેમ હોયે.' પંક્તિ સમજાવો.

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

## 1.9 લેખન-પ્રવૃત્તિ

'ઈશ્વર સર્વવ્યાપી છે' એ મતલબની કોઈ તમને પરિચિત વાર્તા ટૂંકાણમાં લખો.

## 1.10 વિશેષ અધ્યયન

### 1.10.1 કવિ-પરિચય

નરસિંહ પૂર્વે ગુજરાતી ભાષામાં રચાયેલી અનેક કૃતિઓ આજે ઉપલબ્ધ છે તેથી ઐતિહાસિક દૃષ્ટિએ હવે તેમને 'આદિકવિ' કહી શકાય તેવી સ્થિતિ નથી. તેમ છતાં 'નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ અવાજ સંભળાયો છે.' (ઉમાશંકર જોશી) એ અર્થમાં નરસિંહ ગુજરાતીના 'આદિકવિ' છે.

ઈ.સ. ૧૫મી સદીમાં થઈ ગયેલા નરસિંહ મહેતા જૂનાગઢના વતની હતા. તેમની અટક મહેતા હતી. તેમની પત્નીનું નામ માણેક મહેતા. તેમને બે સંતોનો હતાંઃ પુત્રી કુંવરબાઈ અને પુત્ર શામળદાસ. કુંવરબાઈના મૃત્યુ પૂર્વે માણેક મહેતા અને શામળદાસનાં મૃત્યુ થયાં હતાં. નરસિંહનું સમગ્ર જીવન જૂનાગઢમાં પસાર થયું હતું. કવિના કવનવિષય મુખ્યત્વે કૃષ્ણપ્રીતિ

છે. તેમના જીવનમાં કેટલાક ચમત્કારિક પ્રસંગો બન્યા હતા. 'હારમાળા', 'કુંવરબાઈનું મોમેરું' 'હૂંડી' તથા 'શામળાશાનો વિવાહ'માં તેમના આત્મચરિત્રનું આલેખન થયું છે. પ્રસ્તુત આત્મચરિત્રાત્મક કૃતિઓ નરસિંહની પોતાની રચેલી નથી એ હવે સિદ્ધ થઈ ચૂક્યું છે. કવિની અન્ય કૃતિઓ 'સુદામાચરિત્ર', 'દાણલીલા', 'સુરત સંગ્રામ', 'ગોવિંદગમન', 'રાસસહસ્રપદી', 'શૃંગારમાલા' વગેરે છે.

### 1.10.2 સ્વરૂપ-પરિચય

કવિએ મોટે ભાગે પદો લખ્યાં છે જે મુખ્યત્વે ઝૂલણા, ચોપાઈ, દુહા, સવૈયા વગેરે બંધોમાં છે. વળી, પ્રભાત જેવા રાગોમાં એ ગણાય છે. 'પ્રભાત' રાગમાં ગવાતાં પદો પ્રભાતિયાં તરીકે ઓળખાય છે. સામાન્ય રીતે એ વહેલી સવારે ગવાતાં હોય છે. એ ચારથી પાંચ કડીનાં હોય છે. એની ભાષા અત્યંત સરળ અને બોધાત્મક હોય છે. ઘણીવાર એનું પહેલું ચરણ આકર્ષક હોય છે પછી દૃષ્ટાંતાવલી ચાલતી હોય છે.

### 1.10.3 વિશેષ વાંચન

તમે નરસિંહ મહેતાની 'આદ્ય તું, મધ્ય તું, અંત્ય તું શ્રીહરિ' અને 'નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' એ બંને કવિતાઓ વાંચો. એ ઉપરાંત કલાપીની 'આપની યાદી', નાનાલાલની 'હરિનાં દર્શન', સુંદરમ્‌ની 'કોણ ?' અને ઉમાશંકરની 'વિશ્વશાંતિ' કવિતાઓ મેળવીને વાંચો. આ બધી કવિતામાં રજૂ થયેલા વિચારને તમે શીખી ગયેલા 'અખિલ બ્રહ્માંડમાં' કવિતામાં રજૂ થયેલા વિચાર સાથે સરખાવો અને એ દરેકમાં શું સરખાપણું છે અને શું જુદું છે એ સમજવાનો પ્રયત્ન કરો.

---

**● ટિપ્પણ**

---

**અખિલ** - આખું, બધું, સમસ્ત; **જૂજવા** - જુદાજુદા; **અનંત** - જેનો અંત નથી અને તેથી આદિ પણ નથી તે ઈશ્વર; **શબ્દ** - અવાજ; **લહે** - (લહેવું કે લહેકવું) લગની, તાન, લહેજત આનંદ; **પટંતર** - અંતરપટ, જુદાઈ.

એકમ
૨

# હાં રે કોઈ માધવ લ્યો

**- મીરાંબાઈ**

રૂપરેખા


2.1 ઉદ્દેશો
2.2 પ્રસ્તાવના
2.3 કૃતિ (કવિતા)
2.4 કૃતિનો સારાંશ
2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
2.5.1 ભૂમિકા
2.6 વસ્તુલક્ષી કસોટી
2.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
2.8 પુનરવલોકન
2.9 લેખન-પ્રવૃત્તિ
2.10 વિશેષ અધ્યયન
2.10.1 કવિ-પરિચય
2.10.2 સ્વરૂપ-પરિચય
2.10.3 વિશેષ વાચન
• ટિપ્પણી


## 2.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે

- મધ્યકાલીન ગુજરાતી ભાષા (ઈ.સ.ની 12મી સદીથી ઈ.સની 18મી સદી)માં કેવા વિષયની અને કેવા સ્વરૂપની કવિતા રચાતી હતી તેનો પરિચય મેળવશો.
- મીરાંબાઈની કૃષ્ણમાંની લયલીનતા કેવી હતી તે ગોપીના પ્રતીક દ્વારા જાણશો.
- અત્યંત સાદી ભાષામાં રજૂ થયેલો વિચાર પણ કેવી અસરકારક ચિત્રાત્મક અનુભૂતિ ઠરાવે છે તે અનુભવી શકશો.
- ગુજરાતી ભાષાની ઉત્તમ કવયિત્રીનો પરિચય પામશો.
- ગોપી-હૃદયની કૃષ્ણ પ્રત્યેની આત્મશ્રદ્ધાને પ્રત્યક્ષ કરી શકશો.
- આવા જ વિચારને રજૂ કરતી અન્ય રચનાઓ મેળવી વાંચશો તથા તે રચનાઓના વિચારનો આ કવિતા સાથે તુલનાત્મક અભ્યાસ કરશો.

## 2.1 ઉદ્દેશો

મીરાંબાઈનાં ગુજરાતી, રાજસ્થાની અને વ્રજ ત્રણે ભાષામાં થઈ ને ૧૪૦૦ જેટલાં પદો મળે છે. જોકે, અધિકૃત પદોની સંખ્યા વધારે નથી. પદો સિવાયની ‘નરસીજીકા માયરા / નરસીરો માયરો’, ‘સતભામાનું રૂસણું’ વગેરે કૃતિઓ મળે છે. જોકે, આ બંને કૃતિઓનું કર્તૃત્વ મીરાંની પ્રચલિત નામછાપના અભાવને કારણે મીરાંબાઈનું નથી એ સિદ્ધ થઈ ગયું છે. કૃષ્ણપ્રીતિ-ભક્તિ મીરાંબાઈનો કવનવિષય છે. મીરાંબાઈ કૃષ્ણમય હતાં. કૃષ્ણ તેમના પદોમાં પ્રિયતમ, ભીડભંજક, પરમતત્ત્વ એમ વિવિધરૂપે આવે છે. જોકે, કૃષ્ણનો વિરહ એટલે કે વિરહપ્રીતિ મુખ્યત્વે દેખાય છે. કૃષ્ણને મીરાંબાઈએ મનોમન પોતાનો પતિ બનાવી લીધો છે. તે કૃષ્ણના

મિલનનો ઊંડો તલસાટ અને એમાંથી જન્મતી વ્યાકુળતા-દર્દ તેમનાં પદોમાં વ્યક્ત થાય છે. તેમનાં પદોમાં દાસીપણું છે, સહજતા છે અને સાત્ત્વિકતા છે. મીરાંબાઈની કૃષ્ણપ્રેમમાં રહેલી લયલીનતા પ્રસ્તુત પદમાં ગોપીને નિમિત્ત આલેખાઈ છે.

## 2.3 કૃતિ

### હાં રે કોઈ માધવ લ્યો

હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો, વેચતી વ્રજનારી રે. હાં રે૦
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલી રે. હાં રે૦
હા રે ગોપી ઘેલું શું બોલતી જાય, કા’ન મટુકીમાં ન સમાય રે. હાં રે૦
નવ માનો તો જુઓ ઉતારી, માંહે જુઓ તો કુંજબિહારી રે. હાં રે૦
વૃંદાવનમાં જાતાં દહાડી, વા’લો ગૌ ચારે છે ગિરિધારી રે. હાં રે૦
ગોપી ચાલી વૃંદાવન વાટે, સૌ વ્રજની ગોપીઓ સાથ રે. હાં રે૦
મીરાં કહે પ્રભુ ગિરિધરનાગર, જેનાં ચરણકમળ સુખસાગર રે. હાં રે૦

**- મીરાંબાઈ**

## 2.4 કૃતિનો સારાંશ

ગોપીને મન કૃષ્ણ સર્વવ્યાપી છે. ગોપીની આ અનુભૂતિ એટલી દૃઢ છે કે તે મટુકીમાં માખણ લઈને વેચવા નીકળી છે. પરંતુ આ લૌકિકતાને એ વીસરી જાય છે ને ‘માખણ લ્યો’ એમ બોલવાને બદલે ‘માધવ લ્યો’નો ટહુકો કરે છે. આ સાંભળી કોઈ કહે છે કે ગોપી ઘેલી થઈ છે. કૃષ્ણ કંઈ મટુકીમાં સમાઈ શકે? ગોપી શંકાનું સમાધાન કરવા કહે છે. તમને વિશ્વાસ ન હોય તો મટુકી ઉતારીને જુઓ, તેમાં મારા કુંજવિહારી છે જ. ગોપીનો કૃષ્ણમાંનો દૃઢ વિશ્વાસ-શ્રદ્ધા અહીં સાદી ભાષામાં અસરકારકતાથી પ્રગટ થાય છે.

ગોપી, મટુકીમાં કૃષ્ણના અસ્તિત્વ વિશે શંકાશીલ વ્યક્તિ સાથે સંવાદ કરતી કલ્પાઈ છે તેમાં નાટ્યાત્મકતા દાખલ થઈ છે. ગોપી કહે છે કે જે કૃષ્ણ વૃંદાવનમાં ગાયો ચરાવે છે. તે જ કૃષ્ણ મારી મટુકીમાં પણ છે એમ કૃષ્ણનું અસ્તિત્વ સર્વત્ર છે. એ સર્વવ્યાપી ગિરિધારીના ચરણકમળમાં જ સુખ રહેલું છે. પદમાંના નાટ્યાત્મક અંશ, ભાષાની સરળતા નિરૂપણનું લાઘવ અને ગોપીની કૃષ્ણ-અસ્તિત્વની દૃઢ પ્રતીતિ આ પદના આકર્ષક અંશો છે.

## 2.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

### ભૂમિકા

હરિ-રસમય ગોપી આ પદનો વિષય છે. ગોપીને દૃઢ પ્રતીતિ છે કે કૃષ્ણ તેની મટુકીમાં છે. આવી પ્રતીતિ ત્યારે જ થાય જ્યારે કૃષ્ણમાં સંપૂર્ણ વિશ્વાસ અને સમર્પણભાવના હોય. ગોપીની નાની અમથી ક્રિયા પણ કૃષ્ણ વિનાની નથી. મોટાં સંતોને અને શાસ્ત્રોને જે વાત સમજાવવા માટે કેટલાંય વ્યાખ્યાનો આપવાં પડે ને અનેક ભાષ્યો રચવાં પડે એ વાત છે ‘ઈશ્વર સર્વત્ર છે’ -તે અહીં ગોપીની અનુભૂતિના આલેખનથી અસરકારક રીતે પ્રગટ થાય છે.

કૃષ્ણપ્રેમમાં અણઢડને તો ગોપી ઘેલી લાગે! પરંતુ એ ઘેલપણને પટંતરે તો નરી પ્રસન્નતા છે જુઓ મીરાંબાઈ કહે છે, ‘ગોપી લટકે લટકે ચાલે રે’. આ પ્રસન્નતાનો મહાસાગર તો કોઈ મરમી જ પારખી શકે, પામી શકે.

શ્રીમદ્ ભાગવતના અભ્યાસીને આ પદનું વાચન દશમસ્કંધની સ્મૃતિ તાજી કરાવશે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. ગોપીની નિર્દોષ કૃષ્ણમયતાનું ચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

 ..............................................................

 ..............................................................

 ..............................................................

2. ગોપી પોતાનો વિશ્વાસ કઈ રીતે પ્રગટ કરે છે?

 ..............................................................

 ..............................................................

 ..............................................................

3. પદમાં આલેખાયેલી ગોપીની કૃષ્ણમયતાએ તમને શો અનુભવ કરાવ્યો?

 ..............................................................

 ..............................................................

 ..............................................................

4. તમને સાચું લાગે છે કે કૃષ્ણ ગોપીની મટુકીમાં હશે જ?

 ..............................................................

 ..............................................................

 ..............................................................

## 2.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટા તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવો.

1. ગોપીનો કા'ન મટુકીમાં સમાય છે. ☐
2. ગોપી વૃંદાવન એકલી જાય છે. ☐
3. કા'ન અને કંજુવિહારી બંને જુદા છે. ☐
4. ગોપી મટુકીમાં કા'ન જોવાની ના પાડે છે. ☐
5. ગિરિધરનાગરના ચરણકમળમાં સુખસાગર છે. ☐

## 2.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- 'વેચતી' શબ્દમાં 'ઈ' પ્રત્યય સ્ત્રીલિંગ સૂચવે છે.
- 'લટકે લટકે' શબ્દનું પુનરાવર્તન સાક્ષાત્‌ચિત્રનો અનુભવ કરાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. 'ઈ' પ્રત્યય ધરાવતા આવા બે શબ્દો કાવ્યમાંથી શોધો.
2. શબ્દ સાક્ષાત્‌ચિત્ર ઊભું કરતાં હોય એવી કાવ્યપંક્તિઓ શોધો.

## 2.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

આ કવિતાનો ઝીણવટભર્યો અભ્યાસ તમે કર્યો હવે નીચેના પ્રશ્નોના ઉતર તમે આપી શકશો.

1. કૃષ્ણ સર્વત્ર છે એ ગોપીના દૃઢ વિશ્વાસનું આલેખન કરવામાં મીરાંબાઈ પૂરેપૂરાં સફળ થયાં છે - ચર્ચા કરો.
2. દહાડી મેળવવા માટે કૃષ્ણને શું કરવું પડે છે?
3. ગિરિધરનાગરના ચરણકમળમાં સુખસાગર છે - એમ કહીને મીરાંબાઈ શું કહેવા માગે છે?
4. ગોપીનું ઘેલપણ એ નાટક છે કે સત્ય છે?

## 2.9 લેખન-પ્રવૃત્તિ

ધ્રુવ અને પ્રહ્લાદ જેવા ભક્તોની ઈશ્વરમાંની દૃઢ શ્રદ્ધા અને પ્રતીતિ દર્શાવતી વાર્તાઓ વાંચો અને તમારા શબ્દોમાં લખો.

## 2.10 વિશેષ અધ્યયન

### 2.10.1 કવિ-પરિચય

મીરાંબાઈનો જન્મ ઈ.સ.ની 15મી સદીના અંતભાગ કે ઈ.સ.ની 16મી સદીના પ્રારંભમાં થયો હતો. તેમનું અવસાન ઈ.સ.ની 16મી સદીના મધ્યભાગમાં થયું હતું. તેમનો જન્મ મેડતાના કૂડકી ગામમાં રાઠોડ રાજવીકુળમાં થયેલો. તેમના પિતાનું નામ રત્નસિંહ હતું. નાની ઉમંરે તેમનાં માતાનું મૃત્યુ થયેલું તેથી તેમનો ઉછેર દાદા રાવ દૂદાજી પાસે થયો હતો. ઈ.સ. 1517માં મેડતાના રાણા સંગ્રામસિંહના પુત્ર ભોજરાજ સાથે તેમનાં લગ્ન થયેલા.

બાળપણમાં જ તેમને વૈષ્ણવભક્તિના સંસ્કાર કુટુંબમાંથી પ્રાપ્ત થયા હતા. અંતરની કોઈ ઊંડી આધ્યાત્મિક અનુભૂતિ તેમને બાળપણથી જ હતી. તેથી જ નાની ઉંમરે જ તેઓ સંસારસુખથી વિમુખ થયાં હતાં અને તેમનું ચિત્ત કૃષ્ણ-ગિરિધરનાગર તરફ તેમણે વાળી દીધું હોય એમ લાગે છે. શ્વસુરે અને તેમના પતિએ તેમના ભક્તિમય જીવનને સહી લીધું જણાય છે; પરંતુ શ્વસુર અને પતિના મૃત્યુ પછી ચિતોડની ગાદી પર આવેલ રાજાઓએ મીરાંબાઈની સાધુસંતો સાથેની ઊઠબેસને કારણે ચિતોડની રાજગાદી મેળવવા માટે મીરાંબાઈને કનડગત કરી લાગે છે.

મીરાંબાઈનાં પદોમાં એવો ઉલ્લેખો મળે છે કે નાગ કરડાવી કે વિષ આપી તેમની હત્યા કરવાનો પ્રયાસ થયો હતો. આથી તેમણે ચિતોડનો ત્યાગ કર્યો પછી તેઓ મેડતા, વૃંદાવન અને દ્વારકા ગયાં. મીરાંબાઈના ગુરુ વિશે મતભેદ છે. પરંતુ એમાં જીવા ગોસ્વામી અને રૈદાસનાં નામ વધારે પ્રચલિત છે.

### 2.10.2 સ્વરૂપ-પરિચય

આપણે જોયું કે મીરાંબાઈએ મોટા ભાગે પદોની જ રચના કરી છે. મધ્યકાળનું આ અત્યંત પ્રચલિત સાહિત્ય-સ્વરૂપ છે. પદમાં કવિ પોતાની ઊર્મિ વ્યક્ત કરતાં હોય છે. એ ઊર્મિ બે પ્રકારની હોય છેઃ એક પ્રેમલક્ષણા અને બીજી ઉપદેશાત્મક. મીરાંબાઈનાં પદોમાં પ્રેમલક્ષણાભિક્તનું આલેખન થયું છે. પદોમાં વ્યક્ત થતી ઊર્મિ કથનાત્મક, નાટ્યાત્મક એમ વિવિધ પ્રકારમાં આલેખાય છે. એ આલેખનરીતિમાં જ કવિની કસોટી થાય છે. પદમાં કોઈ વાર એવું બને છે. કે આરંભની બે પંક્તિઓ અત્યંત આકર્ષક હોય ને પછી એ પંક્તિમાંની ઊર્મિને અસરકારક રીતે સમજાવવા દૃષ્ટાંતાવલી આવે છે પરંતુ મીરાંબાઈનાં પદો જરાં જુદાં રૂપનાં છે. અહીં તો ગોપી-કૃષ્ણની ઉત્કટ ભક્તિ સ્થૂળ-શૃંગારરસમાં પણ આલેખાય છે પણ મુખ્ય હેતુ તેમના ઉત્કટ સ્નેહનું આલેખન જ હોય છે.

પદમાં ઉદ્‌બોધ, સંબોધન, હાવભાવની ચેષ્ટઓ પણ ઉપયોગમાં લેવાય છે. જેથી ચિત્ર વધુ અસરકારક અને નાટ્યાત્મક બને છે. અહીં આપેલું પદ તેના નિદર્શનરૂપ છે. પ્રાસાનુપ્રાસની

યોજના નિરૂપણરીતનું લાઘવ, તથા ગેયતાને અનુરૂપ પદાવલિ એ પદસ્વરૂપનાં ખાસ લક્ષણો છે.

### 2.10.3 વિશેષ વાંચન

તમે મીરાંબાઈની 'આવતા' ને જાતાં મારગ વચ્ચે અમૂલખ વસ્તી જડી' અને 'ઘેલી કીધી મુન ગોકુળના નાથે' આ બંને કવિતાઓ વાંચો. એ ઉપરાંત કૃષ્ણને કેન્દ્રમાં રાખતી દયારામની ગરબીઓ વાંચો. મીરાંબાઈની અન્ય કવિતાઓમાં પ્રગટ થતા ભાવ અને દયારામની ગરબીમાં પ્રગટ થતા ભાવની તુલના કરો. તમે જોઈ શકશો કે મીરાંનું હૃદય સ્ત્રીહૃદય છે ને દયારામનું પુરુષહૃદય પરંતુ ભાવોર્મિનું આલેખન કરવામાં બંને કેવા હરીફ બન્યાં છે! બંનેનો પ્રિયતમ કૃષ્ણ છે. બંનેને કૃષ્ણ સાથે રૂસણાં લેવાં છે ને એ રીતે લાડ કરવાં છે. તમે તપાસો બંનેની વિશેષતા કઈ છે. બંને ક્યાં જુદાં પડે છે ને સરખાં ઊતરે છે.

● **ટિપ્પણ**

**દહાડી** - રોજિંદું મહેનતાણું, રોજ; **વેચંતી** - વેચનારી; **ઘાલી** - મૂકી; **લટકે લટકે** - છટા પૂર્વક, વિશિષ્ટ શૈલી રીતિમાં (અહીં પેલી ગોપીને કૃષ્ણપ્રાપ્તિ થઈ છે તેથી તેના આનંદમાં એ વિશિષ્ટ અભિનયપૂર્વક ચાલે છે. તેની ચાલ તેના હૃદયનો પરિચય કરાવે છે.); **કુંજબિહારી** - કુંજમાં વિહાર કરનાર કૃષ્ણ; **ગિરિધરનાગર** - કૃષ્ણ.

# એકમ 3

# પિતા-પુત્રી મિલન

**- પ્રેમાનંદ**

રૂપરેખા


3.1 ઉદ્દેશો

3.2 પ્રસ્તાવના

3.3 કૃતિ (કવિતા)

3.4 કૃતિનો સારાંશ

3.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

3.5.1 ભૂમિકા

3.6 વસ્તુલક્ષી કસોટી

3.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

3.8 પુનરવલોકન

3.9 લેખન-પ્રવૃત્તિ

3.10 વિશેષ અધ્યયન

3.10.1 કવિ-પરિચય

3.10.2 સ્વરૂપ-પરિચય

3.10.3 વિશેષ વાચન

• ટિપ્પણી


## 3.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે

- ઈ.સ.ની ૧૭મી સદીમાં ગુજરાતી ભાષામાં કેવી કવિતા લખાતી હતી તેનો ખ્યાલ મેળવી શકશો.
- આ કવિતાનું સ્વરૂપ આખ્યાન - સ્વરૂપ છે એ વિશે માહિતગાર થશો.
- ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાથી બધી મુશ્કેલીઓમાંથી પાર ઉતરી શકાય છે એ વાતની ખાતરી થશે.
- કવિતાનો એક જ અંશ વાંચ્યો છે પરંતુ તમને આ એક અંશ સમગ્ર કવિતાનું વાચન કરવા પ્રેરશે.
- સ્ત્રીના જીવનમાં માતાનું કેટલું મહત્ત્વ છે તે જોઈ શકશો.
- સમાજમાં રીતરિવાજોનું ભારણ માનવચિત્તને કેટલા તાણની અનુભૂતિ કરાવે છે તે જોઈ શકશો.
- કરુણરસની એક ઝલક પામી શકશો.
- તળપદી ભાષામાં પણ ભાવોની અનુભૂતિ કેવી અસરકારક રીતે નિરૂપી શકાય છે એ તરીકાની તમને જાણ થશે.
- સ્ત્રીહૃદયની આવી વ્યથાને રજૂ કરતી ને ઈશ્વર દ્વારા તેનું નિવારણ કરતી ઘટનાઓવાળી કવિતાઓ વાંચશો અને આ રચના સાથે તેની તુલના કરશો.

## 3.2 પ્રસ્તાવના

'પિતા-પુત્રી મિલન' અહીં પ્રસ્તુત આ પ્રસંગ પ્રેમાનંદકૃત 'કુંવરબાઈનું મામેરુ' આખ્યાન કૃતિમાંથી લેવામાં આવ્યો છે. વસ્તુસંકલના, રસનિરૂપણ, વિવિધ વર્ણનો, પાત્રચિત્રણ અને

આ સઘળાનું સરળ ભાષામાં નિરૂપણ એ પ્રેમાનંદની બધી જ આખ્યાનરચનાઓનું આકર્ષણ છે. રસનિરૂપણની શક્તિ તો બેનમૂન છે. નવલરામના શબ્દોમાં કહીએ તો, રસની બાબતમાં એના પેંગડામાં પગ ઘાલે તેવો કવિ હજુ સુધી થયો નથી. એ જ રીતે એમનાં પાત્રો આજે ૨૧મી સદીમાં ભાવકહૃદયમાં અમર છે. માનવસ્વભાવનાં સૂક્ષ્મ નિરીક્ષણ અને એનાં નિરૂપણનો અનુભવ તો તમને પ્રસ્તુત 'પિતા-પુત્રી મિલન' પ્રસંગનું વાચન જ કરાવી દેશે. તેમની અન્ય કૃતિઓ 'અભિમન્યુ-આખ્યાન', 'ઓખાહરણ', 'હૂંડી', 'સુદામાચરિત્ર', 'નળાખ્યાન', 'દશમસ્કંધ', 'ચંદ્રહાસાખ્યાન' વગેરે મળે છે.

## 3.3 કૃતિ

### પિતા-પુત્રી મિલન

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટ્યા બે વેવાઈ;
મળ્યો જમાઈ, જમાઈનો ભ્રાત, મળ્યો સર્વ નાગરનો સાથ. ૧
કપટે ભેટી પાછા ખસે, સામગ્રી જોઈ જોઈને હસે.
ઊતરવા ઘર આપ્યું એક, મચ્છર જૂઆ માંહે અનેક. ૨
વેવાઈ ગયા ઉતારો કરી, છે રસણી નાત ઘણી નાગરી;
'છે કુંવરવહુનો વૈષ્ણવ બાપ દર્શન કરીએ ખાઈએ પાપ.' ૩
મહેતાને જોવા હરખે ભરી ઘેર ઘેરથી ચાલી સુંદરી.
મન વિના મહેતાને નમે, 'વારુ[1] થયું જે આવ્યા તમ'. ૪
માંહોમાંહે કહે નાગરી, 'મહેતો દીઠે દીઠા હરિ;
સાથ એહનો કે'વો છે ફૂટડો! બાઈ, પરમેશ્વર એને ત્રૂઠડો. ૫
કુંવરવહુનું ભાગ્યું દુઃખ', એમ કહીને મરડે મુખ;
'આ બદ જુઓ મહેતાજી તણા, બગાઈઓ શબ્દ કરે છે ઘણા. ૬
વગાડશે માંડવામાં ચંગ, નાગરી નાતે રહેશે રંગ;
ઓ ગાંઠડી વળગણીએ લટકે, જોડું તાલનું બાંધ્યું પટકે. ૭
જુઓ તુલસીકાષ્ટનો ભારો;-મોસાળામાં શો છે ઉધારો !
આ શંખ મહેતોજી ફૂંકશે, છાબમાં તુલસીપત્ર મૂકશે. ૮
વેરાગી હરિના ગુણ ગાશે એટલે મોસાળું સહુ[2] થાશે !'
એમ નાગરીઓ કૌતુક કરે, ઠીઠોલી કરી પાછી ફરે. ૯
કુંવરબાઈએ જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત;
ઊતાવળી મળવાને ધસી, નણદી બોલી મર્મે હસી; ૧૦
'આ શું પિતાપુત્રીનું હેત ! સગાંને કરવા આવ્યો ફજેત;
લજાવ્યુ સાત પેઢીનું નામ, સાથે વેરાગીનું શું કામ ? ૧૧
શું મળવા ચાલ્યાં એકલાં ? એ બાપથી નબાપાં ભલાં.'
કઠણ બોલ એવા સાંભળી, કુંવરબાઈ તવ પાછી વળી; ૧૨
'નણદી ! મચ્છર શો આવડો ? પૂંઠેથી બાઈ, શું બડબડો?
સુખી પિતા હશે જે તણો, તેની દીકરીને લાભ જ ઘણો. ૧૩
કોનો પિતા લખેશરી કહાવે, તે મારે શું કામ જ આવે ?
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર. ૧૪
તમો મન માને તે કહો, એવો પિતા મારો જીવતો રહો'
ધર્મવચન નણદીને કહી, મહેતા પાસે પુત્રી ગઈ. ૧૫
દૂર થકી દીઠી દીકરી, મહેતે સમર્યા શ્રીનરહરિ;

પાદટીપ : ૧. સારુ કગ; સારુ ઈ;. ભલુ છ
૨. પૂરું ઘચ

અન્યોઅન્યે નયણાં ભરી, ભેટ્યાં બેહુ અતિ આદર કરી. ૧૬
મસ્તક ઉપર મૂક્યો હાથ, પાસે બેસાડીને પૂછી વાત;
'કહો કુંવરબાઈ, કુશલીક્ષેમ ? સાસરિયાં કાંઈ રામે પ્રેમ ? ૧૭
જો રૂડો દિવસ આવ્યો, દીકરી તો મોસાળુ[૩] કરશે હરિ;
કુંવરબાઈ બોલ્યાં વિનતી, 'સામગ્રી[૪] કાંઈ પાસે નથી. ૧૮
નાગરી નાત્યે ક્યમ રહેશે લાજ ધન વિના આવ્યો શેં કાજ ?
નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર. ૧૯
નિર્ધનનું કહ્યું કો મન નવ ધરે, નિર્ધનનું સહુ કૌતક કરે,
નિર્ધનને સહુ ઘેલો ગણે, નવ રાખે ઊભો આંગણે. ૨૦
લોક બોલાવે દુર્બલ કહી એથી માઠું કાંઈ બીજું નહીં;
તાત[૫], કાંઈ ન કરો ઉદ્યમ તો આ અવસર સચવાશે ક્યમ ? ૨૧
નથી લાવ્યા તમે નાડાછડી, નથી મોડ ને કુંકુમપડી;
નથી માટલી, ચોળી, ઘાટ, - એમ દરિદ્ર આવ્યું શા માટ ? ૨૨
કેમ કરી લજ્જા રહેશે તાત, હું શે ન મૂઈ મરતે માત ?
માતા વિના સૂનો સંસાર, નમાયાંનો શો અવતાર ? ૨૩
જે બાલકની માતા ગઈ મરી, બાપસગાઈ સાથે ઊતરી;
જ્યમ આથમતાં રવિનું તેજ, મા વિના ત્યમ બાપનું હેત ૨૪
સુરભિ મરતે જેવું વચ્છ, જલ વિનો જમે તલફે[૬] મચ્છ;
ટોળાં-વછોઈ જ્યમ મૃગલી, મા વિના પુત્રી એકલી. ૨૫
લવણ વિના જ્યમ ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન,
કીકી વિના જેવું લોચન, માતા વિના તેવું બાપનું મન. ૨૬
શું કરવા આવ્યા ઉપહાસ ? સાથે વેરાગી લાવ્યા પંચાસ;
શંખ તાલ ને માળા ચંગ : એ મોસાળું કરવાના ઢંગ? ૨૭
નહીં તો પિતાજી; જાઓ ફરી, એમ કહી રોઈ દીકરી.
મહેતે મસ્તક મૂક્યો હાથ, 'મોસાળું કરશે વૈકુંઠનાથ. ૨૮
પહેરામણી કરવી જેટલી, આસામી લખાવો તેટલી;
લખજો સાસરિયાં સમસ્ત, વિસારશો મા એકે વસ્ત. ૨૯
વચન મહેતાજીનાં સુણી, કુંવરબાઈ આવી સાસુ ભણી;
'મારા પિતાએ મોકલી હુંય, લખો કાગળમાં જોઈએ શુંય[૭]. ૩૦
મુખ મંરડીને બોલી સાસુ, 'શું કાગળ ચીતરવો ફાંસુ !
છાબમાં તુલસીદાસ મૂકશે, ઊભો રહીને શંક ફૂંકશે ! ૩૧

વલણ

ફૂંકશે શંખ ઊભો રહી, એ મોસાળું શું કરે ?
વચન વહુવરનાં સાંભળી, વળતી વડસાસુ ઉચ્ચરીઃ

**- પ્રેમાનંદ ('કુંવરબાઈનું મામેરુ'માંથી)**

## 3.4 કૃતિનો સારાંશ

નરસિંહ મેહતા દીકરી કુંવરબાઈનું મોસાળું લઈને વેવાઈને ત્યાં આવ્યા છે. આ પ્રસંગે જે ઘટનાઓ બને છે તે ઘટનાઓ આ કૃતિ - અંશમાં પ્રેમાનંદે આલેખી છે. નરસિંહ મહેતા ગરીબ છે તેથી વેવાઈને ત્યાં તેમનું સ્વાગત સારી રીતે થતું નથી. અવાવરું જગ્યામાં તેમને ઉતારો આપવામાં આવે છે. સમગ્ર નાગરીનાત તેમની મશ્કરી કરે છે. આ મશ્કરીનું વર્ણન

પાદટીપ : ૩. માંહામેરૂ ખચ ૪. મુસાળુ કય
૬. પિતાજી ગદ્યયછ ૬. ટલવારે છ; તલયે ખ

કૃતિમાં 12 કડી સુધી ચાલે છે. 13મી કડીથી કથાવસ્તુના પ્રવાહમાં પલટો આવે છે. હવે, કવિ કુંવરબાઈને કેન્દ્રમાં લે છે. નણંદ કુંવરબાઈને કટુવચન સંભળાવે છે ત્યાં નણંદ-ભાભી સંબંધોની ચિરપરિચિતતાનું દૃશ્ય ખડું થાય છે. પછી કવિ પિતા-પુત્રીનું સરસ મિલનચિત્ર હૂબહૂ આલેખે છે.

પિતા-પુત્રીને શ્વસુરગૃહનાં સુખ-દુઃખ વિશે સમાચાર પૂછે છે. કુંવરબાઈ ખાલી હાથે આવેલ પિતા સામે અત્યંત રોષ, વેદના પ્રગટ કરે છે. 'માતા વિના સૂનો સંસાર...' વાળી પંક્તિ દ્વારા તો પ્રેમાનંદ કુંવરબાઈની વેદનાને સંસારની તમામ દીકરીઓની વેદના-સનાતન વેદના-રૂપે વ્યક્ત કરે છે. આહી માતા-પુત્રીના સંબંધનું-પ્રેમનું માર્મિક નિરૂપણ થયું છે. 24થી 26 કડીમાં આવતાં દૃષ્ટાંતો માતા વિનાની પુત્રીની કરુણતાને સચોટ રીતે સ્ફુટ કરે છે.

પ્રસંગની શરૂઆત હાસ્યથી થાય છે ને પિતાના વાત્સલ્ય સુધી પહોંચે છે - પિતાએ 'મસ્તક ઉપર મૂક્યો હાથ' પછી આ વાત્સલ્યની કરુણમાં ગતિ થાય છે ને કરુણમાંથી ફરી પાછો વાત્સલ્યનો અનુભવ 'મહેતે મસ્તક મૂક્યો હાથ' કરાવે છે. અંતમાં સાસુનો મરડાટ બતાવ્યો છે તેમાં હાસ્ય અને કરુણ બંનેની અનુભૂતિ એકસાથે થાય છે. વેવાઈ, નાગરીનાતની સ્ત્રીઓ, સાસુ, નણંદ, નરસિંહ મહેતા, કુંવરબાઈ બધાં જ પાત્રોની રેખાઓ રમણીય રીતે સરળ ભાષામાં વ્યક્ત થઈ છે.

## 3.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

### 3.5.1 ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કેન્દ્રમાં ધર્મ રહેલો છે. કવિનું લક્ષ મુખ્યત્વે પ્રજાને આ સંસારનાં સુખદુઃખની ઘટમાળમાંથી મુક્તિ અપાવનાર માત્ર ઈશ્વર છે એ દર્શાવવાનું છે. ઈશ્વર પ્રત્યેની ભક્તની શ્રદ્ધા કોઈ પણ સમયે તેની વ્યાધિનું નિવારણ કરે છે - એ સનાતન સત્ય અહીં કુંવરબાઈના મોસાળાનો એક લૌકિક પ્રસંગ લઈને કવિએ રજૂ કર્યું છે. આમ પણ ભારતીય પ્રજાના ઘડતરમાં ઈશ્વરશ્રદ્ધા એક મોટું પરિબળ છે જે માણસને કટોકટીના સમયે પ્રાણવાયુ પૂરી આપે છે. તેના આત્મબળને ટકાવી રાખે છે. તમે જોઈ શકશો કે નરસિંહ અને કુંવરબાઈના જીવનમાં જે બને છે તેવી વિવિધ ઘટનાઓ આપણા રોજબરોજના જીવનમાં બને છે. પણ ભક્ત નરસિંહ લૌકિક ઘટનાથી હાલી જતા નથી, સ્થિર રહે છે. એનું મુખ્ય કારણ તેમની પ્રભુ પ્રત્યેની દૃઢ શ્રદ્ધા છે.

ભક્તની ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, શ્રદ્ધાને કારણે ઈશ્વરની મળેલ અદ્‌ભૂત મદદ આ વસ્તુ તો આ કૃતિઅંશમાં છે પણ સાથે માનવસંબંધો ને એમાંય એ સંબંધોની તે તે સમયની વિશેષતાઓ વિશે પણ આ કૃતિઅંશ સાક્ષાત્ તે યાદગાર ચિત્ર આપે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. નરસિંહ મહેતાનું સ્વાગત તેમના વેવાઈને ત્યાં કઈ રીતે થાય છે ?

   ................................................................

   ................................................................

   ................................................................

2. મહેતાજી કુંવરબાઈનું મોસાળું કરવા કઈકઈ ચીજો લાવ્યા હતા?

   ................................................................

   ................................................................

   ................................................................

3. પિતાને કુંવરબાઈ મળવા જાય છે ત્યારે નણંદ કયાં કટુવચનો બોલે છે?

.................................................................

.................................................................

.................................................................

4. નણંદ કટુવચન બોલે છે ત્યારે કુંવરબાઈ નણંદને શો જવાબ આપે છે?

.................................................................

.................................................................

.................................................................

5. કુંવરબાઈને પિતા શું આશ્વાસન આપે છે?

.................................................................

.................................................................

.................................................................

## 3.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવોઃ

1. નરસિંહ મહેતાનું સ્વાગત વેવાઈને ત્યાં ખૂબ ભવ્ય રીતે થાય છે. ☐
2. કુંવરબાઈની નણંદ કુંવરબાઈને કટુવચનો સંભળાવે છે. ☐
3. નરસિંહ મહેતા મામેરું કરવા માટે કીમતી વસ્ત્રો, સોનાચાંદીનાં ઘરેણાં તથા ખૂબ મીઠાઈ લઈને આવ્યા છે. ☐
4. કુંવરબાઈ પોતાની માતાને ખૂબ યાદ કરે છે. ☐
5. નાગરીનાતના લોકો નરસિંહ મહેતાની મશ્કરી કરે છે. ☐
6. પિતા નરસિંહ મહેતા નિરાશ થયેલી કુંવરબાઈને કહે છે ‘વૈકુંઠનાથ મોસાળું કરશે’. ☐

## 3.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- ભ્રાત, વૈષ્ણવ, મર્મવચન, નિર્માલ્ય, વચન, લોચન, મસ્તક, લવણ આ શબ્દોને તત્સમ (તત્ એટલે તેવા અને સમ એટલે જેવા) શબ્દો કહે છે.
- પટકે, નમાયા, કાપડું, ફાંસુ, જૂઆ, ધાઈ, ઠીઠોલી, ચીતરવો વગેરે દેશ્ય શબ્દો છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. તમે કૃતિમાંથી અન્ય સંસ્કૃત શબ્દો શોધી યાદી કરો.

.................................................................

.................................................................

.................................................................

2. દેશ્ય શબ્દો પણ શોધો અને યાદી કરો.

.................................................................

.................................................................

.................................................................

3. સંસ્કૃત અને દેશ્ય શબ્દોના ઉપયોગથી કૃતિ કેટલી સ્પર્શક્ષમ બની છે? તમે આ શબ્દોના પર્યાયરૂપ શબ્દો શાધો.

.................................................................

.................................................................

## 3.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

તમે આ કવિતાનો ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. હવે નીચેના પ્રશ્નોના જવાબ તમે આપી શકશો:

1. નાગરીનાતના લોકોએ નરસિંહ મહેતાની કરેલી મશ્કરીનું ચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. 'માતા વિના સૂનો સંસાર, નામાયાંનો શો અવતાર' આ પંક્તિ સમજાવો.

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. 'માતા વિનાનો સંસાર સૂનો' એ વાત સમજાવવા માટે પ્રેમાનંદે કયાં દૃષ્ટાંતો આપ્યાં છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

4. વાત્સલ્યરસથી કરુણરસ અને કરુણરસમાંથી વાત્સલ્યરસમાં એમ આ રચનામાં એક રસચક્ર પૂરું થાય છે - ચર્ચા કરો.

   ..................................................................

   ..................................................................

   ..................................................................

## 3.9 લેખન-પ્રવૃત્તિ

માતા ન હોય અથવા અપરમાતા હોય ને બાળકને જે કઠિનાઈઓમાંથી પસાર થવું પડે એવી તમારી જાણમાં હોય તે ઘટનાને વાર્તારૂપે લખો. 'ધ્રુવાખ્યાન'માં અપરમાતાનું કથાવસ્તુ છે ને ધ્રુવની અચળ શ્રદ્ધા છે તે વાર્તા તમારા શબ્દોમાં લખો.

## 3.10 વિશેષ અધ્યન

### 3.10.1 કવિ-પરિચય

પ્રેમાનંદ ઈ.સ.ની 17મી સદીના ઉત્તરાર્ધમાં થયેલા કવિ છે. તેમની અવટંક ભટ્ટ અને પિતાનું નામ કૃષ્ણરામ હતું. જ્ઞાતિએ તેઓ મેવાડા બ્રાહ્મણ હતા. વડોદરાના વતની હતા. વ્યવસાયે મુખ્યત્વે માણભટ્ટ હતા. ઉદરનિમિત્તે તેમણે આખ્યાનોની રચના કરી હતી. આખ્યાનો રજૂ કરવા માટે સૂરત, નંદરબાર કે નંદાવતી અને બુરહાનપુર સુધી તેમણે પ્રવાસ કર્યો હતો.

ગુજરાતી ભાષાના તેઓ ઉત્તમ આખ્યાનકવિ-શિરોમણિ છે. આખ્યાનોનું વસ્તુ તેમણે રામાયણ, મહાભારત, ભાગવત કે નરસિંહ મહેતા જેવા ભક્તના જીવનમાંથી લીધેલું છે. આ પૌરાણિક કથાસૃષ્ટિમાં લોકચમત્કારના અંશો અને સમકાલીન જીવનના રંગો તેમણે ઉમેર્યા છે. તળપદા જીવનનો અત્યંત ગાઢ સંસ્પર્શ તેમની કૃતિઓમાં જોવા મળે છે તેથી તેઓ સૌથી વધુ 'ગુજરાતી કવિ' છે.

### 3.10.2 સ્વરૂપ-પરિચય

આખ્યાન મધ્યકાળનો સૌથી વિશેષ લોકપ્રિય કથનાત્મક કાવ્યપ્રકાર છે. 'આ+ખ્યા' ધાતુમાંથી 'આખ્યાન' સંજ્ઞા આવી છે. તેનો અર્થ થાય છે માંડીને કહેવું. આખ્યાનકાર રામાયણ, મહાભારત, ભાગવત જેવા પુરાણોમાંથી અથવા કોઈ ભક્તના ચરિત્રને કેન્દ્રમાં રાખીને આખ્યાનનું વસ્તુ પસંદ કરતો પછી પોતાની શક્તિ અનુસાર તેને રસપ્રદ રૂપ આપતો. મૂળ વસ્તુમાં તે તત્કાલીન સમાજજીવનના ભાતીગળ વાતાવરણના રંગ પૂરતો. તેમાં કેન્દ્રવર્તી પાત્રના સંઘર્ષ-મનોમંથનને પ્રગટ કરતો. પછી તાલ અને ઢાળમાં ગવાતી વિવિધ રાગરાગિણીઓના પદબંધમાં વિશાળ લોકસમુદાય સમક્ષ અભિનયપૂર્વક રજૂ કરતો. એ વખતે તે તાંબાની માણ ઉપર પોતાની આંગળીઓમાં પહેરેલા કરડા (વીંટીઓ)નો પ્રહાર કરી તેમાં સંગીતતત્ત્વનો પણ ઉમેરો કરી લેતો. વીર, કરુણ, શૃંગાર, અદ્‌ભુત, હાસ્ય જેવા વિવિધ રસોનું વૈવિધ્ય આખ્યાનોમાં હતું. આખ્યાનનો રચનાબંધ જોઈએ તો એ કડવાંઓમાં વિસ્તરેલું હોય છે. આ કડવું મુખબંધ, ઢાળ અને વલણ કે ઊથલો એમ ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય છે. આખ્યાનમાં આરંભમાં ઇષ્ટદેની સ્તુતિ મંગળાચરણ રૂપે આવતી હોય છે, પછી તરત જ આખ્યાનકાર પસંદ કરેલા વસ્તુનું સૂચન કરી દે છે. આખ્યાનને અંતે કવિનો પરિચય, કૃતિનું રચનાવર્ષ તેમ જ ફલશ્રુતિ આવે છે. જોકે, કવિપરિચય અને ફળશ્રુતિ આખ્યાનનાં અનિવાર્ય લક્ષણો નથી. ફળશ્રુતિમાં આખ્યાનકાર ઇષ્ટની કામના વ્યક્ત કરે છે. અને અનિષ્ટના નિવારણની પ્રાર્થના કરે છે. મધ્યકાળમાં પ્રજાની રસવૃત્તિનું ઘડતર આખ્યાનોએ કર્યું છે ને તેનામાં ધર્મભક્તિના સંસ્કાર સીંચ્યા છે.

### 3.10.3 વિશેષ વાચન

મૂળકૃતિ 'કુંવરબાઈનું મામેરુ' મેળવીને આખી વાંચો. તમે કવિ પ્રેમાનંદના 'સુદામાચરિત્ર', 'નળાખ્યાન' જેવાં બીજાં આખ્યાનો વાંચો. આ આખ્યાનોમાં પિતા-પુત્રી પ્રેમને બદલે કોઈ રચનામાં મિત્રપ્રેમ, કોઈ રચનામાં દાંપત્યપ્રેમ એમ પ્રેમના વિવિધ રૂપો આલેખાયાં છે. એ ભાવોની અભિવ્યક્તિ તમે જે કૃતિઅંશ શીખ્યા તેની સરખામણીમાં કેવી છે તે તપાસો. આ ઉપરાંત અપરમાતાના દુઃખને કેન્દ્રિત કરતી જૈન કવિ જિનહર્ષની 'આરામશોભા' નામની કૃતિ મેળવો (જિનહર્ષકૃત આરામશોભા; સંપા. જયંત કોઠારી, કીર્તિદા જોશી) અને વાંચો. પ્રેમાનંદની કુંવરબાઈ અને જિનહર્ષની 'આરામશોભાની' વિશેષતાઓ તપાસો.

- **ટિપ્પણ**

**ભાવે** - પ્રેમથી; **જૂઓ** - ઢોરના શરીર પર ચોટતું એક જીવડું; **ફૂટડો** - રૂપાળો; **ચંગ** - મોંથી પકડીને વગાડવાનું એક વાજું; **પટકે** - પછેડીમાં (ફટાનું કપ્ડું); **ઠીઠોલી** -મજાક; **મચ્છર** - ગર્વ, અભિમાન; **લખેશરી** - લાખ રૂપિયાનો આસામી, માલદાર; **મે** - મેરુ પર્વત; **તલફે**- તરફડે; **લવણ** - મીઠું; **ઉપહાસ** - મશ્કરી; **ઢંગ** - રીતભાત; **આસામી** - વ્યક્તિ, માણસ; **ચીતરવો**- લખવો; **ફાંસુ** - ફોગટ, નકામો.

**એકમ ૪**

# હરિનો મારગ

**- પ્રીતમ**

**રૂપરેખા**

**4.1** ઉદ્દેશો
**4.2** પ્રસ્તાવના
**4.3** કૃતિ (કવિતા)
**4.4** કૃતિનો સારાંશ
**4.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
  **4.5.1** ભૂમિકા
**4.6** વસ્તુલક્ષી કસોટી
**4.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**4.8** પુનરવલોકન
**4.9** લેખન-પ્રવૃત્તિ
**4.10** વિશેષ અધ્યયન
  **4.10.1** કવિ-પરિચય
  **4.10.2** સ્વરૂપ-પરિચય
  **4.10.3** વિશેષ વાચન
- ટિપ્પણી

## 4.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા -

- તમે મધ્યકાલીન ગુજરાતી ભાષામાં (ઈ.સ.ની 12મી સદીથી 18મી સદી) કેવાં ભજનો રચાતાં હતાં તેનો પરિચય મેળવી શકશો.
- હરિની પ્રાપ્તિનો માર્ગ ફૂલોથી ખચિત નથી. એ માર્ગની ઓળખ તમને મળશે.
- હરિમાર્ગ જનારા મરજીવાનાં ગુણલક્ષણો જાણશો.
- 'મનનો મેલ' અહમ્ ત્યજી દે તેને માટે મહાપદની પ્રાપ્તિ કેવી સરળ બની જાય છે એ વાત તમને સમજાશે.
- હરિમાર્ગની પ્રાપ્તિ કયાકયા ભક્તોએ કરી છે તે ભક્તોનાં નામોની યાદી કરશો.

## 4.2 પ્રસ્તાવના

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ધર્મ કેન્દ્રસ્થાને હતો. અનેક કવિઓએ વિવિધ પદ-ભજનોની રચના દ્વારા પ્રજાની ધર્મભક્તિને વધારવાનું, પોષવાનું અને તે માર્ગે જવાનું માર્ગદર્શન આપવાનું કાર્ય કર્યું છે. આ ભજનોમાં ક્યાંક અતૂટ ઈશ્વરશ્રદ્ધા કેન્દ્રમાં હોય છે, (અભિનવો આનંદ આજ ક્યાંક ભક્તની ભગવાનપ્રાપ્ત માટેની અલૌક્કિ અનુભૂતિ કેન્દ્રમાં હોય છે. અગોચર ગોચર હવું!) ક્યાંક ઈશ્વર મળતો નથી તેની વેદના કેન્દ્રમાં હોય છે.

પ્રસ્તુત પદમાં કવિએ ભક્તને 'હરિનો માર્ગ' વિશેની ઓળખ આપી છે. વળી આ માર્ગે કોણ જઈ શકે અને કેવી રીતે જઈ શકે એ વિશે લૌકિક દૃષ્ટાંત દ્વારા સમજ આપી છે.

## 4.3 કૃતિ

**હરિનો મારગ**

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા જોને.
મરણ આગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે જોને;
તીરે ઊભો જુએ તમાસો, તે કોડી નવ પામે જોને.
પ્રેમપંથ પાવકની જ્વાલા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને.
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.
રામ-અમલમાં રાતામાતા, પૂરા પ્રેમી પરખે જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજની-દન નરખે જોને.

**-પ્રીતમ**

## 4.4 કૃતિનો સારાંશ

હરિનો મારગ વીરનો માર્ગ છે. આ માર્ગે કાયર માણસ જઈ શકતો નથી આ માર્ગે જવા માટે પ્રથમ મસ્તક એટલે કે જીવનની પરવાહ કર્યા વિના - હોડમાં મૂકવાનું હોય છે. જે સંસારના સંબંધો - પુત્ર, પતિ, પત્ની, ધન, અહમ્‌નો ત્યાગ કરે એટલે કે માયાના બંધનમાંથી મુક્ત થાય તે જ હરિરસને પામે છે. આ વસ્તુ સમજાવવા કવિ 'મરજીવા'નું દૃષ્ટાંત આપે છે. કવિ કહે છે કે જે હરિમાર્ગની પાવકજ્વાળા જોઈને પીછેહઠ કરે છે તેને કશાની પ્રાપ્તિ થતી નથી અને જે માયાથી મુક્ત બની એ જ્વાળામાં રમમાણ થાય છે તે મહાસુખ પામે છે.

'મનનો મેલ' એ સાદા શબ્દસમૂહથી કવિ આ સંસારમાં માણસને ઓતપ્રોત કરનાર અહંરૂપી માયાના મેલની વાત તરફ અંગુલિનિર્દેશ કરે છે. આ મેલમાંથી જે મુક્ત થયો તે રામરાજ્યની અનુભૂતિ કરવાનો એટલે કે મુક્તિ મેળવવાનો.

કવિ કહે છે કે પરમતત્ત્વની લીલા જ એવી છે કે જો એ ઇચ્છે તો અંધકારમાં પ્રકાશ બતાવે છે. અંધકારમાં પ્રકાશ ઈશ્વર તો બતાવે પણ પ્રભુમાં રાતામાતા-મશગૂલ એકધ્યાન, રહેનારા જ એ પ્રકાશને - પરમચૈતન્યને - ઓળખી શકે છે.

### ભૂમિકા

ભારતીય સંસ્કૃતિની એવી માન્યતા છે કે જીવાત્માને ચોર્યાસી લાખ યોનિમાંથી પસાર થવું પડે છે. આ જન્મમરણના ફેરામાંથી મુક્તિ મેળવવાનો પ્રયત્ન માણસ હંમેશાં કરે છે. આમ મુક્તિ કઈ રીતે મળે? - એની શોધ કરનારા જીવાત્માને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની ભજનરચનાઓ માર્ગ બતાવે છે. મીરાંબાઈનું 'મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું' નરસિંહનું 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ' અને 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના' જેવાં ભજનો તો આપણે સાંભળ્યાં છે. હજુ ઘણાં ઘરોમાં એ વહેલી સવારે ગવાય છે ને ગાઈને પોતાના મનમાં એ ભાજનમાંના ભાવને સ્થિર કરવાનો પ્રયત્ન થાય છે. નરસિંહ-મીરાંનાં ભજનો કરતાં 'હરિનો મારગ' ભજન જુદી ઘાટીનું જુદા જ વિચારની રજૂઆત કરનારું છે. હરિની ઓળખ, હરિને મેળવવા - એ બધું તો કવિ પ્રીતમને મન બીજુ પગથિયું છે. સૌથી પહેલા તો એ હરિ સુધી પહોંચવાનો માર્ગ કેવો છે? એ માર્ગે જવા માટે કેવી શક્તિ કેળવવી પડે? વગેરે પાયાની વાત છે જેનો જવાબ એક લૌકિક દૃષ્ટાંતથી ભજનમાં કવિએ આપ્યો છે.નીચેના સ્વાધ્યાથી એ સમજ વિશે સ્પષ્ટતા થશે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. હરિના માર્ગે કવિની દૃષ્ટિએ કોણ જઈ શકે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

2. હરિના માર્ગે જવામાં કવિ શેનોશેનો ત્યાગ કરવાનું કહે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

3. પ્રેમપંથની જ્વાળા જોઈને કોણ પાછું ભાગે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

4. 'પૂરા પ્રેમી'ની ઓળખ કવિ શી આપે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

5. 'માંહી પડ્યા તે મહાસુખ માણે' એવું કવિ શા માટે કહે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

## 4.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

કાવ્યનો પ્રારંભ જ સૂચવે છે કે હરિના માર્ગે પ્રયાણ કરવું એ બહાદુરીનું કામ છે. એ બહાદુરી કે વીરતા માત્ર શરીરની નથી. આત્મબળ અને ત્યાગ વગર એવી વીરતા પ્રાપ્ત કરવી અસંભવ છે. હરિના માર્ગે વિચરણ કરવું એ સાધારણ માણસનું કામ નથી. હરિનો માર્ગ એટલે નીતિનો માર્ગ, સત્યનો માર્ગ, જીવનમૂલ્યોની ઉપાસનાનો માર્ગ. આ માર્ગે જવા માટે કે સત્યના પંથે વિચરવા માટે માથું મૂકવાની તૈયારી હોવી જોઈએ. માથું મૂકવું એટલે અસ્તિત્વની આહુતિ આપવી. મનુષ્યજાતિની હજારો વર્ષની પરંપરામાં જે લોકો હરિના માર્ગે ચાલ્યા છે તેમણે અર્પણ કર્યું છે, સર્વસ્વ સમર્પણ કર્યું છે. સોક્રેટિસ, ઈસુ, ગાંધીજી જેવા દરેક પુણ્યાત્માઓ એવા વિરલ જીવનસાધકો હતા જેઓ ઈશ્વરના માર્ગે ચાલ્યા, બલિદાન આપ્યું.

હરિનો માર્ગ એટલે સત્યનો માર્ગ એ માર્ગે ચાલનાર માટે અનેકવિધ કસોટી આવે છે. પુત્ર પરિવાર, સંપતિ સમગ્રને છોડવા પડે એવી પરિસ્થિતિ માટે જેમની તૈયારી હોય તેવા જ આ માર્ગે ચાલી શકે છે. સમુદ્રમાંથી મોતી મેળવવા હોય તો સમુદ્રમાં ઝંપલાવવું પડે છે. મરજીવાને જ મોતી પ્રાપ્ત થાય છે. કિનારે ઊભા રહેનારને મોતી પ્રાપ્ત થતાં નથી. મરવાની તૈયાર હોય, જીવ હથેળીમાં હોય તેના માટે નિર્માયેલો આ માર્ગ છે.

'પ્રેમપંથ પાવકની જ્વાલા' દ્વારા કવિ પ્રેમભક્તિના માર્ગની પવિત્રતા અને તેજનું સૂચન કરે છે. 'માંહી પડ્યા તે મહાસુખ માણે' પંક્તિ ખૂબ પ્રચલિત થઈ છે. શિર સાટે, માથા સાટે જ પ્રાપ્ત થાય એવી આ મૂલ્યવાન જણસ છે. આવી જણસ મેળવવા માટે જેમણે જીવનસાગરમાં ઝંપલાવ્યું છે તેવા મરજીવાઓ મહાપદ પામ્યા છે. મહાપદની પ્રાપ્તિનો આ માર્ગ મનના મેલને

મુકીને પૂરી હેતુશદ્ધિ અને આત્મશુદ્ધિથી જ પામી શકાય છે.

હરિના માર્ગે ચાલનારા હૃદય-મન-તનની મસ્તીમાં ગુલતાન હોય છે. રામ-અમલમાં રાતા માતા એવા યાત્રિકો ખરાં ઈલ્મી-ખરાં શૂરા છે. આપણી પરંપરામાં નરસિંહ, મીરાં કે શબરી આ રીતે રામ-અમલમાં રાતાં માતાં હતાં અને તેથી જ સદીઓથી નિર્વાણ પામ્યાં છતાં મહાપદ પામ્યાં છે ને તેમનું સ્થાન માનવજાતિના ઇતિહાસમાં ચિરંજીવ છે. ખરાં પ્રેમી, પૂરાં પ્રેમી એટલે સાચા સમર્પિત ભક્ત જે પ્રભુપ્રીતિમાં ઘેલાં છે. દિવસ-રાત્રીની નિત્ય લીલામાં વિહરતાં ભક્તજનો નિજ તત્ત્વને ઓગાળીને હરિના માર્ગે વીરત્વથી વિહાર કરે છે.

## 4.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવો:

1. હરિના માર્ગે બધા જઈ શકે છે. ☐
2. હરિના માર્ગે જનારાને કવિ મરજીવા સાથે સરખાવે છે. ☐
3. પ્રેમપંથની જ્વાળા પાવક જેવી હોય છે. ☐
4. પુત્ર, પત્ની, ધન કશાનો ત્યાગ કર્યા વિના હરિના માર્ગે જઈ શકાય છે. ☐
5. જે માણસો મનનો મેલ - અહમ્ - ત્યજી દે છે તેને મહાપદની પ્રાપ્તિ થાય છે. ☐
6. ઈશ્વરની લીલા એવી છે કે તે અંધકારમાં પણ પ્રકાશની અનુભૂતિ કરાવે છે. ☐
7. તીરે ઊભા તમાશો જોવાથી હરિ પ્રાપ્ત થાય છે. ☐

## 4.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- દારા, રજની હિન્દી ભાષાના શબ્દો છે.
- દુગ્ધા, પાવક વગેરે તત્સમ શબ્દો છે.
- 'રાતાંમાતાં' દ્વન્દ્વ સમાસ છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. કવિતામાં ઉપયોગમાં લીધેલ હિન્દી શબ્દો ગુજરાતી ભાષામાં કયા છે તે શોધીને લખો
2. કવિતામાં અન્ય કોઈ તત્સમ શબ્દો હોય તે શોધી બતાવો.
3. કવિતામાં અન્ય સામાસિક શબ્દ શોધો.

## 4.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

આ કવિતાના ઝીણવટભર્યો અભ્યાસ તમે કર્યો. હવે નીચેના પ્રશ્નોના ઉત્તર તમે સરળતાથી આપી શકશો.

1. કવિએ ભક્તને કોની સાથે સરખાવ્યો છે? શા માટે?

   .................................................................

   .................................................................

   .................................................................

2. હરિના માર્ગને કવિ વીરનો માર્ગ શા માટે કહે છે?

   .................................................................

   .................................................................

   .................................................................

3. 'તીરે ઊભો જુએ તમાસો, તે કોડી નવ પામે જોને' પંક્તિ સમજાવો.

   .................................................................

   .................................................................

4. ઈશ્વરની લીલાની ઓળખ કવિ શી રીતે આપે છે?

..............................................................

..............................................................

..............................................................

## 4.9 લેખન-પ્રવૃત્તિ

'મરજીવા' સિદ્ધ થયેલા ભક્ત નરસિંહ, મીરાંબાંઈ, સંત કબીર જેવાંનાં જીવનચરિત્રો શોધીને વાંચો અને તેમને હરિના માર્ગે જતા કઈ કઠિનાઈઓમાંથી પસાર થવું પડ્યું તે તમારા શબ્દોમાં લખો. તમને પણ એવો કોઈ અનુભવ થયો હોય તે વિશે પણ લખી શકાય.

## 4.10 વિશેષ અધ્યયન

### 4.10.1 કવિ પરિચય

કવિ પ્રીતમનો જન્મ ઈ.સ. 1718માં થયો હતો. તેમનું અવસાન ઈ.સ. 1798માં થયું હતું. સૌરાષ્ટ્રનું ચૂડા (રાણપુર) તેમનું જન્મસ્થાન છે. તેમના પિતાનું નામ પ્રતાપસિંહ અને માતાનું નામ જે કુંવરબાઈ હતું. તેઓ જ્ઞાતિએ બારોટ હતા. નાની ઉંમરે તેમણે ગૃહત્યાગ કર્યો હતો અને દીક્ષા લીધેલી. ઈ.સ. 1761માં ચરોતરના સંદેસર ગામમાં તેમણે નિવાસ કરેલો અને ત્યાં જ તેમનું અવસાન થયું હતું.

તેઓ જ્ઞાની અને ભક્તકવિ હતા. તેમની કવિતા સંતપરંપરામાંથી મળેલા જ્ઞાનથી વધારે પ્રભાવિત થયેલી છે, પરંતુ તેમની કવિતામાં જ્ઞાન અને ભક્તિ બંનેનો મહિમા સમાંતરે થતો દેખાય છે. માયાના બંધનમાંથી મુક્ત થવાની, 'સ્વ'ને ઓળખીને નિર્ગુણ બ્રહ્મને પામવાનો બોધ કરતી તેમની રચનાઓ મળે છે. સાથે સાથે ભાગવત અને પ્રેમલક્ષણાભક્તિની કવિતાના પ્રભાવ હેઠળ લખાયેલી કૃષ્ણભક્તિનો મહિમા ગાતી રચનાઓ પણ મળે છે.

કવિએ ગુજરાતી અને સાધુશાહી હિન્દી બંનેમાં રચનાઓ કરી છે. તેમણે 'સરસગીતા', 'જ્ઞાનગીતા', વાર, કક્કા, ધોળ, છપ્પા અને 732 જેટલી સાખીઓ પણ રચી છે. તેમની ભાષા સાદી, સરળ, વ્યવહારુ અને ચિત્રાત્મક છે.

### 4.10.2 સ્વરૂપ-પરિચય

પ્રસ્તુત કાવ્યનું સ્વરૂપ ભજન છે. મધ્યકાળમાં ઈશ્વર પરની માનવની શ્રદ્ધા જુદીજુદી રીતે વ્યક્ત થઈ છે. ભજનમાં એ શ્રદ્ધાનું જ ગાન થયેલું છે. ભજનિકોનું ધ્યેય પ્રજાને આસક્તિથી દૂર રાખવાનું હતું. તેમની આંતરસૂઝ અને ધાર્મિક અનુભવ જ ભજનરચનામાં પ્રેરણારૂપ બન્યાં છે. તેથી જ ભજનમાં સામાન્ય રીતે જગતના નિર્વેદના કે પરબ્રહ્મની મહત્તાના વિવિધ ભાવો આલેખાયેલા હોય છે. સાચા ભજનમાં ઐહિક સુખની માગણી જોવા મળતી નથી એ ભજનની વિશેષતા છે. પ્રાર્થનામાં ભક્ત ઈશ્વર પાસે માંગે છે. એ રીતે ભજન પ્રાર્થના કરતાં જુદું છે. ભજનમાં સામાન્ય રીતે સ્થૂળતા ઓછી હોય છે. જડત્વને પાર કરી ભજન રચનાર ભક્તકવિ ચેતન તરફ ગતિ કરે છે. તે ભગવાનના સાન્નિધ્યમાં સદા આનંદની અનુભૂતિ કરે છે.

ભજન રચનાર ભક્તકવિના મનમાં સદા મંથન હોય છે, એ જીવાત્મા જ પરત્મા જેવો બની જાય છે, ને એ અનુભૂતિ ભજનમાં ઉતારે છે. આથી જ ભજનમાં કોઈ માગણી કરવાની હોતી નથી, માત્ર હરિનાં ગુણગાન કરવામાં હોય છે. જીવનની અસારતા તેમ જ બ્રહ્મપ્રાપ્તિની તાલાવેલી તેમાં જોવા મળે છે.

ભજનને આપણે 'આત્મસમર્પણના ગીત' તરીકે પણ ઓળખી શકીએ. ભજનમાં વિષય તરીકે મુખ્યત્વે ઈશ્વરની સર્વવ્યાપકતા કે પ્રભુપ્રેમની અનુભતિનું માર્મિક નિરૂપણ હોય છે. 'અખિલ

બ્રહ્માંડમાં' (નરસિંહ) અને અભિનવો આનંદ આજ અગોચર ગોચર હવું' વગરે તેના દૃષ્ટાંતો છે. ભજનોમાં એક બાજુથી નમ્રતા, મૃદુતા, પ્રેમાર્દ્રતા જોવા મળે છે તો બીજી બાજુ નિર્ભયતા, દઢતા, સ્થિરતા, તિતિક્ષા જોવા મળે છે.

ભજનો બે પ્રકારનાં છે : એક એવી ભજનરચનાઓ છે જેમાં ઈશ્વરની પ્રશસ્તિ વ્યક્ત થાય છે અને બીજી એવી રચનાઓ છે જેમાં ઈશ્વર તરફ યાચનાની પ્રાર્થના થાય છે. મંજુલાલ મજમુદાર પહેલા પ્રકારની રચનાઓને 'શુદ્ધ' ને બીજા પ્રકારની રચનાઓને 'મિશ્ર' રચનાઓ તરીકે ઓળખાવે છે. નરિસંહ, મીરાં, પ્રીતમનાં ભજનો શુદ્ધ કોટિની રચનાઓ છે.

અર્વાચીન કાળમાં પણ ભજનોની રચના થઈ છે. નરસિંહરાવનું 'મંગલ મંદિર ખોલો' અને એ પછી મણિલાલ, કલાપી, ન્હાનાલાલ, બોટાદકર, સુંદરમ્‌ની રચનાઓમાં એ સ્વરૂપનું સાતત્ય જળવાઈ રહ્યું છે.

**4.10.3 વિશેષ અધ્યયન**

તમે પ્રીતમ કવિની જ 'ભક્તિ છે રે ખાંડાની ધાર એને કોઈ સાધે સાધનાર', 'સાચી તે કોની સગાઈ સંસારમાં સાચી તે કોની સગાઈ', 'સંત સમાગમ જે જન કરશે તેને પ્રગટે પ્રેમ જોને','જીભલડી રે તને હરિગુણ ગાતાં આવડું આળસ કયાંથી ?' આ રચનાઓ વાંચો. આ ઉપરાંત નરસિંહ, મીરાં જેવાં મધ્યકાલીન ગુજરાતી ભાષાના કવિઓનાં ભજનો અને અર્વાચીન નરસિંહરાવ, ઝવેરચંદ મેઘાણી, સુંદરમ્ જેવા કવિઓનાં ભજનો વાંચો. તમે પ્રીતમનું જે ભજન શીખ્યા તેની સાથે તેની તુલના કરો.

- **ટિપ્પણ**

**કાયર** - ડરપોક; **વળતી** - પછી; **વિત** - ધન; **મરજીવા** -દરિયામાંથી મોતી કાઢનારા, મરણિયા; **દુગ્ધા** - પીડા, આપત્તિ; **આગમ** - આવવું તે; **પાવક** - અગ્નિ; **સાટે** - બદલે સાંપડી; **મેલ** - અશુદ્ધિ, **અમલ** - સત્તા; **રાતામાતા** - હૃષ્ટપુષ્ટ, આનંદતુ; **રજની** - રાત્રિ; **નરખે** - જુએ; **લીલા** - નાટક, ખેલ.

**એકમ ૫**

# શ્યામ રંગ સમીપે ન જાવું

**- દયારામ**

**રૂપરેખા**

**5.1** ઉદ્દેશો
**5.2** પ્રસ્તાવના
**5.3** કૃતિ (કવિતા)
**5.4** કૃતિનો સારાંશ
**5.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
**5.5.1** ભૂમિકા
**5.6** વસ્તુલક્ષી કસોટી
**5.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**5.8** પુનરવલોકન
**5.9** લેખન-પ્રવૃત્તિ
**5.10** વિશેષ અધ્યયન
**5.10.1** કવિ-પરિચય
**5.10.2** સ્વરૂપ-પરિચય
**5.10.3** વિશેષ વાચન
• ટિપ્પણી

## 5.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે

- ગુજરાતી ભાષામાં કેવા સ્વરૂપ અને વિષયની કવિતા 18મી સદીમાં રચાતી હતી તેનો પરિચય મેળવશો.
- ગોપીનો કૃષ્ણ પ્રત્યેનો ઉત્કટ સ્નેહ કેવો છે તેની તમને જાણ થશે.
- પ્રિયજનનું સ્મરણ સતત સ્મરણ જ છે એ નાટ્યાત્મક રજૂઆત અનુભવી શકશો.
- અત્યંત સરળ ભાષામાં રજૂ થયેલી ગોપીહૃદયની ચતુરાઈ અને તેના રૂસણાનો તમને ખ્યાલ આવશે.
- કૃષ્ણ કપટી છે - તેણે ગોપી સાથે કંઈક કપટ કર્યું છે - માટે બધી કાળી વસ્તુ કપટ કરનારી જ હોય એવા આરોપણ દ્વારા કવિએ જે ચમત્કૃતિ સર્જી છે તે તમે જોઈ શકશો.

## 5.2 પ્રસ્તાવના

ગોપીને કૃષ્ણ પ્રત્યે ઉત્કટ આસક્તિ છે. આ આસક્તિ વિવિધ રૂપે દયારામની ગરબીઓનો વિષય બની છે. મધ્યકાલીન ગુજરાતી પ્રેમલક્ષણા ભક્તિધારાના ગુણવત્તાની દૃષ્ટિએ દયારામ પ્રમુખ પ્રતિનિધિ છે. તેમની કાવ્યવાણી રમણીય અને અર્થઘન છે. કવિતા તેમને મન સાધન છે; સાધ્ય કૃષ્ણભક્તિ છે. પુષ્ટિ સંપ્રદાયમાં તેમની આસ્થા દૃઢ હતી. તેમણે પુષ્ટિભક્તિનું નિરૂપણ કરતા અનેક ગ્રંથો રચ્યાં છે.

તેમની કૃતિઓમાં મોટો ભાગ ગરબી પ્રકારની લઘુ રચનાઓ છે. તેમને ગરબીના પિતા તરીકે પણ ઓળખવામાં આવે છે. પ્રેમલક્ષણાભક્તિભાવ, તેને અનુરૂપ ભાષા, આપણા દેશી લય દયારામમાં છે. આ વિશેષતાઓએ જ તેમને 'બંસીબોલના કવિ'નું બિરુદ અપાવ્યું છે. તેમની

અન્ય રચનાઓમાં 'રસિકવલ્લભ', પુષ્ટિપથરહસ્ય', 'બ્રાહ્મણભક્ત સંવાદ', 'ભક્તિપોષણ વગેરે છે.

## 5.3 કૃતિ

**શ્યામ રંગ સમીપે ન જાવું**

શ્યામ રંગ સમીપે ન જાવું, માહારે આજ થકી શ્યામ રંગ -
જેહેમાં કાળાશ તે તો સૌ એકસરખું,
સર્વમાં કપટ હશે આવું. માહારે૦
કસ્તુરી કેરી બિંદી કરું નહીં,
કાજળ ના આંખમાં અંજાવું. માહારે૦
કોકિલાનો શબ્દ સુણું નહીં,
કાગવાણી શુકનમાં ન લાવું. માહારે૦
નીલાંબર કાળી કંચુકી ન પહેરું,
યમુનાના નીરમાં ન ન્હાવું. માહારે૦
મરકત મણિ ને મેથ દૃષ્ટે ના જોવા,
જાંબુ વંત્યાક ના ખાવું. માહારે૦
દયાના પ્રીતમ સાથે મુખે નીમ લીધો,
મન કહે જે પલક ના નિભાવું ! માહારે૦

**- દયારામ**

## 5.4 કૃતિનો સારાંશ

ગોપી કૃષ્ણથી રિસાઈ છે. ગોપીનું કૃષ્ણ સાથેનું આ રિસામણું અત્યંત પ્રાસાદિક રીતે પ્રગટ થયું છે. ગોપી વિચારે છે કે કૃષ્ણ કાળો છે. જેનામાં કાળાશ હોય છે તે બધું એકસરખું હોય. ગોપી એક ગુણધર્મનું સર્વમાં સાધારણીકરણ કરે છે. તે કહે છે કે હું કાળો રંગ ધરાવતી હોઈ વસ્તુ જોઈશ નહીં, ખાઈશ નહીં, એનો અવાજ સાંભળીશ નહીં. નકાર દ્વારા સતત કૃષ્ણનું જ સ્મરણ કરતી ગોપીનું ભાવભર્યું ચિત્ર અહીં સરળ ભાષામાં આલેખાયું છે. કવિએ કાળી વસ્તુઓમાં કાળી બિંદી, કાળી કંચુકી, કાજળ, યમુનાનું નીર, રીંગણ, જાંબુ, કોકિલાનો શબ્દ આ બધાનો સરસ ઉપયોગ કર્યો છે.

## 5.5 ક્રિયાત્મક સઘન અધ્યયન

### ભૂમિકા

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું પ્રેમલક્ષણાભક્તિનું આ પદ છે. કવિઓ પોતાનો ભાવ જુદે જુદે રૂપે વ્યક્ત કરવા પદસ્વરૂપનો આશ્રય લે છે. ભાગવતમાં જે કૃષ્ણલીલાનું આલેખન થયું છે તેનાથી આપણે પરિચિત છીએ. મધ્યકાળમાં કૃષ્ણવિષયક ભક્તિશૃંગારને કેન્દ્રમાં રાખી અનેક રચનાઓ થઈ છે. 'શ્યામ રંગ સમીપે' કૃષ્ણગોપી - સંબંધને નૂતન રૂપે રજૂ કરતી રચના છે. ગોપીનો કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ અહીં લાડપૂર્વક રજૂ થયો છે.

પદની આરંભની બે પંક્તિ અત્યંત આકર્ષક છે. ગોપીનો એક પ્રસ્તાવ તેમાં રજૂ થયો છે. પછીની પંક્તિઓમાં ગોપી પોતાના પ્રસ્તાવને વિસ્તારથી સમજાવે છે. ગોપીનો નકારાત્મક રીતે કૃષ્ણને સતત સ્મરણમાં રાખવાનો નાટ્યાત્મક તરીકો અહીં આકર્ષણનો વિષય બને છે. પદમાંની પ્રાસાનુપ્રાસની યોજના અને નિરૂપણનું લાઘવ અત્યંત નોંધપાત્ર છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. ગોપીની કૃષ્ણપ્રીતિની ઉત્કટતા તેના કયા શબ્દોમાં પ્રગટ થાય છે?

.................................................................

.................................................................

.................................................................

2. ગોપીનો નકાર પ્રચ્છન્નપણે તેનો કયો ભાવ સૂચવે છે?

.................................................................

.................................................................

.................................................................

3. 'મન કહે જે પલક ના  નિભાવું માહારે' ગોપીના મનની આ તીવ્રતા તમને કઈ અનુભૂતિ કરાવે છે?

.................................................................

.................................................................

.................................................................

4. ગોપીનો કૃષ્ણ સાથેનો કયો સંબંધ આ પદમાં વ્યક્ત થયો છે?

.................................................................

.................................................................

.................................................................

## 5.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવોઃ

1. ગોપી સફેદ રંગને નહીં અડકવાનું પ્રણ  લે છે. ☐
2. ગોપી કાગવાણીના શુકન ન લેવાનો નિયમ કરે છે. ☐
3. ગોપી માને છે કે કાળો રંગ ધરાવતું બધું કૃષ્ણ જેવું કપટી હોય છે. ☐
4. ગોપી યમુનાનાં નીરમાં નાહ્વાનું કહે છે. ☐
5. ગોપી કાળી સાડી ન પહેરવાનું કહે છે. ☐

## 5.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

- કોકિલા, નીલાંબર, કસ્તુરી વગેરે તત્સમ શબ્દો છે.
- સમીપે, બિંદી હિંદી ભાષાના શબ્દો છે.
- 'નીલાંબર' બહુવ્રીહિ સમાસ છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. કવિતામાં ઉપયોગમાં લીધેલા હિન્દી ભાષાના શબ્દો ગુજરાતી ભાષામાં કયા છે તે શોધીને લખો.

.................................................................

.................................................................

.................................................................

2. કવિતામાં અન્ય તત્સમ શબ્દો હોય તે શોધીને લખો.

.................................................................

.................................................................

3. કવિતામાંથી 'નીલાંબર' જેવા અન્ય સામાજિક શબ્દો શોધીને લખો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 5.8 પુનરવલોકન

1. ગોપી કઈ પ્રતિજ્ઞા કરે છે ? શા માટે?

.....................................................................

.....................................................................

.....................................................................

2. કઈકઈ વસ્તુઓ સાથે સંબંધ ન રાખવાનું ગોપી કહે છે?

.....................................................................

.....................................................................

.....................................................................

3. ગોપીની પ્રતિક્ષા ખરેખર તમને સાચી લાગે છે ?

.....................................................................

.....................................................................

.....................................................................

4. ગોપીને કૃષ્ણથી કેમ ખોટું લાગ્યું છે?

.....................................................................

.....................................................................

.....................................................................

5. 'જેહમાં કાળાશ તે તો સૌ એકસરખું, સર્વમાં કપટ હશે આવું' પંક્તિ સમજાવો.

.....................................................................

.....................................................................

.....................................................................

## 5.9 લેખન પ્રવૃત્તિ

શ્યામ રંગ સિવાય કૃષ્ણની વાંસળી જે ગોપીની સપત્ની છે એ ભાવને રજૂ કરતી ગરીબીઓ વાંચો. ગોપી વાંસળી સાથે કેવાં રૂસણાં લે છે તે તપાસો. આ ઉપરાંત દયારામની ગોપી-કૃષ્ણને કેન્દ્ર કરતી ગરબીઓ વાંચો અને તેનો સાર તમારા શબ્દોમાં લખો.

## 5.10 વિશેષ અધ્યયન

### 5.10.1 કવિ-પરિચય

દયારામ મધ્યકાલીન ગજરાતી સાહિત્યના સૌથી છેલ્લા કવિ છે. તેમનો જન્મ ઈ.સ. 1777માં થયો હતો અને અવસાન ઈ.સ. 1853માં થયું હતું. તેમનું જન્મસ્થાન ચાણોદ ને મોસાળ ડભોઈ છે. તેમનું વતન ચાણોદ (જિ. વડોદરા). જ્ઞાતિએ તેઓ સાઠોદરા નાગર હતા. તેમના પિતા પ્રભુરામ અને માતા રાજકોર. 10-12 વર્ષની વયે તેમનાં માતા-પતાનું અવસાન થયું હતું તેમણે લગ્ન કર્યું ન હતું. કૃષ્ણસેવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પી પુષ્ટિમાર્ગના મરજાદી વૈષ્ણવ તરીકે તેમણે જીવન પૂરું કર્યું હતું.

દયારામનો સ્વભાવ રંગીલો ને શોખીન હતો. તેમની ગરબીઓમાં શૃંગારનું આલેખન પણ થયેલું જોવા મળે છે. તેમણે ઔપચારિક શિક્ષણ લીધું ન હતું પણ ભાગવત વગેરે પુરાણો ગીતા જેવા ધર્મગ્રંથો, અન્ય સાંપ્રદાયિક સાહિત્ય અને ભક્તિસાહિત્યનો તેમણે અભ્યાસ કર્યો હશે

એમ તેમની કૃતિઓના અભ્યાસ પરથી જણાય છે.

### 5.10.2 સ્વરૂપ-પરિચય

ગરબી મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું અતિપરિચિત કાવ્યસ્વરૂપ છે. એ સમૂહનૃત્યનું સ્વરૂપ છે. ગરબી નવરાત્રના ઉત્સવ એટલે કે દેવીપૂજા સાથે સંબંધ ધરાવે છે; જેમ કે ગરબાનો સંબંધ વિશેષ કરીને દેવીપૂજા સાથે છે. જ્યારે ગરબીનો સંબંધ મુખ્યત્વે કૃષ્ણભક્તિ સાથે છે.

પુરુષો ગાય તે ગરબો અને સ્ત્રીઓ ગાય તે ગરબી એવું પણ કહેવાતું હતું. ગરબી ગરબા કરતા ટૂંકી હોય છે. આરંભમાં ગરબી દેવીભક્તિ સાથે સંકળાયેલું નૃત્યગીત હતું પરંતુ વૈષ્ણવ કવિઓએ ગરબીનું સ્વરૂપ રાધાકૃષ્ણના મનોભાવો ગાવા માટે અપનાવ્યું અને દયારામે તો પૂરેપૂરું વિકસાવ્યું છે. આમ, ક્રમશઃ ગરબીનો સંબંધ દેવીભક્તિમાંથી પલટાયો ને રાધાકૃષ્ણ તેનું કેન્દ્ર બન્યાં.

આ ગરબીઓ ભાવપરાયણ હોય છે. તેમાં મુખ્યત્વે શૃંગારભાવનું આલેખન થયેલું હોય છે. ગરબીઓમાં કથન કે વર્ણન બહું ઓછું હોય છે. તેમાં કૃષ્ણરૂપ, રાધારૂપ, ઋતુ વગેરેનાં ચિત્રો પ્રસંગોપાત્ત આછા લસરકાથી મનોહર રીતે ગોઠવાયાં હોય છે.

ગરબીઓ કલાત્મક ઊર્મિકાવ્યના નમૂના સમી છે. તેમાં નાટ્યાત્મકતા પણ હોય છે. ગરબીઓ આપણી સમક્ષ ઉદ્‌ગારરૂપે આવે છે. કોઈ ગરબીમાં કૃષ્ણનો ઉદ્‌ગાર હોય, કોઈમાં રાધાનો કોઈમાં બંને વચ્ચે સંવાદ હોય છે. જોકે, ક્યારેક સંબોધન પણ હોય છે. રાધા સખીને, કૃષ્ણને વાંસળીને, મધુકરને સંબોધ પોતાની વાત કરે છે. બધી જ ગરબીઓમાં ભાષાનું અજબનું માધુર્ય અને લાલિત્ય હોય છે.

### 5.10.3 વિશેષ વાચન

અહીં પ્રસ્તુત છે દયારામની એ સિવાયની રચનાઓ
('હાવાં હું સખી, નહીં બોલું રે નંદકુંવરની સંગે,'
'મુને શશીવદની કહી છે રે
ત્યારની દાઝ લાગી છે અંગે,'
'કહાનકુંવર કાળા છો, અડતાં હું કાળી થઈ જાઉં'
'તું મુજને અડતા શ્યામ થઈશ તો
હું ક્યમ નહીં થાઉં ગોરો?
ફરી મળતાં રંગ અદલાબદલી
મુજ મોરો તુજ તોરો.')
'હું શું જાણું જે વહાલે મુજમાં શું દીઠું,
વારેવારે સામું ભાળે, મુખ લાગે મીઠું.'

બીજી ગરબીઓ વાંચો, ગરબીઓમાં ગોપીની કૃષ્ણપ્રીતિનું ચિત્ર કેવું આલેખાયું છે તે જુઓ. તમે જે ગરબી ભણ્યા તેની સાથે બીજી ગરબીમાં આલેખાયેલા ભાવોનો તુલનાત્મક અભ્યાસ કરો.

---

• **ટિપ્પણ**

**કપટ** - છળ, પ્રપંચ; **કસ્તુરી** - અમુક જાતના હરણની ડૂંટીમાંથી મળતો એક સુગંધી પદાર્થ, મૃગમદ; **નીલાંબર** - કાળા કે આસમાની રંગનું વસ્ત્ર, બલરામ (જે શ્યામ છે); **મરકત**-લીલમ; **વંત્યાક** - રીંગણ, **પલક** - ક્ષણ, પળ.

# એકમ ૬

# આઠમું દિલ્હી

**- કૃષ્ણલાલ શ્રીધરાણી**

**રૂપરેખા**


**6.1** ઉદ્દેશો

**6.2** પ્રસ્તાવના

**6.3** કૃતિ (કવિતા)

**6.4** કૃતિનો સારાંશ

**6.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

ખંડ : 4

**6.6** વસ્તુલક્ષી કસોટી

**6.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**6.8** પુનરવલોકન

**6.9** લેખન-પ્રવૃત્તિ

**6.10** વિશેષ અધ્યયન

**6.10.1** કવિ-પરિચય

**6.10.2** સ્વરૂપ-પરિચય

**6.10.3** વિશેષ વાચન

- ટિપ્પણી


## 6.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે

- વિષયની રીતે આગવા કાવ્યનો રસાસ્વાદ માણશો.
- વ્યક્તિની જેમ નગરને પણ એનું જીવન હોય છે, એનો ભૂતકાળ અને ઇતિહાસ હોય છે. (એનું પોતીકું વ્યક્તિત્વ હોય છે.) આ કાવ્યના અભ્યાસ દ્વારા તમે દિલ્હીની ગઈ કાલ અને આજ વિશે જાણશો.
- દિલ્હીના ભૂતકાળ અને વર્તમાનકાળ વિશે જાણીને એનું ભવિષ્ય કેવું હશે એ અંગે વિચારતા થશો.
- વર્તમાન ભારતના પાટનગર એવા દિલ્હીમાં ‘શુદ્ધવિવેક’નો કેવો અભાવ છે એ વિશે વિચારવા પ્રેરાશો.
- એક જ કાવ્યમાં ઇતિહાસ, ભૂગોળ, રાજકારણ વગેરે વિષયોને સાંકળીને કેવું આગવું વિચારવિશ્વ કવિએ નિપજાવ્યું છે એ જોશો.
- કૃષ્ણલાલ શ્રીધરાણીની નવીન કાવ્યરીતિ અને ભાષાની આગવી છટાને કાવ્ય દ્વારા માણશો.
- આ કાવ્યની ભાષાસામગ્રી વિશે જાણશો.
- કાવ્યમાં રહેલા કટાક્ષને માણશો.

## 6.2 પ્રસ્તાવના

નવીન કાવ્યરીત અને ભાષાની આગવી છટા વડે રચાયેલું કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'આઠમું દિલ્હી' વક્તવ્ય, રચના, શિલ્પ, છંદ અને ભાષામાં અનેક વિશિષ્ટ ભાત પાડતું કાવ્ય છે. જેમ વ્યક્તિના જીવનમાં ચડતીપડતીના, સુખદુઃખના, તડકાછાંયડાના પલટાઓ આવે છે તેમ નગરોના જીવનમાં પણ અવનવા પલટાઓ આવતા હોય છે. અહીં કવિએ સ્વતંત્ર ભારતના પાટનગર દિલ્હીના ગઈ કાલ અને આજ કાવ્યમય રૂપે નિરૂપી છે. કાવ્યમાં દિલ્હીના ભૂતકાળને અને વર્તમાનને નિરૂપી ભવિષ્યમાં આ નગરનું સ્વરૂપ કેવું હશે એ અંગેનો માર્મિક પ્રશ્ન કવિ ભાવકચિત્તમાં ખડો કરે છે.

આજે તો દિલ્હીમાં ભારત સરકારનો વાસ છે અને તેથી રાજકીય, આર્થિક, સામાજિક લાભ મેળવતા ઈચ્છતા સહુ સ્વાર્થસાધુઓ માટે દિલ્હી પરમ તીર્થરૂપ બન્યું છે. આવા સ્વાર્થસાધુઓને એમના મનવાંછિત માનપાન, સ્થાન ને હોદ્દા, ઇનામ ને અકરામ બધું આજના દિલ્હીમાંથી મળે એમ છે. કવિ કહે છે કે ભવિષ્યમાં જ્યારે આજના દિલ્હીના અવશેષો કોઈક ભાવિ પેઢીઓના હાથમાં આવશે ત્યારે અવશેષોમાં બધું હશે; નહીં હોય માત્ર 'શુદ્ધવિવેક.' આજના આપણા પાટનગર દિલ્હીમાં સારાસારબુદ્ધિનો કેવો અભાવ છે, કથીર અને કંચન વચ્ચેનો ભેદ તારવનાર વિવેકદષ્ટિનો કેવો અભાવ છે એ વાત પર કાવ્યાંતે માર્મિક કટાક્ષ કરી કવિ વિરમે છે. સંક્ષિપ્ત સચોટ વાણીમાં કવિએ જાણે કે રંગીન ચિત્રોની પરંપરા જ આપણી સમય ખડી કરી દીધી છે!

## 6.3 કૃતિ

### આઠમું દિલ્હી

દિલ્હી દૂર નથી.
કો શૂર તણીય જરૂર નથી, મગદૂર નથી દિલ્હી ચઢવાને.
જીતનારના મ્હેલ વસે જેને જીત્યા'તા.
કર લેનારા કબરો નીચે;
કર દેનારા રાજ્ય કરે, ને વીંચે
આંખ ક્ષમાની, ભૂલી જે વર્ષો વીત્યાં'તાં.
દિલ્હી દૂર હતું, હા, દૂર હતું એક'દા,
દિલ્હી નૂર હતુ કો ક્રૂર તણું ને, હા,
ચણાવનારાના નામ થકી મશહૂર હતું. પણ આ
વૃંદ-વાંસળી વાગી આજે જમનાજીને તીર
ચણનારા હાથો પર સંગીત રચી સુધીર,
સંગેમરમર જાળી જોતાં જાગી ઊઠે સ્પંદ,
ઊભરાવ્યા જે આંગળીઓએ પાણામાંથી છંદ,
જો, ફાટ્યું ત્યાં ગુંબજ શિવ!
છટક્યો ઈંડામાંથી જીવ!
સાચું! ભવ્ય થશે ખંડેરો કો'દી આ જ
જતન કરી ચણીએ સાચવવા અદકું પ્રાપ્ત સ્વરાજ.
ભવિષ્યની કોદાળી જ્યારે નમશે
નવી પેઢીઓ રટશે કે અવગણશે
એક ચરુનો નકી થશે ટંકાર.

રૂપિયા, પૈસા નયા નીકળશે;
ભાતભાતના સિક્કા મળશે;
નહિ જડશે તાજની છાપ;
કોસી નાથવા કાજે મૂકી મોટે પેટે કાપ.

થર પર થર ખડકાયા.
સાત વંશ તો સાત પ્રકરણે છે સપડાયા.
મહાગ્રંથ ઇતિહાસ તણો ને કોરા છે અધ્યાય.
સાત સલ્તનતો લથડી નવને ભવિષ્ય ના દેખાય.
તણો ને કોરા છે અધ્યાય, સાતસલતનતો લથડી.
લૂ-ધક્કેલ્યાં પડ્યાં હાંડકાં, મસ્તકહીન મિનાર.
મ્હેલાતોમાં મ્હેક માત્ર જ્યાં સૂતાં નર ને નાર.
અહીં પડ્યા ઇતિહાસ, અને ઇતિહાસી બન્ધન
વિદારવાના યત્ન. આંહી છે થનગન
અશ્વ હજાર તણાં ડગલાં જે સૂતાં ધરણી-મન.
ડુંગરનાં ધણ દોડી, ઊભરી કદમ અહીં અટકાવે.
ધરણી પડી સપાટ અહીં જ્યાં યવનો આવે.
દેશ રક્ષવા કાજ મોરચા પ્રથમ રચાતા
અહીં. ચાંદનીચૉકે જાતાં
સ્વર્ણ, સુંદરી, મદિરા તરસ્યાં સો સો લશ્કર.
લોહીનાં પુષ્કર.
અહીં થઈ લડાઈ પુત્ર, પરદેશી વચ્ચે.
અસત્યને પણ આ સ્થળમાં ઊથલાવ્યું સચ્ચે,
કુરુક્ષેત્ર છે અહીં, પાણીપત પણ છે પાસે.
અહીંથી ભાગ્યા કૃષ્ણ ગોપી ગોપી કંકાસે.
'સ્વર્ગ અહીં છે!' એમ કવિવર ધૂણતા ત્રણ ત્રણ વાર.
કળશ આંહી ભારતને ચડિયો; અહીં થયું હિન્દ ખુવાર.
અહીં મર્યા ગાંધી કે જેનાથી જીવે ભારતવર્ષ.
મુક્તિ મળી તો આગળ ધપવું એશિયાઈ ઉત્કર્ષ.
ગઈ કાલ તણી ધૂળ ઊડે, જામે.
ખાત હાડનું ખાઈ ખડ શક્તિ પામે.
નીલ ગાલીચો ન્હાનો રણમાં!
ભારત-દર્શન એક જ કણમાં!
ભૂત-ખભા પર ચડી ભાવિ ડોકિયાં કરતું.
મૂવું હતું તે કુતૂબ કૂદી બે વારા મરતું.
ગંગાએ કાશીને આપ્યું એક અનુપ મહત્ત્વ.
દિલ્હીએ જમનામાં વેર્યાં ગંગાનાં સૌ તત્ત્વ,
જાત્રાનું સ્થળ સર્વશ્રેષ્ઠ આ, આવે વીર ચતુર;
વેપારીનાં આવે ઘોડા-પૂર;

અને કાશ્મીરી નૂર;
મીર દેશના દૂર.
સર્વવ્યાપ્ત સરકાર બિરાજે, કવિને કરતી ભાટ;
જંગલ છોડી દિલ્હી-કાંઠે યોગી માંડે હાટ;
પદવી છે, પહેરામણ છે, છે બિલ્લાં એક અનેક;
રાજ્યસભા છે, લોકસભા છે, ને જાવું જો છેક,
રચજો કવિતા, લખજો નાટક, કરજો રાજ્યપ્રચાર!
નવ દિલ્હીના આકાર!
- નવી પેઢીઓ રટશે કે અવગણશે
જો ત્યાં સુધીમાં વિશ્વ નહિ શૂનકાર-
એક ચરુનો નકી થશે ટંકાર.
રૂપિયા, પૈસા નયા નીકળશે;
ભાતભાતની મ્હોરો મળશે;
નહિ જડશે તાજની છાપ.
જડશે ચંદ્રક એક અનેક;
નહિ જડશે શુદ્ધવિવેક !

- **કૃષ્ણલાલ શ્રીધરાણી** ('કોડિયા'માંથી)

## 6.4 કૃતિનો સારાંશ

કૃષ્ણલાલ શ્રીધરાણીની આગવી કાવ્યછટાને પ્રગટ કરતું 'આઠમું દિલ્હી' કાવ્ય વિષયની દૃષ્ટિએ નાવીન્યપૂર્ણ છે. દિલ્હી જેવા ભારતના હૃદય સમા નગરના ભૂતકાલીન અને વર્તમાન વ્યક્તિત્વને કવિ શ્રીધરાણીએ અહીં સચોટ વાચા આપી છે. નગરના વ્યક્તિત્વને છતું કરતો કાવ્યવિષય નવીન અને વિસ્મયજનક છે અને તેથી આખું કાવ્ય નવી આકર્ષણ ધારણ કરે છે.

દિલ્હી શહેરનું એક પ્રચંડ મહત્ત્વ આપણા દેશની તવારીખમાં પ્રાચીનકાળથી જળવાતું આવ્યું છે. ભારતની આબાદી અને બરબાદીના લેખ દિલ્હીની ધરતી પર મંડાતા અને ભૂંસાતા રહ્યા છે. દિલ્હી એટલે ભારતવર્ષનું હૃદય જાણે! ત્યાં જે બને તેની અસર આખા દિવસમાં થાય અને દેશમાં જે કાંઈ બને એનો પ્રથમ પડઘો દિલ્હીમાં પડે!

કાવ્યમાં કવિએ ભૂતકાલીન દિલ્હી અને વર્તમાન દિલ્હી બે ભિન્નભિન્ન તાસીરોને સમાંતર રીતે આલેખી છે. જાણે નાનકડાં રંગીન ચિત્રોની હારમાળા આપણી નજર સામેથી પસાર થતી હોય એ રીતે આપણે ગઈ કાલના અને આજના દિલ્હીનો એકીસાથે સાક્ષાત્કાર કરી શકીએ છીએ; હાકેમોના દોરદમામથી દુર્ગમ બનેલું ભૂતકાળનું દિલ્હી અને પોતાની કિંમત વસૂલ કરવા ઊમટી પડેલા સ્વાર્થસાધુઓથી ઊભરાતું આજનું દિલ્હી - બંને ચિત્રો કવિ આપણી સમક્ષ લાઘવપૂર્વક ઉપસાવી શક્યા છે. દિલ્હીનું ભાવિ, એની આવતી કાલ કેવી હશે તેનો માર્મિક પ્રશ્ન પણ કવિએ સહજ ભાવે કાવ્યમાં રમતો મૂકી દીધો છે. ઠેઠ મહાભારતના સમયથી અનેક લોહિયાળ યુદ્ધો અને બેસુમાર લૂંટ તથા કતલોને નજરે જોનાર, સહેનાર દિલ્હી અને આજે ઇનામ અકરામ તથા સત્તાસંપત્તિ લાલસાવાળા અનેકાનેક માનવીઓથી ઊભરાતું દિલ્હી - ગઈ કાલના અને આજના દિલ્હીની આ બંને છીબીઓને કવિએ કાવ્યમાં કુશળતાથી ઊપસાવી છે.

દિલ્હી શહેરનું સ્થૂળ રૂપ જેમજેમ કાળપ્રવાહ સાથે બદલાયું છે તેમ કેટલાંય જીવનમૂલ્યો પણ વહેતા સમય સાથે બદલાયાં છે. સુલતાનો અને બાદશાહોના સમયમાં દિલ્હી હાકેમોનું વડું

મથક હતું; જનસામાન્ય માટે એ 'દૂર અને દુર્ગમ' હતું; આજે એનાથી સાવ વિપરીત સ્થિતિ છે. રાજા, રાણા, સુલતાનો અને બાદશાહો હવે રહ્યા નથી; હવે તો છે લોકશાહી, લોકાનું રાજ્ય; આજે દિલ્હી દૂર નથી; સામાન્ય જન આજે સહેલાઈથી દિલ્હીનીવાટ પકડી શકે છે! હાકેમોના સમયમાં દિલ્હી કલાકારીગરીના નમૂના ચણાવનાર હાકેમોના નામે મશહૂર હતું; આજે શિલ્પસ્થાપત્યના નમૂના ચણાવનારની નહીં; એ એ ચણનાર કલાકારોની બોલબાલા છે! સમયની કેવી બલિહારી! કર ઉઘરાવનારાઓ આજે કબરમાં દટાઈ ગયા છે; વિજેતાઓના મહેલોમાં આજે એમના વડે જિતાયેલાનાં સંતાનો વસે છે! આજે તો જનતા-જનાર્દનની! બોલબાલા છે. પ્રજા અને આખા દેશમાં પ્રગટેલી નવી ચેતનાને કવિએ બ્રહ્માંડરૂપી ઈંડામાંથી પ્રગટેલા જીવની ઉપમા આપી છે.

પ્રજાકીય સરકારનું વડું મથક દિલ્હી બનતાં આજે સત્તા, સંપત્તિ, કીર્તિ, ઇનામ, પદાધિકારના લાલચુઓનાં ટોળાં દિલ્હીમાં જમા થયાં છે. સરકારી લાલચે સ્વત્વને બાજુએ મૂકી સરકારી નીતિઓની પ્રશિસ્તઓ કરનાર કવિઓ અને સરકારી આશ્રય પામવાની લાલચે પોતાની યોગવિદ્યાની હાટડીઓ આ પાટનગરમાં ખોલી બેસનાર કહેવાતા યોગીઓ અને સંતો પર કવિએ કાવ્યમાં તીખો કટાક્ષ કર્યો છે. ભાટ જેવા કવિઓ અને સોદાગર જેવા યોગીઓથી ઊભરાતું આજનું દિલ્હી જોઈને કવિને લાગે છે કે, અહીં બધું જ છે, સત્તા અને સંપત્તિ માન અકરામ, ઇનામ, પદકો અને ચંદ્રકો, હોદ્દાઓ અને પહેરામણીઓ - આવડત હોય તો આ બધાંની આજના દિલ્હીમાં કશી ખોટ નથી; આજના દિલ્હીમાં જો ખોટ હોય તો તે એક જ ચીજની છે, અને તે છે શુદ્ધવિવેક! દિલ્હીમાં આજે બધું છે. નથી માત્ર યોગ્ય અને અયોગ્ય, સાચા અને જૂઠા વચ્ચેનો ભેદ પારખી શકે એવી સારાસારબુદ્ધિ! આજે તો અહીં 'ટકે શેર ખાજાં, ટકે શેર ભાજી!' જેવી અંધેરી નગરીનો ન્યાય પ્રવર્તે છે! આથી જ કાવ્યાંતે વેદનાથી બળતા કવિના ચિત્તમાંથી આવા શબ્દો સરી પડે છે. 'ભવિષ્યની કોઈક પેઢીના હાથમાં જ્યારે આજની આ દિલ્હીના અવશેષોમાંથી બધું મળી આવશે - રૂપિયા, નયા પૈસા, જાતભાતની મહોરો, અનેકાનેક પદકો અને ચંદ્રકો - બધું જ અવશેષોમાંથી મળશે, નહીં મળે માત્ર શુદ્ધવિવેક!' કટાક્ષમિશ્રિત વેદનાના આવા તીવ્ર સૂર સાથે કાવ્યનું સમાપન થાય છે.

## 6.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'આઠમુ દિલ્હી' કાવ્યમાં કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ ગઈ કાલ અને આજના દિલ્હી વચ્ચેની ભિન્નતા દર્શાવી છે. ક્રિયાત્મક સઘન અધ્યયનની દૃષ્ટિએ સમગ્ર કાવ્યને આપણે નીચેના ચાર ભાગમાં વહેંચી શકીએ :

1. આરંભ
2. દિલ્હીની ગઈ કાલ
3. દિલ્હીની આજ
4. દિલ્હીનું ભાવિ

**ખંડ : ૧**

'આઠમું દિલ્હી' કાવ્યનો ઉપાડ નાટ્યાત્મક રીતે કવિએ કર્યો છે. કાવ્ય આરંભાય છે જે આ પંક્તિથી 'દિલ્હી દૂર નથી'. આ ત્રણ જ શબ્દો દ્વારા કવિએ આજના અને ગઈ કાલના દિલ્હી તરફ મીટ માંડવા જાણે કે આપણને સૂચવ્યું છે. આજે દિલ્હી દૂર નથી… સામાન્ય જન આજે સહેલાઈથી દિલ્હીની વાટ પકડી શકે છે. આજે તો રાજા, રાણા, સુલતાનો કે બાદશાહો રહ્યા

નથી; હાકેમોનો સમય વીતી ગયો છે. હવે તો છે લોકશાહી - લોકોનું રાજ્ય! અવે શાસન હાકમોના હાથમાં નથી, પ્રજાસમૂહના હાથમાં છે; સુલતાનો અને બાદશાહો નિર્મૂળ થયા છે અને પ્રજાકીય સરકાર નવી દિલ્હીમાં હવે બિરાજે છે. હાકેમોના સમયમાં દિલ્હી કલાકારીગરીના નમૂના ચણનાર હાકેમોના નામે મશહૂર હતું; આજે શિલ્પસ્થાપત્યના નમૂના ચણાવનારની નહીં; એ ચણાવનાર કલાકારોની બોલબાલા છે! કર ઉઘરાવનાર આજે કબરમાં દટાઈ ગયા છે! વિજેતાઓના મહેલોમાં આજે એમના વડે જિતાયેલાનાં સંતાનો વસે છે! આજે તો જનતા-જનાર્દનની બોલબાલા છે અને હાકેમો અને આઝમો વીસરાઈ ગયા છે! લોકશાહીના ઉદયની પ્રક્રિયાને કવિએ આ પંક્તિથી કાવ્યમય રીતે નિરૂપી છે -

વૃંદ-વાસળી વાગી આજે જમુનાજીને તીર

ચણનારા હાથો પર સંગીત રચી સુધીર!

સેંકડો વર્ષોથી કોઈક સુલતાન કે બાદશાહની રૈયત બનીને જીવેલી ભારતીય પ્રજા કાળપ્રતાપે આજે હવે રૈયત મટીને પોતાના દેશની પોતે બની છે; શાસનનાં સૂત્રો ખુદ પોતાના હાથમાં રહે તેવી લોકશાહી શાસન-વ્યવસ્થા સ્વીકારવા, ટકાવવા જેટલું ચૈતન્ય એનામાં આવ્યું છે; એ નવચૈતન્યની વાતને કવિએ આવી રૂપકાત્મક વાણીમાં રજૂ કરી છે.

જો, ફાટ્યું ત્યાં ગુંબજ શિવ!

છટક્યો ઈંડામાંથી જીવ!

પુરાણોમાં આપણાં આ વિશ્વને અંડ-આકારનું કલ્પવામાં આવ્યું છે; તેથી જ આ સચરાચર વિશ્વ 'બ્રહ્માંડ' - 'બ્રહ્મરૂપી અંડ'ને નામે ઓળખાય છે; એ બ્રહ્માંડરૂપી ઈંડુ ફાટે અને એમાંથી ચૈતન્ય બહાર આવે તે રીતે ભારતીય પ્રજાનું અત્યાર સુધીનું પરતંત્રતા અને જડતાનું કોચલું તૂટ્યું છે અને હવે એ કોચલાની ભીતર બંધિયાર બની ગયેલી પ્રજાકીય ચેતના બહાર આવે છે એમ કવિ સૂચવવા માગે છે. જેમ પરમ તત્ત્વ શિવમાંથી આત્મારૂપી જીવ પ્રગટ્યો તેમ ગઈ કાલની નિષ્પ્રાણ જડતા દૂર થતાં આજે નવો પ્રાણ દિલ્હીમાં - ભારત સમસ્તમાં પ્રગટ્યો છે !

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

ઉપર્યુક્ત નોંધ અને પ્રથમ ખંડ વાંચ્યા પછી નીચેના પ્રશ્નોના ઉત્તર લખોઃ

1. 'આઠમું દિલ્હી' કાવ્યનો ઉપાડ કઈ પંક્તિથી થાય છે ? એ પંક્તિ દ્વારા કવિ શું સૂચવવા માગે છે?

   ..........................................................

   ..........................................................

2. આજે દિલ્હી દૂર છે ખરું? સામાન્ય જન આજે દિલ્હી કેવી રીતે પહોંચી શકે?

   ..........................................................

   ..........................................................

3. આજે દિલ્હીની સત્તા કોના હાથમાં છે? જૂના સમયમાં એ સત્તા કોની પાસે હતી?

   ..........................................................

   ..........................................................

4. પહેલાંના સમયમાં દિલ્હી કોના નામે મશહૂર હતું અને આજે કોનાથી મશહૂર છે?

   ..........................................................

   ..........................................................

5. પહેલા કોની બોલબાલા હતી ? આજે કોની બોલબાલા છે?

.................................................................

.................................................................

6. આજે કોણ કબરમાં દટાઈ ગયું છે?

.................................................................

.................................................................

7. વિજેતાઓના મહેલમાં આજે કોણ વસે છે?

.................................................................

.................................................................

8. લોકશાહીના ઉદયની પ્રક્રિયાને કવિ કઈ પંક્તિથી સમજાવે છે?

.................................................................

.................................................................

9. આ દેશની પ્રજા આજે દેશની શું બની છે? એનામાં શેનું ચૈતન્ય આવ્યું છે?

.................................................................

.................................................................

10. 'જો, ફાટ્યું ત્યાં ગુંબજ શિવ!
છટક્યો ઈંડામાંથી જીવ!
- ઉપર્યુક્ત કાવ્યપંક્તિ દ્વારા કવિ શું સૂચવવા માગે છે તે સમજાવો.

.................................................................

.................................................................

**ખંડ : ૨**

કાવ્યના આરંભે કૃષ્ણલાલ શ્રીધરાણી 'દિલ્હી દૂર નથી' એ કાવ્યપંક્તિ દ્વારા ઘણી વેદનાઓ વેઠ્યા પછી સ્વરાજ્યને સિદ્ધ કરી ચૂકેલા ભારતને - દિલ્હીને વર્ણવે છે. ત્યારબાદ કવિનો મોડ દિલ્હી નગરે અનુભવેલો ભૂતકાળ તરફ વળે છે.

ખૂબ પ્રાચીન કાળથી દિલ્હી આપણા દેશનું પાયતખ્ત રહ્યું છે. સૈકાઓથી સમસ્ત હિંદ પર દિલ્હીથી જ શાસન ચાલતું રહ્યું છે. આમ સદીઓથી દિલ્હી આપણા દેશનું મધ્યબિંદુ ગણાયું છે. નગર દિલ્હીની તવારીખ ચંચળ અને વૈવિધ્યભરી છે; દિલ્હી પર સાતસાત વંશોની સલ્તનતો આવી છે અને અસ્ત પામી છે, અનેક સુલતાનો અને બાદશાહોનાં અનેક કાળા-ધોળાં કૃત્યોથી દિલ્હીનો ઈતિહાસ ખીચોખીચ ભરેલો છે. આ દિલ્હી તો ઠેઠ મહાભારતના કાળથી ઘટનાઓનું સાક્ષી છે; કૌરવ અને પાંડવોએ જ્યાં મહાભીષણ યુદ્ધ કર્યું અને જ્યાં સત્ય દ્વારા અસત્યનો ઘોર પરાજય થયો તે કુરુક્ષેત્ર દિલ્હીમાં જ છે; જ્યાં પરદેશી આક્રમણકારો સામે આ દેશના શાસકોને વારંવાર નિર્ણાયક યુદ્ધો થયાં તે પાણીપતના મેદાનની ભૂમિ પણ દિલ્હીની નજીક જ છે; એ તમામ લોહિયાળ યુદ્ધોનું અને એ યુદ્ધો દ્વારા સર્જાયેલા જય-પરાજયોનું, આસમાની-સુલતાનીઓનું આ નગર દિલ્હી સાક્ષી છે. ઈતિહાસના જેટલા પલટા દિલ્હીએ જોયા છે, રાજ્યસત્તાની સ્થાપના અને ઉત્થાપના દિલ્હીએ જેટલી અનુભવી છે તેટલી ભારતના કોઈ નગરે કદી અનુભવી નથી. ગોકુલ-મથુરા ત્યજીને સોરઠ તરફ ચાલી નીકળતા શ્રીકૃષ્ણનું દર્શન પણ દિલ્હીએ કર્યું છે. આ

તો થઈ દૂરના ભૂતકાળની વાત, પણ નજીકના ભૂતકાળમાંય અનેક રંગો દિલ્હીએ જોયા છે. ભારતી ઉત્તર દિશાની કિલ્લેબંદી કરીને ઊભેલી હિમાલયની પર્વતમાળાઓ દિલ્હી નજીક અટકે છે અને ત્યાંથી સપાટ મેદાનોનો આરંભ થાય છે પર્વતમાળાઓના સાંકડા કઠિન ઘાટ પસાર કરીને હિંદ પર આક્રમણ લઈ આવનાર પરદેશીઓનો પ્રથમ સામનો દિલ્હી નજીકનાં મેદાનમાં થતો; આમ સ્વદેશ-રક્ષણના પ્રથમ મોરચા દિલ્હી નજીક રચાતા. ક્યારેક કમભાગ્યે જો કોઈ પરદેશી તૈમૂર કે નાદીરશાહ જેવો અક્રમણકાર વિજયી નીવડતો તો સુવર્ણ અને સુંદરીની શોધમાં ઉન્મત્ત બનેલાં એના લશ્કર દિલ્હીના 'ચાંદની ચોક' બજારમાં ધસી જતાં અને ભયાનક કતલ ચલાવી આખા નગરમાં લોકોનાં લોહીનાં તળાવો ભરી દેતાં! યુદ્ધો અને કતલોના આવા અનેક ગમગીન અનુભવોમાંથી આ નગર પાસાર થઈ ચૂક્યું છે. ખૂનની-કતલની દિલ્હીને કશી નવાઈ નથી જાણે! હજુ હમણાં જ મહાત્મા ગાંધીની નૃશંસ હત્યાનું કારમું દૃશ્ય પોતાની છાતી પર ભજવાતું દિલ્હીએ જોયું છે; જેના વડે ભારતને એની વરસો સુધી ગુમાવેલી સ્વતંત્રતા હાંસલ થઈ તે મહાત્માની હત્યાના સાક્ષી બનવાનું હીન ભાગ્ય દિલ્હીએ હજુ હમણાં જ અનુભવ્યું છે. દિલ્હીની ધરતીના હૈયામાં હજુ આજેય હજારો પરદેશી આક્રમણકારોના ઘોડાઓના ડાબલાઓના ભીષણ પડછંદાની સ્મૃતિ સંઘરાયેલી પડી છે. હજુ આજેય ખંડિયેરો, મહેલો અને મિનારાઓ અનેક કથાઓને પોતાનામાં સંઘરીને બેઠા છે; દિલ્હીની ધૂળના કણેકણમાં ભૂતકાળ ભંડારાયેલો છે; ભગવાન મહાકાળની અનેકવિધ લીલાઓની અસંખ્ય મુદ્રાઓ દિલ્હીના ચહેરા પર અંકાયેલી છે.

આમ, દિલ્હીની ગઈ કાલ જુદી જ હતી. એનો તોરદોર, એની હાકધામ અનોખી હતી. ગઈ કાલ સુધી દિલ્હી હાકેમોનું નિવાસસ્થાન હતું... ગઈ કાલ સુધી દિલ્હી 'દૂર' હતું! દિલ્હી પર ચઢવા માટે તો કોઈ શૂરા સેનાનીની અને જબરા લાવલશ્કરની જરૂર પડતી. ગઈ કાલના દિલ્હી પર એના હાકેમોના દોર-દમામની છાપ હતી; અબાધિત સત્તા અને અપરંપાર લક્ષ્મીના નૂરથી ગઈ કાલનું એ દિલ્હી ચમકતું હતું; કલાકારીગીરીવાળાં મહાલયો અને મકબરા, મિનારા ને મસ્જિદો ચણાવનારા સુલતાનોના નામથી ગઈ કાલનું દિલ્હી ઓળખાતું હતું; ગઈ કાલના દિલ્હીમાં ચણાવનાર હાકેમની બોલબાલા હતી. આવા દિલ્હીની આજ હવે જુદી છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. સમસ્ત હિંદ ઉપર સૈકાઓથી ક્યાંથી શાસન ચાલતું રહ્યું છે?
2. નગર દિલ્હીની તવારીખ કેવી છે?
3. કુરુક્ષેત્ર ક્યાં આવ્યું છે? ત્યાં કોની સામે યુદ્ધ થતાં હતાં?
4. કયું મેદાન દિલ્હીની નજીક આવેલું છે ? ત્યાં શું થતું હતુ?
5. સ્વદેશ-રક્ષણનો પ્રથમ મોરચો ક્યાં થતો?
6. કેવા બનાવો દિલ્હી નગરે જોયા છે?
7. કયા મહાત્માની નૃશંસ હત્યા દિલ્હીના કલેજે કારી ઘા કરનારી બની હતી?
8. દિલ્હીની ગઈ કાલ કેવી હતી?

**ખંડ : ૩**

'આઠમું દિલ્હી' કાવ્યમાં કવિ શ્રીધરાણીએ દિલ્હીની ભૂતકાલીન તવારીખની પૂર્વભૂમિકામાં આજના સ્વતંત્ર ભારતના પાટનગર દિલ્હીની છબી કુશળતાપૂર્વક ઉપસાવી છે.

દિલ્હીનો ભૂતકાળ સબળ અને સુદીર્ઘ છે; એ ભારેખમ ભૂતકાળનો બોજો ત્યાંના વાતાવરણમાં હંમેશાં વર્તાય છે. દિલ્હીની હવામાં ભૂતકાળ ઘૂમરાય છે; ગઈ કાલની સ્મૃતિઓનાં વંટોળ ત્યાં ફૂંકાયાં કરે છે; એ સમૃદ્ધ ભૂતકાળનું ખાતર ખાઈને એની આજ વધુ માતબર બની છે. હાડકાંના ખાતરથી જેમ પાક માતબર બને તેમ ગઈ કાલના માંધાતા એવા બાદશાહો, સુલતાનો અને હાકેમોના કબરમાં દટાયેલાં હાડકાંઓમાંથી જાણે કે આજના દિલ્હીનું આ રૂપ પ્રગટ્યું છે. ભૂતકાળના ખભા પર ચડીને જાણે કે ભવિષ્ય ડોકિયું કરી રહ્યું છે !

ભારતનું હૃદય એવું આ દિલ્હી ભારતની અસ્મિતાને પ્રગટાવે છે. સમસ્ત ભારત કેવું છે, એની આબાદી કે બરબાદી કેવી છે તે કોઈ પણ સમયે જાણવું હોય તો આખા ભારતને ખૂંદી વળવાની જરૂર નથી; તે સમયના દિલ્હી શહેરને જોવા-જાણવાથી, દેશની તત્કાલીન પરિસ્થિતિનો યથાર્થ ખ્યાલ આવી શકે તેમ છે. દિલ્હી જાણે કે સારાય ભારતને માપવાની પારાશીશી છે ! કવિ કાવ્યમય રીતે કહે છે કે દિલ્હી રૂપી કણમાં જ આખાય ભારતનું દર્શન થઈ શકે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. આજનું દિલ્હી કયા ખાતરથી સમૃદ્ધ બન્યું છે?
2. 'નીલ ગાલીચો ન્હાનો રણમાં!

   ભારત-દર્શન એક જ કણમાં!'

   - ઉપર્યુક્ત પંક્તિને યથાર્થ સમજાવો.
3. દિલ્હી એ ભારતનું હૃદય શા માટે ગણાય છે?
4. કવિ કાવ્યમય રીતે દિલ્હી વિશે શું કહે છે?

**ખંડ : ૪**

'આઠમું દિલ્હી' કાવ્યમાં કવિ કૃષ્ણલાલ શ્રીધરાણીએ દિલ્હીની ભુતકાલીન તવારીખની પશ્ચાદ્‌ભૂમાં આજના સ્વતંત્ર ભારતના પાટનગર દિલ્હીની જે છબી ઉપસાવી છે તે ખરેખર યથાર્થ છબી છે.

આજનું દિલ્હી સ્વતંત્ર ભારતનું પાટનગર છે, સ્વતંત્ર ભારતની લોકશાહી સરકારનું વડું મથક છે. કેન્દ્રસરકાર દિલ્હીથી દેશનું તંત્ર સંભાળે છે; આથી આજે મોટામોટા સત્તાધારીઓ દિલ્હીમાં જ વસે છે. જે કોઈને એક યા બીજા પ્રકારે સરકારની કૃપા પામવી હોય, ઇનામ-અકરામ જોઈતા હોય, પ્રતિષ્ઠા કે પદવી પ્રાપ્ત કરવી હોય તેવા સ્વાર્થસાધુઓની દોટ આજે દિલ્હી તરફ છે; દિલ્હીથી જ આજે તો સંપત્તિ અને સત્તાનો, ઇનામ-અકરામ અને ઇલકાબોનો ધોધ વહે છે. એ ધોધનો લાભ લેવાના લાલચુ માનવીઓના ધામા આજે દિલ્હીમાં હોય છે. ભલભલા કવિઓ અને કલાકારો પોતાને કશોક લાભ થાય, કોઈ એકાદ ઇનામ કે ઇલકાબ મળે તે માટે સત્તાસ્થાને બેઠોલાઓની ખુશામત કરતાં અચકાતાં નથી; સરકારી કૃપાની લાલચે આવી ભાટાઈ કરતા કવિઓ પર શ્રીધરાણીએ તીવ્ર કટાક્ષ કર્યો છે.

જેવું કવિઓનું તેવું જ આજના દિલ્હીમાં સાધુઓનું છે. પાટનગરમાં આવતાં જતાં અનેક વિદેશી

નરનારીઓને પ્રભાવિત કરી, પૈસા અને પ્રતિષ્ઠા રળી લેવાની લાલચે કેટલાય યોગીઓએ દિલ્હી અને એની આસપાસ 'યોગાશ્રમો' કાઢ્યા છે. કવિ એમની તરફ કટાક્ષ કરતાં કહે છે, આ યોગીઓ બિચારા જંગલ છોડીને દિલ્હી શહેરમાં યોગવિદ્યાની દુકાનો ખોલી બેઠા છે! પાટનગરી દિલ્હીમાં સોનાચાંદી, કાપડ, કરિયાણાં જેવી ચીજોનો તો વેપાર થાય જ ... પણ ધર્મ અને ઈશ્વર, યોગ અને આત્મસાધના જેવી આધ્યાત્મિક સૃષ્ટિનોય ત્યાં છેડેચોક વેપાર ચાલે છે!

સત્ય, સ્વમાન પ્રામાણિકતાને ભોગે રાજ્યકૃપા પામીને ખાટી જવાની જ વૃત્તિ આજે આપણે ત્યાં જોર પામવા માંડી છે. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આપણામાં સંપત્તિ અને પ્રતિષ્ઠાની જ ભૂખ વધી છે એની તરફ કવિ કટાક્ષનો કોરડો વીંઝે છે.

સમાપન તરફ આગળ વધતું કાવ્ય આપણા વર્તમાન રાજકીય જીવનની એક કડવી છતાં સાવ સાચી અને દુઃખદાયક વાત તીવ્રતાથી, આક્રોશપૂર્વક પ્રગટ કરે છે. કવિને ચિંતા છે આપણી ભાવિ પેઢીની. આપણા ભવિષ્યના નાગરિકોના હાથમાં જ્યારે આપણા આજના દિલ્હીના અવશેષો આવશે ત્યારે એ પેઢીઓ આપણા વિશે, આપણી જીવનરીતિ વિશે શું ધારશે એની એમને ચિંતા છે.

આજનું આપણું જીવન જ્યારે નષ્ટ થઈ નામશેષ બની ગયું હશે તેવા દૂરદૂરના ભવિષ્યમાં કોઈકવાર આપણા વર્તમાન જીવનના રહ્યાસહ્યા કાલગ્રસ્ત અવશેષો આપણી ભાવી પેઢીઓના હાથમાં કદીક આવશે. આજે મળી આવતા ભૂતકાળના અવશેષો પરથી જેમ આજે આપણે ભૂતકાલીન માનવોને મૂલવવા મથીએ છીએ તેમ ભવિષ્યની પેઢીઓ પણ આપણા આવા અવશેષો દ્વારા આપણને મૂલવવા મળશે. એ અવશેષોમાંથી સંપત્તિ, નાણું, ચંદ્રકો બધું મળશે, નહીં મળે માત્ર બે વસ્તુઓ - એક તો એ અવશેષોમાંથી કયાં તાજની છાપ - રાજાશાહીની કોઈક નિશાની નહીં હોય, બીજું નહીં મળે શુદ્ધિવિવેક. ભાવિ પેઢીઓ માનશે કે આપણી પાસે બધું હતું, ન હતો માત્ર સારાસારનો વિવેક!

અહીં 'વિવેક'નો અર્થ છે સારુંખોટું પારખાવની શક્તિ કે બુદ્ધિ! આજના દિલ્હીમાં બેઠોલી લોકશાહી સરકારમાં અને એની નીતિરીતિઓમાં બધું છે, પણ આ સારાસારબુદ્ધિ જણાતી નથી. આપણા શાસકો જાણે ખરા-ખોટા વચ્ચેનો ભેદ જ વીસરી ગયા છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

1. આજનું દિલ્હી સ્વતંત્ર ભારતનું શું છે? કોણ દિલ્હીથી દેશનું તંત્ર સંભાળે છે?
2. સ્વાર્થસાધુઓની દોટ દિલ્હી તરફ શા માટે છે?
3. આજના કવિઓ અને સાધુઓ તરફ કવિ કેવો કટાક્ષ કરે છે?
4. સોનાચાંદીની સાથે આજના દિલ્હીમાં, છડેચોક વેપાર શેનો થાય છે?
5. શેના ભાગે રાજ્યકૃપા મેળવવાની વૃત્તિ આપણે ત્યાં જોર પકડવા માંડી છે? એની તરફ કવિની કેવી નજર છે?
6. સમાપનમાં કવિ કઈ વાત આક્રોશપૂર્વક પ્રગટ કરે છે?
7. આજના આપણા અવશેષોમાંથી ભાવિ પેઢીને શુ પ્રાપ્ત થશે? શું નહી પ્રાપ્ત થાય?
8. 'વિવેક'નો શો અર્થ કાવ્યમાંથી પામીએ છીએ?

## 6.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જે તે વિધાનને અંતે આપેલ ખાતામાં ખરા વિધાન માટે (✓) અને ખોટાં વિધાન માટે (✗)ની નિશાની કરી જણાવો.

1. 'આઠમું દિલ્હી' કાવ્યના કવિ ઇન્દુલાલ ગાંધી છે. ☐
2. 'આઠમું દિલ્હી' કાવ્ય વિષયની દૃષ્ટિએ નવીન છે. ☐
3. 'આઠમું દિલ્હી' કાવ્યમાં કવિએ સ્વતંત્ર ભારતના પાટનગર દિલ્હીની ગઈ કાલ અને આજ કાવ્યમયરૂપે નિરૂપી છે. ☐
4. ગઈ કાલના દિલ્હીમાં ઇમારતો ચણનાર કારીગરોમાં બોલબાલા હતી, જ્યારે આજના દિલ્હીમાં ચણાવનાર હાકેમોની બોલબાલા છે. ☐
5. આજના દિલ્હીમાં કલાકારો અને કવિઓમાં ક્યાંય સરકારી કૃપા પામવાની લાલચ નથી. ☐
6. આજના દિલ્હીમાં સત્ય, સ્વમાન, પ્રામાણિકતાને ભોગે રાજ્યકૃપા પામવાની વૃત્તિએ જોર પકડ્યું છે. ☐
7. ભવિષ્યની પેઢીઓને આજના દિલ્હી પાસેથી બે વસ્તુઓ મળશે : (૧) તાજની છાપ અને (૨) શુદ્ધવિવેક. ☐
8. 'આઠમું દિલ્હી' કાવ્ય વિષય, ભાવ, ભાષા, રચના, શિલ્પ વગેરે દૃષ્ટિએ નવતર શૈલીનું કાવ્ય છે. ☐
9. 'આઠમું દિલ્હી' કાવ્ય આપણા રાષ્ટ્રીય જીવનમાં જે,'સારાસાર-વિવેકના સદંતર અભાવ છે તેની તરફ તીખો કટાક્ષ કરે છે. ☐

## 6.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

૧) પોતાનું શરીર સુંદર દેખાય, એની શોભા વધે એ માટે મનુષ્ય જેમ ઘરેણાં પહેરે છે તેમ કવિઓ પણ ભાષાને સુંદર બનાવવા, શણગારવા અલંકારને યોજે છે. અલંકારને કારણે સાદી સીધી વાત વધુ અસરકારક બને છે, ભાવાત્મક બને છે, ધારદાર થાય છે. જેમ કે, કવિ સુંદરમ્‌ની પંક્તિઓ-

**તને મેં ઝંખી છે**

**યુગોથી ધીખેલા પ્રખર સહરાની તરસથી.**

પ્રિયતમાની ઝંખનાને યુગોથી ધીખેલા પ્રખર સહરાના રણ સાથે સરખાવી ભાવની અસરકારકતાને વધારી છે. અલંકારના અનેક પ્રકારમાંથી કેટલાક નીચે પ્રમાણે છે :

**(ક) ઉત્પ્રેક્ષા અલંકાર:**

ઉત્પ્રેક્ષા અલંકારમાં ઉપમેય અને ઉપમાન સમાન હોવાની કલ્પના - સંભાવના કરવામાં આવે છે. આ સંભાવના 'જાણે' શબ્દથી કરવામાં આવે છે. જેમ કે, 'પ્રિયાનું **મુખ** તો જાણે **ચંદ્ર**'! અહીં ઉપમેય 'મુખ' અને ઉપમાન 'ચંદ્ર' સમાન હો એવી કલ્પના - સંભાવના 'જાણે' શબ્દથી કરવામાં આવી છે.

**(ખ) વ્યતિરેક અલંકારઃ**

વ્યતિરેક અલંકારમાં ઉપમેયને ઉપમાન કરતા ચડિયાતું, વધુ ગુણ ધરાવતું, બતાવાવમાં આવે છે. જેમ કે, 'પ્રિયાના **મુખ** પાસે **ચંદ્ર** પણ નિસ્તેજ છે!' આ ઉદાહરણમાં ઉપમેય 'મુખ'ને ઉપમા 'ચંદ્ર' કરતા ચડિયાતું બતાવવામાં આવ્યું છે.

**(ગ) અનન્વય અલંકારઃ**

જ્યારે ઉપમેયને બીજું કશું ઉપમાન આપવાને બદલે એ ઉપમેયને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવ્યું હોય ત્યારે અનન્વય અલંકાર બને છે. જેમકે, 'પ્રિયાનું મુખ એ તો પ્રિયાનું મુખ!' અહીં 'મુખ'ને માટે બીજું કોઈ ઉપમાન જડ્યું નથી એટલે ઉપમેય જ ઉપમાન બન્યું છે.

**(ઘ) વ્યાજસ્તુતિ અલંકારઃ**

વ્યાજ એટલે બહાનું. વ્યાજસ્તુતિ એટલે કોઈના બહાના હેઠળ સ્તુતિ કરવી તે. જ્યારે દેખીતી નિંદાના બહાના હેઠળ કોઈની પ્રશંસા થતી હોય અથવા તો દેખીતી પ્રશંસાના બહાના હેઠળ કોઈની નિંદા થતી હોય ત્યારે વ્યાજસ્તુતિ અલંકાર બને છે જેમ કે,

ચાતક, ચકવા ચતુર નર પ્રતિદિન ફરે ઉદાસ;

ખર, ઘૂવડ ને મૂર્ખ નર સુખે સૂએ નિજ વાસ.

અહીં પહેલી પંક્તિમાં ઉપરથી નિંદા પણ અંદરથી સ્તુતિ છે, જ્યારે બીજી પંક્તિમાં ઉપરથી સ્તુતિ પણ અંદરથી નિંદા છે.

**(ચ) શ્લેષ અલંકારઃ**

જ્યારે પંક્તિમાં એક શબ્દના એક કરતા વધુ અર્થ થાય અને એમાંથી ચમત્કૃતિ જન્મે ત્યારે એ શ્લેષ અલંકાર થાય છે. એવા શ્લેષવાળા શબ્દને લીધે આખા વાક્યના બે કે તેથી વધારે અર્થ થાય છે જેમ કે, 'એમનું હતું હૃદય કામ વિષ ડૂબેલું.' અહીં 'કામ' શબ્દના બે અર્થ થાય છે. (1) કાર્ય (2) વિષયવાસના. એટલે ઉપરની પંક્તિના બે અર્થ થાય છેઃ એનું હૃદય કાર્યમાં ડૂબેલું હતું અને એનું હૃદય વિષયવાસનામાં ડૂબેલું હતું.

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

નીચેનાં ઉદાહરણોમાંથી ઉત્પેક્ષા, વ્યતિરેક, અનન્વય, વ્યાજસ્તુતિ કે શ્લેષ અલંકારને ઓળખી બતાવો :

1. ધન્ય છે તમારી બહાદુરીને - ઉંદર જોઈને નાઠા.
   ......................અલંકાર
2. હોડી જાણે આરબ ઘોડી,
   ......................અલંકાર
3. કમળકળી થકી કોમળું રે બ્હેની! અંગ છે એનું.
   ......................અલંકાર
4. વેલ જાણે હેમની અવેવ ફૂલે ફૂલી.
   ......................અલંકાર
5. મા તે મા.
   ......................અલંકાર

6. વરસે ઘડીક વ્યોમવાદળી રે લોલ
માડીનો મેઘ બારે માસ રે.
......................અલંકાર

7. દિનરૂપે સુભગા બની રહે, ગ્રહી
કર પ્રભાકરના મનમાનીતા
......................અલંકાર

8. કાળુને તો રાજુની ગાળોય ગોળથી મીઠી હતી.
......................અલંકાર

9. અહો! દુર્યોધન! શી તમારા ન્યાયની બલિહારી!
પાંડવોને એક તસુ જમીન પણ ન મળે!
......................અલંકાર

10. સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર?
......................અલંકાર

## 6.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

'આઠમું દિલ્હી' કાવ્યનો સમગ્રલક્ષી અભ્યાસ કર્યા પછી એને આધારે હવે તમે નીચેના પ્રશ્નોના ઉત્તર સરળતાથી આપી શકશો :

1. 'આઠમું દિલ્હી' કાવ્યનો સમગ્રલક્ષી ધ્વનિ તમારા શબ્દોમાં વર્ણવો.
2. 'આઠમું દિલ્હી' કાવ્યમાં કવિએ ગઈ કાલના અને આજના દિલ્હી વચ્ચે જે તુલના કરી છે એને ટૂંકમાં વર્ણવો.
3. 'આઠમું દિલ્હી' કાવ્યના કવિની પાસેથી ભાવિ પેઢીને મળનારા વરસા અંગેની ચિંતા અને એનું ઔચિત્ય વર્ણવો.
4. 'આઠમું દિલ્હી' કાવ્યમાં કવિએ વર્તમાન રાજકારણ ઉપર કરેલા કટાક્ષને આલેખો.

## 6.9 લેખન પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

દિલ્હી નગરના ભૂતકાલીન અને વર્તમાન રાજકીય જીવન વિશે વિશેષ માહિતી એકત્ર કરી નોંધ લખો.

## 6.10 વિશેષ અધ્યયન

### 6.10.1 કવિ-પરિચય

પ્રસ્તુત કાવ્યના કવિ કૃષ્ણલાલ શ્રીધરાણી અર્વાચીન ગુજરાતી સાહિત્યના ગાંધીયુગીન કવિ છે. ભાવનગર પાસેના ઉમરાળા ગામમાં ઈ.સ. 1991માં જન્મેલા આ કવિની કવિતામાં સાચી કવિતાનો રણકો છે. એક સર્જક તરીકે તમેણે કવિતા, નાટક, વાર્તા તેમ જ અનુવાદ ઉપરાંત અંગ્રેજીમાં પણ સાહિત્યલેખન કરેલું છે. તેમની પાસેથી 'કોડિયાં' અને 'પુનરપિ' જેવાં કાવ્યસંગ્રહ, 'વડલો', 'મોરનાં ઈંડાં', 'પિયો ગોરી' જેવાં નાટકો મળેલ છે. આ ઉપરાંત એમણે 'ઇન્સાન મિટા દૂંગા' નામની એક લાંબી વાર્તા પણ લખી છે. શ્રીધરાણીની કવિતા

સુંદરમ્ - ઉમાશંકરના સમયગાળાની, સત્ત્વશીલ અને પ્રયોગસભર કવિતા છે. રાષ્ટ્રપિતા ગાંધીજીની અસર હેઠળ સ્વાતંત્ર્યપ્રાપ્તિનાં કાવ્યો તેમણે લખ્યાં છે. 'આસું', 'કવિ', મંદિર', 'કોડિયાં', 'શ્રેણી', 'રોહિણી', 'અવલોકિતેશ્વર', 'આ જ મારો અપરાધ છે રાજા', 'ભરતી', 'મોહનપગલાં' 'સ્વરાજરક્ષક', 'પાપી', સર્જકશ્રેષ્ઠ આંગળાં વગેરે ગુજરાતી કાવ્યસાહિત્યની મૂલ્યવાન સંપત્તિ છે. શ્રીધરાણી ઉપર રવીન્દ્રનાથ ટાગોરની પણ ઘેરી અસર છે. એમના નાટકોમાં 'વડલો' વિશિષ્ટ પ્રકારની નાટ્યશૈલીવાળું નાટક છે. 'પીળાં પલાશ' અને 'સોનપરી' તેમનાં બાળનાટકો છે. 'પિયો ગોરી'માં દસ એકાંકીઓ સંગ્રહાયાં છે. જેમાં એમની પ્રયોગશીલતા જોવા મળે છે.

### 6.10.2 સ્વરૂપ-પરિચય

તમે જે કૃતિનું અધ્યયન કર્યું તેનું સાહિત્યસ્વરૂપ ખંડકાવ્યનું છે. ખંડકાવ્યમાં માનવજીવનની એકાદ મહત્ત્વપૂર્ણ ઘટનાનું નિરૂપણ કરવામાં આવે છે. ડૉ. મંજુલાલ મજમુદાર તેની સ્વરૂપલક્ષી ઓળખાણ આપતાં કહે છે, 'એક જ લોકોત્તર પ્રસંગને નજર આગળ રાખીને તે પ્રસંગનું ભાવપૂર્ણ લાગણીથી ઓતપ્રોત એવું રસમય વર્ણન - તેને કદાચ ખંડકાવ્ય કહીને ઓળખી શકાય'. ખંડકાવ્યમાં નિરૂપાતો પ્રસંગ ઇતિહાસ પ્રસિદ્ધ હોય, મહાવ્યમાંથી લીધેલો હોય કે કાલ્પનિક હોય.ખંડકાવ્યની રચના કોઈ એક પ્રસંગને અનુલક્ષીને થાય છે, અને તે પ્રસંગ પસંદગી પર ખંડકાવ્યની સફળતાનો મુખ્ય આધાર છે. વસ્તુ શેમાંથી લીધું છે તે મહત્ત્વનું નથી, પરંતુ તેમાંથી રહસ્ય તારવી શકાય એવું હોય એ જરૂરી છે. ખંડકાવ્યનું વસ્તુ લાંબુ હોય કે ટૂંકું પરંતું તેમાં સ્પષ્ટ આદિ, મધ્ય અને અંત તારવી શકાય એવી આંતરિક સમગ્રતા હોવી જોઈએ. વૃત્તાંતમાં અમુકઅમુક અંતરે ભાવ કે રસનિષ્પત્તિ થતી રહેવી જોઈએ. લાગણીની પ્રબળતા કે ઉદાતત્તા એ ખંડકાવ્યનું બીજુ લક્ષણ છે. સામાન્ય હળવા પ્રસંગોને ખંડકાવ્યમાં સ્થાન નથી. નાટકમાં જેમ સંઘર્ષ મહત્ત્વનો છે તેમ ખંડકાવ્યમાં પણ સંઘર્ષ મહત્ત્વનો છે. આ સંઘર્ષ કેટલીકવાર એક જ પાત્રમાં રહેલી બે વિરોધી વૃત્તિઓ વચ્ચે પણ થાય છે. ખંડકાવ્યમાં પલટાતી પરિસ્થિતિ અને પ્રસંગ પ્રમાણે વિવિધ ઊર્મિઓ વ્યક્ત થાય છે અને એની સાથે છંદોવૈવિધ્ય પણ સંકળાય છે. આધુનિક ખંડકાવ્યના કવિમાં ભાવલેખન કરતા બુદ્ધિજન્ય આકૃતિ રચવામાં વધુ ધ્યાન કેન્દ્રિત હોય છે. આથી જ પહેલાંનાં ખંડકાવ્ય અને આધુનિક ખંડકાવ્ય વચ્ચે કંઈક ફેર પડ્યો જણાય છે. પહેલાંનું ખંડકાવ્ય વાચકના ચિત્ત પર ઊંડી ભાવાત્મક અસર મૂકી જતું હતું જ્યારે આધુનિક ખંડકાવ્ય એક નવો જ વિચાર આપણા મનચક્ષુ સમક્ષ ખડો કરી જાય છે. 'આઠમું દિલ્હી' આવું જ આધુનિક વિચાર વ્યક્ત કરતું ખંડકાવ્ય છે.

### 6.10.3 વિશેષ-વાચન

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્યનો ઉદ્ભવ અને વિકાસ કેવી રીતે થયો છે, તેમાં મહત્ત્વનું પ્રદાન કરનાર કયાકયા કવિઓ છે તે વિશે વિગતે જાણો. ખંડકાવ્યનું સાહિત્યસ્વરૂપ કાન્તના હાથે જન્મ્યું અને એમના હાથે સોળે કળાએ વિકસ્યું. કાન્તના હાથે બહિરંગ તેમ જ અંતરંગ ઉભય રીતં ખંડકાવ્યનું સ્વરૂપ કલાત્મક બન્યું. કાન્તનાં ખંડકાવ્યો જોઈ નરસિંહરાવે ખંડકાવ્ય રચવા પ્રયત્ન કર્યો. કવિ કલાપીએ 'ગ્રામમાતા', 'સારસી', 'વીણાનો મૃગ', 'બિલ્વમંગળ' વગેરે ખંડકાવ્યો આપ્યાં. ગાંધીયુગમાં રા.વિ. પાઠકે 'તુકરામનું સ્વર્ગારોહણ', ઝવેરચંદ મેઘાણીએ 'અભિસાર', કૃષ્ણલાલ શ્રીધરાણીએ 'સ્વરાજરક્ષક', સુંદરમે 'ધૂમકેતુ', 'મહાત્ર્યંબક', ઉમાશંકર જોશીએ 'વિશ્વશાંતિ', 'બાણ ભટ્ટ' પૂજાલાલે 'રાજર્ષિ શિવાજી', મનસુખલાલ ઝવેરીએ 'અશ્વત્થામા', સુંદરજી બેટાઈએ 'સુલોચનાનું લોચનદાન', હરિચંદ્ર

ભટ્ટે 'પરાજય', ગણપત ભાવસારે 'દશરથનો અંતકાળ', પ્રહ્લાદ પારેખે 'છેલ્લી પૂજા', પ્રજારામ રાવળે 'વિશ્વામિત્ર', રાજેન્દ્ર શાહે 'મારું' જેવાં ખંડકાવ્યો આપ્યાં છે એનો અભ્યાસ કરો અને તે દ્વારા ગુજરાતી ખંડકાવ્યમાં વસ્તુ અને રસનું કેવુ વૈવિધ્ય છે એનો આસ્વાદ માણો.

**• ટિપ્પણ**

**મગદૂર નથી દિલ્હી ચઢવાને** - દિલ્હી ઉપર ચડાઈ કરવાની કોઈની હિંમત નથી; **કર** (પુ.) વેરો, જકાત, મહેસૂલ; **વીંચે આંખ ક્ષમાની** - ક્ષમા કરી દે; **એક'દા**-એક દિવસ; **નૂર**- (ન.) તેજ, પ્રકાશ, શક્તિ; **મશહૂર** (ન.) પ્રખ્યાત, જાણીતું; **વૃંદ વાંસળી વાગી** - લોકસમુહનો અવાજ ઊઠ્યો, લોકશાહીનો ઉદય થયો; **સુધીર** (વિ.) ખૂબ ધીર; **સંગેમરમર** (પુ.) ચકમકની છાંટવાળો આરસ પહાણ; **સ્પંદ** (ન.) સ્ફૂરણ; **પાણીમાંથી છંદ** - પથ્થરમાંથી કવિતા; **ફાટ્યું ત્યાં ગુંબજ શિવ, છટક્યો ઈંડામાંથી જીવ** - બ્રહ્માંડ રૂપી ઈંડામાંથી ચૈતન્ય પ્રગટ્યું; **અદકું** (વિ.) અધિક, વધારે; **સલ્તનત** (સ્ત્રી.) રાજ્ય, પાદશાહત; **લૂ ધક્કેલ્યાં** - લૂમાં ધકેલાયેલાં; **મસ્તકહીન મિનાર** - જર્જરિત થઈ ગયેલાં બાંધકામ, ખંડેરો; **મ્હેલાતો** (સ્ત્રી.) આલીશાન મકાનો; **વિદારવાના યત્ન** - તોડવાના પ્રયત્ન; **યવન** (પુ.) યુનાન દેશના રહેવાસી; **સ્વર્ણ** (ન.) સોનું; **ડુંગરનાં ધણ** - ડુંગરની ટેકરીઓ; **લોહીનાં પુષ્કર** - લોહીનાં તળાવ; **ખુવાર** (વિ.) પાયમાલ; **ઘોડાપૂર** (ન.) ઘોડાની જેમ ધસી આવતું મોટું પૂર; **સર્વવ્યાપ્ત** - (વિ.) સર્વત્ર વ્યાપી રહેલું; **કવિને કરતી ભાટ** - કવિને બનાવે છે ખુશામતખોર; **યોગી માંડે હાટ** - યોગી યોગવિદ્યાની દુકાન માંડે છે; **ભવિષ્યની કોદાળી** - ભવિષ્યના અવશેષ; **ચરુ** - (પુ.) દેગડો; **ટંકાર** - (પુ.) ધનુષ્યની પણછનો અવાજ; **તાજની છાપ** - રાજની છાપવાળી મહોરો; **ઊભરી** (ક્રિ.) છલકાવું; **મદિરા** (સ્ત્રી.) દારૂ; **ઉથલાવ્યું** - (અ.ક્રિ.) ગબડાવ્યું; **સચ્ચે** (ન.) સત્યે; **ધૂણતા** (અ.ક્રિ.) વારંવાર ઉચ્ચારતા; **ગઈ કાલ તણી ધૂળ ઊડે** - ભૂતકાળ ઉખેડાય; **ખાત હાડનું ખાઈ ખડ શક્તિ પામે** - હાડકાના ખાતરમાંથી પોષણ પામે; **નીલ** (વિ.) આસમાની; **ભૂત ખભા પર ચડી ભાવિ ડાકિયાં કરતું** - ભૂતકાળના ખભા પર ચડીને ભવિષ્યનો અણસાર મળે; **નવ** (વિ.) નવી; **એક ચરુનો નકી થશે ટંકાર** - એક ચરુમાંથી ચોક્કસપણે નીકળશે.

**તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

1. (✗); 2. (✓); 3. (✓); 4. (✗); 5. (✗);
6. (✓); 7. (✗); 8. (✓); 9. (✓)

**તમારી પ્રગતિ ચકાસો (છ)**

| | | | | |
|---|---|---|---|---|
| 1. વ્યાજસ્તુતિ | 2. ઉત્પ્રેક્ષા | 3. વ્યતિરેક | 4. ઉત્પ્રેક્ષા | 5. અનન્વય |
| 6. વ્યતિરેક | 7. શ્લેષ | 8. વ્યાજસ્તુતિ | 9. વ્યાજસ્તુતિ | 10. વ્યાજસ્તુતિ |

**એકમ ૭**

# આપની યાદી

**- કલાપી**

રૂપરેખા


7.1 ઉદ્દેશો

7.2 પ્રસ્તાવના

7.3 કૃતિ (કવિતા)

7.4 કૃતિનો સારાંશ

7.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ : 1

ખંડ : 2

ખંડ : 3

7.6 વસ્તુલક્ષી કસોટી

7.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

7.8 પુનરવલોકન

7.9 લેખન-પ્રવૃત્તિ

7.10 વિશેષ અધ્યયન

7.10.1 કવિ-પરિચય

7.10.2 સ્વરૂપ-પરિચય

7.10.3 વિશેષ વાચન

- ટિપ્પણી


## 7.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે

- ગુજરાતી કાવ્યસાહિત્યની એક અનવદ્ય કૃતિનો આસ્વાદ મેળવશો.
- પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાની ખુમારી શી છે એનો ખ્યાલ મેળવશો.
- ઈશ્કે-મિઝાઝી (માનુષી-પ્રણય) અને ઈશ્કે-હકીકી (પ્રભુ-પ્રણય)નો પરિચય પ્રાપ્ત કરશો.
- ગઝલના સાહિત્યસ્વરૂપનો ખ્યાલ મેળવશો.

## 7.2 પ્રસ્તાવના

આ પૂર્વે તમે મધ્યકાલીન કવિઓની મુખ્યત્વે પ્રેમ, ભક્તિ અને જ્ઞાનની કવિતાનો પરિચય મેળવ્યો છે. આ અને આવા ભાવોને અર્વાચીન કવિઓ કેવી રીતે કાવ્યમાં અભિવ્યક્ત કરે છે એ આપણે હવે જોઈશું. ગઝલનું સ્વરૂપ આપણે ત્યાં અરબી-ફારસીમાંથી આવ્યું છે. આ સ્વરૂપમાં ઢળાયેલી કવિતાનો એક આગવો મિજાજ હોય છે. કલાપીની આ ગઝલ આ પ્રકારની પ્રતિનિધિ - રચના છે.

જગતની પ્રત્યેક મહાન કૃતિ ભાવકોને વ્યક્તિગત લાગણીઓના અનુભવમાંથી સમષ્ટિગત અનુભવના બૃહદ્ પરિમાણમાં લઈ જવા સક્ષમ હોય છે. ઉત્તમ કવિતાનો આ જ તો ચમત્કાર છે. આપણે જોઈશું કે ‘આપની યાદી’ પણ આવી સક્ષમ સુંદર રચના છે, ગુજરાતી ગઝલ-સાહિત્યનું નાજુક નમણું નજરાણું છે.

## 7.3 કૃતિ

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીંયે આંખથી યાદી ઝરે આપની ! ૧
માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન, જ્યાં જ્યાં ગુલો, ત્યાં ત્યાં નિશાની આપની ! ૨
જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર;
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની ! ૩
તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની ! ૪
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની ! ૫
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની ! ૬
દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની ! ૭
થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાંયે આશના:
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની ! ૮
જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની ! ૯
પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર:
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની ! ૧૦
રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની ! ૧૧
જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું;
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની ! ૧૨
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી:
જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની ! ૧૩
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની ! ૧૪

- **કલાપી** ('કલાપીનો કેકારવ'માંથી)

## 7.4 કૃતિનો સારાંશ

કલાપીની આ સુપ્રસિદ્ધ રચના છે. કલાપીની 'ઈશ્કે હકીકી'નો ભાવ આ રચનાને સહજ રીતે અનોખું સ્થાન અપાવે છે. આ ગઝલમાં ઈશ્વરની સર્વવ્યાપકતા વિશ્વના પ્રત્યેક પદાર્થમાં ને મનુષ્યના પ્રત્યેક વ્યવહારમાં બતાવાઈ છે, પ્રત્યક્ષ કરાવાઈ છે. આવું પ્રત્યક્ષીકરણ એ આ રચનાનું મહત્ત્વનું કાવ્યલક્ષણ ને એનો મોટો કાવ્યગુણ છે. કાવ્યની કેટલીક પંક્તિઓ

(દા.ત. જાઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર;
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !)

કવિના પરમતત્ત્વના પ્રત્યક્ષ દર્શનના ઉદ્ગાર સમી લાગે છે. આ અનવદ્ય રચનામાં માત્ર 'યાદી'ના સ્થળપ્રસંગોની સૂચિ જ નથી, કવિના સાંસારિક અનુભવોમાં ગૂંથાઈને આશ્વાસનરૂપ બની રહેલી યાદીનું સસંદર્ભ તાદૃશ વર્ણન પણ છે. એટલે તો કવિ કાવ્યમાં પરમ શ્રદ્ધા સાથે કહે છે કે કિસ્મત જે ભૂલો કરાવે તે બધી ભૂલો હું કરીશ કેમ કે આખરે ઈશ્વરની એકમાત્ર યાદી જ રહેવાની છે.

## 7.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

હવે કાવ્યનો આપણે વિસ્તારથી અભ્યાસ કરીએ. આપણી સરળતા ખાતર આપણે 14 શેરની આ રચનાને ત્રણ વિભાગમાં વહેંચીશું. 1થી 4 શેર સુધી પહેલો ખંડ, 5થી 9 શેર સુધી બીજો ખંડ અને 10થી 14 શેર સુધીનો કાવ્યનો બાકીનો ભાગ તે ત્રીજો ખંડ. હવે ખંડવાર ચર્ચા કરીએ.

**ખંડ : 1**

ગઝલના પ્રથમ શેરમાં કવિ પોતાના સ્વજન કે ઈષ્ટદેવ કે પરમતત્ત્વને ઉદ્દેશી કહે છે કે મારી નજર જ્યાં જ્યાં ઠરે છે ત્યાં ત્યાં આપની યાદી ભરી છે. અહીં 'ઠરે' શબ્દ નોંધપાત્ર છે. માણસની નજર ફરે છે તો ચારે કોર પણ ઠરે છે મનપસંદ પદાર્થો પર. આવા મનપસંદ પદાર્થો પ્રિયતમ કે પ્રિયતમાની યાદ અપાવે એમાં આશ્ચર્ય શું?

માનવજીવનમાં સુખ સાથે દુઃખ, ખુશી સાથે ગમ જોડાયેલાં જ છે. દુઃખની અભિવ્યક્તિ મનુષ્ય આંસુ દ્વારા કરે છે. ક્વચિત્ ખુશીનાં આંસુ પણ આવે છે. પરંતુ આંસુનો સંબંધ છે માનવની તીવ્રતમ લાગણી સાથે, મુખ્યત્વે દુઃખની, વ્યથાની, વિષાદની.

માણસો સુખમાં પ્રિયપાત્રને કે પરમેશ્વરને યાદ કરે, ક્યારેક વીસરી પણ શકે, પરંતુ દુઃખમાં તો તે તેમને અચૂક યાદ કરવાના. આપણે ત્યાં કહેવત પણ છે ને : 'સુખમાં સાંભરે સોની, દુઃખમાં સાંભરે રામ'. કવિ પણ બીજી પંક્તિમાં કહે છે કે, આંખથી વહેતાં આંસુમાંયે આપની યાદી ઝરે છે.

ગઝલના બીજા શેરમાં કવિ પ્રિય પાત્ર કે પરમેશ્વરને કહે છે કે આપ મને પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાઓ કે ન થાઓ પણ આપની નિશાની તો મને અવશ્ય જોવા મળે છે. ક્યાં ક્યાં એ નિશાનીઓ મળે છે? પહેલાં તો તે કવિને જોવા મળે છે માશૂકોના ગાલની લાલીમાં રહેલી લાલીમાં. પછી જ્યાં જ્યાં બાગબગીચા છે ત્યાં અને જ્યાં જ્યાં પુષ્પો છે ત્યાં ત્યાં પણ પ્રભુની નિશાની કવિ નિહાળે છે. ટૂંકમાં કવિએ જગતમાં જ્યાં જ્યાં સૌંદર્ય વિલસી રહ્યું છે ત્યાં ત્યાં પરમેશ્વરને નિહાળ્યા છે. ઈશ્વરની ઓળખ કરાવતાં કોઈએ કહ્યું છે કે Beauty is God - એ અહીં યાદ આવે છે. માશૂકોના ગાલની લાલીમાં રહેલી લાલી એટલે બાહ્ય સૌંદર્યની પડછે રહેલું ભીતરી સૌંદર્ય.

ત્રીજા શેરમાં કવિ એક ગતિશીલ કલ્પન આપે છે. દરિયાની મીઠી લહેરો અહીંતહીં આવતી કવિ જૂએ છે. દરિયાની લહેરોને તો કોઈ પણ વ્યક્તિ નિહાળી શકે. કવિ તો કશુંક વિશેષ પણ જોતો હોય છે પોતાના કલ્પનાનેત્રથી. એ દરિયાની લહેરો પર કવિ પોતાના અપ્રતિમ પ્રિયતમની

નાજુક સવારી નીરખે છે. લહર માટેનું 'મીઠી' અને સવારી માટેનું 'નાજુક' વિશેષણ સૂચક છે.

પ્રથમ બે શેરમાં માનષુી પ્રણયની ઝાંખી કરાવતી આ ગઝલ ત્રીજા શેરથી આધ્યાત્મિક પરિણામ ધારણ કરે છે, પરમેશ્વરને વ્યંજિત કરે છે. ચોથા શેરમાં આ પરિણામ વિશેષ સ્ફુટ થાય છે. દિવસે દરિયાની લહેરો પર પ્રિયતમની નાજુક સવારી નીરખનાર કવિ રાત્રે આકાશમાં ઝૂમી રહેલાં તારાનાં ઝૂમખાંમાં પરમેશ્વરની 'ગેબી કચેરી'નાં દર્શન કરે છે. પરમેશ્વર પોતે જ અગમ્ય છે, પાર પામી ન શકાય તેવો છે, ત્યારે તેની કચેરી રહસ્યમય હોય એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

આપણી વિરાટ પૃથ્વી કરતાં સૂર્ય તો અને ગણો મોટો છે એ આપણે જાણીએ છીએ. રાત્રે આકાશમાં નરી આંખે દેખાતા અગણિત તારાઓ સૂર્ય જેવડા કે તેથીયે મોટા છે. આપણને દ્રાક્ષનાં ઝૂમખાં જેવાં જે તારાઓનાં ઝૂમખાં દેખાય છે તેનો વ્યાપ-વિસ્તાર અનહદ છે, અપાર છે. પૃથ્વી પરના ખોબા જેવડા લાઠી રાજ્યનો નરેશ વિશ્વનિયંતા પરમેશ્વરનો મહારાજા તરીકે વિચાર કરે અને એની અકલ્પ્ય કચેરી -દરબાર - એને 'ગેબી' લાગે એ પણ સહજ છે. આ નોંધ વાંચ્યા પછી પહેલો ખંડ ફરી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. કવિ જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં તેમને કોની યાદ આવે છે?

   ..................................................................

   ..................................................................

2. 'આંસુ મહીંયે' શબ્દો દ્વારા કવિ શું સૂચવવા માગે છે?

   ..................................................................

   ..................................................................

3. 'માશૂકોના ગાલની લાલી મહીં લાલી' દ્વારા કવિને શું અભિપ્રેત હશે?

   ..................................................................

   ..................................................................

4. ઉદ્યાનો અને પુષ્પોમાં કવિને કોની નિશાની જોવા મળે છે? કેવી રીતે?

   ..................................................................

   ..................................................................

5. દરિયાની લહરને કવિ 'મીઠી' શા માટે કહે છે?

   ..................................................................

   ..................................................................

6. દરિયાની લહર પર ચાલતી સવારીને કવિ 'નાજૂક' કેમ કહે છે?

   ..................................................................

   ..................................................................

7. 'ગેબી કચેરી' દ્વારા કવિ શું કહેવા માગે છે?

   ..................................................................

   ..................................................................

**ખંડ : 2**

પ્રથમ ચાર શેરમાં પોતાની આસપાસ, ચારે કોર, ઉપરનીચે દૃષ્ટિપાત કર્યા પછી કવિ પાંચમા શેરમાં પોતાની સામે જુએ છે. બાગ-બગીચા, પુષ્પો, તારા, દરિયો વગેરે જેમ પરમાત્માનું સર્જન છે તેમ મનુષ્ય પણ પરમેશ્વરનું જ બેનમૂન સર્જન છે.

કવિ જ્યારે પોતાની સામે દૃષ્ટિપાત કરે છે ત્યારે પહેલાં તો તેમને પોતાનું શરીર દેખાય છે. માનવશરીર પણ એક અજાયબી જ છે. શરીરને જીવંત રાખવામાં રુધિરાભિસરણનો ફાળો મહત્ત્વનો છે. શરીરના એકેએક અંગ સુધી રક્તનો પ્રવાહ સતત પ્રવહમાન રહે છે. એટલે જ કવિ શરીરને માટે 'ખૂનનો ચરખો' એવું રૂપક પ્રયોજે છે.

શરીરના હલનચલન માટે, જીવંત રહેવા માટે રૂધિરાભિસરણનો જેવો ફાળો છે તેવો જ મહત્ત્વનો ફાળો શ્વાસોચ્છ્‌વાસની પ્રક્રિયાનો છે. પાંચમા શેરની બીજી પંક્તિમાં કવિ એ પ્રક્રિયાની કાવ્યાત્મક રજૂઆત કરે છે. શ્વાસોચ્છ્‌વાસ માટે 'ઝીણી સિતારી'ની કલ્પના કરવામાં કવિની સર્ગશક્તિનો ચમત્કાર અનુભવાય છે.

પોતાના શરીરનો વિચાર કરતાં જ કવિ પોતાના દુશ્મનોને સ્મરે છે. પ્રિય પાત્રો, પદાર્થોને સ્મર્યા પછી કવિ શત્રુઓને સ્મરે એ સ્વાભાવિક છે. નાનકડા રાજ્યના રાજા કલાપી શત્રુઓથી ઘેરાયેલા હતા જ. રાજાઓની દુશ્મનાવટ તીર-ભાલા-ખંજરોથી વ્યક્ત થતી હતી. તેથી કવિ છઠ્ઠા શેરના પૂર્વાર્ધમાં આકાશથી ખંજરો વર્ષાવતા દુશ્મનોનો ઉલ્લેખ કરે છે. પરંતુ જેને પરમેશ્વરમાં શ્રદ્ધા છે એ દુનિયાના દુશ્મનોથી ડરતો નથી. ઈશ્વરની યાદ તેને માટે ઢાલનું કામ કરે છે, દુન્યવી આફતોથી રક્ષણ કરે છે.

બાહ્ય દુશ્મનો સામે લડવું એટલું દુષ્કર નથી જેટલું આંતરિક ષડ્‌રિપુઓ સામે લડવું કપરું છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જેવા શત્રુઓ ભલભલા મહારથીઓને પણ પરાસ્ત કરે છે. આ શત્રુઓ જ મનુષ્યને બૂરાઈના માર્ગે, પાપના રસ્તે દોરી જતા હોય છે. પોતાની ભીતર જે બૂરાઈ છે એનાથી કવિ ડરતા નથી કેમ કે તેમને પરમેશ્વરની પાવન પવિત્ર કૃપામાં શ્રદ્ધા છે. પરમાત્માની કરૂણારૂપી ગંગા મનુષ્યની સર્વ બૂરાઈઓને ધોવા સમર્થ છે.

બાહ્ય અને આંતરિક રિપુઓ મનુષ્યને પરેશાન કરે છે અને એના પર સિતમ પણ ગુજારે છે. માણસ જ્યારે સિતમનો શિકાર બને ત્યારે પોતાને આશ્વાસન આપનાર હમદર્દની આશ લગાવે છે. કોઈ સુહૃદ, મિત્ર મળી જાય ત્યારે માણસ સિતમ પણ સહી લે છે, પરંતુ જ્યારે કોઈ આશ્વાસન આપનાર, હૈયાધારણ આપનાર સ્નેહી સાંપડતો નથી ત્યારે માણસ ટકી રહે છે દૈવી કૃપાથી. દુન્યવી મનુષ્ય દુઃખ, દર્દ, સિતમ ભૂલવા શરાબનો આશરો લે છે; કવિ પણ જ્યારે કોઈ યાર સાંપડે છે ત્યારે કવિનું દિલ આભારથી ઝૂકી જાય છે અને એમાં એમને પ્રભુની કૃપાનો અનુભવ થાય છે.

ઉપર્યુક્ત નોંધ વાંચી ખંડ-૨ ફરી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. કવિએ 'ખૂનનો ચરખો' કોને કહ્યો છે? બંને વચ્ચે શું સામ્ય છે?

.................................................................

.................................................................

2. 'ઝીણી સિતારી' દ્વારા કવીને શું અભિપ્રેત છે?

.................................................................

.................................................................

.................................................................

4. કવિ બૂરાઈથી ડરતા કેમ નથી? પાપની ફિકર કેમ કરતા નથી?

.................................................................

.................................................................

.................................................................

5. સિતમથી થાકેલા કવિ કોને શરણે જાય છે?

.................................................................

.................................................................

.................................................................

6. કવિ પ્રભુની કૃપાનો ક્યાં અને કેવી રીતે અનુભવ કરે છે?

.................................................................

.................................................................

.................................................................

**ખંડ : 3**

ગઝલના અંતિમ ખંડમાં કવિ માનવ-સંબંધોની સંકુલતા અને ક્ષણભંગુરતા પ્રગટ કરે છે. દુન્યવી પ્રેમસંબંધો ક્ષણિક હોય છે. અલ્પકાલીન હોય છે; ખૂબ લાંબો સમય ટકે તોપણ મૃત્યુ તેનો અંત લાવે છે. છેલ્લી સફર આદરનારે મને-કમને પ્રિયપાત્રને તો ત્યજવું જ પડે છે. સાથેસાથે પ્યાર પણ ત્યજવો પડે છે મનુષ્ય માત્રમાં આખરે તો પરમતત્ત્વ જ વિલસી રહ્યું છે. પ્રિય પાત્રની ચિરવિદાયથી જે વ્યથા થાય છે તે વાસ્તવમાં તો પરમેશ્વરની જુદાઈને કારણે જ થતી હોય છે.

પ્રિયપાત્રોની વિદાય પછી પ્રેમપથમાં એકલો રહેલો કવિ રડતાં સંકોચ અનુભવતો નથી. વિરહ-વ્યથા તો પ્રત્યેક પ્રણયીના નસીબમાં લખાયેલ હોય છે. એ તો આશકોના રાહની રાહદારી છે, કર છે. આ અનુભવમાંથી પસાર થયેલ કવયિત્રી મીરાંબાઈએ કહ્યું જ છે :

"જો મૈં એસા જાનતી પ્રીત કિયે દુઃખ હોય,
નગર ઢિંઢોરા પીટતી પ્રીત ન કરિયો કોય."

પ્રેમ માનુષી હોય કે પ્રભુ પ્રત્યેનો, વિરહવ્યથાના અનુભવમાંથી તો પસાર થવું જ પડે છે. કવિ પોતાના ભૂતકાળ અને વર્તમાનને જોઈને, સારાનરસા અનુભવોને યાદ કરીને સુખદુઃખ અનુભવે છે. કવિ કહે છે કે ભૂતકાળ જૂનો થયો અને વર્તમાન નવો છે, પણ પરમેશ્વરની યાદી ક્યારેય જૂની થતી નથી, તે તો હંમેશાં તાજી રહે છે. પરિવર્તનશીલ વિશ્વમાં જો કશું અપરિવર્તનશીલ, શાશ્વત હોય તો તે પરમતત્ત્વ છે. 'મિથ્યા' જગતમાં બ્રહ્મ જ એ માત્ર સત્ય છે.

પુસ્તકોમાં જ્ઞાન સંગ્રહાયેલું છે. લાખો પુસ્તકો વાંચીને આખરે મનુષ્યને જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તેનો સાર શો છે? મહાન જ્ઞાની, પ્રખર તત્ત્વજ્ઞ આદ્ય શંકરાચાર્ય તેમના પ્રસિદ્ધ શ્લોકમાં કહે છેઃ

श्लोकार्धन प्रवक्ष्यामि यदुक्तं ग्रंथकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ॥

આવી ઉચ્ચતમ અદ્વૈતાનુભૂતિ થયા પછી વ્યક્તિમાં જે ખુમારી આવે છે. એ ખુમારી કવિએ ગઝલના અંતિમ બે શેરમાં પ્રગટ કરી છે. રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ જેવા સિદ્ધ પુરુષોએ બહુ પુસ્તકો વાંચ્યાં ન હતાં પણ વિશ્વનું ઉચ્ચતમ, ગહનતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું કેવી રીતે? પરમેશ્વરને સતત સ્મરીને, પ્રભુની યાદને અંતરમાં અખંડ રાખીને. એટલે કવિ કહે છે કે જો

પરમેશ્વરની યાદી મનુષ્ય સતત જાળવી રાખે તો પછી લાખો પુસ્તકો એકસામટાં ભૂલી જવાય તોપણ કશો વાંધો નથી.

'ભગવદ્‌ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે દુરાચારી દુષ્ટ વ્યક્તિ પણ જો પરમેશ્વરનું સ્મરણ કરે તો તે ધર્માત્મા બની જાય છે. મહર્ષિ વાલ્મીકિ એનું જ્વલંત દૃષ્ટાંત છે. ભગવાનના આ વચનમાં પૂર્ણ શ્રદ્ધા હોવાથી જ ગઝલના અંતિમ શેરમાં કવિ કહે છે કે નસીબ જે ભૂલો કરાવશે એ બધી હું કરી નાંખીશ  કેમ કે આખરે તો ઈશ્વરની યાદી તારનાર છે જ.

આ કાવ્ય વિશે નિરંજન ભગત લખે છે : 'સર્વવ્યાપી અને સર્વશક્તિમાન પરમેશ્વરમાં તથા એમની અનંત અને અસીમ કરુણામાં શ્રદ્ધાથી કાવ્યની પૂર્ણાહુતિ થાય છે. 'આપની યાદી'માં આરંભે અને અંતે એકમાત્ર પરમેશ્વર જ છે, અન્ય કંઈ જ નથી; વચમાં અન્ય જે કંઈ છે તે પણ પરમેશ્વરમય છે. સમગ્ર કાવ્યમાં સવિશેષ કાવ્યના અંતભાગમાં પંક્તિ 23-28માં જે મસ્તી છે તે ઈશ્કેહકીકીની મસ્તી છે, જે મિજાજ છે તે આશકનો મિજાજ છે, જે અવાજ છે તે પ્રભુપીધેલ આદમીનો અવાજ છે. 'આપની યાદી'માં ધર્મનું કે ઈશ્વરનું કોઈ સિદ્ધાંતશાસ્ત્ર નથી, એમાં પ્રેમનો અને પરમેશ્વરનો અનુભવ છે 'આપની યાદી' અનુભવનું કાવ્ય છે, ભક્તિનું કાવ્ય છે.' ('પ્રતિભા અને પ્રતિભાવ', પૃ. 254)

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. પ્રિયપાત્રની ચિરવિદાય વેળા કોની જુદાઈ રડાવે છે?

   ..................................................................
   ..................................................................
   ..................................................................

2. આશકોના રાહની રાહદારી છે? એ કેવી રીતે અદા કરવામાં આવે છે?

   ..................................................................
   ..................................................................
   ..................................................................

3. જગતમાં કાળના વહેવા સાથે બધું જૂનું થાય છે, છતાં એવું શું છે જે ક્યારેય જૂનું થતું નથી, હંમેશાં તરોતાજું રહે છે?

   ..................................................................
   ..................................................................
   ..................................................................

4. કવિ લાખો કિતાબોને એકસામટી શા માટે ભૂલી જવા માગે છે?

   ..................................................................
   ..................................................................
   ..................................................................

5. કવિ કિસ્મત કરાવે તે બધી ભૂલો શા માટે કરી નાંખવા માંગે છે?

   ..................................................................
   ..................................................................
   ..................................................................

## 7.6 વસ્તુલક્ષી કસોટી

### તમારી પ્રગતિ ચકાસો (ઘ):

નીચે 'ક' વિભાગમાં કેટલાક પંક્તિખંડો આપવામાં આવ્યા છે અને 'ખ' વિભાગમાં તેની સાથે સંકળાયેલા કેટલાક શબ્દો આપ્યા છે. જે તે પંક્તિખંડના ક્રમ સાથ સંગત શબ્દનો ક્રમ લખી યોગ્ય જોડકાં બનાવોઃ

| | ક | | ખ |
|---|---|---|---|
| 1. | માશૂકોના ગાલની લાલી મહીં લાલી | 1. | ગેબી કચેરી |
| 2. | દરિયાવની મીઠી લહર | 2. | રહેમત |
| 3. | તારા તણાં ઝૂમખાં | 3. | નિશાની |
| 4. | ખૂનનો ચરખો | 4. | નાજુક સવારી |
| 5. | જ્યાં જ્યાં મિલાવે હાથ યારો | 5. | રાહદારી |
| 6. | રોઉં ન કાં એ રાહમાં | 6. | રહેમત |

## 7.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

'આપની યાદી' ગઝલ છે. ગઝલમાં સામાન્ય રીતે પ્રાસ (રદીફ, કાફિયા)નું મહત્ત્વ છે; છતાં આ ગઝલમાં પ્રાસ નથી. સમગ્ર ગઝલમાં સામાન્યતઃ સાદ્યંત એક જ અર્થ કે ભાવ હોતો નથી. એમાં ભિન્નભિન્ન ભાવના અનેક સ્વતંત્ર શેર હોય છે. એથી એ શેરમાંથી એક સળંગ કૃતિ સિદ્ધ કરવા માટે પ્રાસ આવશ્યક બને છે. સમગ્ર ગઝલમાં સાદ્યંત એક જ અર્થ કે ભાવ હોય તોપણ ગઝલ ગીત, સૉનેટ વગેરેની માફક ઊર્મિકાવ્યનો એક પ્રકાર હોવાને લીધે તેમાં પ્રાસ જરૂરી છે. 'આપની યાદી'માં સાદ્યંત એક જ અર્થ તથા ભાવ છે પણ પ્રાસ જરૂરી છે. 'આપની' કાફિયા નથી અર્થાત્ એમાં પુનરાવર્તન છે પણ પ્રાસ નથી. નિરંજન ભગત દર્શાવે છે તેમ 'આપની યાદી'માં પ્રાસની અનુપસ્થિતિ છે તોપણ એમાં જેમ અર્થ અને ભાવના સંદર્ભમાં એકતાનો અનુભવ થાય છે. તેમ જ સ્વર અને વર્ણના સંદર્ભમાં પણ એકતાનો અનુભવ થાય છે. 'આપની યાદી' પ્રાસના વિકલ્પોથી સભર અને સમુદ્ધ છે. ('પ્રતિભા અને પ્રતિભાવ', પૃ. 250) ગઝલના પ્રથમ શેર (કડી)માં પ્રાસના વિકલ્પે આંતરપ્રાસ છે. પંક્તિ 1 માં 'ઠરે'નો પંક્તિ 2 માં 'ઝરે' સાથે પ્રાસ છે. પ્રથમ પંક્તિમાં 'ઠરે'ને સ્થાને 'ઠરી' દ્વારા એ જ પંક્તિમાં 'ભરી' સાથે પ્રાસ શક્ય હતો. વળી 'ઠરી' શબ્દ વ્યાકરણમાન્ય છે છતાં કવિએ એવો પ્રાસ પ્રયોજ્યો નથી એમાં એમની લયસૂઝ અને અર્થસૂઝ પ્રગટ થઈ છે. કવિએ જો એવો પ્રાસ મેળવવાનો લોભ રાખ્યો હોત તો કાવ્યની અર્થસમૃદ્ધિને હાનિ થાત. 'ભરી'માં 'ભરી છે' એવું વર્તમાનકાળનું રૂપ છે પણ 'ઠરી'માં ભૂતકાળનું રૂપ હોત, એથી 'ઠરે' દ્વારા ત્રિકાલનો જે અર્થ સિદ્ધ થાય છે તેને સ્થાને સમગ્ર કાવ્યનો અર્થ ભૂતકાળમાં સીમિત હોત.

પ્રથમ પંક્તિમાં 'આ' દીર્ઘ સ્વરનાં છ આવર્તનો, 'ઈ' દીર્ઘ સ્વરના ત્રણ આવર્તનો, 'જ' વ્યંજનનાં ત્રણ આવર્તનો અને 'ર' વ્યંજનનાં ચાર આવર્તનો થયાં છે ઉપરાંત 'નઝર મારી' તથા 'યાદી... આપની'માં વ્યુત્ક્રમ છે અને વ્યુત્ક્રમનું પુરાવર્તન છે. દ્વિતીય પંક્તિમાં 'આ' દીર્ઘ સ્વરનાં ચાર આવર્તનો છે. તૃતીય પંક્તિમાં 'મ' વ્યંજનનાં બે તથા 'લ' વ્યંજનનાં પાંચ આવર્તનો છે. ચોથી પંક્તિમાં 'ન' વ્યંજનનાં ચાર આવર્તનો તથા 'જ્યાં' અને 'ત્યાં'નાં પુનરાવર્તનો છે. સાતમી પંક્તિમાં 'ત' તથા 'ઝ' વ્યંજનોનાં ત્રણ આવર્તનો છે. આઠમી પંક્તીમાં 'એ' સ્વરનાં ચાર આવર્તનો છે, તો નવમી પંક્તિમાં 'ઈ' દીર્ઘ સ્વરનાં છ આવર્તનો છે. પંક્તિ 13-14માં 'પાપની' તથા 'આપની'નો વિરલ પ્રાસ પણ છે. આમ, કાવ્યના પૂર્વાર્ધમાં સ્વરવ્યંજનની જે

સંકલનના છે, લયનો જે આરોહઅવરોહ છે, શબ્દોની જે સમતુલા છે તેમાં પ્રાસના વિકલ્પો છે. નિરંજન ભગત કહે છે તેમ 'કાવ્યના ઉત્તરાર્ધમાં, સવિશેષ તો કાવ્યના અંતભાગમાં જે ભાવાવેશ અને રસોદ્રેક છે અને એને કારણે જે અવાજ છે, સૂર છે, વાણીનો જે મિજાજ છે, જે મરોડ છે એમાં પણ પ્રાસના વિકલ્પો છે. આ વિકલ્પો દ્વારા 'આપની યાદી'માં સ્વર અને વર્ણના સંદર્ભમાં એકતાનો એવો અનુભવ થાય છે કે એમાં પ્રાસ નથી એવું ક્યારેય ભાન થતું નથી, એટલું જ નહીં પણ એવો ખ્યાલ સુધ્ધાં થતો નથી. ગઝલમાં કલાપીની આ અસાધારણ સિદ્ધિ છે.'' ('પ્રતિભા અને પ્રતિભાવ', પૃ. 251)

આ ગઝલમાં અલંકારો અલ્પસંખ્ય છે. આધુનિક યુવતીની જેમ કાવ્યસુંદરી પણ આછા અને ઉપયુક્ત અલંકારો જ ધારણ કરે છે. 'ખૂનને ચરખે'માં રૂપક અલંકાર છે. રૂપક અલંકારમાં ઉપમેય-ઉપમાન વચ્ચે એકરૂપતા દર્શાવવામાં આવે છે. કાવ્યના શબ્દો-સવિશેષ ક્રિયાપદો અને વિશેષણો - સીધાંસાદાં અને અલ્પાક્ષરી છે. આપણે જોઈ ગયા તેમ પંક્તિ 6, 8, 10માં અનુક્રમે 'નાજુક', 'ગેબી' અને 'ઝીણી' વિશેષણો તે તે પંક્તિના અર્થ તથા ભાવના-સંદર્ભમાં અત્યંત સૂચક છે. ભાષા સરળ, સહજ છે, પ્રેમીઓ સાથેની હોય એવી અત્યંત આત્મીય છે, સ્વાભાવિક છે.

'આપની યાદી'માં 14 શેર (કડી, બેત) છે, 28 પંક્તિ (તૂક, મિસરા) છે. પ્રત્યેક પંક્તિમાં ગઝલમાં સવિશેષ પ્રચલિત એવા સપ્તકલ એકમનાં ચાર આવર્તનો છે. સમગ્ર રચનામાં ભાવ તથા અર્થની સુગ્રથિત, સુશ્લિષ્ટ એકતા છે. આ ગઝલમાં સ્વર તથા વર્ણની સમતુલાની જેમ અર્થ તથા ભાવની પણ સમતુલા છે.

પ્રથમ પંક્તિમાં 'ઠરે' ક્રિયાપદ ત્રિકાલનું સૂચન કરે છે. 'ભરી' શબ્દા સીધો, સાદો છે. પણ એમાં 'આવાસ્યમ્'નું ગહનગંભીર સૂચન છે. દ્વિતીય પંક્તિમાં 'ઝરે છે' વિગલનું સૂચન છે. 'ઠરે' અને 'ઝરે' વચ્ચે માત્ર પ્રાસ જ નથી, અર્થ તથા ભાવની પણ સમતુલા છે. 'ઠરે' માં ઘનતાનું અને 'ઝરે'માં પ્રવાહિતાનું સુચન છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

નીચેની પંક્તિઓમાં પ્રાસ શોધોઃ

1. મીઠી વેલી! તુજ વળ દીસે નિત્ય નિત્યે નવીન!
   ત્હારું હૈયું વધુ વધુ સદા સ્નેહમાં થાય લીન!
2. વિદાય પ્રિય, જા! તને મન-કથાય ક્હેવી નહીં,
   હવે ગહન મૌનમાં મન-વ્યથા જ સ્હેવી રહી!
3. સૂરજના પક્વ ફળ થકી બેસ્વાદ રસ પડ્યો;
   જાગતો અતૃપ્ત જીવ, કે ટપકી દિવસ પડ્યો.
4. દૂર દૂર પરહરતાં, સાજન!
   વરસો આમ જ સરતાં, સાજન!
5. બસ દુર્દશાનો એટલો આભાર હોય છે,
   જેને મળું છું મુજથી સમજદાર હોય છે.

## 7.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

અનુકૂળતા ખાતર કૃતિને ત્રણ ખંડમાં વિભાજિત કરીને આપણે એનો અભ્યાસ કર્યો, હવે સમગ્ર કાવ્યને આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

1. આ ગઝલમાં કવિ 'આપની યાદી' શબ્દો દ્વારા કોની યાદીની વાત કરે છે? ગઝલમાંથી જ તમારા ઉત્તરનું સમર્થન શોધો.
2. 'પ્રથમ પંક્તિનો જ પંક્તિ 3થી 12માં વિકાસ-વિસ્તાર છે, પ્રસાર છે.' સ્પષ્ટ કરો.
3. કવિ દુરિતથી ડરતા નથી એની પાછળ કયું પરિબળ છે?
4. 'પંક્તિ 15થી 26માં પંક્તિ 2નો વિકાસ-વિસ્તાર છે, પ્રસાર છે'. સમજાવો.
5. 'આપની યાદી'માં આરંભે અને અંતે એકમાત્ર પરમેશ્વર જ છે, અન્ય કંઈ જ નથી. વચમાં અન્ય જે કંઈ છે તે પણ પરમેશ્વરમય છે.' તમે આ વિધાનની સાથે સહમત છો? કારણો આપો.
6. ''આ કાવ્ય આંસુ, આંખ, ગાલ, ચમન, ગુલો, લહર, સવારી, તારા, કચેરી, ચરખો, ગોદ, સિતારી, ખંજરો, ઢાલ, ગંગા, હાથ તથા કિતાબોનાં કલ્પનો દ્વારા સિદ્ધ થયું છે.'' આ વિધાનની સાર્થકતા સ્પષ્ટ કરો.
7. આ કાવ્યુનું શીર્ષક સમજાવો અને એની યથાર્થતા ચર્ચો.
8. ''આપની યાદી'' અનુભવનું કાવ્ય છે, ભક્તિનું કાવ્ય છે.'' ચર્ચો.
9. કવિ કલાપીની સર્જકતા આ કાવ્યમાં કઈ રીતે પ્રતીત થાય છે તે દર્શાવો.

## 7.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

1. આ કાવ્યનો આસ્વાદ લગભગ પાંચસો શબ્દોમાં કરાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

2. ગુજરાતી કાવ્યસાહિત્યની તમને પ્રિય હોય એવી એક ગઝલનો આસ્વાદ કરાવો.

.................................................................
.................................................................
.................................................................
.................................................................
.................................................................

## 7.10 વિશેષ અધ્યયન

### 7.10.1 કવિ-પરિચય

મેં પ્રેમમાં તડફતાં મમ શાંતિ ખોઈ,
આનંદની મધુર પાંખ ન ક્યાંય જોઈ!

પોતાની કવિતામાં સ્વાનુભવના આવા વિષાદી ઉદ્‌ગારો કાઢનાર 'કલાપી'ના નામથી કવિ તરીકે સુપ્રસિદ્ધ સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ સૌરાષ્ટ્રના લાઠી નામના એક નાનકડા રજવાડાના રાજા હતા. એમનો જન્મ ઈ.સ. 1874માં થયો ને અવસાન થયું ઈ.સ. 1900માં. માત્ર છવ્વીસ વર્ષનું ટૂંકુ પણ ઘટનાભરપૂર એમનું જીવન. તેમણે રાજકોટની 'રાજકુમાર કૉલેજ' નામથી પ્રખ્યાત માધ્યમિક શાળામાં કેટલોક અભ્યાસ કરેલો; પણ વિશેષ અભ્યાસ તેમણે ઘેર ખાનગી શિક્ષકોની મદદથી કર્યો હતો. અભ્યાસકાળ દરમિયાન ઈ.સ. 1886માં એમના પિતાનું અને ઈ.સ. 1888માં માતાનું અવસાન થયું હતું.

પંદર વર્ષની વયે ઈ.સ. 1889માં કલાપીનાં લગ્ન એકસાથે રાજબા (રમા) અને આનંદીબા (કેશરબા-વિદ્યા) સાથે થયાં હતાં. રાજબાની સાથે દાસી તરીકે આવેલી બાલિકા મોંઘી (શોભના) પ્રત્યે કલાપી આકર્ષાયા. તેમણે તેને શિક્ષણ આપી સંસ્કારી બનાવી. શોભના પ્રત્યેનો વાત્સલ્યભાવ સમય જતાં પ્રણયભાવમાં પલટાઈ ગયો. શોભના પ્રત્યેના ઉત્કટ પ્રણય-તલસાટે કલાપીના જીવનમાં વિષમતાઓ સર્જી. તેમના સંવેદનશીલ હૃદયમાં કર્તવ્યભાવના અને પ્રણયભાવના વચ્ચે ભારે સંઘર્ષ જામ્યો. આખરે કલાપીની અનુપસ્થિતિમાં શોભનાને એક ખવાસ સાથે પરણાવી દેવામાં આવી; પણ તેથી તો કલાપીના હૃદયની વેદના અસહ્ય બની. અનેક મનોમંથન અને પરિતાપ સહન કર્યા બાદ કલાપીએ શોભનાને લગ્ન-વિચ્છેદ કરાવીને તેની સાથે લગ્ન કર્યાં. લગ્ન બાદ બે વર્ષ પછી ભરયુવાનીમાં આ રાજવી-કવિનું અણધાર્યું અવસાન થયું.

'કલાપીનો કેકારવ'માં સંઘરાયેલાં કલાપીનાં અઢીસો જેટલાં લાંબાં-ટૂંકાં કાવ્યો ને 'હમીરજી ગોહિલ'નું ચાર સર્ગવાળું અધૂરું મહાકાવ્ય, 'જેસલ-તોરલ', 'જલંધર- ગોપીચંદ', 'મેનાવતી ગોપીચંદ', 'ભર્તૃહરિ-વિક્રમ' જેવા સંવાદો, 'માલા અને મુદ્રિકા' ને 'નારી હૃદય' જેવી નવલો, 'સ્વીડનબોર્ગનો ધર્મવિચાર' જેવું ચિંતન, 'કાશ્મીરનો પ્રવાસ' જેવું પ્રવાસપુસ્તક ઉપરાંત અનેક પત્રો, ડાયરી ને આત્મકથાનાં પાનાં કલાપી પોતાની પાછળ મૂકતા ગાય. આઠેક વર્ષના સર્જનકાળમાં અને અસાધારણ લોકપ્રિય કવિ તરીકે કલાપીએ જે સિદ્ધિ પ્રાપ્ત કરી તે ગુજરાતી સાહિત્યમાં વિરલ કહી શકાય એવી છે. પ્રકૃતિ, પ્રણય અને પ્રભુભક્તિ કલાપીની કવિતાના મુખ્ય વિષયો છે.

**7.10.2 સ્વરૂપ-પરિચય**

ગઝલ આપણે ત્યાં આવેલો પરદેશી કાવ્યપ્રકાર છે. આ સાહિત્યસ્વરૂપ અરબી-ફારસીમાંથી આપણે ત્યાં આવ્યું છે. મૂળ અરબી ભાષામાં 'ગઝલ' શબ્દનો માશૂક (પ્રિયા) સાથે પ્રેમની વાત કરવી એવો થાય છે. ગઝલનો ઉદ્‌ભવ અને વિકાસ પ્રેમના વિષય સાથે સંકળાયેલો છે. પછીથી એમાં સૂફીવાદી વલણ ભળે છે. આમ ગઝલ વિષયની બાબતમાં બે પ્રવાહે વહે છે : એક પ્રિયાના પ્રેમનો જે ઇશ્કેમિઝાઝની ગઝલ તરીકે અને બીજો પ્રભુપ્રેમનો જે ઇશ્કેહકીકીની ગઝલ તરીકે ઓળખાય છે.

ગઝલનું એક સ્વરૂપ મુક્તક શૈલીનું છે. તેમાં અમુક સંખ્યામાં શેર આવે છે. પ્રત્યેક શેર સ્વતંત્ર મુક્તક સદૃશ હોય છે. આવા સ્વતંત્ર શેરોની માળા તે ગઝલ આવા સ્વતંત્ર શેરને સૂત્રમાં બાંધતું તત્ત્વ તેના પ્રાસ હોય છે જેને રદીફ-કાફિયા કહેવામાં આવે છે. શેરની સંખ્યા સામાન્ય રીતે પાંચથી પંદરની વચ્ચેની હોય છે.

બીજા પ્રકારની ગઝલને મુસલસલ કહે છે. તેમાં દરેક શેર સ્વતંત્ર નથી હોતો. સૉનેટની જેમ

તેમાં સળંગ ભાવવિકાસ થતો હોય છે. તે સળંગ અખંડ કૃતિ હોય છે. 'આપની યાદી' આ પ્રકારની રચના છે. કલાપીની એ છેલ્લી કૃતિ છે. આ ગઝલ તેમની સમગ્ર સર્જનપ્રવૃત્તિની યાત્રાનું ચરમ શિખર છે.

**7.10.3 વિશેષ વાચન**

તમારે કલાપીના જીવન અને કવનનો વિશેષ પરિચય પ્રાપ્ત કરવો જોઈએ. 'કલાપીના કેકારવ' (સં. 'સાગર'),'કલાપીનો કાવ્યકલાપ' (સં. અનંતરાય રાવળ), 'કલાપીનાં કાવ્યો' (સં. જયંત પાઠક) તથા કલાપીકૃત 'કાશ્મીરનો પ્રવાસ', 'કલાપીની પત્રધારા', 'નારી-હૃદય' વગેરેનું તમારે અધ્યયન કરવું જોઈએ.

**• ટિપ્પણ**

**માશૂક** - (સ્ત્રી.) પ્રિયા, પ્રેમનું પાત્ર; **ચમન** - (પુ. ન.) (ફા.) બાગ (૨) આનંદ, મોજમજા; **ગુલ** - (ન.) (ફા.) ફૂલ (૨) ગુલાબનું ફૂલ; **ગેબી** - (વિ.) ગુપ્ત, અદશ્ય, ગૂઢ; **દમ-બ-દમ** - (અ.) (ફા.) દરેક શ્વાસની સાથે, ક્ષણેક્ષણે; **સિતમ** - (પું.) (ફા.) જુલમ; **આશના** - (પું.) (ફા.) ભાઈબંધ, યાર, (૨) (સ્ત્રી.) પ્રિયા, માશૂક; **શરાબી** - (વિ.) દારૂ પીનાર, દારૂનું વ્યસની (૨) (સ્ત્રી.) નશો, મસ્તી; **અહેશા (-સા) ન** - (ન.) (अ.अहसान) ઉપકાર, આભાર; **રહેમત** - સ્ત્રી. (अ. हमत) દયા, કૃપા, મહેરબાની; **આશક** - (अ. आशिक) પ્રેમી (૨) (વિ.) પ્રેમવશ, મોહિત, ફિદા; **રાહ** - (પું.) (ફા.) રસ્તો (૨) (સ્ત્રી.) રીત, તરેહ, ચાલ (૩) વાટ, પ્રતીક્ષા; **રાહદારી** - (પું.) વટેમાર્ગુ (૨) (સ્ત્રી.) રસ્તા ઉપરથી લઈ જવાતા માલ ઉપર લેવાતો કર, તેની રજાચિઠ્ઠી (૩) રાહબરી; **કિતાબ** - (સ્ત્રી.) (અ.) ચોપડી, ગ્રંથ; **કિસ્મત** - (ન.) (અ.) નસીબ.

એકમ ૮

# વધામણી

- બળવંતરાય ક. ઠાકોર

રૂપરેખા

8.1 ઉદ્દેશો

8.2 પ્રસ્તાવના

8.3 કૃતિ (કવિતા)

8.4 કૃતિનો સારાંશ

8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

 ખંડ : 1

 ખંડ : 2

 ખંડ : 3

8.6 વસ્તુલક્ષી કસોટી

8.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

8.8 પુનરવલોકન

8.9 લેખન-પ્રવૃત્તિ

8.10 વિશેષ અધ્યયન

 8.10.1 કવિ-પરિચય

 8.10.2 સ્વરૂપ-પરિચય

 8.10.3 વિશેષ વાચન

- ટિપ્પણી

## 8.1 ઉદ્દેશો

આ સૉનેટના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી કાવ્યસાહિત્યની એક મનહર સૉનેટકૃતિનો આસ્વાદ મેળવશો.
- પ્રથમ પ્રસૂતિ વખતે પિયર ગયેલી પત્નીના પતિ પ્રત્યેના ગાઢ પ્રેમનો પરિચય મેળવશો.
- સૉનેટના સાહિત્યસ્વરૂપનો ખ્યાલ મેળવશો.

## 8.2 પ્રસ્તાવના

આ અગાઉ તમે મધ્યકાલીન અને અર્વાચીન કવિઓની કેટલીક નોંધપાત્ર કાવ્યકૃતિઓનો પરિચય મેળવ્યો છે. આ કૃતિ આપણા અર્વાચીન સાહિત્યની એક અનવદ્ય સૉનેટરચના છે. સૉનેટનું કાવ્યસ્વરૂપ મૂળ તો ઇટાલીનું, પણ એ અંગ્રેજી સૉનેટ મારફતે આપણા સાહિત્યમાં પણ આવ્યું. ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ સૉનેટરચના કવિ બળવંતરાય ઠાકોરે જ આપી. એ આપણા પ્રથમ સોનટકવિ છે. 'વધામણી' કાવ્ય પણ તેમની એક મનોહર સૉનેટકૃતિ છે, એટલું જ નહિ, ગુજરાતી કાવ્યસાહિત્યનું એક આભૂષણ છે.

આ કાવ્યમાં કવિએ પ્રથમ પ્રસૂતિ વખતે પિતૃગૃહે ગયેલી નારીના હૃદયની લાગણીઓને વાચા આપી છે. પ્રસૂતિના કટોકટીભર્યા જીવનના તબક્કામાંથી હેમખેમ પાર ઊતરીને જાણે કે નવો જન્મ પામેલી નાયિકાની સંતાનના જન્મની વધામણી પતિને પત્ર દ્વારા આપે છે. આ પત્ર જ કાવ્યરૂપે છે. શિશુપ્રાપ્તિ પછીની નારીજીવનની કૃતાર્થતાના આનંદને વાચા આપતા આ કાવ્યમાં નાયિકાના પતિ પ્રત્યેના ગાઢ પ્રેમનું સુભગ દર્શન થાય છે. માનવહૃદયના વ્યક્તિગત ભાવોને

એક ઉત્તમ કવિતા કેવા સમષ્ટિગત અનુભવના બૃહદ્ પરિમાણમાં મૂકી દે છે અને આપણને દામ્પત્યસ્નેહના આહ્લાદક માનવીય ભાવોનું દર્શન કરાવે છે તેની સબળ પ્રતીતિ આ કાવ્ય કરાવે છે.

## 8.3 કૃતિ

**વધામણી**

વા'લા મારા, નિશદિન હવે થાય ઝંખા તમારી,
આવો, આપો પરિચિત પ્રતીતિ બધી ચિત્તહારી.
દૈવે જાણે જલગહનમાં ખેંચી લીધી હતી તે
આણી સે'જે તટ પર ફરીથી મને છોળઠેલે;
ને આવી તોપણ નવલ હું ક્યાં ગઈ કેમ આવી,
-આયુર્દોરી ત્રૂટી ન ગઈ તેથી રહું શીર્ષ નામી.
ને સંસ્કારો ગતભવ તણા તે કની સર્વ વા'લા,
જાણું સાચા, તદપિ દીસતા સ્વપ્ન જેવા જ ઠાલા;
માટે આવો, કર અધરની રમ્ય સાક્ષી પુરાવો,
મીઠા સ્પર્શો, પ્રણયી નયનો; અમૃતાલાપ લાવો.
બીજું વા'લા, શિર મૂકી જયહાં? 'ભાર લાગે શું? કે'તા
ત્યાં સૂતેલું વજન નવું વીતી ઋતુ એક વે'તા;
ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો,
આવી, જોઈ, દયિત ઉચરો લોચને કોણ જેવો?

**- બળવંતરાય ક. ઠાકોર** ('ભણકાર'માંથી)

## 8.4 કૃતિનો સારાંશ

'વધામણી' એ આપણા સુપ્રતિષ્ઠિત કવિ બળવંતરાય ઠાકોરનાં ઉત્તમ સૉનેટોમાંનું એક છે; એટલું જ નહિ, ગુજરાતી કાવ્યસાહિત્યની કેટલીક ચિરંજીવ સૉનેટરચનાઓમાં પણ એનું નિશ્ચિત સ્થાન છે.

પ્રથમ પ્રસૂતિટાણે પિયરમાં ગયેલી સ્ત્રી સંતાનને જન્મ આપ્યા પછી પોતાના પતિને તેની વધામણી પત્ર દ્વારા આપે છે. પોતાનું સંતાન પુત્ર છે કે પુત્રી, અને તે કોના જેવું છે તેના સ્થૂળ સામાચાર જ તે આ પત્રમાં નથી આપણી; પણ પ્રસૂતિકાળ દરમ્યાન દૈવયોગે પતિથી દૂર ગયેલી આ નારી માતૃત્વ પામ્યા પછી પતિને ઝંખે છે. તે પતિને પોતાની પાસે આવીને પૂર્વવત્ સ્નેહની પુનઃપ્રતીતિ કરાવવાનું કહે છે. અહીં આ કાવ્યમાં સંતાનના જન્મની વધામણીના સમાચાર નિમિત્તે નવમાતૃત્વ પામેલી નારીના હૃદયભાવોનું અને વિશેષતઃ પતિ પ્રત્યેના ગાઢ સ્નેહનું સુભગ નિરૂપણ છે.

લગ્ન પછી બજાણ્યાં સાસરિયાં વચ્ચે થોડોક વખત રહ્યા પછી પ્રસૂતિ નિમિત્તે પતિથી વિખૂટા પડવાનું થયું. પણ આ દરમિયાન એ પતિ સાથે ગાઢ સ્નેહના અતૂટ બંધનથી એવી તો બંધાઈ ગઈ હતી કે હવે તેને પોતાના પિતગૃહે પોતીકાં સ્વજનો વચ્ચે પણ ગોઠતું (ગમતું) નથી! પણ

હવે પ્રસૂતિનો કટોકટીભર્યો કાળ હેમખેમ પસાર થઈ ગયો છે. આ પ્રમથ પ્રસૂતિ હોઈ જીવાદોરી તૂટી જવાની આશંકા પણ એના મનમાં રહ્યા કરતી હતી, પણ દૈવકૃપાએ એમાંથી પાર ઊતરી ગઈ છે. આવી આ નાયિકા જીવનના અધિષ્ઠાતા દૈવ પ્રત્યે કૃતજ્ઞતા પણ પ્રગટ કરે છે.

પણ હવે આ નાયિકા જીવનના એ કટોકટીભર્યા તબક્કામાંથી પાર ઊતરી ગઈ છે. એક નવા જીવને જન્મ આપવાની સાથે પોતે પણ જાણે નવું જીવન પામી હોય એવી આ નાયિકા હવે પોતાના પ્રિયતમને સતત ઝંખે છે, અને પતિને અહીં પોતાની પાસે આવીને પ્રસૂતિ પૂર્વેના દામ્પત્યસુખની પુનઃપ્રતીતિ કરાવવાનું કહે છે.

અલબત્ત, આ પત્ર વાંચતો પતિ પોતાનું સંતાન પુત્ર હશે કે પુત્રી એ વધામણીના સમાચાર જાણવા ઉત્સુક હશે જ, પણ ચતુર નાયિકા પત્રમાં એનો છેક છેલ્લે ઉલ્લેખ કરે છે. એટલું જ નહિ 'સુતેલું વજન નવું' એવા શબ્દો દ્વારા નાન્યતરજાતિમાં પોતાના સંતાનનું વર્ણન કરે છે. તે આ નવજાત શિશુ પુત્ર છે કે પુત્રી એ સ્પષ્ટ કહેતી નથી. જોકે આ શિશુ તે પુત્ર જ છે એવો નિર્દેશ તે છેલ્લી પંક્તિમાં પતિને કરેલા પ્રશ્નમાં જ કરી દે છેઃ

'આવી, જોઈ, દયિત, ઉચરો, લોચને કોણ <u>જેવો</u>?'

નારીજીવનની એક મહત્ત્વની ઘટનાને કેન્દ્રમાં રાખીને સ્ત્રી-પુરુષના મધુર દામ્પત્યસ્નેહનું મનભરી આલેખન કરતું આ કાવ્ય બળવંતરાય ઠાકોરની ઊંચી સર્જકતાના પુરાવારૂપ છે. ડૉ. સુરેશ જોશી આ કાવ્ય વિશે ઉચિત રીતે જ લખે છે : 'સ્ત્રી-પુરુષના દામ્પત્યજીવનના મહત્ત્વના સીમાચિહ્નનું આવું કાવ્યમય નિરૂપણ આપણા સાહિત્યમાં વિરલ જ છે.

## 8.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા :**

હવે આપણે આ કાવ્યનો વિગતે અભ્યાસ કરીશું. આ માટે આપણે અભ્યાસની સરળતા ખાતર આ કાવ્યરચનાને ત્રણ ખંડોમાં વહેંચીશું : ૧થી ૬ પંક્તિઓનો પહેલો ખંડ, ૭થી ૧૦ પંક્તિઓનો બીજો ખંડ, અને ૧૧થી ૧૪ પંક્તિઓનો, કાવ્યનો બાકીનો ભાગ અર્થાત્ ત્રીજો ખંડ. હવે અહીં ખંડવાર ચર્ચા કરીશું.

**ખંડ :૧**

પ્રથમ પ્રસૂતિ વખતે પિયરમાં ગયેલી સ્ત્રી પોતાને સંતાનનો જન્મ થયા પછી તેની વધામણી આપવાના હેતુથી પતિને પત્ર લખે છે. પણ આ નાયિકા પોતાના પતિને સંતાન જન્મના સીધેસીધા સમાચાર જ આપી દેતી નથી; પણ આરંભની પંક્તિઓમાં આ વિશેના સમાચાર આપવાને બદલે તે પતિને મળવાના તેના તલસાટની વાત કરે છે. પ્રથમ પંક્તિના શબ્દો તેની પતિમિલનની ઝંખનાને સચોટ રીતે વ્યક્ત કરે છેઃ

'વ્હાલા મારા, નિશદિન હવે થાય ઝંખા તમારી.'

લગ્ન પછી તે અજાણ્યા સાસરિયાં વચ્ચે, પણ પતિની સાથે આમ તો થોડોક સમય રહી હતી ત્યાં પ્રસૂતિનો પ્રસંગ આવ્યો અને એ નિમિત્તે પતિથી વિખૂટા પડીને પિયરમાં પોતીકાં સ્વજનો વચ્ચે રહેવાનું આવ્યું; પણ પતિ સાથેના એ થોડા સહવાસ દરમિયાન એ તેની સાથે એવી તો ગાઢ સ્નેહથી બંધાઈ ગઈ હતી કે હવે તેને પિયરમાં પોતીકાં સ્વજનો વચ્ચે પણ ગોઠતું નથી. એને પતિનો વિરહ સાલે છે. એથી પ્રસૂતિકાળ પૂરો થતાં જ તે પતિનો પૂર્વવત્ સ્નેહ ફરીથી મેળવવા ઝંખે છે. આ ઝંખનાને સાકાર કરવા માટે, તે પતિને પોતાની પાસે આવવાનું કહે છે. તે કહે છે કે, 'હે વહાલા! લગ્નજીવનના શરૂઆતના દિવસોમાં તમે મને પ્રેમની જે આહ્લાદક અનુભૂતિ કરાવેલી તેની પ્રતીતિ અહીં આવીને મને ફરીથી કરાવો.' ત્રીજી પંક્તિમાં કવિ નાયિકાના

હૃદયમાં પ્રથમ પ્રસૂતિના આ કટોકટીભર્યા સમયમાં જીવનદોરી તૂટી જવાના ભયની જે આશંકા હતી તેની વાત સરસ રીતે કરતાં કહે છેઃ લગ્ન પછીના સમયમાં હજુ તો દામ્પત્યસુખના હિંડોળે તે ઝૂલતી હતી ત્યાં પ્રસૂતિટાણું આવ્યું અને એને એકાએક પતિથી વિખૂટા પડવાનું થયું. પ્રસૂતિકાળની આ કટોકટીભરી ક્ષણો દરમિયાન પોતે જાણે આ દામ્પત્યસુખના સાગરમાંથી એકાએક જાણે કોઈ ઊંડા જળમાં ખેંચાઈ ગઈ ! અલબત્ત આ સ્થિતિ માટે તે પોતાના વહાલા પતિને દોષ દેતી નથી. દૈવને જ એ કારણભૂત માને છે. શિશુજન્મની જવાબદારી દૈવે જ સ્ત્રીને સોંપેલ છે. એ દૈવ જ એને સંસારસાગરના ઊંડા જળમાં ખેંચી લીધી હતી. પણ એ જ દૈવકૃપાએ તેને એક છોળના ઠેલાથી ફરીથી તટ ઉપર લાવી દીધી. આથી આ નાયિકા પ્રસૂતિ નિમિત્તે પતિથી વિખૂટા પાડનાર દૈવ પ્રત્યે ઉપાલંભની નજરે જોતી નથી, પરંતુ પોતાને આ કટોકટીભર્યા તબક્કામાંથી હેમખેમ પાર ઉતારનાર દૈવ પ્રત્યે કૃતજ્ઞતાની દૃષ્ટિથી જુએ છે; કેમ કે આ બધું દૈવયોગે જ બની ગયું! શું બન્યું ? કઈ રીતે બન્યું એ વિશે તેને કંઈ જ સમજ ન પડી; પણ હવે તેના હૃદયમાં પેલી જીવાદોરી તૂટી જવાના ભયની જે આશંકા હતી તે ટળી ગઈ છે. એક નવા જીવને જન્મ આપવાની સાથે પોતાને પણ જાણે નવું જીવન પ્રાપ્ત થયું છે - આ બધું પણ દૈવકૃપાને કારણે જ. આથી નાયિકા જીવનના અધિષ્ઠાતા આ દૈવ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરતા કહે છે.

'જીવાદોરી તૂટી ન ગઈ તેથી રહું શિશ નામી.'

આ પ્રથમ ખંડની બે પંક્તિઓમાં પ્રસૂતિના કટોકટીભર્યા કાળને હેમખેમ પસાર કર્યા પછી માતૃત્વ પામેલી નારીના હૃદયમાં પોતાના પતિને મેળવવાની જે ઉત્કટ ઝંખના છે તે સરસ રીતે વ્યક્તિ થઈ છે. હાલની આવી સ્થિતિમાં તે પતિ પાસે જઈ શકે એમ નથી, તેથી તે પતિને પોતાની પાસે આવવાનું કહે છે, જેથી પતિ પોતાની પાસે આવીને લગ્ન સમયના સુખદ દામ્પત્યજીવનની પ્રતીતિ પોતાને પુનઃ કરાવી શકે. પ્રથમ બે પંક્તિઓમાં પતિ પ્રત્યેની ઉત્કટ પ્રેમોર્મિ વ્યક્ત કરીને પછીની ચાર પંક્તિઓમાં આ સમગ્ર પ્રસંગના નિમિત્તરૂપ દૈવે પોતાને ઉગારી લીધી એ માટે નાયિકા જે કૃતજ્ઞતા વ્યક્ત કરે છે તેમાં તેનું આભિજાત્ય પ્રગટ થાય છે.

આ નોંધ વાંચ્યા પછી આ પ્રથમ ખંડ ફરીથી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. નાયિકા કોને મળવાની ઝંખના વ્યક્ત કરે છે?
2. પતિને માટે એ કયું સંબોધન કરે છે? એ શબ્દો દ્વારા એ શું સૂચવવા માગે છે?
3. નાયિકા પતિને પોતાની પાસે શા માટે બોલાવે છે?
4. 'નાયિકા ગહનજળમાં ખેંચાઈ ગઈ હતી અને એક છોળઠેલે ફરીથી તટ પર આવી.'

   - આ પંક્તિ દ્વારા કવિએ નારીજીવનના ક્યા પ્રસંગનું સૂચન કર્યું છે? એ પંક્તિમાંનો અર્થ સ્પષ્ટ કરો.
5. નાયિકા શીશ નમાવીને કોના પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરે છે? શા માટે?
6. નાયિકા પોતાના પતિને કઈ પરિચિત અને ચિત્તહારી પ્રતીતિ કરાવવાનું કહે છે?

**ખંડ : ૨**

પ્રથમ ખંડની આરંભની પંક્તિઓમાં નાયિકાએ પતિને મળવાની ઝંખના કરી પણ પોતાને પ્રસૂતિના કટોકટીભર્યા કાળમાંથી દૈવે હેમખેમ પાર ઉતારી એથી એના પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે અણે આ તલસાટની વાતને વચમાં થોડોક સમય અટકાવી દીધી હતી. હવે આ

બીજા ખંડમાં નાયિકા 'ગત ભવ તણા' એટલે કે પ્રસૂતિ પૂર્વેના મધુર દામ્પત્યસુખનાં સંસ્મરણોને વાગોળે છે અને પતિને પોતાની પાસે આવીને એ સુખદ સંસ્મરણોને ફરીથી જીવંત કરવા કહે છે.

પ્રથમ પ્રસૂતિ એટલે સ્ત્રી માટે જીવનનું પૂરેપૂરું જોખમ. એ જોખમમાંથી હેમખેમ પાર ઊતરનાર સ્ત્રીને તો નવો જન્મ જ મળ્યો ગણાય. અને એથી જ નાયિકા પ્રસૂતિ પૂર્વેના પોતાના જીવનકાળને 'ગત ભવ' કહે છે. આ ગત ભવમાં એટલે કે પ્રસૂતિ પૂર્વેના લગ્નજીવનમાં દામ્પત્યસુખનો આહ્લાદક અનુભવ કર્યો હતો. ચિત્ત પર રહેલા એના સંસ્કારો અલબત્ત, સાચા જ છે એમ નાયિકા જાણે છે, પણ પ્રસૂતિકાળથી ઊગર્યા પછી નવો જન્મ મળ્યો એ પછી એ સંસ્કારો જાણે સાચા નહિ પણ સ્વપ્નવત્ હોય તેવા તેને લાગે છે. અને એથી આ સ્વપ્નવત્ સંસ્કારો સાચા જ હતા તેની ખાતરી કરાવવા માટે તે પતિને પોતાની પાસે આવવાનું કહે છે. નાયિકા પતિને કહે છે કે લગ્નજીવનના શરૂઆતના દિવસોમાં તમે મને જે ઉત્કટ પ્રેમની પ્રતીતિ કરાવેલી તે જ પરિચિત પ્રેમની પ્રતીતિ તમે મને અહીં આવીને નવેસરથી કરાવો.

પતિના પ્રેમની પુનઃપ્રતીતિ કઈ રીતે કરવા ઇચ્છે છે? સૌપ્રથમ કરસ્પર્શ અને પછી ઓષ્ઠન-ચુંબન દ્વારા. અહીં પહેલા કરસ્પર્શ અને એ પછી ચુંબન - એ ક્રમમાં પણ ઔચિત્ય છે કેમ કે, લગ્નની વિધિમાં હસ્તમેળાપ નિમિત્તે પ્રથમ કરસ્પર્શ દ્વારા અને એ પછી એકાંતે - શયનખંડમાં અધરસ્પર્શ અર્થાત્ ચુંબન દ્વારા દામ્પત્યસુખનો આહ્લાદક અનુભવ થયેલો. નાયિકા પતિ પ્રત્યે પોતાની પ્રેમોર્મિઓને વ્યક્ત કરતાં કહે છે કે તમે આવો અને આવો કર અને અધરના આહ્લાદક સ્પર્શની પુનઃપ્રતીતિ કરાવો.

પણ નાયિકા આટલાથી સંતોષ માને એવી નથી કેમ કે, પૂર્વકાળની પરિચિત પ્રતીતિ માત્ર કર અને અધરના સ્પર્શની જ નથી; એ મીઠા સ્પર્શો ઉપરાંત બીજું ઘણું બધું એને યાદ આવે છે, જે તેને પતિ પાસેથી પુનઃમેળવવાનું છે. આ બાબતો તે પતિનાં 'પ્રણયી નયનો' અને 'અમૃતાલાપ.' પતિ પોતાની પાસે આવે અને તેના પ્રણયથી છલકાંતા નેત્રો અને અમૃતમયી વાણીનો પોતાને આહ્લાદક અનુભવ કરાવે એમ તે ઝંખે છે. આમ પ્રસૂતિકાળમાંથી ઊગરી ગયેલી અને માતૃત્વ પામેલી નાયિકા પતિને કહે છે કે તમે આવો અને તમારા કરસ્પર્શ, અધરોષ્ઠ-ચુંબન. પ્રેમાળ નેત્રો અને અમૃતમીઠી વાણી દ્વારા અને આપણા લગ્નજીવનના આરંભકાળના ઉત્કટ પ્રેમની ફરીથી પ્રતીતિ કરાવો. આ પંક્તિઓમાં પ્રસૂતા નારીનો પતિ-પ્રત્યેનો ગાઢ સ્નેહ વ્યંજિત થાય છે.

ઉપર્યુક્ત નોંધ વાંચ્યા પછી આ બીજો ખંડ ફરીથી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. નાયિકા પોતાના જીવનના કયા સંસ્કારોને 'ગત ભવ તણા' કહે છે? શા માટે?

   .....................................................................

   .....................................................................

   .....................................................................

2. 'ગત ભવ તણા' એ સંસ્કારોને નાયિકા સ્વપ્ન જેવા ઠાલા કેમ કહે છે?

   .....................................................................

   .....................................................................

   .....................................................................

3. નાયિકા પતિને પ્રથમ શાની સાક્ષી પુરાવવાનું કહે છે?

.................................................................

.................................................................

.................................................................

4. કર-અધર ઉપરાંત નાયિકા પતિ પાસે બીજી શાની પ્રતીતિ કરવા ઇચ્છે છે?

.................................................................

.................................................................

.................................................................

**ખંડ : ૩**

આ સૉનેટના ત્રીજા ખંડની અંતિમ ચાર પંક્તિઓમાં હવે નાયિકા પતિને ખરેખર સંતાનજન્મની વધામણીના સમાચાર આપે છે. પત્રમાં તેણે પ્રથમ પતિ પ્રત્યેની પ્રેમોર્મિઓને નિર્બંધપણે વહેવા દીધી. સાથેસાથે પોતાને મણભયમાંથી ઉગારી લેનાર દૈવ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી પણ વ્યક્ત કરી લીધી. જોકે પ્રસૂતિ માટે પિયર ગયેલી પત્નીનો પત્ર મળતાં જ નાયક એમાં પત્નીની તબિયત, વધામણીના સમાચાર - દીકરો કે દીકરી?- વગેરે વિશે જાણવા માટે ઉત્સુક હશે જ; પણ આ ચતુર નાયિકા આ સમાચાર તો છેક છેલ્લે જ આપે છે! અને તે જાણે એને ખાસ કંઈ વિશેષ કહેવાનું જ ન હોય એમ વાતવાતમાં જ તે આ સમાચાર આપી દે છે! નાયિકા કહે છે કે વહાલા, અગાઉ તમે મારા ખોળે માથું મૂકીને 'ભાર લાગે શું' એમ સહાનુભૂતિપૂર્વક પૂછતા તે ખોળામાં હવે નવું વજન - નવજાત શિશુ - રમતું થઈ ગયું છે!

વળી નાયિકા આ શિશુજન્મના સમાચાર આપતી વખતે પણ એ દીકારો છે કે દીકરી એ વાત સ્પષ્ટ કરવાનું ચતુરાઈપૂર્વક ટાળે છે અને એથી બાળકનું વર્ણન પણ એ નાન્યતરજાતિમાં જ કરે છે! એ સાથે નવજાત શિશુનું કેવું સચોટ અને સ્વભાવોક્તિપૂર્ણ શબ્દચિત્ર પણ કવિ ઉપસાવે છે!

'ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો.'

આમ નાયિકાએ શરૂઆતથી બે પંક્તિઓમાં બાળકની જાતિ વિશે સંદિગ્ધતા જાળવી છે અને એ રીતે છેક છેલ્લી પંક્તિઓ સુધી નાયકની આતુરતાને જીવંત રાખી છે પણ છેલ્લી પંક્તિમાં તો નાયક ચતુર હોય તો નવજાત બાળક એ દીકરો જ છે એ સમજી જ ગયો હશે. છેલ્લી પંક્તિના છેલ્લા 'લોચને કોણ જેવો?' એ પ્રશ્નમાં જ તેનો ઉત્તર મળી રહે છે, પણ આ પ્રશ્નનો ઉત્તર આપવા માટેય નાયકે પોતાની પાસે આવવાનું છે એ વાત આ પ્રેમાળ નાયિકા છેક છેલ્લે પણ કહેવાનું ચૂકતી નથી! આપણને પુત્રરત્ન પ્રાપ્ત થયું છે; પણ એની આંખો કોના જેવી છે તે હું અહીં પત્રમાં તમને નહીં કહું! તમારે જાતે જ અહીં આવીને એ નક્કી કરવું પડશે !

દામ્પત્યપ્રેમના એક ઉત્તુંગ શિખરને સર કરતું આ સૉનેટ ગુજરાતી કાવ્યસાહિત્યનું એક મહામૂલું રત્ન છે એમ કહેવામાં અત્યુક્તિ નથી.

ઉપર્યુક્ત નોંધ વાંચ્યા પછી આ ત્રીજો ખંડ ફરીથી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપો:

**તમારી પ્રગતી ચકાસો (ગ):**

1. 'વજન નવું' શબ્દો અહીં શાનો નિર્દેશ કરે છે?

.................................................................

...............................................................

...............................................................

2. બાળકનું સ્વભાવોક્તિપૂર્ણ શબ્દચિત્ર કઈ પંક્તિમાં ઊપસે છે? એ શબ્દચિત્રને તમારા શબ્દોમાં વર્ણવો.

...............................................................

...............................................................

...............................................................

3. નાયિકા નાયકને કયો પ્રશ્ન કરે છે?

...............................................................

...............................................................

...............................................................

4. નવજાત બાળક દીકરો છે એ હકીકત કયા પંક્તિ ખંડ દ્વારા સ્પષ્ટ થાય છે ? કઈ રીતે ?

...............................................................

...............................................................

...............................................................

## 8.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

નીચે 'ક' વિભાગમાં કાવ્યમાંના કેટલા શબ્દો કે પંક્તિખંડો આપવામાં આવ્યા છે અને 'ખ' વિભાગમાં તેની સાથે સુસંગત એવા શબ્દો આપ્યા છે. તમે 'ક' વિભાગમાં દરેક પંક્તિખંડની સામે 'ખ' વિભાગમાંથી સુસંગત શબ્દ લખી યોગ્ય જોડકાં બનાવોઃ

| ક | ખ |
|---|---|
| 1. વજન નવું | 1. પ્રસૂતિ પૂર્વેના જીવનનાં સંસ્મરણો |
| 2. પરિચિત પ્રતીતિ ચિત્તહારી | 2. નવજાત શિશુનું સાહજિક શબ્દચિત્ર |
| 3. આણી સહેજે તટ પર ફરીને મને | 3. માનવજાત શિશુ |
| 4. સંસ્કારો ગત ભવ તણા | 4. પ્રસૂતિ પૂર્વેના દામ્પત્યજીવનની આહ્લાદક અનુભૂતિઓ |
| 5. ગોરું ચૂસે અખૂટ જ રસે અંગૂઠો | 5. મને નવું જીવન બક્ષ્યું |

## 8.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

'વધામણી' આપણા પ્રથમ હરોળના કવિ બળવંતરાય ઠાકોરની ચિરંજીવી સૉનેટકૃતિ છે. બળવંતરાય અર્થઘન કવિતાના હિમાયતી હતા. સઘન અર્થ વિનાની, માત્ર લાગણીવેડાને પ્રગટ કરતી કવિતાને તેઓ 'પોચટ' અને 'આંસુ સારતી' કહે છે. આવા આ કવિની આ કવિતામાં પણ પ્રત્યેક શબ્દ કેટલો સાર્થ છે એનો અભ્યાસ કરવાનું રસપ્રદ થઈ પડે એવું છે.

આ કાવ્યની પ્રથમ પંક્તિના શબ્દો-'વ્હાલા મારા' આમ તો છે સાવ સાદા સરળ પણ અહીં એ કેટલા બધા સમુચિત છે ! પ્રસૂતિ પછી પતિને મળવા ઝંખતી નારીના મુખે પતિને થયેલું એ સંબોધન છે પણ 'વ્હાલા' શબ્દમાં સ્ત્રીસહજ ભાવની સાહજિકતા છે અને એના વિશેષણ તરીકે યોજેલા 'મારા' શબ્દમાં પતિ પ્રત્યેનો પોતાના પ્રેમના અધિકાર પણ સૂચિત થાય છે!

વળી કવિએ નારીજીવનના પ્રથમ પ્રસૂતિકાળની મરણભયની આશંકાવાળી કટોકટીભરી ક્ષણોને 'જલ ગહનમાં ખેંચી લીધી હતી.' એ શબ્દો દ્વારા તેમ જ પોતે દૈવકૃપાએ હેમખેમ ઊગરી એ વાતને 'આણે સ્હેજે તટ પર' એમ કહીને ઓછામાં ઓછા શબ્દો દ્વારા પણ કેવી સચોટતાથી દર્શાવી દીધી છે ! વળી દૈવ પોતાના પ્રત્યે સાનુકૂળ હતું, એવો ભાવ પણ 'આણી સ્હેજે તટ પર' એ શબ્દો પ્રગટ થાય છે.

સાતમી પંક્તિમાં 'તે કની સર્વ વ્હાલા!' એ શબ્દોમાં સ્ત્રીના મુખે સંભળાતી રોજબરોજની વાતચીતની લઢણવાળી સાહજિક વાણીનો કવિએ કરેલો ઉપયોગ પણ નોંધપાત્ર છે. આ શબ્દો દ્વારા નાયિકાનો સાહજિક પ્રેમ, પતિ પ્રત્યેની તેની આત્મીયતાની પ્રતીતિ થાય છે.

વળી નાયિકા પ્રસૂતિપૂર્વના દામ્પત્યજીવનના આહ્લાદક અનુભવોની પુનઃ પ્રતીતિ કરાવવાનું કહે છે. આ માટે તેણે 'કર અધરની રમ્ય સાક્ષી' સમા 'મીઠા સ્પર્શો', 'પ્રણયી નયનો', 'અમૃતાલાપ' જેવાં દામ્પત્યપ્રેમની અભિવ્યક્તિનાં માધ્યમોને પણ કવિએ કેવી સરસ રીતે નિર્દેશ્યાં છે! લગ્નજીવનમાં પ્રથમ સાક્ષી કરસ્પર્શની, એ પછી અધરસ્પર્શની અને એ મીઠા સ્પર્શોની સાથેસાથે પતિનાં પ્રેમનીતરતાં નેત્રો અને તેની મીઠી મધુર વાણી - આ બધાં દ્વારા નાયિકા દામ્પત્યપ્રેમની સભરતાની ફરીથી પ્રતીતિ કરવા ઇચ્છે છે.

નાયિકા પોતાના પત્રમાં વધામણીની મુખ્ય વાત તો છેક છેલ્લી બે પંક્તિમાં કરે છે અને એમાંય એ 'સૂતેલું વજન નવું' એવા શબ્દપ્રયોગ દ્વારા નવજાત બાળકનું વર્ણન નાન્યતરજાતિમાં કરે છે એ દ્વારા ચતુર નાયિકા આ બાળક પુત્ર છે કે પુત્રી એ જાણવા આતુર પતિને બાળકની જાતિ કળાવા દેતી નથી અને બાળકનું વર્ણન પણ કેટલું તાદૃશ અને સ્વભાવોક્તિપૂર્ણ છે! 'ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો.' સ્વભાવોક્તિ અલંકારવાળી આ પંક્તિ બાળકનું કેવું સાહજિક અને સુંદર શબ્દચિત્ર સર્જે છે! અહીં 'અંગૂઠો પદ્મ જેવો' અને 'લોચને કોણ જેવો?' એ પ્રાસયુક્ત પંક્તિઓ વાંચતાં જ નાયક હવે સમજી જ ગયો હશે કે પોતાને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ છે.

આ કાવ્યમાં અલંકારો અલ્પ છતાં નોંધપાત્ર છેઃ 'આયુર્દોરી', 'છોળઠેલે','અમૃતાલાપ' જેવા રૂપક અલંકારો, 'સ્વપ્ન જેવા જ ઠાલા'માં રહેલ ઉપમા અલંકાર તેમ જ બાળકને માટે પ્રયોજાયેલા 'સૂતેલું વજન નવું'માં રહેલો અતિશયોક્તિ અલંકાર તેમ જ 'ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો' એ પંક્તિમાં રહેલો સ્વભાવોક્તિ અલંકાર કાવ્યના અર્થસૌંદર્યમાં વાધારો કરે છે. વળી આ સૉનેટ મંદાક્રાન્તા જેવા ગેય છંદમાં રચાયેલું હોઈ, તેમાંની પંક્તિઓમાં પ્રાસ હોય એ સ્વાભાવિક છે. 'તમારી' સાથે 'ચિત્તહારી', 'વ્હાલા' સાથે 'ઠાલા' વગેરે પ્રાસયોજના પણ કાવ્યને ઉપકારક બની છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

(અ) નીચેની પંક્તિઓમાં કયો અલંકાર છે તે કહોઃ

1. મીઠા સ્પર્શો, પ્રણયી નયનો અમૃતાલાપ લાવો.
2. ગોરું ચૂસે અખૂટ રસથી અંગૂઠો પદ્મ જેવો.
3. આયુર્દોરી ત્રુટી ન ગઈ તેથી રહું શિશ નામી.

(બ) નીચેની પંક્તિઓમાં પ્રાસ શોધોઃ

1. માટે આવો, કર અધરની રમ્ય સાક્ષી પુરાવો,
   મીઠા સ્પર્શો, પ્રણયી નયનો, અમૃતાલાપ લાવો.

2. ને સંસ્કારો ગત ભવ તણા તે કની સર્વ વા'લા,
   જાણું સાચા, તદપિ દીસતા સ્વપ્ન જેવા જ ઠાલા.

## 8.8 પુનરવલોકન

આપણે આ કાવ્યકૃતિને ત્રણ ખંડમાં અનુકૂળતા ખાતર વિભાજિત કરીને તેનો અભ્યાસ કર્યો. હવે સમગ્ર કાવ્યને આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

1. આ સૉનેટમાં 'વ્હાલા મારા' એ સંબોધન કોને માટે કરવામાં આવ્યું છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. 'વધામણી' એ શીર્ષક શું સૂચવે છે? અહીં કોણ કોને શાની વધામણી આપે છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

3. નાયિકા પોતાને કઈ પરિચિત પ્રતીતિ આપવાનું પતિને કહે છે? એ પ્રતીતિને તે 'ચિત્તહારી' શા માટે કહે છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

4. નાયિકાને દેવે ગહન જળમાં ખેંચી લીધી હતી અને તેને તટ પર પાછી આણી - આ પંક્તિ દ્વારા કવિએ નાયિકાના જીવનના કયા પ્રસંગ વિશે શું કહ્યું છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

5. નાયિકા કોને કૃતજ્ઞતાભાવે નમન કરે છે? શાથી?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

6. ‘ગત ભવ તણા’ સંસ્કારો તે કયા? એ સંસ્કારો સાચા હોવા છતાં નાયિકાને ‘સ્વપ્ન જેવા ઠાલા’ શા માટે લાગે છે?

...............................................................

...............................................................

...............................................................

7. પ્રસૂતિ પૂર્વેના દામ્પત્યસુખની પુનઃપ્રતીતિ નાયિકા કઈકઈ રીતે કરાવવાનું પતિને કહે છે?

...............................................................

...............................................................

...............................................................

8. નવજાત બાળક પુત્ર છે એવો નિર્દેશ કઈ પંક્તિ દ્વારા મળે છે તે સ્પષ્ટ કરો.

...............................................................

...............................................................

...............................................................

9. ‘દામ્પત્યપ્રેમની સઘન અનુભૂતિ કરાવતું આ એક મનોહર કાવ્ય છે’ - સમગ્ર કાવ્યને આધારે આ વિધાનને વિશદતાથી સમજાવો.

...............................................................

...............................................................

...............................................................

10. કવિ બળવંતરાય ઠાકોરની સર્જકતા આ કાવ્યમાં કઈ રીતે પ્રતીત થાય છે તે દર્શાવો.

...............................................................

...............................................................

...............................................................

## 8.9 લેખન પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

1. આ કાવ્યનો આસ્વાદ આશરે પાંચસો શબ્દોમાં કરાવો.

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

...............................................................

..................................................................

..................................................................

..................................................................

2. ગુજરાતી કાવ્ય સાહિત્યમાંની તમને પ્રિય એવી એક સોનેટ-રચના પસંદ કરી તેનો આસ્વાદ કરાવો.

..................................................................

..................................................................

..................................................................

## 8.10 વિશેષ અધ્યયન

### 8.10.1 કવિ-પરિચય

'નિશાનચૂક માફ કિન્તુ નહિ માફ નીચું નિશાન.'- એ પંક્તિને પોતાનું પ્રિય જીવનસૂત્ર બનાવનાર કવિ બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનો જન્મ ઈ.સ. 1869માં ભરૂચમાં થયો હતો. કૉલેજનું શિક્ષણ એક વર્ષ ભાવનગરમાં, એક વર્ષ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને બે વર્ષ પૂણેની ડેક્કન કૉલેજમાં લઈ ઇતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયા. એ પછી આ કૉલેજમાં જ એમ.એ.નો અભ્યાસ કર્યો. તેમણે ઇતિહાસના અધ્યાપક તરીકે પૂણે, કરાંચી, અજમેર, રાજકોટ અને વડોદરાની કૉલેજોમાં જુદા જુદા સમયે અધ્યાપનકાર્ય કર્યું હતું.

બળવંતરાય ખૂબ ઊંચી પ્રતિભાવાળા સર્જક હતા. બ્યાસી વર્ષના તેમના લાંબા આયુષ્યકાળમાં તેમણે ઠીક ઠીક દીર્ઘકાળ સુધી સર્જનકાર્ય કર્યું હતું. 1924માં તેઓ નિવૃત્ત થયા તે પછી પણ છેક 1952માં અવસાન પામ્યા ત્યાં સુધી તેમનું સર્જકાર્ય અવિરત ચાલુ રહ્યું હતું.

બળવંતરાયનું મુખ્ય અને સૌથી ચિરંજીવ પ્રદાન કવિતાક્ષેત્રે છે. તેમની કવિતા મુખ્યત્વે ત્રણ ધારાઓમાં વહે છે : પ્રકૃતિ, પ્રણય અને ચિંતન. 'ભણકાર' કાવ્યસંગ્રહમાં એમની મોટા ભાગની કવિતા સમાવિષ્ટ થઈ છે. 'મ્હારાં સૉનેટ'માં તેમનાં બધાં સૉનેટ સંગ્રહાયાં છે.

બળવંતરાય સ્વભાવે બંડખોર અને પ્રયોગશીલ પ્રકૃતિના હતા. તેમણે જ ઊર્મિલતાના ઝોકવાળી ગુજરાતી કવિતાની પરંપરાની સામે અર્થઘન-વિચારપ્રધાન-કવિતાનો આગ્રહ સેવ્યો. તેમણે માત્ર ઊર્મિપ્રધાન કવિતાને 'પોચટ' અને 'આંસુ સારતી' કહી અને વિચારપ્રધાન કવિતાને દ્વિજોત્તમ જાતિની ગણાવી. કાવ્યને અર્થનિષ્ઠ બનાવવા માટે તેમણે અગેય પ્રવાહી પદ્યરચનાના પ્રયોગો કર્યા. કવિતામાં શ્લોક, શ્રુતિ અને યતિનાં બંધનોનો આગ્રહ જતો કરીને લયનું મહત્ત્વ ઘટાડ્યું. તેમણે જ શિથિલ યતિવાળા પૃથ્વી છંદનો ગુજરાતી કવિતામાં સૌપ્રથમ સફળ ઉપયોગ દેખાડ્યો. પરિણામે ગુજરાતી કવિતાના સર્જનપ્રવાહમાં નવો વળાંક આવ્યો. આ રીતે તેમણે ગુજરાતી કવિતાક્ષેત્રે યુગપ્રવર્તકનું કામ કર્યું.

બળવંતરાય ઉચ્ચ કોટિના કવિ હોવા ઉપરાંત એક સમર્થ ગદ્યકાર પણ હતા. તેમણે નવલિકા, નાટક, ચરિત્ર, નિબંધ આદિ ક્ષેત્રે પ્રદાન કર્યું છે. 'દર્શનિયું' તેમનો નવલિકાસંગ્રહ છે. 'ઊગતી જુવાની' અને 'લગ્નમાં બ્રહ્મચર્ય' એમનાં નટકો છે. 'અભિજ્ઞાન શાકુંતલ', 'માલવિકાગ્નિમિત્ર' અને 'સોવિયેટ નવજુવાની' એમનાં ભાષાંતરો છે. 'અંબાલાલભાઈ' તેમણે લખેલું શ્રી અંબાલાલ સાકરલાલનું જીવનચરિત્ર છે, તો 'પંચોતેરમે'માં તેમની જીવનવિષયક રેખાઓનો આલેખ મળે છે. આ ઉપરાંત 'ઇતિહાસ દિગ્દર્શન' અને 'યુનાઈટેડ સ્ટેટ્સ' એ તેમનાં ઇતિહાસવિષયક પુસ્તકો છે. બળવંતરાયનું ગદ્યક્ષેત્રે સૌથી વિશિષ્ટ અને મૌલિક પ્રદાન તેમનાં

વિવેચનો છે. 'લિરિક', 'નવીન કવિતા વિશે વ્યાખ્યનો', 'વિવિધ વ્યાખ્યાનો', 'કવિતાશિક્ષણ વગેરે ગ્રંથોમાં તેમની મૌલિક સાહિત્યવિચારણાનો પરિપાક જોવા મળે છે.

બળવંતરાય ઠાકોર મૌલિક પ્રતિભાવાળા આત્મનિષ્ઠ સર્જક હતા. ગુજરાતી સાહિત્યમાં તેઓ ચિરંજીવ રહેશે, તેમણે પ્રેરેલી વિચારપ્રધાન કવિતાકલાથી, તેમની મૌલિક વિવેચનાથી અને બરછટ છતાં બળકટ ગદ્યશૈલીથી.

**8.10.2 સ્વરૂપ-પરિચય**

સૉનેટ આપણા ગુજરાતી સાહિત્યમાં ઘણાખરા તેજસ્વી કવિઓને હાથે ખેડાયેલો અને ખૂબ લોકપ્રિય બનેલો કાવ્યપ્રકાર છે, એટલે પ્રથમ દૃષ્ટિએ એ આપણું પોતીકું સાહિત્ય સ્વરૂપ લાગે પરંતુ સૉનેટ મૂળ તો પશ્ચિમના સાહિત્યમાંથી ઊતરી આવેલો કાવ્યપ્રકાર છે. આ પ્રકાર 13મીથી 14મી સદીમાં ઇટાલીમાં સૌપ્રથમ ઉદ્ભવ પામ્યો. એ પછી ઇંગ્લેન્ડમાં અંગ્રેજ કવિઓને હાથે ખેડાયો. ત્યારબાદ અંગ્રેજી સાહિત્યના સંપર્કને પરિણામે આપણા કવિઓએ પણ અપનાવ્યો. આજે સૉનેટ એ 'પરદેશી' નહીં પણ આપણું પોતીકું સાહિત્યસ્વરૂપ બની ગયું છે.

'સૉનેટ' શબ્દ મૂળ ઇટાલિયન શબ્દ 'Souno' (અવાજ)ના લઘુતાવાચક 'Sonnetto' (જરીક અવાજ) ઉપરથી ઊતરી આવ્યો હોવાનું મનાય છે. શરૂઆતમાં સૉનેટ એ અમુક પ્રકારના તંતુવાદ્ય સાથે કે તે સિવાય ગવાતી ટૂંકી સંગીતમય પદ્યરચના હતી પણ સમય જતાં તેના સ્વરૂપમાં પરિવર્તન આવતું ગયું અને તે સ્થિર અને સુદૃઢ થતુ ગયું.

સૉનેટ એ ચૌદ પંક્તિનું કાવ્યસ્વરૂપ છે. ચૌદ પંક્તિની મર્યાદાનો નિયમ શરૂઆતથી સ્વીકારાયેલો જોવા મળે છે. આમ છતાં સૉનેટનું હાર્દ ન જળવાય તો કેવળ ચૌદ પંક્તિના બાહ્ય માળખાથી તે કાવ્ય સૉનેટ બની શકે નહિ.

સૉનેટની ચૌદ પંક્તિઓમાં રજૂ થતા વિચાર કે ભાવના વળાંકને અનુલક્ષીને તે પંક્તિઓને અમુક વિભાગમાં વહેંચી નાખવામાં આવે છે. આ સાથે સૉનેટમાં પંક્તિઓને અંતે અમુક પ્રકારના પ્રાસની જાળવણીનો પણ આગ્રહ રખાતો આવ્યો છે.

ઇટાલીમાં સૉનેટની ચૌદ પંક્તિના આઠ અને છ એવા પંક્તિવિભાગ પાડવાની પ્રણાલી હતી, જેને 'અષ્ટક' અને 'ષટ્ક' તરીકે ઓળખવામાં આવે છે. પેટ્રાર્ક નામના કવિએ આવા પંક્તિ વિભાગવાળા ઘણાં સૉનેટ લખ્યાં તેથી આ પ્રકારના પંક્તિ-વિભાગવાળાં સૉનેટને પેટ્રાર્કશાઈ સૉનેટ તરીકે ઓળખવામાં આવે છે.

પેટ્રાર્કશાઈ સૉનેટમાં પંક્તિને અંતે પ્રાસરચના અષ્ટકમાં abba, abba અને ષટ્કમાં cd, cd, cd, અથવા તો cde, cde પ્રકારની હોય છે.

સૉનેટની ચૌદ પંક્તિના ચાર, ચાર, ચાર અને બે એવા વિભાગ કરવાની બીજી રીત પણ પ્રચલિત થયેલી છે. આ પંક્તિના જૂથને ચતુષ્ક અને બે પંક્તિના જૂથને યુગ્મ તરીકે ઓળખવામાં આવે છે. વિખ્યાત કવિ શેક્સપિયરે આ પ્રકારનાં ઘણાં સૉનેટ લખ્યાં તેથી આ પ્રકારના પંક્તિભાગવાળા સૉનેટને 'શેક્સપિયરશાઈ સૉનેટ' કહેવામાં આવે છે. શેક્સપિયરશાઈ સૉનેટમાં પંક્તિને અંતે પ્રાસયોજના ત્રણ ચતુષ્કમાં abab, cdcd, efef અને એક યુગ્મમાં gg પ્રકારની હોય છે.

સમય જતાં સૉનેટના ઉપર મુજબના પંક્તિભાગો કરવાનો આગ્રહ ઓછો થતો ગયો. કવિ મિલ્ટને ચૌદ પંક્તિના યથેચ્છ વિભાગો પાડીને સૉનેટ લખ્યા, જેને મિલ્ટનશાઈ સૉનેટ કે અનિયમિત સૉનેટ તરીકે ઓળખવામાં આવે છે.

ગુજરાતી ભાષામાં ઉપર્યુક્ત ત્રણેય પ્રકારના સૉનેટો લખાયાં છે. ગુજરાતી સૉનેટમાં ચૌદ પંક્તિની મર્યાદા સ્વીકારાયેલી છે પણ ચૌદ પંક્તિના વિભાગો પાડવાની બાબતમાં કે

પ્રાસયોજનાની બાબતમાં કશો દૃઢ આગ્રહ રાખવામાં આવતો નથી. ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ સૉનેટ કવિ બળવંતરાય ઠાકોરે રચ્યું હતું. 'ભણકારા' તેમણે રચેલી ગુજરાતી સાહિત્યની પહેલી સૉનેટરચના છે. એમના સમકાલીન અને અનુગામી એવા ઘણા તેજસ્વી કવિઓએ ઉત્તમ કોટિનાં સૉનેટો રચી ગુજરાતી કાવ્યસાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

### 8.10.3 વિશેષ-વાચન

તમારે બળવંતરાય ઠાકોરના જીવન અને કવનનો વિશેષ પરિચય મેળવવો જોઈએ. બળવંતરાયના જીવનનો આલેખ મેળવવો હોય તો તેમનું પુસ્તક 'પંચોતેરમે' વાંચવું જોઈએ. 'કવિ-પરિચય'માં દર્શાવેલા તેમના સંગ્રહો વાંચવા જોઈએ. કમસેકમ 'મ્હારાં સૉનેટ' સંગ્રહમાંથી તેમનાં સૉનેટનું અધ્યયન કરવું જોઈએ.

**• ટિપ્પણ**

**નિશદિન** - (અ.) રાતદિવસ; **પ્રતીતિ** - (સ્ત્રી.) ખાતરી (૨) ભરોસો, વિશ્વાસ; **ચિત્તહારી** - (સ્ત્રી.) ચિત્તને હરનાર, ચિત્તાકર્ષક; **છોળઠેલે** - (પુ.) છોળના ઠેલાથી, મોજાના ધક્કાથી; **નવલ** (સ્ત્રી.), નવું; **આયુર્દોરી** (સ્ત્રી.) આયુરૂપી દોરી, જીવનદોરી, આવરદા; **શીર્ષ** (ન.) શીશ, મસ્તક, માથુ; **કર** - (પુ.) હાથ; **અધર** - (પુ.) નીચલો હોઠ (૨) હોઠ; **અમૃતાલાપ** - (પુ.) અમૃત જેવી મીઠી વાણી; **દયિત** - (પુ.) પ્રિય (૨) પ્રીતમ, વલ્લભ; **લોચન** - (નં.) નેત્ર, આંખ.

એકમ ૯

# નિર્દોષ ને નિર્મળ આંખ તારી

- હરિશ્ચંદ્ર ભટ્ટ

રૂપરેખા

9.1 ઉદ્દેશો
9.2 પ્રસ્તાવના
9.3 કૃતિ (કવિતા)
9.4 કૃતિનો સારાંશ
9.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
9.6 વસ્તુલક્ષી કસોટી
9.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
9.8 પુનરવલોકન
9.9 લેખન-પ્રવૃત્તિ
9.10 વિશેષ અધ્યયન
9.10.1 કવિ-પરિચય
9.10.2 સ્વરૂપ-પરિચય
9.10.3 વિશેષ વાચન
• ટિપ્પણી

## 9.1 ઉદ્દેશો

આ સોનેટના અભ્યાસ દ્વારા તમે -

- એક સુંદર ઊર્મિકાવ્યનો આસ્વાદ માણશો.
- મૃત્યુની વેદનાનું એક ઘૂંટાયેલું શબ્દચિત્ર માણશો.
- ભાઈના નાની બહેન તરફના નિર્મળ સ્નેહનો આસ્વાદ માણશો.
- મૃત્યુ એના સ્વાભાવિક ક્રમે ન આવે તો એ કેવું દુઃખદાયક અને વેદનાકારક બની રહે છે એ સમજશો.
- ભાષાનું નાજુક શિલ્પ વેદનાને કેવી ધાર આપી શકે છે એ કાવ્યના આસ્વાદ દ્વારા માણશો.
- કાવ્યમાં નિરૂપાયેલા કરૂણરસનો આસ્વાદ પામશો.
- કાવ્યની ભાષાકીય વિશેષતાઓ જાણશો.

## 9.2 પ્રસ્તાવના

અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં મૃત્યુની વેદનાને ભાવોત્કૃષ્ટ રીતે વર્ણવતાં ઊર્મિકાવ્યોમાં હરિચંદ્ર ભટ્ટનું પ્રસ્તુત ઊર્મિકાવ્ય 'નિર્દોષને  નિર્મળ આંખ તારી' નોંધપાત્ર છે. એક મમતાભર્યો ભાઈ પોતાની વહાલસોયી, નિર્દોષ ને નિર્મળ આંખોવાળી, કુમળી કૂંપળ જેવી બહેનના અકાળે થયેલા મૃત્યુથી જે ઘેરો આઘાત અનુભવે છે એ આઘાત આ કાવ્યને જન્માવે છે. કાવ્યમાં ભાઈ બહેનને અંજલિ આપે છે... એને સ્મરીને... એના જીવનપ્રસંગોને સ્મરીને...અંજલિ આપે છે. ક્યાંક ભાઈના હૈયાનું ડૂસકું સંભળાય છે. ભરયુવાનીમાં... ના... ના... હજી તો આથમતા કૌમાર્યની સંધ્યાને અને યૌવનના પ્રાગટ્યની પરોઢે અકાળે સદા માટે પોઢી ગયેલી બહેનની મીઠી યાદ અહીં આંસુના તોરણમાં મઢાઈ છે.

## 9.3 કૃતિ

### નિર્દોષ ને નિર્મળ આંખ તારી

નિર્દોષ ને નિર્મળ આંખ તારી
હતી હજી યૌવનથી અજાણ,
કીધો હજી સાસરવાસ કાલે,
શૃંગાર તેં પૂર્ણ ચિતા મહીં કર્યો !
કૂંળી હજી દેહલતા ન પાંગરી
કૌમાર આછું ઊઘડ્યું ન ઊઘડ્યું,
પ્હેરી રહે જીવનચૂંદડી જરી,
સરી પડી ત્યાં તુજ અંગથી એ !
સંસારના સાગરને કિનારે
ઊભા રહી અંજલિ એક લીધી,
ખારુમીઠું એ સમજી શકે ત્યાં
સરી પડ્યો પાય સમુદ્રની મહીં !
છો કાળ આવે, શિશિરોય આવે,
ને પુષ્પ કૂંળાં દવમાં પ્રજાળે;
સુકોમળી દેહકળી અરે અરે
વસંતની ફૂંક મહીં ખરી પડી !

**- હરિશ્ચન્દ્ર ભટ્ટ ('સ્વપ્ન પ્રયાણ'માંથી)**

## 9.4 કૃતિનો સારાંશ

કવિ હરિશ્ચંદ્ર ભટ્ટકૃત 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કવિની સદ્‌ગત બહેનના અવસાનને વિષય બનાવી લખાયેલી કવિતા છે. મૃત્યુ માનવીને અસહાય કરી દે એવી ઘટના છે. એમાંયે કવિએ તો નિરૂપ્યું છે એવી નાનકડી બહેનનું મૃત્યુ કે જેના હાથમાંથી હજી લગ્નની મેંદીની ભાત પણ ગઈ નથી! આવી આ નાનકડી, મીઠડી બહેનનું અકાળે મૃત્યુ કવિહૃદયને સ્તબ્ધ બનાવી દે છે. આખાય કાવ્યમાં કવિએ હૃદયને સ્તબ્ધ બનાવી દે એવી આ ઘટનાને ચાર કડીમાં ક્રમેક્રમે ઘેરી થતી મનઃસ્થિતિની ચાર અવસ્થાઓ રૂપે નિરૂપી છે. વેદનાની પરાકાષ્ઠાથી કવિતા આરંભ પામે છે અને વેદનાની પરાકાષ્ઠાએ જ કાવ્યનું સમાપન થાય છે. જીવનમાં મૃત્યુ એના સ્વાભાવિક ક્રમમાં આવે તો એની સામે કવિની ફરિયાદ નથી. વેદના ઋષિઓએ પણ ક્રમ પ્રમાણે આવતા મૃત્યુની પ્રાર્થના કરી છે. જર્મન કવિ રિલ્કેએ પણ Give each one his own death-ઇચ્છામૃત્યુની વાત કરી છે પણ 'વસંતની ફૂંકમાં કળીનું ખરી પડવું' યૌવનના ઉઘાડે જ અકાળે આથમી જવું એ ઘટના કવિને ક્રંદિત કરી કાવ્યમાં કાળદેવતા સામે ફરિયાદ કરાવે છે. મૃત્યુની વેદનાને આટલી તીવ્ર રીતે ઘૂંટતાં ઊર્મિકાવ્યો આપણી ભાષામાં વિરલ છે. ભાષાનું નાજુક શિલ્પ વેદનાની ધારને તેજ બનાવે છે. ગુજરાતી ભાષાનાં ઊર્મિકાવ્યોમાં આ કાવ્ય આગવા સ્થાનનું અધિકારી બન્યું છે.

## 9.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

'નિદોર્ષ ને નિર્મળ આંખ તારી' કાવ્ય સદ્‌ગત બહેનને સંબોધીને લખાયું છે. આ કાવ્યનું વાચન આપણા જીવનમાં કે આપણી આસપાસના જીવનમાં કોઈક આપ્તજનના મૃત્યુંએ પ્રગટાવેલી તીવ્ર વ્યથાની હૃદય વલોવતી વેદનાનો આપણને અનુભવ કરાવે છે.

મૃત્યુ એ માનવીને અસહાય કરી દે એવી ઘટના છે. એમાંય આ કાવ્યમાં તો કવિએ હજી

લગ્નની મેંદીનો રંગ જેની હથેળીમાંથી ગયો નથી એવી નાનકડી બહેનના મૃત્યુની ઘટનાને શબ્દરૂપ આપ્યું છે.

આખુંય કાવ્ય હૃદયને સ્તબ્ધ બનાવી દેતી મૃત્યુની ઘટનાને ચાર કડીમાં નિરૂપે છે. કવિએ ચાર કડીમાં ક્રમેક્રમે ઘેરી થતી મનસ્થિતિની ચાર અવસ્થાઓ નિરૂપી છે.

આરંભની બે પંક્તિમાં કવિએ મૃત્યુ પામનાર બહેનની છબી થોડા શબ્દોમાં પણ સરસ ઉપસાવી છે. માણસની છબી એની આંખોમાં ઊપસે છે. કવિએ પણ બહેનની ઓળખાણ, બહેનના મુગ્ધ ચહેરાની ઓળખાણ 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી'થી આપણને કરાવી છે. જેની નિર્દોષ, નિર્મળ આંખો હજી યૌવનથી અજાણ છે એવી આ બહેન ગઈ કાલે તો સાસરે ગઈ છે... યૌવનનાં આનંદ-સુખ ભોગવે એ પહેલાં તો એનો શૃંગાર ચિતામાં પૂરો થાય છે. અગ્નિના લાલ રંગને શૃંગાર પ્રસાધનના લાલ રંગ સામે મૂકીને હૃદયમાંથી આર્તચીસ નીકળી પડે એવી વેદના કવિ સહજ રીતે 'શૃંગાર તેં પૂર્ણ ચિતા મહીં કર્યો.' પંક્તિમાં ઘૂંટી શક્યા છે!

વેદનાની આ પરાકાષ્ઠાથી કવિતા આરંભાય છે પણ પછીની બે કડીઓમાં કવિ જાણે આ આખીયે ઘટનાથી અલગ થઈ આ વેદનાને ત્રીજું પરિમાણ આપે છે. વસ્ત્રપરિધાન કરતી વેળાએ ચૂંદડી (રેશમી સાડી) પહેરવા જતાં હાથમાંથી એ ક્ષણાર્ધમાં સરી પડે એમ બહેનનું આયુષ્ય પણ ક્ષણાર્ધમાં જ સમાપ્ત થાય છે. હજી જીવનની ચૂંદડી પહેરી - ન પહેરી ત્યાં તો એ સરી પડી અને ચિતાની રક્તિમ અગ્નિજ્વાળાઓ એ નિર્જીવ દેહને લપેટાઈ રહી.

કાવ્યની ત્રીજી કડીમાં પણ કવિની આ વેદના વધુ તીવ્ર બનીને વહે છે. સમુદ્રમાંથી અંજલિ લઈ જીભ સુધી એનો સ્વાદ પહોંચતાં જેટલો સમય થાય, એટલો જ સમય આ બહેન સંસારસાગરના તટે ઊભી રહી; જીવનસમુદ્રના જળની અંજલિ હાથમાં લીધી... એનું જળ ખારું છે કે મીઠું એનો સ્વાદ પારખવાની તૈયારી કરે એ પહેલાં તો એનાં ચરણો મૃત્યુ રૂપી સમુદ્રમાં સરી પડ્યાં.

કાવ્યની અંતિમ કડીમાં જીવનચક્રના સ્વાભાવિક ક્રમના ભંગ સામે કવિની ફરિયાદ છે. શિશિરમાં ફૂલ ખરી પડે એ સ્વાભાવિક ક્રમ છે. એ જ રીતે જીવનમાં પણ મૃત્યુ એના સ્વાભાવિક ક્રમથી આવે તો એની સામે કવિને કંઈ કહેવાનું નથી. પાનખર આવે ને પાંદડાં ખરી પડે એવું બને પણ વસંત આવે ત્યારે તો બધું ખીલી ઊઠવું જોઈએ... એને બદલે આ 'સુકોમળી દેહકળી' વસંતના આગમને જ ખરી પડી... એવી રચનાના કરનાર નિયંતાને કહેવું શું? વસંતની ફૂંક એટલે તો જીવનની હવા પણ સંજીવની જ ઝેરનું કામ કરે ત્યારે કેવું થાય? આમ બહેનનું યૌવનના ઉઘાડે થતું અકાળ મૃત્યુ કવિહૈયાને હચમચાવી મૂકે છે. પાંગરવાનું હતું ત્યારે જે બહેન પોઢી ગઈ એ ઘટનાથી ઘેરો આંચકો અનુભવતો કવિ કુદરતની આવી અવ્યવસ્થા સામે ફરિયાદ કરે છે.

કરુણમિશ્રિત લાગણીસભર ભાવોનું આ કાવ્ય એમાંના મુખ્ય રસ કરુણને કારણે ગુજરાતી ઊર્મિકાવ્યોમાં આગવી ભાત પાડતું કાવ્ય બન્યું છે. મૃત્યુની વેદનાને આટલી હદે ઘૂંટતાં ઊર્મિકાવ્યો આપણી ભાષામાં વિરલ છે. કાવ્યમાં ભાષાનું નાજુક શિલ્પ વેદનાને ધાર આપે છે. છેલ્લી બે પંક્તિમાં દીર્ઘ 'ઈ'ના આવર્તનો વ્યથાની ગુંજથી ચિદાકાશને ભરી દે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. પ્રસ્તુત કાવ્ય કોને સંબોધીને લખાયું છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. કાવ્યનું વાચન કેવા પ્રકારની વેદનાને જન્માવે છે?

.................................................................

.................................................................

.................................................................

3. કાવ્યમાં કઈ ઘટનાને કવિએ શબ્દરૂપ આપ્યું છે?

.................................................................

.................................................................

.................................................................

4. કાવ્ય કેટલી કડીનું છે ? પ્રત્યેક કડીમાં કવિએ શું શું નિરૂપ્યું છે?

.................................................................

.................................................................

.................................................................

5. કાવ્યની આરંભની બે પંક્તિમાં કવિએ શું ઉપસાવ્યું છે?

.................................................................

.................................................................

.................................................................

6. બહેનના મુગ્ધ ચહેરાની ઓળખાણ કવિ કઈ કાવ્યપંક્તિથી આપે છે?

.................................................................

.................................................................

.................................................................

7. ક્ષણાર્ધમાં સમાપ્ત થતા બહેનના આયુષ્યને કવિએ કોની સાથે સરખાવીને રજૂ કર્યું છે?

.................................................................

.................................................................

.................................................................

8. કાવ્યની ત્રીજી કડી કઈ વેદનાને વર્ણવે છે?

.................................................................

.................................................................

.................................................................

9. કાવ્યના અંતમાં કવિની ફરિયાદ શાની સામે છે? કઈ ફરિયાદ છે?

.................................................................

.................................................................

.................................................................

10. આ કાવ્યનો મુખ્ય રસ ક્યો છે? ગુજરાતી ઊર્મિકાવ્યોમાં આ કાવ્યનું સ્થાન શું છે?

..............................................................

..............................................................

..............................................................

11. આ કાવ્યમાં વપરાયેલો 'ચૂંદડી' શબ્દ કેવો અર્થસભર છે તે સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

12. દેહકળી, દેહલતા, સંસારસાગર, જીવનચૂંદડી એ રૂપકો સ્પષ્ટ કરી આ પ્રયોગો કાવ્યને કેવી રીતે અર્થસભર બનાવે છે તે દર્શાવો.

..............................................................

..............................................................

..............................................................

13. 'અરે અરે' એ શબ્દપ્રયોગનું કાવ્યતત્ત્વની દૃષ્ટિએ શું મહત્ત્વ છે?

..............................................................

..............................................................

..............................................................

## 9.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(ક) નીચેનાં વિધાનો સાચાં છે કે ખોટાં તે જે તે વિધાનને અંતે આપેલ ખાનામાં ખરાં વિધાન માટે (✓) અને ખોટાં વિધાન માટે (✗)ની નિશાની કરી જણાવો.

1. 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્ય પત્નીને સંબોધીને લખાયું છે. ☐
2. કવિ આ કાવ્યમાં વર્ષગાંઠની ઉજવણીના પ્રસંગને નિરૂપે છે. ☐
3. આ કાવ્યનો મુખ્ય રસ શૃંગાર છે. ☐
4. કાવ્યમાં કવિની પરમેશ્વર સામે ફરિયાદ છે. ☐
5. કાવ્યનું સ્વરૂપ સોનેટનું છે. ☐
6. ચાર કડીના કાવ્યમાં કવિએ મૃત્યુના પ્રસંગે ક્રમે ક્રમે ઘેરી થતી મનઃસ્થિતિની ચાર અવસ્થાઓ વર્ણવી છે. ☐

(ખ) નીચેનાં વિધાનો નીચે ઓપલાં કારણોમાંથી યોગ્ય કારણ સામે (✓)ની નિશાની કરી પૂરા કરો :

1. 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્ય કરૂણરસનું છે કારણ કે,

(अ) એમાં કવિએ પત્નીના મૃત્યુની વેદના નિરૂપી છે. ☐

(ब) એમાં હજી લગ્નની મેંદી જેની હથેળીમાંથી ગઈ નથી એવી નાનકડી બહેનના મૃત્યુની વેદના નિરૂપાઈ છે. ☐

(क) એમાં પોતાના પિતાના મૃત્યુને કવિએ નિરૂપ્યું છે. ☐

2. 'નિર્દોષને નિર્મળ આંખ તારી' કાવ્યમાં કવિ પરમેશ્વર સામે ફરિયાદ છે કારણ કે -

(अ) કવિની બહેન વસંતની ફૂંકમાં ખરી પડી હતી. ☐

(ब) કવિને પરમેશ્વરે અનેક પ્રકારે દુ:ખી કર્યા હતા. ☐

(क) કવિની બહેન ઉપર અનેક દુ:ખ ઊતર્યાં હતાં. ☐

3. 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યનું સ્વરૂપ ઊર્મિકાવ્યનું છે કારણ કે,

(अ) એમાં કવિએ બહેનના મૃત્યુની કથા લંબાણથી વર્ણવી છે. ☐

(ब) એમાં કવિએ જીવનની વસંતના આગમને ખરી પડેલી બહેનના મૃત્યુની વેદના ઉત્કટતાથી વર્ણવી છે. ☐

(क) એમાં કવિએ બહેનના મૃત્યુનું વર્ણન કર્યું છે. ☐

## 9.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

(1) જેવી રીતે આભૂષણ સ્ત્રીના સૌંદર્યમાં વધારો કરે છે એવી રીતે કવિતાની સુંદરતા અલંકારો દ્વારા વધે છે. અલંકારોના પ્રયોગથી કવિના વક્તવ્યમાં અનોખી શક્તિ આવે છે. કવિનું વક્તવ્ય વાંચીને કે સાંભળીને ભાવક તેમાં તન્મય થઈ જાય છે. કાવ્યના ઉત્કર્ષમાં અલંકાર મદદરૂપ થતા હોવાથી કાવ્યમાં અલંકારનું સ્થાન અનોખું છે. નીચેની કાવ્ય પંક્તિઓ જૂઓ:

- કૂંળી હજી દેહલતા ન પાંગરી
- પ્હેરી રહે જીવનચૂંદડી જરી
- સુકોમળી દેહકળી અરે અરે!

  વસંતની ફૂંક મહીં ખરી પડી.

ઉપરની કાવ્યપંક્તિઓમાં કવિએ દેહને લતા તરીકે, જીવન એ જ ચૂંદડી તરીકે, દેહને કળી તરીકે ઓળખાવેલ છે. ઉપમેય અને ઉપમાનની એકરૂપતા દર્શાવી છે અને એ રીતે રૂપક અલંકાર દ્વારા કાવ્યનું સૌંદર્ય વધાર્યું છે.

**રૂપક અલંકારમાં** ઉપમેય અને ઉપમાનની એકરૂપતા દર્શાવવામાં આવે છે. આ અલંકારમાં ઉપમેય ઉપમાન જ છે, બંને વચ્ચે અભેદ છે, એકતા છે એમ દર્શાવવામાં આવે છે. ઉપરનાં ઉદાહરણોમાં દેહ (ઉપમેય - જેની સરખામણી કરવામાં આવે તે) અને લતા (ઉપમાન - જેની સાથે સરખામણી કરવામાં આવે તે) બંનેને એકરૂપ બતાવવામાં આવ્યાં છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

નીચેની પંક્તિઓમાંથી ઉપમાન-ઉપમેય અલગ તારવી બતાવો:

1. મારા અરે મૌન સરોવરે આ, કો ફેંકશો ના અહીં શબ્દકાંકરી.

   (अ) ઉપમેય __________ (ब) ઉપમાન __________

   (क) ઉપમેય __________ (ख) ઉપમાન __________

2. જંગલ માથે ઊગ્યો ચાંદ,

નભ-તરુનું રૂપાળું પાંદ

(अ) ઉપમેય _________ (ब) ઉપમાન _________

3. વંદન તવ પાવન પદકમલે

(अ) ઉપમેય _________ (ब) ઉપમાન _________

4. ગગન સરોવર છલકે

(अ) ઉપમેય _________ (ब) ઉપમાન _________

5. હાથ હથોડા મજબૂત મારા

(अ) ઉપમેય _________ (ब) ઉપમાન _________

(2) રૂપક અલંકારની જેમ ઉપમા અલંકારમાં પણ ઉપમેય અને ઉપમાનનો સંબંધ હોય છે. પણ રૂપક અને ઉપમા અલંકારમાંના ઉપમેય-ઉપમાન સંબંધમાં થેડો તફાવત હોય છે. રૂપક અલંકારમાં જ્યારે ઉપમેય અને ઉપમાન વચ્ચે એકરૂપતા હોય છે ત્યારે ઉપમા અલંકારમાં ઉપમેય અને ઉપમાન વચ્ચે સરખામણીનો સંબંધ હોય છે.

દા.ત. તે સ્ત્રીનું મુખ ચંદ્ર જેવું સુંદર છે. (ઉપમા)

તે સ્ત્રીનું મુખચંદ્ર અતિ સુંદર છે. (રૂપક)

ટૂંકમાં, ઉપમેય અને ઉપમાનનું સામ્ય તે ઉપમા અને ઉપમેય અને ઉપમાનની એકરૂપતા તે રૂપક. પહેલા ઉદાહરણમાં સ્ત્રીના મુખને ચંદ્ર સાથે સરખાવવામાં આવ્યું છે, જ્યારે બીજા ઉદાહરણમાં સ્ત્રીના મુખને જ ચંદ્ર કહેવામાં આવ્યું છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

નીચેનાં ઉદાહરણોમાં ઉપમા કે રૂપક કયો અલંકાર વપરાયો છે તે જણાવોઃ

1. યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની.

........... અલંકાર

2. નવલખ ધેનુ નંદઘેર દૂઝે, મેરુ રવૈયો ગોળી.

........... અલંકાર

3. બોર શું આંસુ એકેક બાને નેત્રે ઠર્યું હતું.

........... અલંકાર

(3) કવિતામાં જેમ અલંકાર એના સૌંદર્યને વધારે છે તેમ છંદ પણ કવિતાનું સૌંદર્ય વધારનાર તત્ત્વ છે. એક વિવેચકે છંદને કવિતાના પ્રદેશમાં પહોંચાડનાર પવનપાવડી કહી છે. છંદને કારણે કવિતાનું માધુર્ય વધે છે. ગુજરાતીમાં બે પ્રકારના છંદ મળે છે જેમાં માત્રાની ગણતરીને ધ્યાનમાં લેવાતી હોય તે માત્રામેળ છંદો અને જેમાં અક્ષરોની ગણતરી કેન્દ્રમાં રહેતી હોય તે અક્ષરમેળ છંદો.

આપણે અહીં 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યના સંદર્ભમાં છંદ... વિશેની જાણકારી મેળવીશું. પ્રસ્તુત કાવ્યનો છંદ છે **મિશ્રોપજાતિ.**

મિશ્રોપજાતિ છંદમાં ઉપજાતિ, વંશસ્થ અને ઇન્દ્રવંશા છંદોનું મિશ્રણ હોય છે એટલે મિશ્રોપજાતિ

છંદના પરિચય માટે ઉપજાતિ, વંશસ્થ અને ઈન્દ્રવંશા છંદ વિશે જાણવું પડે.

1. ઉપજાતિ છંદમાં ઈન્દ્રવજા અને ઉપેન્દ્રવજાનું મિશ્રણ હોય છે.

- ઈન્દ્રવજા છંદ અક્ષરમેળ છંદ છે.

  અક્ષરસંખ્યા : 11

  બંધારણ : ત, ત, જ, ગા, ગા. અર્થાત્ ત ગણ, ત ગણ, જ ગણ અને અંતિમ બે ગુરુ.

- ઈન્દ્રવજા અક્ષરમેળ છંદ છે.

  અક્ષરસંખ્યા : 11

  બંધારણ : જ, ત, જ, ગા, ગા. અર્થાત્ જ ગણ, ત ગણ, જ ગણ અને અંતિમ બે ગુરુ

2 વંશસ્થ અક્ષરમેળ છંદ છે.

  અક્ષરસંખ્યા : 12

  બંધારણ : જ, ત, જ, ર. અર્થાત્ જ ગણ, ત ગણ, જ ગણ અને ર ગણ

3 ઈન્દ્રવંશા અક્ષરમેળ છંદ છે.

  અક્ષરસંખ્યા : 12

  બંધારણ : ત, ત, જ, ર. અર્થાત્ પહેલા બે ત ગણ, જ ગણ અને ર ગણ.

મિશ્રોપજાતિ એટલે ઉપજાતિ, વંશસ્થ અને ઈન્દ્રવંશાનું મિશ્રણ 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યમાં આ રીતે થયું છે -

- નિર્દોષ અને નિર્મળ આંખ તારી (ઈન્દ્રવજા)
- હતી હજી યૌવનથી અજાણ (ઉપેન્દ્રવજા)
- કીધો હજી સાસરવાસ કાલ તેં (વંશસ્થ)
- શૃંગાર તેં પૂર્ણ ચિંતા મહીં કર્યો.(ઈન્દ્રવંશા)

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

નીચેની પંક્તિમાંથી ઈન્દ્રવજા, ઉપેન્દ્રવજા, વંશસ્થ, ઈન્દ્રવંશા છંદ કઈ પંક્તિમાં છે તે શોધીને જણાવો.

1. છો કાળ આવે, શિશિરોય આવે. ..............છંદ
2. ને પુષ્પ કૂંળાં દવમાં પ્રજાળે. ..............છંદ
3. સુકોમળી દેહકળી અરે અરે! ..............છંદ
4. વસંતની ફૂંક મહીં ખરી પડી ! ..............છંદ
5. દેવી, બન્યો એક વિચિત્ર યોગ, ..............છંદ
6. આયુષ્ય ષણ્માસનું શેષ ભક્તનું. ..............છંદ
7. જીવન છતાં મુક્ત જ ભક્ત એ તો. ..............છંદ

8. ને એમના સંચિતનાં સુખો તે. ..............છંદ

9. ન ભોગવાયે વિણ સ્વર્ગ ક્યાંય. ..............છંદ

10. ને ભક્તને સ્વર્ગ શી રીત લાવવા? ..............છંદ

11. જેને નિજેચ્છાથી જ અહીં અણાય. ..............છંદ

## 9.8 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

કાવ્યના વાચન અને સઘન અભ્યાસને આધારે હવે નીચેના પ્રશ્નોના જવાબ આપો :

1. 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યમાંના રસ કરૂણ વિશે નોંધ લખો.
2. 'નિર્દોષ ને નિર્મળ આંખ તારી'નો કવિ પરમતત્ત્વ સામે જે ફરિયાદ કરે છે એ ઉચિત છે? તમારા જવાબ માટે કારણો આપો.
3. કાવ્યમાં બહેને કેવી સ્થિતિમાં જગતમાંથી વિદાય લીધી? એનો કેવો આઘાત કવિને લાગ્યો છે?
4. હરિશ્ચંદ્ર ભટ્ટના આ કાવ્યને કરૂણપ્રશસ્તિકાવ્ય કહેવાય ખરું? શા માટે?

## 9.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

તમારી આસપાસ વસતી કોઈ વ્યક્તિના નજીકના સ્વજનનું મૃત્યુ થયું છે. એ વ્યક્તિની વેદનાને તમારા શબ્દોમાં વર્ણવો.

## 9.10 વિશેષ અધ્યયન

### 9.10.1 કવિ-પરિચય

'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યના કવિ હરિશ્ચંદ્ર ભટ્ટની જિંદગી પણ અકાળે કરમાઈ ગઈ હતી. ઈ.સ. 1906માં જન્મેલા આ કવિએ સમકાલીન કવિઓમાં આત્મબળથી અને સ્વપ્રતિભાથી અનોખી ભાત પાડી કવિતાક્ષેત્રે ધ્યાન ખેંચ્યું હતું. ઈ.સ. 1925થી તેઓએ સર્જનકાર્ય આરંભેલું. સંજોગવશાત્ મેટ્રિકથી આગળ અભ્યાસ નહીં કરી શકેલા પરંતુ વાચન એમનું પુષ્કળ હતું. એમની પાસેથી એક કાવ્યસંગ્રહ મળે છે 'સ્વપ્નપ્રયાણ'. આ કાવ્યનું સંપાદન એમનાં મૃત્યુ પછી કવિશ્રી ઉમાશંકર જોશીએ કર્યું હતું. આ સંગ્રહમાં કવિની તીવ્ર ભાવાનુભૂતિ, ઊંડું ચિંતન અને આંતરરાષ્ટ્રિય ચેતનાને આત્મસાત્ કરવાનો પ્રશંસનીય પ્રયત્ન જોવા મળે છે. તેમની પાસેથી મળતાં 'સપનું', ક્રંદન', 'સ્મરણો', 'અત્ર લુપ્તા સરસ્વતી' જેવા કાવ્યો ઉપરાંત કેટલાંક વ્યક્તિવિષયક કાવ્યોમાં હરિશ્ચંદ્રની સબળ સર્જનશક્તિનો પરિચય થાય છે. હરિશ્ચંદ્રની કવિતામાં પ્રણયનો ભાવ ઊર્મિની સ્વસ્થતા સાથે રજૂ થાય છે. તેમના જીવનમાં વ્યાપી વળેલા કોઈ વિષાદ એમની કવિતામાં ઠેરઠેર દેખા દે છે.

### 9.10.2 સ્વરૂપ-પરિચય

'નિર્દોષ ને નિર્મળ આંખ તારી' કાવ્યનું સાહિત્ય સ્વરૂપ ઊર્મિકાવ્યનું છે. ઊર્મિકાવ્ય એ અર્વાચીન સાહિત્યમાં ખૂબ મહત્ત્વ પામેલું કાવ્યસ્વરૂપ છે. પશ્ચિમમાં જેને 'Lyric' તરીકે ઓળખવામાં આવે છે એવા ઊર્મિકાવ્યનું સ્વરૂપ અન્ય કાવ્યસ્વરૂપોની તુલનામાં કંઈક વિશેષ તરલ જણાય

છે. મહાકાવ્ય, આખ્યાનકાવ્ય કે ખંડકાવ્યની જેમ કેવળ આકૃતિ ઉપરથી તેનું સ્વરૂપ ભાગ્યે જ પારખી શકાય. એ સંક્ષિપ્ત હોવા છતાં એને સૉનેટની જેમ નિશ્ચિત પંક્તિસંખ્યા નથી. આમ છતાં ઊર્મિકાવ્યને પોતાનું વિશિષ્ટ રૂપ, તેની આગવી લાક્ષણિકતાઓ છે. ઊર્મિકાવ્યમાં ભાવની સઘનતા, ઊર્મિનો ઉછાળો એ એને બીજાં કાવ્યરૂપોથી જુદું પાડતું મુખ્ય તત્ત્વ છે. આ ઊર્મિની ઉત્કટતા ઘણે અંશે આત્મલક્ષી ઉદ્‌ગારરૂપે પ્રગટે છે. અલબત્ત, ક્યારેક એ આત્મલક્ષી ઉદ્‌ગાર પાત્રલક્ષી કે અન્યલક્ષી પણ હોવાનો. 'Lyric' શબ્દ મૂળે સંઘગાન અને વ્યક્તિગાન માટે ગવાતાં કાવ્યો માટે વપરાતો હતો એટલે સંગીત પણ ઊર્મિકાવ્યનું આવશ્યક તત્ત્વ લખાયું છે. સંગીત ઉપરાંત સંક્ષિપ્તતા - ચોટ - અસર પણ ઊર્મિકાવ્ય માટે આવશ્યક છે કારણ કે, ઊર્મિની ઉત્કટતાની જે રીતે Lyricમાં અપેક્ષા છે એવા પ્રકારની ઊર્મિનો ઉછાળો કે ઊભરો બહુ લાંબો ન ચાલે એ સ્વાભાવિક છે. ઊર્મિકાવ્યની અસરકારકતા એની સંક્ષિપ્તતામાં રહેલી છે. ઊર્મિકાવ્ય એક જ ભાવ, એક જ લાગણી, એક વિચાર અને એકત્વની છાપ ઊભી કરતું હોવું જોઈએ.

### 9.10.3 વિશેષ વાચન

જેનાં મૂળ ગ્રીસના Lyreમાં પડેલા છે એવું ઊર્મિકાવ્ય આપણે ત્યાં અંગ્રેજો આવ્યા પછી વ્યાપક રીતે પ્રચારમાં આવ્યું પણ એનાં મૂળ આપણા મધ્યકાલીન સાહિત્યમાં અને નરસિંહ, મીરાં, દયારામનાં પદો-ભજનોમાં પણ પડેલાં છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નર્મદથી આરંભીને કાન્ત, કલાપી, ન્હાનાલાલ, બ.ક.ઠાકોર, ઉમાશંકર - સુંદરમ્, બાલમુકુંદ દવે, પ્રહ્લાદ પારેખ, રાજેન્દ્ર શાહ, હરીન્દ્ર દવે, રાવજી પટેલ વગેરે કવિઓએ ઊર્મિકાવ્યમાં પ્રદાન કર્યું છે. એમાંથી કેટલાક કવિઓનાં ઊર્મિકાવ્યોનો પરિચય મેળવો.

- **ટિપ્પણ**

**શૃંગાર** - (પુ.) શણગાર; **કૂંળી** - (વિ.) કુમળી, કૂણી, સુકુમાર, નાજુક; **દેહલતા** - લતા જેવો દેહ; **ન પાંગરી** - ખીલી ન ખીલી; **કૌમાર** - (ન.) કૌમાર્ય, કુમારપણું; **આછું** - (વિ.) થોડું, જરાતરા, સહેજસાજ; **જીવનચૂંદડી** - જીવનરૂપી ચૂંદડી, જીવન એ જ ચૂંદડી; **સરી પડી** - (ક્રિ.) સરકી પડી; **સંસારનો સાગર** - સંસાર એ જ સાગર; **અંજલિ** - (સ્ત્રી.) ખોબો; **પાય** (પુ.) પગ; **કાળ** -(પુ)ઋતુ, મોસમ; **શિશિરો** - (સ્ત્રી.) પોષ ને માઘ માસની ઠંડી ઋતુઓ; **કૂંળા** - (વિ.) કુમળા; **દવ** - (પુ.) દાવાનળ; **પ્રજાળે** - (ક્રિ.) સળગાવે; **સુકોમળી** - (સ્ત્રી.) કુમળી; **દેહકળી** - દેહરૂપી કળી; **વસંતની ફૂંક** - લગ્નજીવનની શરૂઆતમાં જ; **ખરી પડી** - મૃત્યુ પામી.

**'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો**

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

| | | | |
|---|---|---|---|
| (ક) | 1. (✗) ; | 2. (✗); | 3. (✗); |
| | 4. (✓) ; | 5. (✗); | 6. (✓); |
| (ખ) | 1. (બ); | 2. (અ); | 3. (બ); |

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

| | | |
|---|---|---|
| 1. | (अ) મૌન | (ब) સરોવરે |
| | (क) શબ્દ | (ब) કાંકરી |
| 2. | (अ) નભ | (ब) પાંદ |
| 3. | (अ) પદ | (ब) કમલ |

4. (अ) ગગન (ब) સરોવર

5. (अ) હાથ (ब) હથોડા

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

| | | | |
|---|---|---|---|
| 1. ઇન્દ્રવજ્રા | 2. ઇન્દ્રવજ્રા | 3. ઇન્દ્રવંશા | 4. વંશસ્થ |
| 5. ઇન્દ્રવજ્રા | 6. ઇન્દ્રવંશા | 7. વંશસ્થ | 8. ઇન્દ્રવંશા |
| 9. ઇન્દ્રવજ્રા | 10. ઇન્દ્રવંશા | 11. ઇન્દ્રવંશા | |

એકમ ૧૦

# કસુંબીનો રંગ

**- ઝવેરચંદ મેઘાણી**

રૂપરેખા


**10.1** ઉદ્દેશો

**10.2** પ્રસ્તાવના

**10.3** કૃતિ (ગીત)

**10.4** કૃતિનો સારાંશ

**10.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ-૧

ખંડ-૨

ખંડ-૩

ખંડ-૪

**10.6** વસ્તુલક્ષી કસોટી

**10.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**10.8** પુનરવલોકન

**10.9** લેખન-પ્રવૃત્તિ

**10.10** વિશેષ અધ્યયન

**10.10.1** કવિ-પરિચય

**10.10.2** સ્વરૂપ-પરિચય

**10.10.3** વિશેષ વાચન

• ટિપ્પણી


## 10.1 ઉદ્દેશો

આ કાવ્યકૃતિના અભ્યાસ દ્વારા તમે -

- અર્વાચીન ગુજરાતી કાવ્યસાહિત્યની એક ઉલ્લેખનીય વીરરસની રચનાનો પરિચય પ્રાપ્ત કરશો.
- મનુષ્યજીવનમાં વીરતા, પરાક્રમ, શું મહત્ત્વ ધરાવે છે એનો ખ્યાલ મેળવશો.
- ગીતના સાહિત્યસ્વરૂપનો પરિચય પામશો.

## 10.2 પ્રસ્તાવના

ઝવેરચંદ મેઘાણી મુખ્યત્વે રંગરાગી કવિ છે. પ્રણય, પ્રકૃતિ અને યુગના આદર્શો તેમના કવન વિષયો છે. ગાંધીજીની લડતનો પ્રસંગ હોય કે પતિત દલિતનો પ્રસંગ હોય, મેઘાણી એમાં ‘કસુંબલ’ રંગ લાવવાના જ. એમની કવિતા ત્રણ રંગોથી રંગાઈ છે : ગાંધીપ્રેરિત રાષ્ટ્રપ્રેમનો રંગ, લોકસાહિત્યનો રંગ અને રવીન્દ્રનાથ ટાગોરની કવિતાનો રંગ.

મેઘાણીનો કવિયશ જેના પર નિર્ભર છે તે કાવ્યસંગ્રહ ‘યુગવંદના’ ઈ.સ. 1935માં પ્રગટ થયો હતો. ‘યુગવંદના’નાં કાવ્યો પાંચ ખંડમાં વહેંચાયાં છે. પ્રથમ ખંડમાં રાષ્ટ્રભક્તિના 24 કાવ્યો છે. મુક્તિ-આંદોલનની ભૂમિકામાં આ કાવ્યો ઊગ્યાં છે. વીર અને કરુણ તેના મુખ્ય રસો છે. આ કાવ્યોમાં મુખ્યત્વે લોકલયો અને ચારણી છટાઓ ઉપયોજાયાં છે. ચારણી છટાઓ વીરરસને ઉપકાર નીવડી છે. આ ખંડની મોટા ભાગની કૃતિઓ લોકપ્રિય થઈ છે. મેઘાણીની

કાવ્યભાવનાના પર્યાયરૂપ બની ગયેલ શીર્ષક ધરાવતું સંગ્રહનું પ્રથમ ગીત 'કસુંબીનો રંગ' કવિનું યશસ્વી સર્જન છે. ગુજરાતી ભાષામાં વીર રસની કાવ્યકૃતિઓ અલ્પમાત્રામાં જ મળે છે. એ અલ્પકૃતિઓમાં 'કસુંબીનો રંગ' કાવ્યત્વની દૃષ્ટિએ ઊંચા બરની નોંધપાત્ર રચના છે.

## 10.3 કૃતિ

### લાગ્યો કસુંબીનો રંગ

લાગ્યો કસુંબીનો રંગ -
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ
જનનીના હૈયામાં પોઢંતાં-પોઢંતાં
પીધો કસુંબીનો રંગ;
ધોળા ધાવણ કેરી ધારાએ-ધારાએ
પામ્યો કસુંબીનો રંગ. - રાજ૦ ૧
બહેનીને કંઠે નીતરતાં હાલરડાંમાં
ઘોળ્યો કસુંબીનો રંગ;
ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ. - રાજ૦ ૨
દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભક્યો કસુંબીનો રંગ;
સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેક્યો કસુંબીનો રંગ. - રાજ૦ ૩
ભક્તોના તંબૂરથી ટપકેલો મસ્તીભર
ચાખ્યો કસુંબીનો રંગ
વહાલી દિલદારાના પગની મેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ. - રાજ૦ ૪
નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં કવિઓએ
ગાયો કસુંબીનો રંગ
મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે
પાયો કસુંબીનો રંગ. - રાજ૦ ૫
પીડિતની આંસુડાધારે હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ
શહીદોના ધગધગતા નિઃશ્વાસે — નિઃશ્વાસે
સળગ્યો કસુંબીનો રંગ. - રાજ૦ ૬
ધરતીનાં ભૂખ્યાં કંગાલોને ગાલે
છલકાયો કસુંબીનો રંગ;
બિસ્મિલ બેટાઓની માતાને ભાલે
મલકાયો કસુંબીનો રંગ. - રાજ૦ ૭
ઘોળીઘોળી પ્યાલા ભરિયાં: રંગીલાં હો !
પીજો કસુંબીનો રંગ;
દોરંગા દેખીને ડરિયાં : ટેકીલાં હો !
લેજો કસુંબીનો રંગ!
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ
લાગ્યો કસુંબીનો રંગ.

- **ઝવેરચંદ મેઘાણી** ('યુગવંદના'માંથી)

## 10.4 કૃતિનો સારાંશ

'યુગવંદના'નું પ્રથમ ગીત 'કસુંબીનો રંગ' કેફી લયથી ઊપડે છે. કાવ્યનો કેન્દ્રીય ભાવ, લય અને 'ધોળા ધાવણ કેરી ધારાએ-ધારાએ પામ્યો કસુંબીનો રંગ' જેવી સૌંદર્યપંક્તિઓને આધારે ગીત ટકી રહે છે. યુગધર્મથી પ્રેરાયેલા કવિએ આ ગીતમાં વીરરસ પોતે ક્યાંક્યાંથી કેવી રીતે પામ્યા એની વાત કરી છે. કવિએ 'કસુંબીનો રંગ' શબ્દપ્રયોગ કર્યો છે. એ અર્થબહુલ સંજ્ઞા છે. એ રસ ક્યાંક્યાં સાંપડે છે એના નિર્દેશ દ્વારા કવિએ રસમાં કયાકયા ભાવો સમાવિષ્ઠ છે એના સંકેતો પણ કર્યા છે. સોરઠી જીવન સાથે વણાઈ ગયેલો આ રંગ સૌરાષ્ટ્રમાં જન્મેલા મેઘાણીને પ્રિય હોય તે સ્વાભાવિક છે. એ રંગના પ્યાલા પીવા માટે પણ એવું શૂરાતન જોઈએ એમ કવિ દર્શાવે છે.

## 10.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા :**

હવે આપણે આ ગીતનો સઘન અભ્યાસ કરીએ અભ્યાની સરળતા ખાતર આપણે આઠ કડીઓમાં વિભક્ત આ રચનાને બે બે કડીઓના ચાર વિભાગમાં વહેંચીશું. આપણે વિભાગ પ્રમાણે સઘન ચર્ચા કરીએ.

**ખંડ : 1**

ગીતની ઉપાડની ધ્રુવપંક્તિ કેન્દ્રીય ભાવને સહજ, સરળ અને બળકટ રીતે વ્યક્ત કરે છે. ગીતનો પ્રથમ શબ્દ છે 'લાગ્યો'. એ 'લાગવું' સકર્મક ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ છે. આ અર્થબહુલ ક્રિયાપદની પસંદગીમાં જ કાવ્યની સફળતા સમાવિષ્ટ છે. 'કસુંબીનો રંગ' એ પણ એવા જ બલિષ્ઠ શબ્દો છે. કવિએ 'કેસરિયો રંગ', 'ભગવો રંગ' જેવા શબ્દો ન પ્રયોજતાં 'કસુંબીનો રંગ' શબ્દ પ્રયોજ્યો એમાં એમની કવિસૂઝ પ્રતિબિંબિત થાય છે. આ શબ્દો સાથે સોરઠી જીવન અને તેની સાંસ્કૃતિક પરંપરા સંકળાયેલા છે. આવી જ કુશળતા કવિએ 'રાજ' સંબોધનમાં પણ પ્રદર્શિત કરી છે. આ સંબોધનને પણ સોરઠી જીવનપ્રણાલીનો પાસ લાગ્યો છે. આ સંબોધન કાવ્યના લયને કેફી કરવામાં ઉપકારક નીવડે છે.

જે કેફી લયથી ગીતનો ઉપાડ થયો છે. એ લયમાં એક પછી એક અંતરા સહજપણે આવ્યા કરે છે. પોતાને કસુંબીનો રંગ લાગ્યો છે એવું વિધાન ધ્રુવપંક્તિમાં કર્યા પછી કવિ પોતે ક્યાંક્યાંથી એ રંગ પામ્યા એની વાત કરે છે. 'કસુંબીનો રંગ' એ વાસ્તવમાં તો પ્રેમ, શૌર્ય અને ત્યાગનો રંગ છે. મનુષ્ય આ (કે બીજા કોઈ પણ) ગુણો (દુર્ગુણો) સૌથી પહેલા તો માતા પાસેથી પામે છે. આ વાત કવિ રંગદર્શી રીતે પ્રથમ કડીમાં કહે છે. 'જનનીના હૈયામાં પોઢંતાં-પોઢંતાં પીધો કસુંબીનો રંગ' પંક્તિમાં કવિએ 'હૈયામાં' લખ્યું છે એ સૂચક છે. 'જનનીના ઉદરમાં' એમ કહ્યું હોત કે 'જનનીના ખોળામાં' કહ્યું હોત તો અર્થ સીમિત થઈ જાત. 'હૈયામાં' જેવો સુક્ષ્મ ભાવપ્રવણ શબ્દ પ્રયોજી કવિએ અર્થની ત્રિજ્યાઓને વિસ્તરવાનો અવકાશ આપ્યો છે. 'હૈયામાં પોઢંતાં-પોઢંતાં' એમ કહ્યું છે એટલે ભૌતિક જન્મ પૂર્વની શિશુની માતાના ઉદરમાંની સ્થિતિનો સંકેત મળે છે. મહાભારતમાં આવતી અભિમન્યુની કથામાં જે ચક્રવ્યૂહસંસ્કારની વાત આવે છે તે પરથી ભારતીય પરંપરામાં એવી માન્યતા રૂઢ થઈ જાય છે કે વ્યક્તિને જન્મપૂર્વે માતાના ગર્ભમાં તે હોય ત્યારથી જ સંસ્કાર મળવા શરૂ થઈ જાય છે. આ પંક્તિમાં પણ એવી અર્થચ્છાયા માટે પૂરતો અવકાશ છે. 'પોઢંતાં-પોઢંતાં'માં ગર્ભાવસ્થાનું સૂચન જોઈ શકાય છે. બીજી પંક્તિમાં ધાવણનો ઉલ્લેખ છે એટલે જન્મ પછીની શિશુ-અવસ્થા એ દ્વારા સૂચવાય છે એ સ્પષ્ટ છે. આ સંદર્ભમાં પ્રથમ પંક્તિ ગર્ભાવસ્થાનું સુચન કરતી હોય એ સંભાવના સવિશેષ 'ધોળા ધાવણ કેરી ધારાએ-ધારાએ'ની સેન્દ્રિયતા આસ્વાદ્ય છે.

બીજી કડીમાં કવિ 'હાલરડાં'નો ઉલ્લેખ કરે છે. શિશુ હાલરડાં સાંભળી સમજી શકે એટલું મોટું સમજણું થાય એ સમયગાળો એમાં સૂચવાય છે. સંસ્કાર-ઘડતરનો એ આરંભિક તબક્કો છે. એ સમયગાળામાં ધીમેધીમે સંસ્કારસિંચન થતું હોય છે. 'ઘોળ્યો' ક્રિયાપદમાં એ પ્રક્રિયા વ્યંજિત થાય છે.

હાલરડાંમાં તો કસુંબીનો રંગ ઘોળવામાં આવે છે. અર્થાત્ કુટુંબીજનો પાસેથી પ્રેમશોર્યના સંસ્કારો સીંચવામાં આવે છે પરંતુ બાહ્ય પરિવેશ પણ સંસ્કાર આપવાનું કામ કરે છે. 'હું પહાડનું બાળક છું' એમ કહી પોતાનો પરિચય આપનાર કવિ મેઘાણી પહાડી પરિવેશ અને તેની ભીષણતાથી પ્રભાવિત થયા હોય એ સ્વાભાવિક છે. પછીની પંક્તિમાં કવિ એ પરિવેશનો નિર્દેશ કરે છે. ભીષણ રાત્રિ, પહાડો અને ત્રાડો કસુંબીનો રંગ ચોળે છે. એ પરિવેશનમાં રહેતા સહુ એ શૌર્યના સંસ્કારો પામે જ. 'ચોળ્યો'માં આ ભાવ સૂચવાય છે. 'સિંહની ત્રાડો' એમ કહેવાને બદલે કવિએ 'પહાડોની ત્રાડો' કહ્યું છે, એમાં મેઘાણીના કવિત્વનો ચમકારો અનુભવાય છે. પહાડો પણ કેવા? 'ભીષણ રાત્રિ કેરા પહાડો...!'

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. કવિને શું લાગે છે? એ વાત કવિ કોને કહે છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. 'કસુંબીનો રંગ' એટલે શું?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. બાળપણમાં કવિ ક્યાંક્યાંથી કેવી રીતે કસુંબીનો રંગ પામે છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

**ખંડ : ૨**

શૈશવ-અવસ્થા પસાર થાય પછી કિશોરાવસ્થામાં વ્યક્તિનું સંસ્કારગ્રહણક્ષેત્ર વિસ્તૃત થાય છે. તે ઠેરઠેરથી સંસ્કારો પામે છે. ગીતની ત્રીજી અને ચોથી કડીમાં કવિ એવાં કેટલાંક ક્ષેત્રોનો નિર્દેશ કરે છે.

ત્રીજી કડીમાં કવિ આરંભમાં વીરોનાં બલિદાનોનો ઉલ્લેખ કરે છે. દુનિયાભરમાં વીર પુરુષો કોઈ ને કોઈ ઉદાત્ત હેતુ અર્થે પોતાનું બલિદાન આપતા હોય છે. આવું એક બલિદાન બીજા અનેક મનુષ્યોને વીરત્વની પ્રેરણા પ્રદાન કરતું હોય છે. 'વીરોનાં બલિદાનો'માં કવિએ 'લીલાં' વિશેષણ મૂક્યું છે. અહીં અર્થને એક વિશેષ પરિમાણ સાંપડે છે.

સામાન્ય રીતે બલિદાન આપનાર વ્યક્તિનું મોત 'અકાળે' થતું હોય છે. વયોવૃદ્ધ, પરિપક્વ વ્યક્તિઓ સામાન્ય રીતે બલિદાન આપતી નથી અને એવી વ્યક્તિઓનાં બલિદાન લેવામાં

આવતાં નથી. બલિદાનની ભાવના કિશોરોમાં, યુવાનોમાં સવિશેષ હોય. વિશ્વનો ક્રાંતિનો ઈતિહાસ તપાસતાં જણાઈ આવે કે જે ક્રાંતિકારીઓએ પોતાનાં બલિદાન આપ્યાં હતાં તેમાં મોટા ભાગના મનુષ્યો યુવાન હતા. મરનારા, શહીદ થનારા કિશોરો, યુવાનો છે એમ સૂચવવા જ કવિએ 'લીલાં બલિદાનો' કહ્યું છે. એક જ વિશેષણ પાસેથી કવિએ કેવું કામ કઢાવ્યું છે! મૂછનો દોરો ફૂટ્યો હોય તેવા, દૂધમલ કિશોરો, યુવાનોનાં બલિદાનો વીરતાની, શહાદતની ભાવનાને પ્રજવલિત કરે એમાં શંકા ખરી? આવું એક એક લીલું બલિદાન અનેક યુવાનોના હૃદયમાં ક્રાંતિની ચિનગારી પ્રગટાવતું હોય છે. તેથી જ કવિએ 'ભભક્યો' ક્રિયાપદ પસંદ કર્યું છે. કવિની શબ્દ પસંદગી કેવી સાર્થક, સૂચક છે એ જોઈ શકાશે.

ત્રીજી કડીની બીજી પંક્તિમાં સ્વાધીનતાની કબરોનો નિર્દેશ કરે છે. એ કબરોમાં કસુંબીનો રંગ મહેકી રહ્યો છે. કબરો ક્યાં આવેલી છે? સાગરને પાર. રંગની મહેક એવી તીવ્ર છે કે સાગર પારથી અહીં સુધી આવે છે. કવિએ આ ગીત રચ્યું ત્યારે આપણો દેશ પરાધીન હતો અને સ્વાધીનતા-સંગ્રામ ચાલી રહ્યો હતો. અનેક દેશભક્ત સ્વાતંત્ર્ય-સેનાનીઓને પકડીને અંગ્રેજ સરકાર દેશનિકાલ કરતી હતી, કાળાપાણીની સજા કરતી હતી, આંદામાન-નિકોબારના ટાપુઓમાં ધકેલી દેતી હતી. અનેક સ્વાતંત્ર્ય-સેનાનીઓ ત્યાં જ મૃત્યુ પામ્યા અને ત્યાં તેમની કબરો રચાઈ પરંતુ વીર શહીદોની શહાદતની સુવાસ સાગર પારથી આવ્યા વિના રહે? સુવાસ કરતાં પણ મહેક વધારે તેજ હોય છે. આ સ્વાતંત્ર્ય-સેનાનીઓની કબરોને કવિ 'સ્વાધીનતાની કબરો' કહેતા હોય એ એક સંભાવના છે.

આપણો દેશ જ્યારે પરાધીન હતો ત્યારે સાગર પાર અનેક દેશો સ્વાતંત્ર્યલડત લડી સ્વાધીન બની રહ્યા હતા. એ માટે જે દેશપ્રેમીઓએ પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા તેમની કબરોનો નિર્દેશ પણ અહીં કલ્પી શકાય અથવા પરાધીન દેશોમાં સ્વાતંત્ર્ય સેનાનીઓની જે કબરો બની તે જાણે કે સ્વાધીનતાની જ કબરો છે એમ કવિ સૂચવતા હોઈ શકે. આ પંક્તિમાં પણ કવિએ વ્યંગ્યાર્થ માટે અવકાશ રાખ્યો છે.

ત્રીજી કડીમાં કસુંબીના રંગનું એક તત્ત્વ-વીરતા-ઉપસાવાયું છે પણ કસુંબીના રંગ સાથે બીજા તત્ત્વો પણ સંકળાયેલાં છે. એ તત્ત્વોના ઉલ્લેખ હવે પછીની કડીઓમાં કવિ કરી રહ્યા છે. ચોથી કડીમાં પહેલી પંક્તિમાં કવિ ભક્તિનો અને બીજી પંક્તિમાં પ્રેમનો સંકેત કરે છે. ભક્તિનો ભાવ ભક્તોના તંબૂરમાંથી ટપકે છે. કવિ એ ભાવ પણ મસ્તીભર ચાખે છે. ભક્તિની મસ્તી પણ ઓછી નથી હોતી. પરંતુ ભક્તો ભક્તિભાવમાં ઓતપ્રોત હોય છે. કવિ તો દુન્યવી જીવ છે, સાંસારિક સુખોની કામનાવાળો છે તેથી તે ભક્તિભાવ માત્ર ચાખે જ છે, ગટગટ પીતો નથી.

પ્રેમનું-પ્રણયનું તત્ત્વ કસુંબીનો રંગમાં ન હોય તો જ નવાઈ. પ્રેમનાં જે અનેક પરિમાણો છે, સ્તરો છે તેમાં સ્ત્રીપુરુષ વચ્ચેનો પ્રેમ વધારે ઉત્કટ હોય છે. કવિ પણ અહીં એ પ્રેમનો જ ઉલ્લેખ કરે છે. પ્રિયતમા માટે અહીં કવિએ અરબી-ફારસી મૂળનો 'દિલદારા' શબ્દ પ્રયોજ્યો છે. પ્રેમની મસ્તીને તે વિશેષ વ્યક્ત કરે છે. કવિ કહે છે કે, વહાલી દિલદારાના પગની મેંદી પરથી કસુંબીનો રંગ ચૂમ્યો છે. 'ચૂમ્યો' ક્રિયાપદ પણ અહીં વ્યંજક છે. પ્રેમની ક્રિયામાં ચુંબનનો મહિમા ઓછો નથી. પ્રણયી પુરુષ માટે પ્રિયતમનાં અંગપ્રત્યંગ પ્રણયનિરૂપણ માટે મહત્ત્વનાં હોય છે. પ્રેમીઓ હોઠ પર કે મુખ પર જ ચૂમે એવું નથી. પ્રણયની ઉત્કટતામાં પગ પર પણ ચૂમી શકે. કલાપીના શબ્દો અહીં યાદ આવશે : 'ગાલે ચૂમું કે પ્હાનીએ તુંને સનમ?' પ્રેમની મસ્તી જ એવી હોય છે.

**તમારી પ્રગતી ચકાસો (ખ):**

1. કસુંબીનો રંગ ક્યાં ભભકે છે? શા માટે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

2. કસુંબીનો રંગ ક્યાં મહેકે છે? કેવી રીતે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

3. કસુંબીનો રંગ કવિ કયાં ચાખે છે? ક્યાં ચૂમે છે? શા માટે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

**ખંડ - 3**

કસુંબીનો રંગ એવો મહત્ત્વનો છે, મૂલ્યવાન છે કે એનાં ગાન કવિઓ પણ ગાય છે. શામાં ગાય છે? કવિ કહે છે કે 'નવલી દુનિયા કેરા સ્વપ્નોમાં'. પ્રશ્ન થાય કે કેમ એમાં ગાય છે? કવિને એવું લાગે છે કે સાંપ્રત સમાજ, સમકાલીન સંસારમાં એવું ખાસ નથી જેની સાથે કસુંબીના રંગને સાંકળી શકાય. એ રંગ સાથે સકંળાયેલા ભાવો સાંપ્રત જીવનમાં ક્ષીણ થઈ રહ્યા છે, એ પ્રકારનાં મૂલ્યોનો અત્યારે દિન બ દિન હ્રાસ થઈ રહ્યો છે. એ સંજોગોમાં કવિ વિચારે છે કે કસુંબીનો રંગનું ગાન ગાવા માટે, એનો મહિમા કરવા માટે નવલી દુનિયા જોઈશે. એ દુનિયા અત્યારે હકીકતમાં તો નથી તેથી કવિ એ દુનિયાનાં સ્વપ્નો જુએ છે અને એ નવલી દુનિયાનાં સ્વપ્નોમાં કસુંબીના રંગનું મહિમાગાન કરે છે.

ત્રીજી કડીના અંતે કવિ સ્વાધીનતાની કબરોમાં કસુંબીના રંગની મહેક આવતી હોવાની વાત કરેલી. પાંચમી કડીના અંતે કવિ મુક્તિના ક્યારે પોતાનું લોહી વહાવનાર કસુંબીનો રંગ પાઈ રહ્યા છે એમ કહે છે. પરાધીનતા, પરતંત્રતા, જુલ્મ સામેના સંઘર્ષમાં જ કસુંબીનો રંગ પ્રગટ થતો હોય છે. એ સંઘર્ષમાં પોતાનું રક્ત રેડનારા જ માનવજાતને કસુંબીનો રંગ પાઈ શકે છે. ત્યાગબલિદાનની ભાવના જન્માવી શકે છે. કવિએ અહીં મુક્તિરૂપી સરોવર કે કૂપની કલ્પના કરી છે. ત્યાં પ્યાસ બુઝાવવા જનારાને કસુંબીનો રંગ પીવા મળે છે અને એ પિવડાવનાર છે સ્વાધીનતાના સેનાનીઓ, મુક્તિ માટે પોતાનું રક્ત વહાવનારા.

કસુંબીનો રંગના પ્રાપ્તિ સ્થાનો અન્યત્ર પણ છે. છઠ્ઠી કડીમાં કવિ બે બીજાં સ્થાનોનો સંકેત કરે છે. જગતમાં દલિતો-પીડિતોનો પાર નથી અને પીડિતોની પીડાનો, દલિતોની યાતનાનો પણ અંત નથી. આ પીડા-યાતના, આંસુડાધાર - હાહાકાર પણ સંવેદનશીલ મનુષ્યોને કસુંબીનો રંગની પ્રેરણા આપવા શક્તિમાન છે. કશી જ ભૌતિક ઊણપ-ઓછપ ન હોવા છતાં રાજકુમાર સિદ્ધાર્થ રાજપાટ, સુખસાહ્યબી, પ્રિય પત્ની-પુત્રનો ત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કેમ આદરે છે? કસુંબીનો રંગ કેમ ગટગટાવે છે? તેમને કસુંબીના રંગની પ્રેરણા પીડિતની આસુંડાધારો - હાહાકારે જ આપી હતી ને? જગતમાં એવા અનેક સુખી-સંપન્ન શ્રીમંત મનુષ્યો થઈ ગયા છે,

જેમણે દુઃખી-દલિતો, પીડિતોની પીડા-યાતના દૂર કરવા માટે પોતાનાં જીવન સમર્પિત કર્યાં છે.

ઉપરની કડીઓમાં કવિએ 'સ્વાધીનતાની કબરો' અને 'મુક્તિને ક્યારે'ના ઉલ્લેખો કરી સ્વાતંત્ર્ય-સંગ્રામના સંકેતો કર્યા જ છે. જેની છાતીમાં પરાધીનતા સતત ખૂંચતી હોય એવો રાષ્ટ્રીય શાયર મેઘાણી 'કસુંબીના રંગ'ની વાત કરતાં સ્વાતંત્ર્ય-સેનાનીઓ, શહીદોને કેવી રીતે ભૂલી શકે છે? છઠ્ઠી કડીમાં કવિ પુનઃ શહીદોનો ઉલ્લેખ કરે છે. સ્પષ્ટ સંકેત કરે છે. ઉપર કવિએ જે 'લીલાં બલિદાનો'નો નિર્દેશ કર્યો તેમાંનાં મોટા ભાગનાં બલિદાનો શહીદોનાં છે. જે કિશોરોએ, યુવાનોએ જીવનને બરાબર જીવ્યા વિના, માણ્યા વિના જ પોતાનું જીવન ઉદાત્ત ધ્યેય માટે સમર્પિત કરી દીધું તેમના હૃદયમાં કેવા ધગધગતા નિઃશ્વાસો હશે એ કલ્પી શકાય. શહીદોના એ ધગધગતા નિઃશ્વાસે-નિઃશ્વાસે કસુંબીનો રંગ સળગે છે. એમ કવિ કહે છે. અહીં 'સળગ્યો' ક્રિયાપદ પણ સૂચક છે. બલિદાનોના સંદર્ભમાં કવિએ 'ભભક્યો' એમ લખ્યું હતું. અહીં 'સળગ્યો' એમ લખ્યું છે. બલિદાન, શહાદત કસુંબીના રંગને ભભકાવે છે, સળગાવે છે. એનો ત્વરિત પ્રસાર થાય છે.

'કસુંબીના રંગ'ની આ રચનામાં દિનેશ કોઠારીને 'પીડિતની આંસુડાધાર-હાહાકાર'નો ઉલ્લેખ અનુચિત લાગ્યો છે. 'યુગધર્મથી પ્રેરાયેલા કવિએ ગમેતેમ કરીને આ કડીઓ અહીં ચોંટાડી દીધી છે.' (જુઓ, ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ, 4, પૃ. 547) એમ એમણે નોંધ્યું છે. કોઈને કવિનો સમાજવાદ-સામ્યવાદ તરફનો ઝુકાવ પણ અહીં દૃષ્ટિગોચર થઈ શકે પરંતુ ઉપર આપણે જોયું તેમ આ અને આગામી પંક્તિ કૃતિના કેન્દ્રીય ભાવ સાથે અસંગત નથી કેમ કે, કસુંબીના રંગની વિભાવના સીમિત નથી. તેની સાથે અનેક ઉદાત્ત ભાવો સંકળાયેલા છે અને એ સંદર્ભમાં આ પંક્તિઓને અનુચિત કહી શકાય તેમ નથી.

**તમારી પ્રગતી ચકાસો (ગ):**

1. કવિઓ કસુંબીનો રંગનો મહિમા શામાં ગાય છે? શા માટે?

......................................................................

......................................................................

......................................................................

2. કસુંબીનો રંગ કોણ પાય છે? ક્યાં? કેવી રીતે?

......................................................................

......................................................................

......................................................................

3. કસુંબીનો રંગ ક્યાં રેલ્યો છે? કેવી રીતે?

......................................................................

......................................................................

......................................................................

4. કસુંબીના રંગને કોણ સળગાવે છે? કેવી રીતે?

......................................................................

......................................................................

......................................................................

છઠ્ઠી કડીમાં કવિએ પીડિતોનો ઉલ્લેખ કર્યો; સાતમી કડીમાં ભૂખ્યાં કંગાલોનો ઉલ્લેખ કરે છે. દુનિયામાં મુખ્યત્વે બે જ વર્ગ છે શ્રીમંત અને ગરીબ. ગરીબ ગમે તે દેશનો હોય, ગમે તે જાતિ-સંપ્રદાયનો હોય, એના દુઃખ-દર્દ, વ્યથા-વેદના સમાન હોય છે. ભૂખની વ્યથા બધે સરખી જ. તેથી જ કવિએ 'ધરતીનાં ભૂખ્યાં કંગાલો' કહ્યાં. ધરતી સહુની માતા છે અને સર્વ કંગાલો તેના દુઃખી દીકરાઓ છે. આ ભૂખ્યાં કંગાલોના ગાલ પર કસુંબીનો રંગ છલકાય છે. પીડિતોની આંસુડાધારે હાહાકારે કસુંબીનો રંગ રેલાય છે તો કંગાલોના ગાલ પર આંસુ મારફતે છલકાય છે. 'આંસુ છલકાયાં' એમ કહેવાને બદલે કવિ 'કસુંબીનો રંગ છલકાયો' એમ કહે છે. જેમ પીડિતોની વ્યથા તેમ કંગાલોનાં આંસુ પણ સંવેદનશીલ સજ્જનોને કસુબીના રંગની પ્રેરણા પ્રદાન કરે છે. ગાંધીજી જેવા મહાત્માને કસુંબીનો રંગ ત્યાંથી મળતો હોય છે. ગાંધીપ્રભાવ ઝીલનારા કવિ પણ ત્યાં કસુંબીનો રંગ છલકતો જુએ તો તેમાં કશુ આશ્ચર્ય ન થવું જોઈએ. ઉપર નિર્દેશ્યું તેમ તેમાં અનૌચિત્ય પણ નથી.

આગળ કવિએ ધોળાં ધાવણ કેરી ધારાએ કસુંબીનો રંગ પોતે પામ્યા એમ કહી કસુંબીના રંગની પ્રેરણામાં જનનીનું-માતાનું મહત્ત્વનું સ્થાન છે એનો સંકેત કર્યો છે જ. જીજાબાઈ, કુંતીમાતા જેવી વીર માતાઓ જ વીર બેટાઓને જન્મ આપે છે, વીર બેટાઓનું નિર્માણ કરે છે. માતાના ઉદરમાંથી જ કસુંબીનો રંગ પીનારા બેટાઓ ક્યારેક શહીદ થાય છે તો ક્યારેક ઘાયલ. પરંતુ પોતાનો પુત્ર સમાજના, દેશના કામમાં આવ્યો, તેણે પોતાની કૂખ ઉજાળી એવો સંતોષ અનુભવનાર માતાના ભાલ પર કસુંબીનો રંગ મલકાતો હોય છે. આથી વીર માતાઓ પુત્રના પરાક્રમની પ્રસન્નતા અનુભવતી હોય છે.

સાત કડી સુધી કવિ કસુંબીના રંગના પ્રાપ્તિસ્થાનોની સૂચિ આપ્યા પછી અંતિમ આઠમી કડીમાં એ રંગ પીવા માટે આહ્વાન કરે છે. પોતે તો જન્મથી જ આ રંગ પીધો છે એમ આરંભમાં કહેનાર કવિ સાત કડી સુધી પોતાને ક્યાંક્યાંથી આ રંગ મળ્યો તે જણાવે છે અને હવે આઠમી કડીમાં એમ પણ કહે છે કે આ રંગના ઘોળીઘોળી પ્યાલા ભર્યા છે. સૌરાષ્ટ્રમાં કસુંબો ઘોળવાની જે પ્રણાલી છે એનું સૂચન અહીં કવિ કરે છે. કસુંબો તૈયાર કરવામાં જેમ પરિશ્રમ કરવો પડે છે તેમ કસુંબીનો રંગ પણ ઉપર દર્શાવ્યું તેમ અનેક લોકોના સહયોગથી, તેમનાં બલિદાનથી તેમનાં દુઃખદર્દથી તૈયાર થાય છે. વીરો, ભક્તો, શહીદો, દલિતો, પીડિતો, બિસ્મિલ બેટાઓના પ્રતાપે છે. કસુંબીનો રંગ ઘોળીઘોળીને પ્યાલામાં ભર્યો છે તે પીવાનું આહ્વાન કવિ કરે છે.

કવિ જાણે છે કે કસુંબીનો રંગ પીવાનું સાહસ સામર્થ્ય બધા ધરાવતા નથી. જે રંગીલા હોય, ટેકીલા હોય, એ જ કસુંબીનો રંગ પી શકે. તેથી કવિ પણ પૂર્વશરત પ્રસ્તુત કરે છે કે રંગીલા હો તો તમે કસુંબીનો રંગ પીઓ, ટેકીલા હો તો લો. ભૂલેચૂકે જો કોઈ દોરંગાના હાથમાં એ પ્યાલો આવ્યો તો તે જોતાંની સાથે ડરી જશે.

કસુંબીનો રંગ પીવા માટે માણસ રંગીલો હોવો જોઈએ. 'રંગીલા' શબ્દનો અહીં કવિએ વિશિષ્ટ વિનિયોગ કર્યો છે. પ્રેમ, ભક્તિ, શૌર્યનો રસ પીવા માટે રંગીલાપણું તો જોઈએ જ. પરંતુ માત્ર રંગીલા હોવું પૂરતું નથી, ટેકીલા હોવું પણ જરૂરી છે. રંગીલો માણસ કસુંબીનો રંગ પીવા તો ધસી જશે પણ પછી પી ન શકે એવું બની શકે. એ માટે રંગીલા હોવાની સાથે સાથે ટેકીલાપણ હોવું ઘટે. કસુંબીનો રંગ પીવાની માણસે ટેક લેવી પડે. ટેક લીધા પછી ટેક નિભાવવી પડે, તો જ વ્યક્તિ જીવનભર કસુંબીનો રંગ પી શકે. મહારાણા પ્રતાપ જેવા પણ એક નિર્બળ ક્ષણે ટેક છોડવા તૈયાર થઈ ગયા હતા ને? ટેકીલાની આવી સ્થિતિ થાય તો પછી 'દોરંગા'નું તો પૂછવું જ શું?

'દોરંગા' શબ્દ કવિએ સરસ પ્રયોજ્યો છે. આપણે સાદી ભાષામાં જ માણસને 'ઢચુપચુ' કહીએ

છીએ, દૂધ અને દહીમાં પગ રાખનારો કહીએ છીએ તેને અહીં કવિએ 'દોરંગો' કહ્યો છે. આવો માણસ દઢ નિર્ધારશક્તિ ધરાવતો નથી. તે ઘડીમાં આ બાજુ થવા ઇચ્છે છે, ઘડીમાં બીજી બાજુ આવા મનુષ્યો કશું પામી શકતા નથી. તેઓ કસુંબીનો રંગ જોઈ લલચાઈ તો જાય છે પણ જેવા તેની નજીક જાય છે કે ડરી જાય છે. તેથી કવિ સહુને કસુંબીનો રંગ પીવા નિમંત્રતા નથી. જેઓ એ રંગ પીવા માટે યોગ્ય છે એવા રંગીલા અને ટેકીલા મનુષ્યોને જ કવિ આહ્‌વાન આપે છે.

પોતે પરોપદેશે પાંડિત્ય પ્રદર્શિત નથી કરતા એ જણાવવા રંગીલા, ટેકીલા મનુષ્યોને નિમંત્રણ પાઠવ્યા પછી કવિ અંતે પુનઃ સ્પષ્ટ કરે છે કે પોતે તો કસુંબીના રંગથી રંગાઈ જ ચૂક્યો છે. અહીં આવતું 'રાજ', સંબોધન આવા રંગીલા, ટેકીલા મનુષ્યોને જ લાગુ પડે છે એ કહેવાની હવે જરૂર ખરી? 'રાજ' શબ્દ સાથે સંકળાયેલી અર્થચ્છાયાઓ પણ આ બાબત વ્યંજિત કરે જ છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

1. કસુંબીનો રંગ ક્યા છલકાય છે? કેમ?

   ........................................................................

   ........................................................................

   ........................................................................

2. કોના ભાલ પર કસુંબીનો રંગ મલકાય છે ? શા માટે ?

   ........................................................................

   ........................................................................

   ........................................................................

3. કસુંબીના રંગના પ્યાલા કેવી રીતે ભર્યા છે? કવિ તે કોને પીવા કહે છે?

   ........................................................................

   ........................................................................

   ........................................................................

4. કસુંબીના રંગના પ્યાલા દેખી કોણ ડરે છે? શા માટે?

   ........................................................................

   ........................................................................

   ........................................................................

## 10.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

નીચે વિભાગ 'ક'માં કેટલા શબ્દો-શબ્દગુચ્છો આપવામાં આવ્યા છે અને તેની સાથે સંકળાયેલા શબ્દો-શબ્દગુચ્છો વિભાગ 'ખ'માં આપવામાં આવ્યા છે. જે તે શબ્દ સાથે સંગત શબ્દનો ક્રમ લખી યોગ્ય જોડકાં બનાવો.

| ક | | ખ | |
|---|---|---|---|
| 1. | જનનીનું હૈયું | 1. | પગની મેંદી |
| 2. | ધોળું ધાવણ | 2. | નિ:શ્વાસ |
| 3. | બહેનીનો કંઠ | 3. | રક્ત |
| 4. | ભીષણ રાત્રિ | 4. | પોઢંતાં-પોઢંતાં |
| 5. | દુનિયાના વીરો | 5. | ધારા |
| 6. | સાગરને પાર | 6. | હાલરડાં |
| 7. | ભક્તો | 7. | પહાડોની ત્રાડો |
| 8. | દિલદારા | 8. | લીલાં બલિદાનો |
| 9. | નવલી દુનિયા | 9. | સ્વાધીનતાની કબરો |
| 10. | મુક્તિનો ક્યારો | 10. | સ્વપ્નો |
| 11. | શહીદો | 11. | તંબૂર |

## 10.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

ઝવેરચંદ મેઘાણીની આ લોકપ્રિય ગીતરચના પર આંતર-બાહ્ય બંને બાબતે સોરઠી પરંપરાનાં લોકગીતોનો પ્રભાવ દૃષ્ટિગોચર થાય છે. કોઈ લોકગીતનો ઢાળ કવિએ અહીં ખપમાં લીધો લાગે છે. આ ગીત લોકગીત જેટલું જ લોકપ્રિય થયું છે તેનું કારણ આ પણ ખરું 'લાગ્યો કસુંબીનો રંગ' એ પ્રભુપ્રદત્ત પંક્તિ છે. ગીતની અડધી સફળતા તો આ ઉપાડની પંક્તિ પર અવલંબિત છે. ગીતની પ્રત્યેક પંક્તિને અંતે 'કસુબીનો રંગ' શબ્દો પુનરાવૃત્ત થાય છે. ગીતની પ્રથમ અને અંતિમ પંક્તિમાં 'લાગ્યો કસુંબીનો રંગ' શબ્દગુચ્છ બબ્બે વાર પુનરાવૃત થયું છે. આ પુનરાવર્તન ગીતના કેફી લયને ઘૂંટવામાં, ઘોળવામાં મદદગાર થાય છે. સૌરાષ્ટ્રમાં જેમ કસુંબો ઘૂંટવામાં આવે છે, ઘોળવામાં આવે છે તે રીતે આ ગીતમાં કસુંબીનો રંગને પણ સાદ્યંત ઘૂંટવામાં આવ્યો છે. આ પુનરાવર્તન મંત્રસદૃશ પ્રભાવ નિષ્પન્ન કરે છે.

કસુંબીનો રંગની જે ભાવના છે, જે અર્થ છાયા છે તેને પરિપુષ્ટ કરે એવા વિશિષ્ટ શબ્દો કવિએ કાવ્યમાં ગૂંથી લીધા છે. એ શબ્દપસંદગીમાં કવિની સૂઝ જોવા મળે છે. 'રાજ', 'જનની', 'પોઢંતાં', 'ધાવણ', 'બહેની', 'હાલરડાં', 'ભીષણ રાત્રિ', 'પહાડોની ત્રાડો', 'લીલાં બલિદાનો', 'સ્વાધિનતાની કબરો', 'ભક્તોના તંબૂર', 'મસ્તીભર', 'વહાલી દિલદારા', 'નવલી દુનિયા', 'મુક્તિને ક્યારે' વેગેરે આ પ્રકારના શબ્દો છે. આ શબ્દો કાવ્યના વિશિષ્ટ વાતાવરણના નિર્માણમાં પોતાનો ફાળો આપે છે.

આ ગીતમાં પ્રત્યેક પંક્તિને અંતે 'કસુંબીનો રંગ' શબ્દો આવતા હોઈ અંત્યાનુપ્રાસ મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી પણ તે છતાં કવિએ પ્રાસ તો જ્યાં સહજપણે મળ્યા ત્યાં મેળવ્યા છે. સાતમી કડીમાં 'ગાલે' સાથે 'ભાલે' અને 'છલકાયો' સાથે 'મલકાયો'નો પ્રાસ સુંદર છે. આઠમી પંક્તિમાં પણ 'ભરિયા રંગીલાં હો!' સાથે 'ડરિયાં ટેકીલા હો!'નો પ્રાસ મેળવ્યો છે.

વર્ણાનુપ્રાસ અને શબ્દાનુપ્રાસ પણ કાવ્યમાં મળે છે. 'ધોળા ધાવણ કેરી ધારાએ - ધારાએ', 'બિસ્મિલ બેટાઓ', દોરંગાં દેખીને ડરિયાં' વગેરે વર્ણાનુપ્રાસ તથા 'પહાડની ત્રાડો', 'આંસુડાધારે હાહાકારે'ના શબ્દાનુપ્રાસ પણ નોંધપાત્ર છે.

શબ્દાલંકારોમાં રૂપક અલંકાર કવિએ આ કાવ્યમાં વિષય લીધો છે. 'સ્વાધિનતાની કબરો', 'મુક્તિને ક્યારે', 'રાત્રિ કેરા પહાડોની ત્રાડો' વગેરે રૂપક કાવ્યમાં ઓગળી ગયેલાં છે. છેલ્લી પંક્તિમાં સજીવારોપણ પણ છે જ. કવિએ કસુંબીના રંગને પણ જીવંત, સજીવ કલ્પ્યો હોઈ 'ભભક્યો કસુંબીનો રંગ', 'મહેક્યો કસુંબીનો રંગ', 'મલકાયો કસુંબીનો રંગ' જેવા

સજીવારોપણ સહજતાથી સાંપડે છે.

ઉપર આપણે 'ધોળા ધાવણ કેરી ધારાએ - ધારાએ'ના વર્ણાનુપ્રાસની નોંધ લીધી. પરંતુ એ પંક્તિમાં પુનરાવૃત્ત થતો 'ધ' વર્ણ અને 'આ'કાર ધાવણની ધારાને પ્રત્યક્ષ કરાવી રહે છે. એ જ રીતે 'ભીષણ રાત્રિ કેરા પહાડોની ત્રાડોએ'ના કઠોર વર્ણો પણ સિંહગર્જનાને જાણે કે શ્રાવ્ય બનાવી રહે છે! 'પીડિતની આંસુડાધારે હાહાકારે'માં લય થોડો ખોડંગાય છે. મને લાગે છે કે કવિએ સાભિપ્રાય રીતે આમ કર્યું છે. આપણા સમાજની સુસંવાદી વ્યવસ્થામાં પીડિતોની પીડા ભંગ પડાવે છે, તેને તોડે છે. આ ભાવ વ્યંજિત કરવા જ કવિએ કદાચ અહીં ઇરાદાપૂર્વક લયના પ્રવાહને ખંડિત થવા દીધો છે એમ લાગે છે. 'દોરાંગાં દેખીને ડરિયાં'માં 'દોરંગાં' શબ્દ પણ દાદ માગી લે તેવો છે. ઢચુપચુ માણસને તાદૃશ કરાવી રહે છે અને 'રાજ'નું સંબોધન તો કાવ્યના કેફી વાતાવરણમાં ચાર ચાંદ લગાવી દે છે. કવિને તેમની શબ્દપસંદગીની કુશળતા માટે સલામ જ કરવી પડે.

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

(1) કાવ્યની ધ્રુવપંક્તિમાં કવિએ 'લાગ્યો કસુંબીનો રંગ' લખ્યું છે. અહીં 'કસુંબીનો રંગ' સાથે 'લાગ્યો' ક્રિયાપદ પ્રયુક્ત થયું છે. પછીની તમામ પંક્તિઓમાં કવિએ 'કસુંબીનો રંગ' સાથે ભિન્નભિન્ન ક્રિયાપદો પ્રયોજ્યાં છે. એ ક્રિયાપદો દર્શાવો અને તેનાથી અર્થમાં શો ફેર પડે છે તે દર્શાવો.

.............................................................

.............................................................

.............................................................

(2) નીચેના શબ્દો જુઓ : ધોળા ધાવણ, ભીષણ રાત્રિ.

અહીં 'ધાવણ' અને 'રાત્રિ' સંજ્ઞા છે અને 'ધોળા' અને 'ભીષણ' તેનાં વિશેષણ. સંજ્ઞા-નામના અર્થમાં વધારો કરે તેને વિશેષણ કહે છે.

આ ગીતમાં પ્રયોજાયેલાં વિશેષણોની યાદી બનાવો. તેઓ સંજ્ઞાના અર્થમાં શો વધારો કરે છે તે દર્શાવો.

.............................................................

.............................................................

.............................................................

## 10.8 પુનરવલોકન

આપણે આ ગીતને ચાર ખંડમાં વિભાજિત કરીને તેનો સઘન અભ્યાસ કર્યો. હવે સમગ્ર કૃતિને આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

1. કસુંબીનો રંગ કવિને ક્યાં લાગે છે? કેવી રીતે?

.............................................................

.............................................................

.............................................................

2. કસુંબીના રંગની પ્રેરણા કવિને ક્યાંક્યાં મળે છે?

..............................................................

..............................................................

..............................................................

3. કસુંબીનો રંગ કોણ પી શકે? કોણ ન પી શકે? શા માટે?

..............................................................

..............................................................

..............................................................

4. 'કસુંબીનો રંગ' દ્વારા કવિ શું કહેવા માગે છે? એની અર્થચ્છાયા સ્પષ્ટ કરો.

..............................................................

..............................................................

..............................................................

5. માનવજીવનમાં કસુંબીનો રંગનું શું માહાત્મ્ય છે?

..............................................................

..............................................................

..............................................................

6. કવિ મેઘાણીની સર્જકતા આ ગીતમાં કઈ રીતે પ્રતીત થાય છે એ દર્શાવો.

..............................................................

..............................................................

..............................................................

## 10.9 પુનરવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઝ):**

1. આ ગીતનો આસ્વાદ લગભગ પાંચસો શબ્દોમાં કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

2. મેઘાણીના અન્ય કોઈ પણ કાવ્યનો આસ્વાદ કરાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 10.10 વિશેષ અધ્યયન

### 10.10.1 કવિ-પરિચય

જૈન વણિક ઝવેરચંદ કાલિદાસ મેઘાણીનો જન્મ 28મી ઑગસ્ટ 1896ના દિવસે ચોટીલા (સૌરાષ્ટ્ર)માં થયો હતો. જીવનનાં આરંભિક વર્ષોમાં તેઓ નાના દેશી રાજ્યમાં પ્રવેશતા ચારણો સાથે દરબારગઢમાં જતા અને લોકગીત ગાતા, સાહિત્યના શોખને લીધે કલકત્તામાં કારખાનામાં નોકરી ન સ્વીકારી પણ રાણપુરમાં શરૂ થયેલા 'સૌરાષ્ટ્ર' પત્રમાં જોડાયા. અમૃતલાલ શેઠે મુંબઈમાં 'જન્મભૂમિ' શરૂ કરતાં મેઘાણી રાણપુરથી મુંબઈ જઈ એમાં જોડાયા. ત્યાં જઈ બંધ પડેલું 'ફૂલછાબ' પત્ર પુનઃ શરૂ કર્યું. હૃદયરોગના હુમલાથી 1947માં 9મી માર્ચ બોટાદમાં અવસાન થયું.

મેઘાણી 1916માં અંગ્રેજી-સસ્કૃત સાથે બી.એ. થયેલા. 1928માં તેમને લોકસાહિત્યના સંશોધન માટે 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયેલો. 1943માં 'ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા'ના ઉપક્રમે તેમણે 'લોકસાહિત્યનું સમાલોચન' એ વિષય પર પાંચ વ્યાખ્યાનો આપ્યાં. 1946માં તેમને 'માણસાઈના દીવા' માટે 'મહીડા પારિતોષિક' એનાયત થયું.

જીવનના ઉત્તરાર્ધની પચીસીમાં મેઘાણીએ લોકસાહિત્યનું સંપાદન, કવિતા, ટૂંકીવાર્તા, નવલકથા, વિવેચન વગેરે વિવિધ વિષયોને આવરી લેતા 88 ગ્રંથો રચ્યા. તેમના સાહિત્યને ઘડનારાં મુખ્ય પાંચ પરિબળો આ મુજબ છે : લોકસાહિત્ય, સોરઠી સમાજજીવન, ગાંધીજીપ્રેરિત યુગચેતના પત્રકારત્વ અને પરભાષાના સાહિત્યનો પરિચય. આ પરિબળો સાથેના સુમેળથી મેઘાણીની સર્જકતાએ આપણને અનોખું સાહિત્ય આપ્યું છે. મેઘાણીને પ્રાપ્ત થયેલા જીવનતત્ત્વનો વારસો આપણને ૧૬ કથાસંગ્રહો, ૧૦ ગીતસંગ્રહો અને ૫ વિવેચનગ્રંથો રૂપે સાંપડ્યો છે. 'યુગવંદના' મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરૂદ અપાવનાર લોકપ્રિય કાવ્યગ્રંથ છે.

### 10.10.2 સ્વરૂપ-પરિચય

આ કાવ્ય ગીત છે. ગીત ઊર્મિકાવ્યનો પેટાપ્રકાર છે. ઊર્મિકાવ્યને અંગ્રેજીમાં Lyric કહે છે. ગાનને ઊર્મિકાવ્યની મૂળ ગંગોત્રી ગણી શકાય. ગાનમાં હજી ગેયતારૂપે સંગીતનું સાતત્ય જળવાઈ રહ્યું છે. ગાનમાંથી કાળક્રમે પ્રયોગ કરતાં-કરતાં ઊર્મિકાવ્ય નીપજ્યું હશે. સંગીતના ભારણમાંથી મુક્ત થવાથી ઊર્મિકાવ્યનું રૂપ સિદ્ધ થયું તેની વચ્ચેની સ્થિતિ તે ગીત છે. એ

સંક્ષિપ્ત, લયબદ્ધ અને કાવ્યપૂર્ણ હોય છે. તેમાં ગાન કરતા વધારે તીવ્રતાવાળી એકાદ લાગણી હોય છે. સામાન્ય રીતે આ લાગણી સરળ, સીધી અને અંગત હોય છે; એક જ ભાવસ્થિતિને કારણે સધાતી એકાગ્રતા એના સ્વરૂપને સુગ્રથિત બનાવી રસાત્મકતા પ્રદાન કરે છે.

ઊર્મિકાવ્ય કોઈ પણ વિચાર-ચિંતન, ઊર્મિ-સંવેદન કે કલ્પના-પ્રેરણાનું પરિણામ છે. ઊર્મિકાવ્યના સર્જન દ્વારા કવિ પોતાની વ્યક્તિતાનો સર્જનપ્રક્રિયામાં વિનિયોગ કરે છે. ઊર્મિકાવ્યમાં કવિની પ્રતિભા કાવ્યની સાથે એકરૂપ બને છે. ઊર્મિકાવ્યમાં બિનંગત કે નિરર્થક વાત પ્રવેશી શકતી નથી, તેથી તે નિર્ભેળ, સીધું અને સરળ બને છે. અલબત્ત, આ સરળતા હંમેશાં સંકુલતા વિનાની હોય એવું નથી.

આત્મલક્ષિતા, વિચાર-ચિંતન, ઊર્મિ-ભાવ અને કલ્પના-પ્રેરણા ઊર્મિકાવ્યનાં મુખ્ય તત્ત્વો છે. ઊર્મિકાવ્યમાં આ તત્ત્વો વત્તેઓછે અંશે હોય છે, પણ તેમાંથી કોઈ એક તત્ત્વનું પ્રાધાન્ય હોય છે તેને આધારે ઊર્મિકાવ્ય વિચારપ્રધાન, ઊર્મિપ્રધાન અને કલ્પનાપ્રધાન બને છે. બ.ક. ઠાકોરના મતે કવિતા માત્ર ઊર્મિપ્રધાન હોય તે જરૂરી નથી, હા, ઊર્મિવત્ હોવી જોઈએ અને લિરિક ઊર્મિપ્રધાન હોવું જોઈએ.

ઊર્મિકાવ્ય માટે ઊર્મિની તીવ્રતા ઉત્કટતા અતિ આવશ્યક છે. ઊર્મિની ઉત્કટતા લાંબો સમય ટકી શકતી નથી તેથી ઊર્મિકાવ્ય સહજ રીતે જ ટૂંકું હોય છે. ઊર્મિકાવ્યની એકતાનો આધાર જેમ એકચિત્તતા પર છે, તેમ અમુક અંશે ઊર્મિની ઉત્કટતા પર પણ છે. ઉત્તમ કાવ્યોમાં ઊર્મિકાવ્યનાં બધાં તત્ત્વો એકરૂપ બની એક કલામય પુદ્ગલ રચાયો હોય એવું અનુભવાય છે.

### 10.10.3 વિશેષ વાચન

લોકસાહિત્યના સંપાદનક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર મેઘાણી કવિ તરીકે ઉલ્લેખનીય છે. 'યુગવંદના' (1935) પ્રગટ થયો તે પૂર્વે 'વેણીનાં ફૂલ' (1923) અને 'કિલ્લોલ' (1930) પ્રગટ થયાં હતાં. 'વેણીનાં ફૂલ' મેઘાણીનો પ્રથમ ગીતસંગ્રહ છે. 'કિલ્લોલ' પણ ગીતસંગ્રહ છે. 'યુગવંદના' કવિને લોકપ્રિયતા અપાવનાર કાવ્યગ્રંથ છે. 'એકતારો' (1940) 47 કાવ્યનો સંગ્રહ છે. 'બાપુનાં પારણાં' (1943) મેઘાણીનાં ગાંધીજી વિષયક કાવ્યનો સંગ્રહ છે. 'રવીન્દ્ર-વીણાં' (1944) ટાગોરનાં કાવ્યો પરથી રચાયેલાં 61 કાવ્યનો સંચય છે. તમારે આ કાવ્યસંચયોનો અભ્યાસ કરવો જોઈએ.

'મેઘાણીની નવલિકાઓ'ના ત્રણ ભાગમાં તેમની વાર્તાઓ સંગૃહીત થઈ છે. 'માણસાઈના દીવા' (1945)માં મેઘાણીએ લોકસેવક રવિશંકર મહારાજના મોઢે સાંભળેલી તેમના જીવનની અનુભવકથાઓ આલેખી છે. સોરઠના સમાજજીવનને સ્પર્શતી ત્રણ મૌલિક નવલકથાઓ 'સોરઠ, તારાં વહેતાં પાણી' (1937), 'વેવિશાળ' (1939) અને 'તુલસીક્યારો' (1940) તેમની લોકપ્રિય બનેલી કૃતિઓ છે. આ બધાં પુસ્તકો પણ તમારે વાંચવાં જોઈએ.

મેઘાણી વિશેનો ગ્રંથ 'મેઘાણી ગ્રંથ' (1971) ઉમાશંકર જોશીએ સંપાદિત કર્યો હતો. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે પણ 'ઝવેરચંદ મેઘાણી' નામક પુસ્તકનું સંપાદન કર્યું છે. 'મેઘાણી ગ્રંથાવલી' પણ પ્રગટ થઈ છે. આ બધાંનું તમારે અધ્યયન કરવું જોઈએ.

### 10.10 વિશેષ અધ્યયન

**કસુંબી** - વિ. (સં. कुसंभ) કસુંબલ (૨) સ્ત્રી. કસુંબાના ફૂલનો રંગ (૩) કસુંબાનું બીજ; **કસુંબલ** - વિ. કસુંબાના ફુલના રંગનું, લાલ; **જનની** - સ્ત્રી (સં.) જન્મ આપનારી, માતા; **લાગવું** - સં. ક્રિ. (સં. लिंग, સર. હિ. लगन्त) સંબંધ કે સ્પર્શ થવો (૨)...સંબંધ કે સગાઈ હોવી (૩) લાગણી કે અસર થવી (૪) જણાવું, સમજવું, અનુભવ થવો (૫) દેખાવું, ભાસવું (૬) મંડવું, વળગવું, બાઝવું, મચ્યા રહેવું (૭) લાગુ થવું, શરૂ કરી દેવું (૮) શરૂ કરીને જારી રહેવું (૯) બીજા

ક્રિયાપદ સાથે આવતાં તે ક્રિયા કરવામાં હાથ કે મદદ દવા અથવા તેમાં મંડવું એવો અર્થ બતાવે (૧૦) અ.ક્રિ.સળગવું; **હૈયું** - નં. (સં. हृदय) હૃદય, દિલ, અંતઃકરણ; **ધાવણ** - ન. માનું દૂધ; **હાલરડું** - ન બાળકને ઝુલાવતાં ગવાતું ગીત (૨) ટોળું; **ભીષણ** - વિ. (સં.) ભયંકર; **ત્રાડ** - સ્ત્રી. રાડ, મોટી બૂમ, ગર્જના; **લીલું** - વિ. કાચી કેરીના રંગનું (૨) ભીનું, નહિ સુકાયેલું (૩) રસવાળું, તાજું (૪) ખૂબ પૈસાદાર, સુખી; **કબર** - સ્ત્રી. (અં. कब्र) કબ્ર, ઘોર (૨) તેમાં મડદું દાટી ઉપર કરેલું ચણતર; **તંબૂર** - પું. (અં. तंबूर) એક તંતુવાદ્ય, તંબૂરો (૨) ઢોલ; **દિલદાર** - વિ. પ્રાણપ્રિય (૨) ઉદાર (૩) પુ. આશક (૪) ગાઢ મિત્ર (૫) સ્ત્રી. માશૂક; **મુક્તિ** - સ્ત્રી. (સં) મોક્ષ (૨) છૂટકારો, મોકળાશ, છૂટ; **ક્યારો** - પું. (સં. केयार, प्रो. केआर) ક્યારડો (૨) ઝાડ, છોડ વગેરેની આજુબાજુ પાણી ભરવા માટે કરેલો ખાડો; **રક્ત** - વિ. (સં.) રાતું, લાલ (૨) રાગવાળું (૩) ન. લોહ; **હાહાકાર** - પું.(સં.) હા ! હા ! એવો શોક કે ત્રાસનો ઉદ્ગાર, સર્વત્ર શોક અને ત્રાસની લાગણી ફેલાઈ જવી તે; **શહીદ** - વિ. (૨) પુ. (अ.) ધર્મયુદ્ધમાં (કે કોઈ તેવા સત્કર્મ અર્થે) પ્રાણ આપનાર; **નિઃશ્વાસ** - પું. ન. (સં. निःश्वास) નિસાસો; **કંગાલ** - વિ. (સર. હિ.સ. कंगाल ઉપરથી?) છેક ગરીબ, દીન, (૨) દરિદ્રી, નિર્માલ્ય, તુચ્છ (૩) રસકસરહિત; **બિસ્મિલ** - વિ. (अ.) ઘાયલ, તરફડતું; **ભાલ** - નં (સં. भाल = લલાટ (જેવું સપાટ)?) ભાડાની જમીન (૨) સં. કપાળ; **રંગીલું** - વિ. આનંદી, મોજી, રસિયું (૨) સુંદર, ખૂબસૂરત; **દોરંગી** - વિ. (દો+રંગ) બે રંગવાળું (૨) (લા.) મનસ્વી, ચંચળ; **ટેક** - પુ. સ્ત્રી. પણ, નિશ્ચય (૨) શાખ, આબરૂ (૩) ટેકો; **ટેકીલું** - વિ. ટેક-વટવાળું.

**એકમ ૧૧**

# એક જ દે ચિનગારી

**- હરિહર ભટ્ટ**

**રૂપરેખા**

**11.1** ઉદ્દેશો
**11.2** પ્રસ્તાવના
**11.3** કૃતિ (ગીત)
**11.4** કૃતિનો સારાંશ
**11.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
ખંડ-૧
ખંડ-૨
ખંડ-૩
**11.6** વસ્તુલક્ષી કસોટી
**11.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**11.8** પુનરવલોકન
**11.9** લેખન-પ્રવૃત્તિ
**11.10** વિશેષ અધ્યયન
**11.10.1** કવિ-પરિચય
**11.10.2** સ્વરૂપ-પરિચય
**11.10.3** વિશેષ વાચન
• ટિપ્પણી

## 11.1 ઉદ્દેશો

આ ગીતના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી કાવ્યસાહિયની એક હૃદયસ્પર્શી પ્રાર્થનાનો પરિચય પ્રાપ્ત કરશો.
- માનવ-પુરુષાર્થ અને પ્રભુકૃપાની મહત્તા સમજશો.
- ગીતના સાહિત્યરૂપનો ખ્યાલ મેળવશો.

## 11.2 પ્રસ્તાવના

ગાંધીજીની પ્રાર્થનાસભાઓમાં જે ગીત ઘણીવાર ગવાતું, ‘આશ્રમ ભજનાવલિ’માં જેનું ગૌરવભર્યું સ્થાન છે, રા.વિ. પાઠકના ‘કાવ્ય પરિચય ભાગ - 1’માં જે સંકલિત થયું છે એ અલ્પપરિચિત કવિ હરિહર ભટ્ટનું આ સુપ્રસિદ્ધ ભજન સર્વશક્તિમાન પરમેશ્વરનો મહિમા વ્યક્ત કરે છે. માનજીવનમાં પુરુષાર્થનો મહિમા ઓછો નથી, પરંતુ જ્યાં સુધી પ્રભુની કૃપા થતી નથી ત્યાં સુધી મહેનતનું ફળ સાંપડતું નથી, પ્રભુકૃપા ખરા હૃદયની સાચી પ્રાર્થના વિના થતી નથી. સાચી પ્રાર્થના કેવી હોયે એનો આ રચના ઉત્તમ નમૂનો છે.

## 11.3 કૃતિ

**એક જ દે ચિનગારી**

એક જ દે ચિનગારી,
મહાનલ, એક જ દે ચિનગારી. એક જ દે૦
ચકમક લોઢું ઘસતાં-ઘસતાં,
        ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડ્યો,
                ન ફળી મહેનત મારી !
                મહાનલ, એક જ દે ચિનગારી.    ૧.
ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો
                સળગી આભ-અટારી;
ના સળગી એક સગડી મારી-
                વાત વિપતની ભારી;
                મહાનલ, એક જ દે ચિનગારી.    ૨.
ઠંડીમાં મુજ કાયા થથરે,
                ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ, હું અધિક ન માગું
                માગું એક ચિનગારી
                મહાનલ, એક જ દે ચિનગારી.    ૩.

**- હરિહર ભટ્ટ**

## 11.4 પ્રસ્તાવના

આ ગીત એના સ્વયંપ્રકાશથી આપણા કાવ્યસાહિત્યમાં ઉચ્ચસ્થાનનું અધિકારી બન્યું છે. બહુ ઓછી રચનાઓમાં આવી આંતરસમૃદ્ધિ હોય છે.

ભારતીય તત્ત્વજ્ઞાન જીવાત્માને સ્ફુલિંગ (તણખો, ચિનગારી) તરીકે ઓળખાવે છે. આ ચિનગારી અગ્નિનું લઘુત્તમ સ્વરૂપ છે. એમાં અગ્નિના સર્વ ગુણો અને લક્ષણો અનુસ્યૂત છે. અગ્નિની જેમ જ એ પણ તેજસ્વી છે, દાહક છે, ભક્ષક છે. અગ્નિની સમાન જ પ્રજ્વાલક પણ છે. વેદાંતમાં બિન્દુ અને સિન્ધુના રૂપક દ્વારા આત્મા-પરમાત્માનો સંબંધ દર્શાવવામાં આવ્યો છે, એમનું અદ્વૈત સિદ્ધ કરવામાં આવ્યું છે. કવિ હરિહર ભટ્ટે પણ આ ગીતમાં ચિનગારી અને મહાનલના રૂપક દ્વારા એ જ વાત રી છે. સ્ફુલિંગ માટે 'ચિનગારી' જેવો સૂચક શબ્દ પ્રયોજીને કવિએ કાવ્યને સર્વભોગ્ય બનાવી દીધું છે.

મનુષ્યજીવનનું લક્ષ્ય શું છે? અસત્યમાંથી સત્ય તરફ, અંધકારમાંથી પ્રકાશ તરફ, મૃત્યુમાંથી અમૃત તરફ ગતિ કરવી. અજ્ઞાનના અંધકારમાં અટવાતો પામર મનુષ્ય જ્ઞાનની એક ચિનગારી માટે ઝંખે છે. પરમારત્મા તો જ્ઞાનનો, પ્રકાશનો મહાનલ છે. તેને માટે એક ચિનગારી આપવી મુશ્કેલ નથી. આવશ્યકતા છે સાચી, ઉત્કૃષ્ટ આરજૂની, તીવ્ર ઝંખનાની. આ કવિતા એવી ઝંખનાનું મૂર્ત સ્વરૂપ છે, શબ્દસ્વરૂપ છે.

## 11.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા :**

હવે આપણે આ ગીતનો વિસ્તુત સઘન અભ્યાસ કરીએ. અભ્યાસની સરળતા ખાતર આપણે આ કૃતિને ત્રણ વિભાગમાં વહેંચીશું. આ ગીત ત્રણ કડીમાં વિભક્ત છે. આપણે પ્રત્યેક કડીને

એક એક વિભાગમાં વહેંચી તેની ચર્ચા કરીએ.

**ખંડ : 1**

ગીતની સફળતા અડધીપડધી તો ઉપાડની પંક્તિ પર અવલંબિત હોય છે. ઉત્તમ ગીતોનો અભ્યાસ કરતાં આ હકીકતની પ્રતીતિ થશે. ભાવકનું મન મોહી લેતી આવી પ્રથમ પંક્તિને 'દેવ-દીધેલી' પંક્તિ કહી શકાય. એમાંથી જાણે બીજમાંથી ફૂટતા છોડની જેમ કે વૃક્ષની જેમ સમગ્ર રચના વિકસી રહે છે. આ ગીતની ઉપાડની પંક્તિ એવી બડભાગી છે.

આરંભિક પંક્તિમાં કવિ પરમેશ્વરને 'મહાનલ' - મહા અનલ - મહાઅગ્નિ તરીકે સંબોધી તેમની પાસેથી એક ચિનગારી, તણખાની યાચના કેર છે, માગણી કરે છે. જીવ જન્મજન્માંતરોથી અજ્ઞાન, આળસ, અંધકારમાં સબડ્યા કરે છે. આ બધાના ઢગલેઢગલા મનુષ્યની ચેતના પર ખડકાયા કરે છે. જ્ઞાનના પ્રકાશનો એક સ્ફુલિંગતણખો એ ઢગલેઢગલાને ભસ્મસાત્ કરવા પર્યાપ્ત છે. કવિ એ જાણે છે, તેથી માત્ર ચૈતન્યની એક ચિનગારી જ મહાનલ પાસે યાચે છે.

આરંભની પંક્તિની માગણી પાછળનું કારણ કવિ પ્રથમ કડીમાં દર્શાવે છે. કવિ જાણે છે કે કશું પામવું હોય તો પ્રયત્ન કરવો પડે, પુરુષાર્થ કરવો પડે. તણખાની કામના હોવાથી કવિ ચકમક લોઢું ઘસે છે. આપણે જાણીએ છીએ કે ચકમક લોઢું ઘસવાથી તણખો પેદા થાય છે. કવિ પહેલી કડીમાં કહે છે કે ચકમક લોઢું ઘસતાં-ઘસતાં મારી આખી જિંદગી ખરચાઈ ગઈ. પણ પરિણામ શું આવ્યું? આખી જિંદગીની મથામણ પછી પણ કવિ કહે છે કે જામગરીમાં તણખો પડતો નથી, અર્થાત્ મહેનત ફળતી નથી.

કર્મનો સિદ્ધાંત તો દશાવે છે કે કર્મનું ફળ મળે જ છે. તો પ્રશ્ન થાય કે કવિને મહેનતનું ફળ કેમ નથી સાંપડતું? મહેનત ફળતી કેમ નથી? અહીં બે સંભાવનાઓ છે. ચકમક લોઢું ઘસવા છતાં તણખો ઉત્પન્ન જ ન થાય એ પહેલી સંભાવના, અને તણખો ઉત્પન્ન તો થાય પણ જામગરીમાં ન પડે, નિરર્થક વ્યય થાય એ બીજી સંભાવના. કર્મના સિદ્ધાંત પ્રમાણે વિચારતાં બીજી સંભાવના હોવાની શક્યતા વધુ લાગે છે. અલબત્ત પહેલી સંભાવના પણ અશક્ય તો નથી જ. કોઈ પણ કાર્ય પર્યાપ્ત અને યોગ્ય દિશાના પ્રયત્ન વિના નિષ્ફળ જઈ શકે. પ્રયત્નની સિદ્ધિ માટે આપણો પ્રયાસ સાચી દિશામાં હોય એની સાથે જ સાચી સૂઝ અને સાચી નિષ્ઠા પણ જોઈએ. આ બધું હોય તો પણ સફળતા ન સાંપડે એવું બને. સફળતા માટે સૌથી મહત્ત્વની વાત છે પુરુષાર્થની સાથેસાથે પ્રભુકૃપાની! પ્રભુકૃપાની એક ચિનગારી આપણા આખા આયુષ્યને અજવાળી શકે છે, ઝળહળાવી શકે છે, આપણા શ્રેષ્ઠ માર્ગને ખુલ્લો કરી શકે છે. કવિને એ સમજાઈ ગયું છે તેથી કડીના અંતે પુનઃ પ્રભુકૃપાની ચિનગારી માટે યાચના કરી છે.

આ નોંધ વાંચ્યા પછી પહેલી કડી પુનઃ વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. કવિ કોની પાસે ચિનગારીની માગણી કરે છે? એક જ ચિનગારી કેમ માગે છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. કવિ આખી જિંદગી શું કરવામાં ખરચે છે? એનું શું પરિણામ આવે છે? શા માટે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. પોતાની મહેનત ફળી નહીં એમ કવિ શા માટે કહે છે? મહેનત ફળે એ માટે કવિ કોની પાસે શું યાચે છે?

.....................................................................

.....................................................................

.....................................................................

**ખંડ : 2**

કાવ્યની બીજી કડીમાં કવિ વૈશ્વિક કક્ષા - cosmis magnitudeનું કલ્પન આપે છે. કવિ કહે છે કે વિશ્વાનલની કૃપાથી ચંદ્ર સળગે છે, સૂર્ય સળગે છે અર્થાત્ પ્રકાશે છે. અરે, આખી આભરૂપી અટારી સળગી રહી છે. આકાશની અનંત અટારીનાં અકલપ્ય તારાઓ, નક્ષત્રો, સૂર્યો, સૂર્યમાળાઓ, નિહારિકાઓ સહુ પ્રભુપ્રસાદથી પ્રકાશમાન થઈ અનંત તેજે વિહરી રહ્યાં છે. ભગવાન શ્રીકૃષ્ણે 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના દસમા અધ્યાય 'વિભૂતિયોગ'માં કહ્યું જ છે કે, 'તેજસ્વીઓનું તેજ હું છું' (तेजस्तेजस्विनामहम् ।) અર્થાત્ સમગ્ર બ્રહ્માંડમાં આપણને જે જે તેજસ્વી, પ્રકાશમાન પદાર્થો દૃષ્ટિગોચર થાય છે તે બધા મહાનલ પરમાત્માની કૃપાથી જ પ્રકાશી રહ્યા છે.

જીવંત પ્રાણીઓને, વ્યક્તિઓને જીવન ટકાવી રાખવા માટે ઉષ્મા અને પ્રકાશની આવશ્યકતા રહે છે. સૂર્ય-ચંદ્ર-તારા વગેરે એ પૂરાં પાડે છે, પરંતુ જ્યાં સુધી આત્મપ્રકાશ ન લાધે ત્યાં સુધી મનુષ્ય ચેન પામતો નથી. અન્ય પશુ-પંખી-પ્રાણીઓ પરપ્રકાશથી સંતોષ માની લે છે પણ સ્વાભિમાની, સમજદાર મનુષ્યને પોતાનો પ્રકાશ જોઈએ. એ માટે તે પોતની સગડી સળગાવવાની મથામણ કરે છે. એ મથામણ કામયાબ થતી નથી ત્યારે તે નિરાશ થઈ જાય છે.

મનુષ્યને જીવનમાં અનેક નિષ્ફળતાઓનો, નિરાશાઓનો, આપત્તિઓનો સામનો કરવો પડે છે. સંઘર્ષશીલ વ્યક્તિ એ બધાંનો મુકાબલો કરે છે. વિપત્તિઓને તે ઘોળીને પી જાય છે પણ આત્મપ્રકાશ પામવાનો પ્રયત્ન જ્યારે વિફળ જાય છે. ત્યારે તેને તે વાત ભારે વિપત્તિની લાગે છે. 'વાત વિપતની ભારી'માં કવિનો નિરાશાનો નિઃશ્વાસ સાંભળી શકાય છે. આ નિરાશામાંથી નીકળવા માટે કવિ પુનઃ પ્રભુને પ્રાર્થે છે, એક ચિનગારી યાચે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. આકાશમાં શું શું સળગે છે? કેવી રીતે? એથી શું થાય છે?

.....................................................................

.....................................................................

.....................................................................

2. કવિ માટે કઈ વાત ભારે વિપતની છે? એ વિપત્તિ દૂર કરવા કવિ શું કરે?

.....................................................................

.....................................................................

.....................................................................

**ખંડ : 3**

કાવ્યના અંતિમ ખંડમાં કવિની અધીરાઈ વ્યક્ત થઈ છે. ઉષ્મા-પ્રકાશ માટે સગડી સળગાવવાની

મથામણ નિષ્ફળ ગઈ છે એ વાત કવિએ બીજી કડીમાં સ્પષ્ટ કરી છે. એનું પરિણામ કવિ ત્રીજી કડીમાં દર્શાવે છે. સગડી સળગતી નથી તેથી કવિની કાયા ઠંડીમાં થથરે છે. 'થથરે' શબ્દ ઠંડીની તીવ્રતમ અસર દર્શાવે છે. આમેય સગડીની આવશ્યકતા સાધારણ ઠંડીમાં હોતી નથી. ઠંડીનો તીવ્ર ચમકારો જ્યાં અનુભવાતો હોય ત્યાં જ સગડીની જરૂર જણાય છે. સગડી ન સાંપડે તો ઠંડીમાં ઠૂઠવાવું પડે છે. એવી પરિસ્થિતિમાં ભલભલા ધીરજવાળા માણસોની ધીરજ ખૂટી જતી હોય છે. કવિની ધીરજ પણ ખૂટી ગઈ છે. 'ખૂટી ધીરજ' એમ જ્યારે કવિ કહે છે ત્યારે એટલું તો સ્પષ્ટ થાય છે કે કવિએ લાંબો સમય ધીરજ રાખી છે. પહેલી કડીમાં કવિએ કહ્યું છે તેમ એક ચિનગારી પ્રાપ્ત કરવા માટે તેમણે આખી જિંદગી ખરચી દીધી છે છતાં તેમની મહેનત ફળી નથી. કવિએ આખી જિંદગી ખરચી છે એનો અર્થ એ પણ થાય કે હવે જીવનની વૃદ્ધાવસ્થામાં પ્રવેશી ચૂક્યા છે.

યુવાવસ્થામાં મનુષ્ય શક્તિઓથી ઊભરાતો હોય છે, વિપત્તિઓ, આપત્તિઓ તે સહી શકે છે, ઠંડી સહન કરી શકે છે પરંતુ વૃદ્ધાવસ્થામાં તેની શક્તિ ક્ષીણ થઈ જાય છે, સહનશક્તિ ઓસરવા લાગે છે. તેથી જ તેની ધીરજ પણ ખૂટવા લાગે છે. કાર્યસિદ્ધિ માટે તેની પાસે શક્તિ ઓછી હોય છે, સમય પણ અલ્પ બચ્યો હોય છે. એ સંજોગોમાં તે વધારે ધીરજ ન રાખી શકે એ સ્વાભાવિક છે.

મનુષ્ય જ્યારે પોતાની શક્તિઓની સીમા સમજી લે છે, પોતાની મર્યાદા પામી જાય છે ત્યારે તે અસીમ, અમર્યાદ પરમશક્તિને શરણે જાય છે. એ માટે તે પ્રાર્થનાનો સહારો લે છે. કાવ્યાંતે કવિ પુનઃ વિશ્વાનલ પાસે, મહાનલ પાસે, એક જ ચિનગારીની માગણી દોહરાવે છે. હવે તે સમજી ગયો છે કે એકલો પુરુષાર્થ પૂરતો નથી, પ્રભુકૃપાની પણ આવશ્યકતા છે. કવિ જેની યાચના કરે છે એ ચિનગારી પ્રભુકૃપાનું જ રૂપ છે.

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. કવિની ધીરજ ક્યારે ખૂટે છે? કેમ?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. કવિ વિશ્વાનલ, મહાનલ કોને કહે છે? એની પાસે તે શું માગે છે? શા માટે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

## 11.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

નીચે 'ક' વિભાગમાં કેટલાક શબ્દો આપવામાં આવ્યા છે અને 'ખ' વિભાગમાં તેની સાથે સંકળાયેલા શબ્દો આપ્યા છે. જે તે શબ્દના ક્રમ સાથે સંગત શબ્દનો ક્રમ લખી યોગ્ય જોડકા બનાવો:

| | **ક** | | **ખ** |
|---|---|---|---|
| 1. | ચિનગારી | 1. | સિન્ધુ |
| 2. | બિન્દુ | 2. | શિવ |

| | | | |
|---|---|---|---|
| 3. | પિંડ | 3. | મહાનલ |
| 4. | જીવ | 4. | બ્રહ્માંડ |
| 5. | વ્યષ્ટિ | 5. | પરમાત્મા |
| 6. | આત્મા | 6. | સમષ્ટિ |

## 11.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

'એક જ દે ચિનગારી' ગીત છે. ગીતને ગેયતા સાથે સબંધ છે ગીતનો શબ્દદેહ લય અને તાલના આધારે રચાય છે. તેની રચના ક્યારેક માત્રામેળ છંદોમાં તો ક્યારેક પરંપરાના ઢાળોમાં થતી હોય છે. રાગીયતા, ઉક્તિલાઘવ તથા અર્થલાઘવની સાથેસાથે પ્રાસ પણ ગીતમાં અગત્યના લક્ષણો છે.

પહેલાં પ્રસ્તુત ગીતની લયરચના તપાસીએ, ઉપાડમાં બે છમાત્રિક આવર્તનો પછી બીજી પંક્તિમાં પાંચમાત્રિક લયસંધિ અને પછી બે છમાત્રિક આવર્તનો છે. પ્રથમ કડીની પ્રથમ પંક્તિમાં બે આઠમાત્રિક આવર્તનો પછી ચારમાત્રિક લયસંધિ અને પછી આઠમાત્રિક આવર્તન છે. બીજી પંક્તિમાં આ લયભાત પુનરાવૃત્ત થાય છે. બીજી અને ત્રીજી કડીમાં પણ આ પ્રકારની લયરચના કરી કવિએ સમગ્ર ગીતને લયાત્મક એકતા પ્રદાન કરી છે.

ગીતમાં પ્રાસનું પણ ઘણું મહત્ત્વ છે. ગીતમાં પંક્તિએ પંક્તિએ અર્થવિરામ હોય તેથી પ્રત્યેક પંક્તિ સ્વતંત્ર લાગે છે, પણ ચરણચરણને અર્થનો આંતરસંબંધ છે. આ આંતરસંબંધનું પ્રગટ સ્વરૂપ પ્રાસરૂપે દેખાઈ આવે છે. પ્રાસથી પંક્તિપંક્તિનો મેળ સધાય છે અને સંવાદનો લય પકડતો-પકડતો લાયક ગીતના રસાસ્વાદમાં આગળ વધતો જાય છે. ગીતની ધ્રુવપંક્તિના સમ સાથે આ પ્રાસનો મેળ હોય છે તે વળી વધુ પોષક બને છે.

આ ગીતમાં કવિએ સહજ રીતે પ્રાસ સાધ્યા છે. ધ્રુવપંક્તિનો અંતિમ શબ્દ 'ચિનગારી' હોવાથી કવિએ પ્રત્યેક પંક્તિના અંતે તેની સાથે પ્રાસ મળે તેવા શબ્દો પ્રયોજી ગીતને સુગ્રથિતતા પ્રદાન કરી છે. પ્રથમ કડીમાં 'સારી' સાથે 'મારી'નો પ્રાસ મેળવ્યો છે. બીજી કડીમાં 'અટારી', 'ભારી'નો અંત્યાનુપ્રાસ તો મેળવ્યો છે પણ વર્ણાનુપ્રાસ પણ કુશળતાપૂર્વક મેળવ્યા છે.

પ્રથમ કડીની પ્રથમ પંક્તિના પૂર્વાર્ધમાં 'ઘસતાં-ઘસતાં'માં 'આ' કારાંત પુનરાવૃત્ત કરી કવિએ તેના પ્રયત્નોની પ્રલંબતા પ્રગટાવી છે. તો ઉત્તરાર્ધમાં 'ઈ' કારના પુનરાવર્તન દ્વારા જિંદગીની દીર્ઘતા વ્યક્ત કરી છે. બીજી કડીમાં 'સળગવું' ક્રિયાપદના પુનરાવર્તન દ્વારા કવિએ ભાવની એકતા સાધવાની સાથેસાથે પોતાની ઝંખનાની જ્વલંતતા પ્રગટાવી છે. અંતિમ કડીમાં કવિએ 'વિશ્વાનલ' શબ્દ પ્રયોજી 'મહાનલ' સાથે તેનો પ્રાસ સાધવાની સાથે ગીતના ભાવને બૃહદ્ પરિમાણ પણ બક્ષ્યું છે. અંતિમ પંક્તિમાં પૂર્વાર્ધના અંતે અને ઉત્તરાર્ધના આરંભે 'માગું' શબ્દ પુનરાવર્તિત કરી પોતાની યાચનાની તીવ્રતા વ્યક્ત કરી છે.

કાવ્યમાં કવિએ ગહન અને ઉચ્ચ ભાવ સરળ, બોલચાલના શબ્દો દ્વારા બળકટ રીતે વ્યક્ત કર્યો છે. તેમાં તેમની સર્ગશક્તિનો ઉન્મેષ અનુભવાય છે. 'લોઢું' 'જામગરી', 'તણખો', 'ચાંદો', 'સૂરજ', 'સગડી', 'વિપત' જેવા શબ્દો પાસેથી કવિએ કેવું કામ લીધું છે એ જોવા જેવું છે. 'થથરે' ક્રિયાપદ ઠૂઠવાવાની ક્રિયાને પ્રત્યક્ષ કરી રહે છે.

આ ઉત્તમ કાવ્યમાં પણ કવિએ અલંકારોનો ઠઠારો કર્યો નથી એ જોઈ શકાય છે. ગીતનું સ્વરૂપ હોવાથી અનિવાર્ય શબ્દાલંકારોને બાદ કરતાં અર્થાલંકારો તો નહિવત્ જ છે. 'આભ-અટારી'નો રૂપક અલંકાર કવિના ઈપ્સિતભાવને અસરકારક રીતે અભિવ્યક્ત કરે છે. ખાસ તો ગીત માટે આવશ્યક લાઘવ સિદ્ધ કરવામાં તે સહાયક નીવડે છે.

કાવ્યમાં કવિએ ભાવાનુરૂપ ઉત્તમ કલ્પનો પણ ગૂંથ્યાં છે. એમાંય બીજી કડીનું વૈશ્વિક કલ્પન કવિની સર્ગશક્તિનું દ્યોતક છે. 'આભ-અટારી' સામે 'સગડી મારી'ને વિરોધાવીને કવિ એક બળકટ ભાવપ્રવણ -Contrast રચે છે. કવિની સહુથી મોટી સફળતા તો 'ચિનગારી' જેવા ભાવોચિત શબ્દની પસંદગીમાં રહેલી છે. આ કાવ્યની સફળતામાં એ એક જ શબ્દનો કેટલો મોટો ફાળો છે એ, એ શબ્દને દૂર કરી આ કાવ્યની કલ્પના કરવા જતાં સ્પષ્ટ થશે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

નીચેની પંક્તિઓમાંથી શબ્દાલંકારો શોધોઃ

1. રે આજ આષાઢ આયો,
   મેં નેણના નીરમાં મનનો તે માઢ ગાયો!

   .................................................................

2. તાકી તાકી
   જોઈ છે રે મેં બીજને બાંકી!

   .................................................................

3. આવ વસંત હસંત, સ્વયંવરા
   નવવધૂ સમ સોહત આ ધરા.

   .................................................................

4. વસંત રંગ લાગ્યો!
   કુંજકુંજ પલ્લવને પુંજ પ્રાણ જાગ્યો!

   .................................................................

5. આજની ઘડી, સ્મરણે જડી, જુગના જુગો જાણું!
   ગાઈ લે તારું ગાણું!

   .................................................................

6. એકલ આકુલ અંધકારે,
   વનમાં વ્યાકુલ રાતની રાણી ગંધભારે.

   .................................................................

7. નેણ લુભામણ રૂપને મ્હોરે રમતો રહે કાળ,
   સાવ ઝીણી તોય જીવને બાંધે કરોળિયાની જાળ.

   .................................................................

8. એકબીજાની આંખનાં અમી ઝીલતાં જાઈ,
   આલવામાં ના થાય રે ઓછું આપણું કાંઈ.

   .................................................................

## 11.8 પુનરવલોકન

આપણે આ ગીતને ત્રણ ખંડમાં વિભાજિત કરીને તેનો સઘન અભ્યાસ કર્યો. હવે સમગ્ર કાવ્યને આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

1. એક જ ચિનગારીની માગણી કવિ કોની પાસે કરે છે? શા માટે છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

2. ચિનગારી મેળવવા માટે કવિ કેવી મથામણ કરે છે? એનું પરિણામ શું આવે છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

3. ચિનગારી ન મળવાથી શું થાય છે? કવિ પર એની શી અસર થાય છે?

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

4. આ ગીતનું શીર્ષક સમજાવી એની યથાર્થતા ચર્ચો.

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

5. 'એક જ દે ચિનગારી' માનવ-પુરુષાર્થ અને પ્રભુકૃપાના સમન્વય સાધવા મથતું કાવ્ય છે.' ચર્ચો.

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

6. કવિ હરિહર ભટ્ટની સર્જકતા આ કાવ્યમાં કઈ રીતે પ્રતીત થાય છે તે દર્શાવો.

   ..........................................................................

   ..........................................................................

   ..........................................................................

## 11.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

1. આ કાવ્યનો આસ્વાદ લગભગ પાંચસો શબ્દોમાં કરાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

2. ગુજરાતી કાવ્યસાહિત્યના તમને પસંદ હોય એવા એક ગીતનો આસ્વાદ કરાવો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 11.10 વિશેષ અધ્યયન

### 11.10.1 કવિ-પરિચય

ભટ્ટ હરિહર પ્રાણશંકર (જ. 1-5-1895, અવ. 10-03-1978) કવિ. જન્મ વેકરિયા (સૌરાષ્ટ્ર)માં પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ સાવરકુંડલા, ઉચ્ચ શિક્ષણ ભાવનગરમાં અને મુંબઈમાં બી.એ. થયા પછી અકોલા (મહારાષ્ટ્ર)ની સરકારી હાઈસ્કૂલમાં  શિક્ષક થયા હતા. અસહકારની લડતમાં સત્યાગ્રહી તરીકે પકડાતાં અઢાર માસ કારાવાસ વેઠેલો. ભો.જે. વિદ્યાભવન, અમદાવાદમાં જ્યોતિષશાસ્ત્રના અધ્યાપક તથા પીએચ.ડી.ના માર્ગદર્શક. 'સંદેશ'ના 'પ્રત્યક્ષ પંચાગ'ના વર્ષો સુધી મુખ્ય સંપાદક. અમદાવાદની વેધશાળાના પુરસ્કર્તા તથા નિયામક. 'એક જ દે ચિનગારી' કાવ્યથી જાણીતા થયેલા આ કવિએ પ્રભુશ્રદ્ધા, જીવન-આશા, રાષ્ટ્રભાવને ગાંધીચીંધી દલિતભક્તિ જેવા વિષયોને ગેય ઢાળોમાં રચેલાં એકવીસ લઘુ ઊર્મિકાવ્યોને સમાવતો કાવ્યસંગ્રહ 'હૃદયરંગ' (1934) આપ્યો છે.

### 11.10.2 સ્વરૂપ-પરિચય

ગીત ઊર્મિકાવ્ય છે તેથી ઊર્મિકાવ્યના બધા જ ગુણ એમાં અપેક્ષિત છે. 'ગીતનું સ્વરૂપ' નામક લેખમાં સુન્દરમ્ જણાવે છે. તેમ ગીતમાં ત્રિવિધ તત્ત્વો આવે છેઃ 'કવિતાનાં, સંગીતનાં અને ગીતનાં પોતાનાં' આ ત્રણે તત્ત્વોના રાસાયણિક સંયોગથી જન્મતું ગીત માનવહૃદયને સ્પર્શ્યા વિના રહે નહીં. શબ્દદેહ, રસપુદ્ગલ અને વિષયનિરૂપણ ગીતનાં મુખ્ય અંગો છે. ગીતનો શબ્દદેહ લય અને તાલના આધારે રચાય છે. કોઈ પણ ઉત્તમ કાવ્યમાં હોવી જોઈએ એવી ધ્વનિશક્તિ ગીતમાં પણ હોવી જોઈએ.

### 11.10.3 વિશેષ વાચન

રમેશ જાની કૃત 'કવિતા : અમૃત સરિતા' પુસ્તકમાં 65 કાવ્યોના આસ્વાદો આપવામાં આવ્યા છે. એમાં 'એક જ દે ચિનગારી' કાવ્યનો આસ્વાદ પણ છે. તમારે એ આસ્વાદ અને અન્ય કાવ્યોના આસ્વાદો પણ વાંચવા જોઈએ. સુરેશ જોષીકૃત 'ગુજરાતી કવિતાનો આસ્વાદ', પ્રસાદ બ્રહ્મભટ્ટ કૃત '29 કાવ્યાસાદો' તથા ઉમાશંકર જોશી સંપાદિત આસ્વાદ-સંચય 'પ્રતિભા અને પ્રતિભાવ'નું અધ્યયન પણ તમારે કરવું જોઈએ.

- **ટિપ્પણ**

**ચિનગારી** - સ્ત્રી. (હિં) ચિણગારી, તણખો; **મહાનલ** - પું. (મહા + અનલ) મહાન મોટો અનલ - અગ્નિ, પરમાત્મા; **જામગરી** - સ્ત્રી. (સર. हिं. जामगी (गिरी), म. जामगी: फा. जामगी) બંદૂક કે તોપના દારૂને સળગાવવા માટેની કાકડી-પલીતો; **અટારી** - સ્ત્રી. (सं. अट्टालिका) ઝરૂખો, છજું; **વિપત** - સ્ત્રી. (સં.) દુઃખ, આફત (૨) મુશ્કેલી.

**એકમ ૧૨**

# ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર

**- રાજેન્દ્ર શાહ**

રૂપરેખા


**12.1** ઉદ્દેશો
**12.2** પ્રસ્તાવના
**12.3** કૃતિ (ગીત)
**12.4** કૃતિનો સારાંશ
**12.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
ખંડ-૧
ખંડ-૨
ખંડ-૩
**12.6** વસ્તુલક્ષી કસોટી
**12.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**12.8** પુનરવલોકન
**12.9** લેખન-પ્રવૃત્તિ
**12.10** વિશેષ અધ્યયન
**12.10.1** કવિ-પરિચય
**12.10.2** સ્વરૂપ-પરિચય
**12.10.3** વિશેષ વાચન
• ટિપ્પણી


## 12.1 ઉદ્દેશો

આ ગીતના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી કાવ્યસાહિત્યની એક હૃદયસ્પર્શી પ્રબોધક રચનાનો પરિચય પ્રાપ્ત કરશો.
- માનવ-પુરુષાર્થનો, માનવની આંતરિક તાકાતનો મહિમા સમજશો.
- ગીતના સાહિત્યસ્વરૂપનો ખ્યાલ મેળવશો.

## 12.2 પ્રસ્તાવના

રાજેન્દ્ર શાહ તત્ત્વજ્ઞાનના વિષય સાથે સ્નાતક થયા છે. તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' (ઈ.સ. 1951)માં આરંભની જ રચનાઓ ચિંતનપ્રવણ છે એ ઉપરથી ચિંતન એ રાજેન્દ્રના કવિ વ્યક્તિત્વનું અગત્યનું અંગ છે એનો ખ્યાલ આવશે.

કેટલાંક ગીતોમાં કવિએ પ્રગટ રીતે પ્રભુની વાત નથી કરી પણ આત્મશક્તિ, ચૈતન્યશક્તિ તરીકે તેનો ઉલ્લેખ કરી તેમાંથી પ્રતિકારશક્તિ પામવાની વાત કરી છે. 'ધ્વનિ'ના ઉપર્યુક્ત 15મા ગીતમાં દુઃખની સામે ઝઝૂમવાની શક્તિ આપણી અંદર જ પડેલી છે. એ વાત પ્રકૃતિનાં પ્રતિરૂપો દ્વારા કલાત્મક રીતે કરી છે. 'માંહ્યલા અપાર કોશ'નો ઉલ્લેખ આત્મિક શક્તિની પ્રબળતા વ્યંજિત કરે છે. આ શક્તિમાં જેને વિશ્વાસ હોય તે જ ખુમારીથી દુઃખને પડકારી શકે રાજેન્દ્રની જીવનદષ્ટિનો અણસાર પણ અહીં પામી શકાય છે. બાહ્ય મુશ્કેલીઓ સામે ઝઝૂમતાં-ઝઝૂમતાં આંતરશક્તિનું પ્રગટીકરણ થાય છે એવી કવિશ્રદ્ધા અહીં પ્રતિબિંબિત થઈ છે.

## 12.3 કૃતિ

**ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર**

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
ભારનું વાહન કોણ બની રહે નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન,
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
જલભરી દગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય દુકૂલઃ
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
આપણે ના કંઈ રંક ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણે મૂલવશું નિરધારઃ
આભ ઝરે ભલે આગ, હસીહસી ફૂલ ઝરે ગુલમ્હોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

**- રાજેન્દ્ર શાહ ('ધ્વનિ' કાવ્યસંગ્રહમાંથી)**

## 12.4 કૃતિનો સારાંશ

ઈ.સ. 1945માં રચાયેલું રાજેન્દ્ર શાહનું આ આરંભકાલીન ગીત કવિની વિજિગીષુ જીવનદૃષ્ટિનો પરિચય કરાવે છે. મનુષ્યજીવનમાં સુખ અને દુઃખ તો વારાફરતી આવ્યા જ કરે છે. સુખ તો માણસને ગમે છે પણ દુઃખ આવી જાય તો તે બુમરાણ મચાવી મૂકે છે. કવિ એવા મનુષ્યને આત્મીયતાપૂર્વક કહે છે કે એવી નાની અમથી વાતનો શોર મચાવવાની જરૂર નથી કેમ કે આપણા દુઃખનું ઝાઝું જોર નથી.

પોતાની વાતના સમર્થનમાં કવિ પ્રકૃતિમાંથી દૃષ્ટાંતો આપે છે અને સમજાવે છે કે આપણી અંદર દુઃખનો મુકાબલો કરવાની પર્યાપ્ત શક્તિ છે. એ સુષુપ્તશક્તિને જાગ્રત કરવાથી ભલભલાં દુઃખો આપણે દૂર કરી શકીએ.

## 12.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકાઃ**

હવે આપણે આ ગીતનો વિસ્તૃત સઘન અભ્યાસ કરીએ. અભ્યાસની સરળતા ખાતર આપણે આ કૃતિને ત્રણ વિભાગમાં વહેંચીશું. આ ગીત ધ્રુવપંક્તિ, ઉપાડની પંક્તિ અને તે પછી ત્રણ કડીમાં વિભક્ત છે. આપણે એકએક કડીને એકએક વિભાગમાં તેની ચર્ચા કરીએ.

**ખંડ : 1**

આપણે 'એક જ દે ચિનગારી' ગીતની ચર્ચામાં જોયું કે ગીતની અધઝાઝેરી સફળતા ઉપાડની ધ્રુવપંક્તિ પર અવલંબિત હોય છે. આ ગીતની ઉપાડની પંક્તિ પણ એવી જ બડભાગી છે. આરંભમાં આવતું 'ભાઈ રે'નું સંબોધન ભાવક સાથે આત્મીયતાનો સેતુ રચી તેને પોતાની નજીક ખેંચે છે. કવિની કુશળતા એ છે કે તે આ સંબોધન માત્રથી ભાવકને વશ કરી લે છે. આ સંબોધન કર્યા પછી તે જે વિધાન કરે છે અને તે પણ પ્રશ્નના રૂપમાં કરે છે, તેનું બળ અનેક ગણું

વધી જાય છે. પ્રથમ પંક્તિમાંથી સંબોધન હટાવીને જુઓ, ઉક્તિ કેવી ફિક્કી પડી જાય છે!

ઉપાડની ઉક્તિ કશાકના પ્રતિભાવરૂપે પ્રગટી છે. એ જેના પ્રતિભાવ રૂપે આવી છે એનો નિર્દેશ પછીની પંક્તિમાં કવિએ કર્યો છે. કવિ પહેલી ઉક્તિ કોને ઉદ્દેશી ઉચ્ચારે છે? જે પોતાની પર આવી પડેલા દુઃખને લઈ શોરબકોર મચાવી મૂકે છે તેને ઉદ્દેશી. દુઃખને દેખી બૂમબરાડા પાડનારને કવિ કહે છે કે આપણા દુઃખનું ઝાઝું જોર નથી.

કવિની કુશળતા જુઓ, 'ભાઈ રે' કહી તેમણે ભાવક સાથે આત્મીયતા તો ઊભી કરી જ, પણ 'આપણા દુઃખનું' કહી સવિશેષ નિકટતા સ્થાપી. આ શબ્દપ્રયોગ કરી કવિ પોતે કોઈ શિક્ષક કે ઉપદેશક નથી પણ સહૃદય મિત્ર છે એવો ભાવ ઉત્પન્ન કરે છે. વળી પોતાની વાત પ્રશ્નના સ્વરૂપમાં પ્રસ્તુત કરી ભાવકને પોતાની રીતે વિચાર કરવા કવિ પ્રેરે છે. આવી સમુચિત ભૂમિકા રજૂ કરી કવિ બીજી પંક્તિમાં પોતે જે કહેવા માગે છે તે વાત સ્પષ્ટ શબ્દોમાં કહે છે. બીજી પંક્તિમાં કવિએ 'દુઃખ' શબ્દ પુનરાવૃત્ત કર્યો નથી. એનો સીધો પર્યાય પણ પ્રયોજ્યો નથી. પરંતુ 'નાની એવી જાતક વાત' કહી તેનો નિર્દેશ કર્યો છે. આ શબ્દગુચ્છ દ્વારા કવિએ દુઃખનો નિર્દેશ કરવાની સાથેસાથે દુઃખ શું છે એની સમજ પણ વ્યંજિત કરી છે. દુઃખને કવિ 'જાતક વાત' કહે છે. 'જાતક'નો અર્થ થાય છે 'જાતકર્મ', 'જન્માક્ષર' જન્મની સાથે જ મનુષ્યને ઇચ્છાએ કે અનિચ્છાએ આવી મળે છે એ 'જાતક'. સુખ અને દુઃખ બંને જન્મ સાથે સંકળાયેલાં છે તેથી એનો સ્વીકાર કર્યે જ છૂટકો. વળી 'દુઃખ' એ કોઈ માટી વાત નથી, નાની અમથી વાત છે. અનિવાર્ય છે, તેથી શોર મચાવવાનો કશો અર્થ નથી, જરૂર પણ નથી.

આરંભમાં, દુઃખનું ઝાઝુ જોર નથી અને એ તો નાની અમથી જાતકવાત હોવાથી તેનો બહુ શોર મચાવવો નહીં જોઈએ એમ કહ્યા પછી કવિ કાવ્યની પ્રથમ કડીમાં દુઃખનો મુકાબલો કરનારનો મહિમા વ્યક્ત કરી રહે છે.

દુઃખને જો આપણે બોજ સમજતા હોઈએ, ભાર માનતા હોઈએ તો તે સંદર્ભમાં કવિ કહે છે કે ભારનું વાહન બનવાનું કામ અલૂણનું નથી. અહીં 'અલૂણ શબ્દ પણ વિશિષ્ટ છે. એનો શાબ્દિક અર્થ તો 'મીઠા વિનાનું, અન્ન વિનાનું, ભૂખ્યું એવો થાય છે, પણ લાક્ષણિક અર્થ 'ફીકું, ખિન્ન, વરવું' પણ થાય છે. કવિ કહે છે કે આવી નિર્વીર્ય વ્યક્તિ ભારનું વાહન બની શકતી નથી. જે લોકો ભારનું વાહન બની શકે છે અર્થાત્ દુઃખ સહન કરી શકે છે તેઓ બડભાગી છે એમ કહી કવિ કહે છે કે આજે તો ખમીરનું જ ગાન ગવાય છે, એટલે કે ખમીરવંતાને માન મળે છે, એનો જયજયકાર થાય છે. પોતાની વાતના સમર્થનમાં કવિ ત્રીજી પંક્તિમાં દર્શાવે છે કે સજલ મેઘની શાલ પર રંગધનુષની કોર સોહે છે, શોભે છે. નિર્જળ મેઘ પર નહીં. કવિ આ કડીમાં સૂચવે છે કે અલૂણ વ્યક્તિનું મૂલ્ય નિર્જળ મેઘથી વિશેષ નથી. જગત તો તેને જે ઉપયોગી નીવડે એનો મહિમા કરે, પછી તે ખમીરવંતો મનુષ્ય હોય કે સજલ મેઘ હોય.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. કવિ 'ભાઈ રે' કોને કહે છે? તેને શો પ્રશ્ન પૂછે છે? એ દ્વારા શું સૂચવવા માગે છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. કવિ શાનો શોર નહિ મચાવવાનું કહે છે? શા માટે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. કોણ ભારનું વાહન ન બની શકે? શા માટે?

........................................................................

........................................................................

........................................................................

4. રેશમના કોકડાની વિશષેતા શી છે? દુઃખ સાથે તેનું શું સામ્ય છે?

........................................................................

........................................................................

........................................................................

5. પ્રભાત ક્યારે પ્રગટે છે? એની પૂર્વશરત શી છે? એ દ્વારા કવિ શું કહેવા માગે છે?

........................................................................

........................................................................

........................................................................

**ખંડ : 3**

ગીતની અંતિમ કડીમાં કવિ મનુષ્યમાં રહેલી શક્તિનો ખ્યાલ આપે છે. ગીતની પહેલી બે કડીઓમાં કવિએ કહ્યું કે જે ખમીરવંતા મનુષ્યો છે, જીવનને વિધાયક અભિગમથી જોનારા છે તેઓ દુઃખથી, મુશ્કેલીઓથી ડરતા નથી, તેનો હસતાં-હસતાં મુકાબલો કરે છે. જેમને પોતાની આંતરિક શક્તિનો અંદાજ છે તેઓ જાણે છે કે જગતમાં એવું કાંઈ દુઃખ નથી, કષ્ટ, કઠનાઈ નથી જેને દૂર હટાવી ન શકાય. મનુષ્ય મોટામાં મોટી મુશ્કેલીઓને પણ મહાત કરવા સમર્થ છે. મનુષ્યનો મહિમા અપરંપાર છે. એક મોટા બંગાળી કવિએ કહ્યું છે, 'સબાર ઉપર માનુષ સત્ય, તાહાર ઉપરે નાઈ'. જગતમાં મનુષ્ય સર્વોચ્ચ છે, તેનાથી ચડિયાતું બીજું કશું નથી.

પરંતુ મોટા ભાગના મનુષ્યો પોતાની શક્તિથી સભાન નથી હોતા, તેમને તેનો ખ્યાલ પણ નથી હોતો, તેથી નાનું અમથું દુઃખ આવી પડે તોયે બુમરાણ મચાવી મૂકે છે, રોદણાં રડવા બેસી જાય છે. આવા મનુષ્યોને આત્મપ્રતીતિ કરાવતાં, આત્મપરિચય કરાવતાં કવિ કહે છે કે આપણે રંક નથી અર્થાત્ ગરીબ નથી, દુર્બળ નથી, અશક્ત નથી. કોઈ પૂછે કે આપણે રંક નથી તો શું રાજા છીએ? કવિ તેનો સીધો જવાબ નથી આપતા રંક અને રાજામાં ફરક શો છે? શારીરિક, માનસિક શક્તિમાં તો બંને વચ્ચે ઝાઝો તફાવત નથી હોતો. હા, રંક પાસે અપાર, અખૂટ સંપતિ નથી હોતી જ્યારે રાજા પાસે હોય છે. આ તફાવતના અનુસંધાનમાં જ કવિ કહે છે કે આપણી પાસે પણ અપાર, અમાપ સંપત્તિ છે, કોશ છે. રાજાનો કોશ તો ખૂટી પણ શકે છે, પરંતુ આપણો ભીતરી કોશ ક્યારેય ખૂટતો નથી, તે તો અપાર છે. આ કોશનો ખ્યાલ આવે તો બીજાની સંપત્તિ લૂંટનાર વાલિયો લૂંટારો જગતને મહામૂલું ધન આપનાર મહર્ષિ વાલ્મીકિ બની શકે. કવિ પણ આપણને એ અપાર આંતરિક કોશનો ઈશારો કરે છે.

રાજા પાસે કોઈ પણ યાચક જાય, માગનારો જાય તો તેને બહુ ચિંતા થતી નથી. તે યાચકની યોગ્યતા પ્રમાણે આપે છે કેમ કે તે જાણે છે કે આપવા છતાં તેનો કોશ ખાલી થવાનો નથી. આપણને પણ જો આપણા અપાર માંહ્યલા કોશનો ખ્યાલ આવે તો આપણે આવી પડનાર આપત્તિઓથી ગભરાઈશું નહીં પોતાની ભીતરી તાકાતથી પરિચિત કવિ ખુમારીપૂર્વક કહે છે, જેને આવવું હોય તેને આવવા દો, આપણે બધાને યોગ્ય રીતે મૂલવીશું. પ્રત્યેકને ઉચિત મૂલ્ય ચૂકવીશું એ પોતાનો નિર્ધાર છે.

અહીં આપણને 1965માં પાકિસ્તાની આક્રમણ વખતે ભારતના તત્કાલીન વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીના શબ્દો યાદ આવે છે. દેખાવમાં વામન પણ આંતરિક શક્તિથી સભાન વિરાટપુરુષ શાસ્ત્રીજીએ રાષ્ટ્રને જાગ્રત કરતાં તેમના વાયુપ્રવચનમાં કહેલું - Come what may. જેને આવવું હોય, આક્રમણ કરવું હોય તે ભલે આવતા, આપણે યોગ્ય મુકાબલો કરીશું. શાસ્ત્રીજીના શબ્દો ઉચ્ચારાયા તેનાં વીસ વર્ષ પૂર્વે રાજેન્દ્ર શાહે એવી જ ખુમારીથી આ શબ્દો લખ્યા છે.

પ્રથમ બે કડીમાં પ્રકૃતિતત્ત્વોને વારંવાર યાદ કરનાર પ્રકૃતિપ્રેમી કવિ અંતિમ કડીની અંતિમ પંક્તિમાં પુનઃપ્રકૃતિને યાદ કરે છે. ગ્રીષ્મની ગરમીમાં આકાશ આગ વરસાવે છે. પૃથ્વી પરની પ્રાણીસૃષ્ટિ ત્રાહિમામ્ પોકારે છે. એ સમયે ગુલમોર જેવાં પુષ્પો હસીહસીને સુવાસ પ્રસરાવે છે, પ્રસન્નતા પ્રસરાવે છે. આ ખીલેલાં, હસતાં ફૂલોને જોઈ આપણે પણ આભથી વરસતી આગને ઘડીભર ભૂલી જઈએ છીએ. આપણને આશ્ચર્ય પણ થાય કે આટલું નાનું નાજૂક પુષ્પ આવી અસહ્ય ગરમી સહી શકતું કેવી રીતે હશે! પરંતુ ફૂલ જાણે છે કે બાહ્ય ગરમીનો મુકાબલો કરવાની શક્તિ તેની ભીતર છે. તે પોતાની આંતરિક શક્તિના બળે બાહ્ય સંકટોનો સામનો કરી શકે છે. આ દૃષ્ટાંત આપી કવિ આપણને સૂચવવા માગે છે કે આપણે પણ આંતરિક શક્તિના સહારે આવી પડનારી બાહ્ય આફતોનો મુકાબલો કરી શકીએ એમ છીએ. આ વાત સમજી શકાય તો કવિની સાથે આપણે પણ આપણા અન્ય માનવબંધુઓને કહી શકીએ : ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. આપણે રંક નથી એમ કહી કવિ શું કહેવા માગે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

2. આપણો કયો કોશ અપાર છે? એનો અર્થ શો?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

3. કવિ કયો નિર્ધાર કરે છે? શા માટે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

4. આભ જ્યારે આગ વરસાવે છે ત્યારે ફૂલ તેનો કેવી રીતે સામનો કરે છે? આ દૃષ્ટાંત દ્વારા કવિ શું સચૂવવા ઇચ્છે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

## 12.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

નીચે વિભાગ 'ક' માં કેટલાક શબ્દસમૂહો આપવામાં આવ્યા છે. તેની સાથે સકંળયેલા શબ્દો વિભાગ 'ખ'માં આપવામાં આવ્યા છે. જે તે શબ્દસમૂહ સાથે સંગત શબ્દનો ક્રમ લખી યોગ્ય જોડકાં બનાવોઃ

| | ક | | ખ |
|---|---|---|---|
| 1. | નાની એવી જાતક વાત | 1. | શક્તિસ્રોત |
| 2. | ભારનું વાહન કોણ બની રહે | 2. | ગુલમોર |
| 3. | સજલ મેઘની શાલપે સોહે | 3. | દુઃખદર્દ |
| 4. | જલભરી દગ પેખે | 4. | સમુદ્ર |
| 5. | હસતી આંખો નિહાળે | 5. | ઝીણું વસ્ત્ર |
| 6. | રેશમનું કોકડું | 6. | મેઘધનુષ |
| 7. | નિબિડ રાતનું કાજળ | 7. | ખમીરવું |
| 8. | માંહ્યલો કોશ અપાર | 8. | પ્રભાત |
| 9. | આભ ઝરે ભલે આગ | 9. | પંકજ |

## 12.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

રાજેન્દ્ર શાહની પ્રથમ કાવ્યરચના ઉપેન્દ્રાચાર્યના ગીત 'પથ્થર પર પાણીનો ધોધ'ના અનુકરણમાં લખાયેલ ગીત હતી. 'ધ્વનિ'થી 'ઉદ્‌ગીતિ' સુધીની લગભગ 625 જેટલી કાવ્યરચનાઓમાં 350 ઉપરાંત ગીતો છે એ હકીકત રાજેન્દ્રના સમગ્ર કાવ્યસર્જનમાં ગીત એ કેવું મહત્ત્વનું કાવ્યસ્વરૂપ છે એનો નિર્દેશ કરે છે.

રાજેન્દ્રના ગીત 'ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર'ની લયરચના પહેલાં તપાસીએ. ઉપાડમાં પાંચમાત્રિક લયસંધિ મૂકી કવિએ બે આઠમાત્રિક આવર્તનો કર્યાં છે. પછીની પંક્તિમાં કવિએ ત્રણ આઠમાત્રિક આવર્તનો પછી ત્રણમાત્રિક લયસંધિ મૂકી છે. આ ભાત ત્રણે કડીઓમાં પુનરાવૃત્ત કરી છે.

ગીતમાં લયના જેવું બીજું મહત્ત્વનું તત્ત્વ છે પ્રાસ. રાજેન્દ્રે પ્રાસની વર્ણાનુપ્રાસ, શબ્દાનુપ્રાસની અવનવી છટાઓ તેમનાં ગીતોમાં પ્રગટાવી છે. તેમનાં અન્ય ગીતોની જેમ આ ગીતમાં પણ અંત્યાનુપ્રાસમાં ભાગ્યે જ શિથિલતા જોવા મળશે. આરંભની પંક્તિઓની પ્રાસની સ્વાભાવિકતા છેક અંત સુધી જળવાઈ રહે છે. આરંભની પંક્તિના અંતિમ શબ્દ 'જોર' સાથે બીજી પંક્તિમાં કવિએ 'શોર'નો અંત્યાનુપ્રાસ મેળવવાની સાથે 'જાતક વાત'માં શબ્દાનુપ્રાસ પણ મેળવ્યો છે. 'કાજલ પાછળ' પણ યમકનું દૃષ્ટાંત છે.

શબ્દાલંકારોના જેવા ઔચિત્યથી કવિએ અર્થાલંકારો પણ પ્રયોજ્યાં છે. અંતિમ પંક્તિનો સજીવારોપણ પ્રકૃતિ પ્રત્યેના કવિના અભિગમનો દ્યોતક છે.

કવિતામાં કવિ કલ્પન-પ્રતીક પણ સર્જતો હોય છે. કવિતાની વાણી કલ્પનાત્મક હોઈ ચિત્રનિર્માણક્ષમ બને છે. શબ્દ દ્વારા સર્જાતું માનસચિત્ર એ જ કલ્પન છે. પ્રથમ કડીમાં કવિ 'સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર' જેવું આંતરજગતને પ્રગટ કરતું બહિર્જગનું કલ્પન આપે છે. બીજી કડી તો આવા કલ્પનોથી સભર છે. કાવ્યની અંતિમ પંક્તિમાં પણ આવું જ હૃદ્ય કલ્પન સાંપડે છે.

કવિની શબ્દપસંદગી પણ પ્રશસ્ય છે. આપણે જોઈ ગયા તેમ આરંભમાં આવતું 'ભાઈ રે'નું સંબોધન જ ગીતની અડધી સફળતા તો અંકે કરી આપે છે. બીજી પંક્તિમાં આવતો 'જાતક'

શબ્દ પણ અનેક અર્થચ્છાયાઓ પ્રગટાવી રહે છે. એ શબ્દનો કોશગત - ધાતુગત અર્થ તો આપણે જોયો. પરંતુ એ શબ્દને બુદ્ધના જીવન-ઉપદેશ સાથે સંબંધ છે. 'જાતકકથા'ઓ બુદ્ધના પૂર્વના જન્મોનો સંકેત કરે છે. વળી બુદ્ધના જીવનને, તેમના ઉપદેશને દુઃખ સાથે વિશેષ સંબંધ છે. આ બધી અર્થચ્છાયાઓ આ શબ્દના ઉપયોગથી કવિ પ્રગટાવી શક્યા છે. આવી જ કુશળતા કવિ 'અલૂણ' શબ્દમાં પણ દાખવે છે. 'રંક' અને 'માંહ્યલો' પણ આ ગીતના અર્થસમુદ્ધ શબ્દો છે. સફળ કવિ કોશગત અર્થને અતિક્રમી જાય છે. 'અલૂણ' શબ્દનો માત્ર કોશગત અર્થ અહીં ચાલે એમ નથી એમ સમજી શકાશે.

બીજી પંક્તિમાં કવિએ ચાર વાર 'ઈ'કારનો પ્રયોગ કરી તથા બે વાર 'એ'કાર તથા બે વાર 'ઓ' કારનો વિનિયોગ કરી રડવાની, શોરબકોની પ્રવૃત્તિને વ્યંજિત કરી છે. 'કોકડું છે... દુકૂલ' પંક્તિમાં છ વાર 'ઉ'કાર પ્રયોજી વસ્ત્રવણવાની ક્રિયા પ્રત્યક્ષ કરાવી છે.

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

1. 'અલૂણ', 'અપાર' શબ્દોમાં આરંભમાં લાગતો 'અ' પ્રત્યય વિરુદ્ધ અર્થ દર્શાવે છે તે તમે જાણો છો. આ 'અ' શરૂઆતમાં આવતો હોઈ તેને પૂર્વગ કહેવામાં આવે છે.

(ક) શબ્દની શરૂઆતમાં વિરુદ્ધ અર્થમાં 'અ' પૂર્વગ આવતો હોય તેવા દસ શબ્દો લખો.

...............................................................

...............................................................

...............................................................

2. આ શબ્દો જૂઓ: બડભાગી, જલભરી, રંગધનુષ

'બડભાગી'માં 'બડ+ભાગી', 'જલભરી'માં 'જલ+ભરી', 'રંગધનુષ'માં 'રંગ+ધનુષ' એમ બે પદો જોડાયેલાં મળે છે. આ રીતે બે પદો જોડાઈને એક પદ બને તેને 'સમાસ' કહે છે.

(ખ) દસ સામાસિક શબ્દો લખો:

...............................................................

...............................................................

...............................................................

3. નીચેની પંક્તિઓ જુઓ:

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?

નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર.

ઉપર પ્રથમ પંક્તિમાં 'આપણા દુઃખનું જોર કેટલું? એમ કહેવાથી જે અર્થ પ્રગટ થાત તે જે રીતે કહેવાયું છે તેનાથી બદલાઈ જાય છે એ તમારા ધ્યાનમાં આવ્યું ? અલબત્ત કવિતામાં કાવ્યલયના નિર્માણ માટે ક્રિયાપદ આગળ મૂકવું આવશ્યક પણ હોય છે. બીજી પંક્તિમાં પણ કવિએ 'શોર મચાવીએ નહિ'ના બદલે 'મચવીએ નહિ શોર' એમ લખ્યું છે. પદક્રમ બદલાવાને કારણે અર્થભારમાં તો ફેર પડે જ છે.

(ગ) નીચેની કડીઓમાં પદક્રમ બદલાવાને કારણે અર્થભારમાં પડતો ફેરફાર સમજાવો.

1. (1) નહિ અલૂણનું કામ.

(2) અલૂણનું કામ નહિ.

(3) કામ નહિ અલૂણનું.

.................................................................

.................................................................

.................................................................

2. (1) ખમીરનું આજ ગવાય રે ગાન.

(2) આજ ખમીરનું ગાન ગવાય રે.

(3) ગાન ગવાય રે આજ ખમીરનું.

.................................................................

.................................................................

.................................................................

3. (1) જલભરી દગ સાગર પેખે.

(2) સાગર જલભરી દગ પેખે.

(3) પેખે સાગર જલભરી દગ

.................................................................

.................................................................

.................................................................

4. (1) કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.

(2) કાજળ પાછળ અરુણ ભોર પ્રગટે.

(3) પ્રગટે કાજળ પાછળ અરુણ ભોર.

.................................................................

.................................................................

.................................................................

5. (1) ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર.

(2) માંહ્યલો અપાર કોશ ભર્યોભર્યો.

(3) માંહ્યલો ભર્યોભર્યો - કોશ અપાર.

.................................................................

.................................................................

.................................................................

## 12.8 પુનરવલોકન

આપણે આ ગીતને ત્રણ ખંડમાં વિભાજિત કરીને તેનો સઘન અભ્યાસ કર્યો. હવે સમગ્ર કાવ્યને

આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

1. 'આપણા દુઃખનું કેટલું જોર?' - આવો પ્રશ્ન કવિ કોને પૂછે છે? એ પ્રશ્નનો ઉત્તર સમગ્ર કાવ્યમાં કવિ કેવી રીતે આપે છે?

   ...........................................................................

   ...........................................................................

   ...........................................................................

2. મનુષ્યે દુઃખનો સ્વીકાર કેવી રીતે કરવો જોઈએ? શા માટે?

   ...........................................................................

   ...........................................................................

   ...........................................................................

3. દુઃખનો સામનો કોણ કરી શકે? એની શક્તિ ક્યાંથી કેવી રીતે મળી શકે?

   ...........................................................................

   ...........................................................................

   ...........................................................................

4. માનવજીવનમાં દુઃખનું શું સ્થાન છે? શું મહત્ત્વ છે?

   ...........................................................................

   ...........................................................................

   ...........................................................................

5. આ ગીતનું શીર્ષક સમજાવી એની યથાર્થતા ચર્ચો.

   ...........................................................................

   ...........................................................................

   ...........................................................................

6. 'ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર' કાવ્યમાં કવિએ શાની મહત્તા દર્શાવી છે? દુઃખની કે માનવપુરુષાર્થની કે દુઃખ પ્રત્યે નિહાળવાના દૃષ્ટિકોણની? તમને શું લાગે છે?

   ...........................................................................

   ...........................................................................

   ...........................................................................

7. કવિ રાજેન્દ્ર શાહની સર્જકતા આ ગીતમાં કઈ રીતે પ્રતીત થાય છે તે દર્શાવો.

   ...........................................................................

..........................................................................

..........................................................................

## 12.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (જ):**

1. આ કાવ્યનો આસ્વાદ લગભગ પાંચસો શબ્દોમાં કરાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. રાજેન્દ્ર શાહનાં ગીતો પૈકી તમને પસંદ અન્ય એક ગીતનો આસ્વાદ કરાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 12.10 વિશેષ અધ્યયન

### 12.10.1 કવિ-પરિચય

રાજેન્દ્ર કેશવલાલ શાહનો જન્મ તેમના વતન કપડવંજમાં 28-1-1913ના રોજ થયો હતો. માતાનું નામ લલિતાબહેન. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ કપડવંજમાં. 1930માં અસહકારની લડતમાં ઝંપલાવી મેટ્રિકની પરીક્ષા ન આપી 1932માં મૅટ્રિક થઈ મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા. 1934માં વડોદરા કૉલેજમાં દાખલ થઈ 1937માં ફિલોસોફી વિષય સાથે બી.એ. થયા. 1931માં મંજુલાબહેન સાથે લગ્ન. પ્રસન્ન દામ્પત્ય એમની કાવ્યપ્રવૃત્તિનું પ્રેરકબળ બની રહ્યું. 1993માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા.

1947નો 'કુમારચંદ્રક' તથા 1956નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' રાજેન્દ્રને એનાયત થયા. તેમના કાવ્યસંગ્રહ 'શાંત કોલાહલ'ને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. 1951માં કવિનો પ્રથમ યશસ્વી કાવ્યસંગ્રહ 'ધ્વનિ' પ્રગટ થયો. એ પછી એમની પાસેથી સંખ્યાબંધ

કાવ્યસંગ્રહો પ્રાપ્ત થયાં છે. એમનો કાવ્યરાશિ વિપુલ છે તેમ સત્ત્વશાળી પણ છે. ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ આ કવિ અનુગાંધીયુગના પ્રમુખ કવિ છે. એમની કાવ્યસાધના આજે પણ અવિરત ચાલી રહી છે. એમણે અંગ્રેજી અને બંગાળીમાંથી કેટલાંક ઉત્તમ કાવ્યોના અનુવાદો પણ કર્યા છે. જેમાં મહાકવિ દાન્તેની 'ડિવાઈન કૉમેડી'નો સંપૂર્ણ પદ્યાનુવાદ નોંધપાત્ર છે.

### 12.10.2 સ્વરૂપ-પરિચય

સુન્દરમ્ કહે છે તેમ ગીત'કવિતા અને સંગીતના સહિયારા સીમાડા પરનો છોડ છે'. ગીતમાં કવિ પોતાના વિચારને ઉદ્‌બોધનરૂપે પ્રગટ કરે છે. ગીતનું ગીતત્વ સાધનારાં તત્ત્વો કવિએ સિદ્ધ કર્યાં હોય તો ગમે તે વિષય : ઊર્મિસંવેદન, વિચાર કે પ્રસંગ-ઘટના ગીતને માટે બાધક નીવડતાં નથી. વિષય ગીતમાં રાગીયતા પામવો જોઈએ. રાગીયતા - Melodiousness એ ગીતનો બાહ્ય પદાર્થ નથી પણ તેનું અંતરંગ છે. કવિચિત્તની એ એક અંતર્ગત બાબત છે જે ગીતના ઉપાડ, લય, વર્ણ અને શબ્દસંયોજન, તેમાંની કલ્પનાસૃષ્ટિ વગેરે બાબતોને રચી દે છે. ગીતની બીજી આવશ્યકતા છે ઉક્તિલાઘવ અને અર્થલાઘવની. ચરણાન્ત વિરામ એ ગીતની આવશ્યકતા જ નહીં તેની શક્તિ છે. પ્રાસ વિના ગીતનું સંયોજન અસરકારકતા સાધતું નથી. આપણાં પદ, ભજન, ગરબા-ગરબી ધોળ અને રાસ વગેરે ગીતનાં વિવિધ સ્વરૂપો છે. ભિન્ન-ભિન્ન ઢાળ-લયનો આપણી ગીતરચનાઓને વિવિધતા અર્પવામાં, વિષય અને સ્વરૂપના ફાળા જેટલો જ ફાળો છે.

### 12.10.3 વિશેષ-વાચન

'ધ્વનિ' (1951) રાજેન્દ્ર શાહનો પ્રથમ કાવ્યસંગ્રહ છે. પ્રસ્તુત ગીત એ સંગ્રહમાંથી લેવામાં આવ્યું છે. એ જ વર્ષે કવિનો ગીતસંગ્રહ 'આંદોલન' બહાર પડેલ. તેમનો એક બીજો યશોદાયી સંગ્રહ 'શાંતિ કોલાહલ' 1956માં પ્રગટ થયેલો.'આંદોલન' પછી કવિ બીજો ગીતસંગ્રહ 'ઉદ્‌ગીતિ' 1978માં બહાર પાડે છે. 'ચિત્રણા', 'વિષાદને સાદ', 'ક્ષણ જે ચિરંતન', 'મધ્યમા','ઈક્ષણા', 'પત્રલેખા', 'પ્રસંગસપ્તક' વગેરે અનેક કાવ્યસંગ્રહો તેમણે પ્રગટ કર્યા છે. તેમનાં બધાં કાવ્યોનો સંચય 'સંકલિત કવિતા' (1983) પણ પ્રગટ થયો છે. તેમની વીણેલી કવિતાઓનાં સંકલનો પણ પ્રગટ થયાં છે. એ બધાંનો તમારે અભ્યાસ કરવો જોઈએ. 'રાજેન્દ્ર શાહ' વિશે ધીરુ પરીખે એક પુસ્તિકા લખી છે જેમાં તેમની કવિતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. પ્રસાદ બ્રહ્મભટ્ટનો મહાનિબંધ 'રાજેન્દ્ર-નિરંજન યુગની કવિતા' (1982) પણ પ્રગટ થયો છે. એના અભ્યાસથી રાજેન્દ્રની કવિતાને માણવામાં, આસ્વાદવામાં, મૂલવવામાં મદદ મળી શકે.

---

- **ટિપ્પણ**

---

**જાતક** - ન. જાતકર્મ (૨) જન્માક્ષર, જન્મકુંડળી (૩) બુદ્ધ ભગવાનના પૂર્વજન્મની કથા, જાતકકથા; **શોર**- પું. (ફા.) કોલાહલ, ઘોંઘાટ; **વાહન** - ન. (સં.) આવજા માટે વપરાતું સાધન (ગાડી, પશુ ઈ.) (૨) વિચાર, લાગણી કે કાર્ય પ્રગટ કરવા માટે વપરાતું સાધન માધ્યમ; **અલૂણ** - વિ. (અ+લૂણ) લૂણ-મીઠા વિનાનું (૨) લૂણ-અન્ન વિનાનું; **ભૂખ્યું** (૩) (લા.) ફીકું, ખિન્ન, વરવું; **બડભાગી** - વિ. (હિં. બડ + ભાગ્ય) મહાભાગ્યશાળી, ભારે નસીબદાર, બડબખ્ત; **ખમીર**-નિ. (અ.) ખટાશ કે આથો ચડાવનારું તત્ત્વ, 'યીસ્ટ' (૨) ખટાશવાળું ઉભરણ (૩) (લા.) જોશ, તાકાત; **સજલ** - વિ. (સં.) જળવાળું (૨) આંસુથી ભરેલું; **દગ** - આંખો, ચક્ષુ; **કોકડું** - ન. શંકુ આકારમાં વીંટાળેલા સૂતરનો કે કોઈ દોરાનો દડો (૨) ચામડીનું કે શરીરનું વળ ચડી જવું કે સંકોચાવું તે (૩) (લા.) ગૂંચવણભર્યું કામકાજ કે મામલો; **દુકૂલ** - ન (સં.) બારીક રેશમી વસ્ત્ર; **નિબિડ** - વિ. (સં.) ધાડું (૨) ભારે મુશ્કેલ; **અરુણ** - વિ. (સં.) રતાશ પડતું (૨) સોનેરી (૩) પુ. (સં.) સૂર્યનો સારથિ (૪) પરોઢ, પ્રભાત (૫) પરોઢ વખતે આકાશનો રંગ

(૬) રતાશ પડતો રંગ; **ભોર** - પું. સ્ત્રી. (प्रा. परोह (सं. प्ररोह) ?, हि.) પરોઢિયું (૨) પું. (સં.) તમ્મર (૩) અ. ભોરભોર; **રંક** - વિ.(સં.) ગરીબ; **માંહ્યલો** - અંદરનો, ભીતરનો; **કોશ**- પું. (સં.) કોઈ પણ વસ્તુ સંઘરવા-સાચવવાનું પાત્ર, ખાનું, આવરણ અથવા ઘર (૨) ભંડાર, ખજાનો, (૩) શબ્દકોશ જેવો મૂળ ઘટક, જેની પેશી માંસ વગેરે બને છે. (૭) વીજળીની બેટરીનો એકમ; **મૂલવવું** - સ.ક્રિ. ('મૂલ્ય' ઉપરથી) મૂલ્ય નક્કી કરવું (૨) ખરીદવું (૩) આંકવું, કદર કરવી; **નિરધાર** - નિર્ધાર પું. (સં.) નિશ્ચય, નિર્ણય (૨) અ. નક્કી; **આભ** - ન (सं. अभ्र) આકાશ (૨) વાદળું; **ગુલમ્હોર** - ગુલમોર પું.ન. (ફા.) એક ફૂલઝાડ (૨) એનું ફૂલ.

એકમ ૧૩

# જૂનું ઘર ખાલી કરતાં

- બાલમુકુંદ દવે

**રૂપરેખા**

**13.1 ઉદ્દેશો**
**13.2 પ્રસ્તાવના**
**13.3 કૃતિ (સૉનેટ)**
**13.4 કૃતિનો સારાંશ**
**13.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**
**13.6 વસ્તુલક્ષી કસોટી**
**13.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**
**13.8 પુનરવલોકન**
**13.9 લેખન-પ્રવૃત્તિ**
**13.10 વિશેષ અધ્યયન**
**13.10.1 કવિ-પરિચય**
**13.10.2 સ્વરૂપ-પરિચય**
**13.10.3 વિશેષ વાચન**
- **ટિપ્પણી**

## 13.1 ઉદ્દેશો

આ કવિતાના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી સાહિત્યમાંની સૉનેટ કવિતાનો પરિચય કરી શકશો.
- સાવ સામાન્ય માણસના જીવનની એક સાવ સામાન્ય ઘટના દ્વારા પણ કેવું ઉત્તમ કાવ્ય સર્જી શકાય છે તે સમજી શકશો.
- પ્રકૃતિ ને પ્રણય સિવાયની અન્ય ઘટનાઓ પણ કવિતાનો વિષય બની શકે તે સમજી શકશો.
- વિષય સામાન્ય હોય પણ કવિપ્રતિભા એને શું બનાવે છે એ મહત્ત્વનું છે તે સમજી શકશો.
- સાદી ભાષા દ્વારા પણ ઉત્તમ કાવ્યરૂપ સિદ્ધ થઈ શકે છે તે સમજશો.
- મૃત બાળકની સ્મૃતિથી હલબલી ઊઠેલાં માબાપના હૃદયને સાક્ષાત જોઈ શકશો.
- ક્યારેક મનુષ્ય તેના જીવનમાં બનેલી મહત્ત્વની ઘટનાઓને વીસરી જાય છે તે સમજાશે.
- મહત્ત્વની જીવનઘટનાનું થયેલું સ્મરણ માનવ-ચેતનામાં શું પરિવર્તન આણે છે તે જોઈ શકશો.

## 13.2 પ્રસ્તાવના

'જૂનું ઘર ખાલી કરતાં' આ સૉનેટકાવ્ય બાલમુકુન્દ દવેના 'પરિક્રમા' કાવ્યસંગ્રહમાંથી લેવાયું છે. બાલમુકુંદ દવે ગુજરાતી સાહિત્યના અનુગાંધીયુગના કવિ છે. તેઓ લોકલયોના આપણા એક રસસિદ્ધ ઉત્તમ ગીતકવિ છે. હળવી કથનશૈલીમાં અને હળવા વિષયોને પણ તેઓ ખૂબ સરળતાથી ને સફળતાથી ને ચમત્કારક રીતે રજૂ કરી શકે છે. અહીં પ્રસ્તુત કરેલ સૉનેટકાવ્યનો વિષય સામાન્ય માણસના જીવનની એક સામાન્ય ઘટના છે. માણસ પોતાના જીવનમાં ભાતીગળ અનુભવોમાંથી પસાર થાય છે. જીવનચક્ર જ એવું છે જેમાં બનતી પ્રત્યેક ઘટના

જ્યારે બને છે ત્યારે કાં તો અતિ આઘાતક હોય છે અથવા અતિ ઉત્સાહપ્રેરક હોય છે. સમય જેમેજેમ વહેતો જાય છે તેમતેમ એ ઘટના ઝાંખી-પાતળી પડતી જાય છે. પરંતુ આવી વીતેલી ઘટનાઓ માનવમનમાં ઢબુરાઈને રહે છે. અમુક પરિવેશ મળતાં એ ઘટના જીવતી થાય છે. હા, લીલીછમ બની જાય છે. ભૂતકાળ વર્તમાન બની રહે છે ને માનવ ભૌતિક જગતમાંથી ભાવજગતમાં સરી પડે છે. આવી એક માનવચિત્તને યોગ્ય પરિવેશ મળતાં ઝંકૃત થઈ ઊઠેલી ઘટના 'જૂનું ઘર ખીલી કરતાં' સૉનટકાવ્યમાં આલેખાય છે.

## 13.3 કૃતિ

### જૂનું ઘર ખાલી કરતાં

ફંફોસ્યું સૌ ફરીફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું :
જૂનું ઝાડું, ટૂથ બ્રશ, વળી લક્સ સાબુની ગોટી,
બોખી શીશી, ટિનનું ડબલું, બાલદી કૂખકાણી,
તૂટ્યાં ચશ્માં, ક્લિપ બટન ને ટાંકણી સોય-દોરો !
લીધું દ્વારે નિત લટકતું નામનું પાટિયું, જે
મૂકી ઊંધું, સુપરત કરી, લારી કીધી વિદાય,

ઊભાં છેલ્લી નજર ભરીને જોઈ લેવા જ ભૂમિ,
જ્યાં વિતાવ્યો પ્રથમ દસકો મુગ્ધ દામ્પત્ય કેરો;
જ્યાં દેવોના પરમ વરશો પુત્ર પામ્યાં પનોતો,
ને જ્યાંથી રે કઠણ હૃદયે અગ્નિને અંક સોંપ્યો !
કોલેથી જે નીકળી સહસા ઊઠતો બોલી જાણે :
'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે?'

ખૂંચી તીણી સજલ દગમાં કાચ કેરી કણિકા!
ઉપાડેલાં ડગ ઉપર શા લોહ કેરા મણીકા!

- **બાલમુકુંદ દવે** ('પરિક્રમા'માંથી)

## 13.4 કૃતિનો સારાંશ

કૃતિમાં એક મધ્યમ વર્ગનો માણસ પોતાનું જૂનું ઘર ખાલી કરીને નવા ઘરે રહેવા જઈ રહ્યો છે તે સમયે તે શું શું કરે છે, કઈ માનસિક સ્થિતિમાંથી પસાર થાય છે. એ વસ્તુને વિષય કરવામાં આવી છે. કાવ્યનાયક જૂના ઘરમાંથી બધી ચીજવસ્તુઓ એકઠી કરે છે. વસ્તુઓની યાદી જોતાં વાચકને થાય છે કે હવે આ તૂટેલી-ભંગાર બની ગયેલી વસ્તુઓનો શો ઉપયોગ? જેમ કે, જૂનું ઝાડું, તૂટ્યાં ચશ્માં, કૂખકાણી બાલદી વગેરે. પરંતુ આ ભૌતિકતામાંથી ક્રમશઃ કાવ્યમાં ભાવસ્થિતિનો પલટો આવે છે.

વસ્તુઓ એકઠી કર્યા પછી છેલ્લી વાર જૂનું ઘર જોવા માટે કાવ્યનાયક અને તેની પત્ની તૈયારી કરે છે ને ત્યાં જ તેમને યાદ આવે છે  તેમના દાંપત્યજીવનનો પ્રથમ દસકો જે અત્યંત આનંદદાયક હતો વળી, આ યાદ આવે છે પનોતો પુત્ર જે તેઓને આ ઘરમાં જ પ્રાપ્ત થયો હતો ને કમનસીબે અહીં જ તેનું મૃત્યું થયું હતું ને બંને ત્યાં અત્યંત વ્યગ્ર બની જાય છે. તેમને સંભળાય છે મૃતપુત્રનો અવાજઃ 'બા-બાપુ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે?' વેદનાગ્રસ્ત બનેલા દંપતીનો નવા ઘરે જવાનો ઉત્સાહ ઓસરી જાય છે. ભૂતકાળમાં બનેલી ઘટના તેમના વર્તમાનને કરુણથી રસી દે છે અને નવા ઘેર જવા ઉત્સાહથી ઉપાડેલા પગ લોખંડ જેવા ભારે બની જાય છે.

## 13.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા :**

આ કૃતિનું સ્વરૂપ સૉનેટ છે. સૉનેટ મૂળ તો વિદેશી કાવ્યપ્રકાર છે. એ મૂળ તો, બે પ્રકારનાં હોય છે. એક, પેટ્રાર્કની અસર હેઠળ રચાયેલાં સૉનેટ અને બીજાં તે શેક્સપિયરની અસર હેઠળ રચાયેલાં સૉનેટ. આ બંને પ્રકારમાં ચૌદ પંક્તિની અનિવાર્યતા તો સ્વીકારાઈ જ છે. વળી, સઘન વિચાર અને ચિંતનસભર વસ્તુની પણ પૂરી આવશ્યકતા બંનેમાં હોય છે. એમાં પંક્તિની યોજના બંનેમાં અલગ હોય છે. પેટ્રાર્કની અસર હેઠળ રચાયેલાં સૉનેટમાં અષ્ટક અને ષટ્ક એ રીતે ચૌદ પંક્તિઓ વહેંચેલી હોય છે અને શેક્સપિયરની અસર હેઠળ રચાયેલાં સૉનેટમાં ત્રણ ચતુષ્ક અને છેલ્લે બે પંક્તિઓ એ રીતની યોજના હોય છે. ચૌદ પંક્તિના જુદીજુદી રીતના વિભાગો એ કોઈ યાંત્રિક કે બાહ્ય વ્યવસ્થા નથી પરંતુ તેના આંતરસ્વરૂપની આવશ્યકતામાંથી નીપજેલા છે. આ આવશ્યકતા તે સૉનેટમાં આવતા અંતર્ગત વળાંક. પ્રસ્તુત સૉનેટનું સ્વરૂપ સ્વતંત્ર છે ને તે મંદાક્રાન્તા છંદમાં રચાયું છે.

આ સૉનેટનો વિષય કંઈ કોઈ 'મહાભિનિષ્ક્રમણ' નથી, રામના વનગમન કે બુદ્ધના ગૃહત્યાગ જેવી સાંસ્કૃતિક સીમાચિહ્ન જેવી ઘટના પણ નથી. આ કાવ્યમાંની ઘટના તો સાવ સામાન્ય માણસના જીવનની એક સાવ સામાન્ય ઘટના છે. એક માણસ જૂનું ઘર ખાલી કરીને નવા ઘરમાં રહેવા જાય છે - આટલી વાત છે. આ વસ્તુમાં કંઈ માલ નથી પણ કવિએ તેને રસસિદ્ધ કર્યું છે.

કાવ્યનાયક જૂનું ઘર ખાલી કરવાની ક્ષણે આપણી સમક્ષ આવે છે. કાવ્યના પ્રથમ ષટ્કની વિગતો પરથી એની ઓળખ મળે છે કે તે મધ્યમ વર્ગનો પ્રતિનિધિ છે. કાવ્યનાયક નવા ઘરમાં જવા માટે ઉત્સુક છે. એનો ઉત્સાહ ક્યાંય કવિએ શબ્દથી વ્યક્ત કર્યો નથી પરંતુ દંપતી જે કંઈ ક્રિયા કરે છે તેમાં તેમનો ઘર બદલવાનો ઉત્સાહ પ્રગટ થાય છે. બંને જે કંઈ સંકેલીને લઈ જવાની તૈયારી કરે છે તેમાં તેમની રહેણીકરણીની ઓળખ વાચકને મળે છે. તેઓ અત્યંત કરકસરથી રહેતાં હશે. નવા ઘરે જાય છે ત્યારે સાવ નકામી થઈ ગયેલી ચીજો (ટૂથબ્રશ, બોખી શીશી, તૂટેલી બાલદી, તૂટેલા ચશ્માં વગેરે) જેનો ભાગ્યે જ ફરી ઉપયોગ થઈ શકે તે લઈ જાય છે. તેના પરથી ભાવકને સમજાય છે કે આ દંપતી મધ્યમ વર્ગનું છે. કવિએ કાવ્યનાયકના ઘરની વસ્તુઓની વિગતો જે ભાષાભંડોળથી રજૂ કરી છે તે ભાષાબંધ પણ મધ્યમ વર્ગનો ચાલુ ચલણી છે છતાં તેનો પ્રત્યેક શબ્દ સાર્થક છે ને કાવ્યના હેતુને ઉપકારક છે.

પંક્તિ 1થી 6માં ઘરની ભંગાર વસ્તુઓની યાદી છે ને 7થી 12 પંક્તિમાં કાવ્યના વસ્તુમાં વળાંક આવે છે. સ્થૂળતામાંથી સૂક્ષ્મતા તરફ ગતિ થાય છે. કાવ્યનાયક ને તેની પત્ની જૂના ઘરને છેલ્લી વાર જોવા ઊભાં રહે છે. જ્યાં તેમણે તેમના દાંપત્ય-જીવનનો મુગ્ધ દસકો વિતાવ્યો હતો, ને પ્રભુના પરમ વર શો પનોતો પુત્ર પ્રાપ્ત કર્યો હતો, ને કમનસીબે તે ત્યાં મૃત્યુ પણ પામ્યો હતો. એ ઘર જોતાં જ 'ઘર'નો અર્થ બદલાઈ જાય છે. 'ઘર'ને જોતા હૃદય ચીરી નાંખે તેવા કરુણમાં તેઓ સરી જાય છે. તેમને પ્રભુના વરદાન સમા પતોના પુત્રની પ્રાપ્તિની અને તેના અહીં જ થયેલા અવસાનની સ્મૃતિ થાય છે. મૃત પુત્ર 'બા-બાપુ ! ના કશુંય ભૂલિયાં, એક ભૂલ્યાં મને કે' એમ બોલતો સંભળાય છે. કાવ્યનાયક અને તેની પત્નીનું પેલી તૂટીફૂટી ચીજો માટેનું મમત્વ હવે તુચ્છ બની જાય છે. પુત્રનો અવાજ કાવ્યનાયકને તેની પત્નીને તીક્ષ્ણ આંચકો આપી તેમને તીવ્ર કરુણરસનો અનુભવ કરાવે છે.

બંનેની બધી ચેતનશક્તિ જડ-અપંગ બની જાય છે. ઘરનો સાચો અર્થ સમજાય છે. 'ઘર' એટલે ઈંટ-ચૂનાનું મકાન નહીં. ઈંટ-ચૂનાના ઘરને ભૂલી શકાય છે. પણ લાગણીના 'ઘર'નાં મૂળિયાં બહુ ઊંડાં હોય છે. એ 'ઘર' છોડવું અઘરું છે. તેને છોડતાં ચૈતન્ય છિન્નવિચ્છિન્ન બની જાય છે, લોહીલુહાણ થઈ જાય છે, એ ઘર આપણું 'સ્વીટ હોમ' હોય છે.

સૉનેટની છેલ્લી બે પંક્તિ અંત્યંત અસરકારક છે. કાવ્યનાયક અને તેની પત્નીને મૃતપુત્રની સ્મૃતિ સ્થગિત કરી દે છે. એમાં 'કણિકા', 'મણીકા'નો પ્રાસ તો ભાવને પૂર્ણ કક્ષાએ પહોંચાડે છે. આમ કૃતિમાં સ્થૂળ વસ્તુમાંથી ભાવ સૂક્ષ્મ તરફ ક્રમશઃ ગતિ કરે છે ને અંતે આવતી ચોટ કાવ્યને ઉત્તમ બનાવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. કાવ્યનાયકને જૂનું ઘર ખાલી કરતાં ઘરની બારીકાઈથી તપાસ કરતાં શું શું મળે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

2. કાવ્યનાયક સૌથી છેલ્લું લારીમાં શું મૂકે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

3. લારી મોકલ્યા પછી જતી વખતે કાવ્યનાયક શું કરે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

4. કાવ્યનાયકે કયો ને કેટલો સમય જૂના ઘરમાં વિતાવ્યો હતો?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

5. કાવ્યનાયક આ જૂના ઘરમાં શું પામ્યા હતા ને તેમણે શું ગુમાવ્યું હતું?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

6. અંતે જતાં કાવ્યનાયકને શી અનુભૂતિ થાય છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

7. કાવ્યનાયકનો પુત્ર શું બોલે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

## 13.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં કાવ્યો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવોઃ

1. કાવ્યનાયક જૂનું ઘર ખાલી કરે છે ત્યારે ઘરમાં તે બધી કીમતી વસ્તુઓ એકઠી કરે છે. ☐
2. કાવ્યનાયક નામનું પાટિયું સામાન ભરેલી લારીમાં છતું મૂકે છે. ☐
3. કાવ્યનાયકને છેલ્લે પોતાનું ઘર ફરી વાર જોતાં પોતાની મૃત દીકરી યાદ આવે છે. ☐
4. કાવ્યનાયકનો દીકરો આ જૂના ઘરમાં જન્મ્યો હતો. ☐
5. કાવ્યને અંતે કાવ્યનાયકનો નવા ઘેર જવાનો ઉત્સાહ એકદમ વધી જાય છે. ☐

## 13.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

1. આ કાવ્યમાં સંસ્કૃત, પ્રાકૃત, ફારસી, અંગ્રેજી, હિંદી આ બધી જ ભાષાના શબ્દોનો ઉપયોગ થયો છે. અહીં તેનો નમૂનો આપવામાં આવ્યો છે. બીજા કયા શબ્દો ગુજરાતી સિવાયની ભાષાના છે તે શોધોઃ

   નમૂનોઃ

   દગ (સંસ્કૃત); ઝાડુ (હિંદી);

   ફંફોસ્યું (પ્રાકૃત); સાબુ (અંગ્રેજી)

2. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કવિતાને કેટલો ઉપકારક બન્યો છે?
3. કવિએ વાપરેલા અન્ય ભાષાના શબ્દોની જગ્યાએ ગુજરાતી ભાષાના કયા શબ્દો મૂકી શકાય તે શોધો.

## 13.8 પુનરાવલોકન

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

1. જૂનું ઘર ખાલી કરતા કાવ્યનાયક શું કરે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

2. દંપતી જૂના ઘરને ફરીથી શા માટે જોવાની ઇચ્છા રાખે છે?

   ..............................................................

   ..............................................................

   ..............................................................

3. કાવ્યને અંતે 'ઘર'નો અર્થ શો થાય છે?

   ..............................................................

   ..............................................................

..............................................................

4. કવિ નામનું પાટિયું ઊંધું શા માટે મૂકે છે?

..............................................................

..............................................................

..............................................................

5. કાવ્યાંતે દંપતીનો નવા ઘેર જવાનો ઉત્સાહ કેમ મંદ પડે છે?

..............................................................

..............................................................

..............................................................

6. 'કણિકા', 'મણીકા' શબ્દ તમારા ચિત્ત પર શી અસર કરે છે?

..............................................................

..............................................................

..............................................................

## 13.9 લેખન-પ્રવૃત્તિ

આ કાવ્યમાં જૂનું ઘર છોડતાં દંપતીને જે અનુભૂતિ થઈ તેનું આલેખન થયું છે. તમે પણ સંસારમાં આવી અનુભૂતિમાંથી પસાર થયાં હશો અથવા કોઈને પસાર થતાં જોયાં હશે જેમ કે, તમે સ્કૂલ છોડી હોય, તમારું ગામ છોડ્યું હોય, તમારી અતિપ્રિય ચીજ જે આમ તો બીજાની દૃષ્ટિએ તુચ્છ પણ તમારે તે છોડવી પડી હોય વગેરે. આવા કોઈ પ્રસંગને યાદ કરી એનુ વર્ણન પદ્યમાં કરવાનો પ્રયત્ન કરો.

## 13.10 વિશેષ અધ્યયન

### 13.10.1 કવિ-પરિચય

વડોદરા જિલ્લાના મસ્તુપુરામાં ઈ.સ. 1916માં જન્મેલા બાલમુકુંદ દવે આપણા ગુજરાતી સાહિત્યના ગીત અને ભજનના ઢાળમાં કવિતા કરનાર કવિ છે. પ્રાચીન ભજનપરંપરાનું અનુસંધાન તેમની રચનાઓમાં જોવા મળે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અનુક્રમે મસ્તુપુરા-કુકરવાડાની ગુજરાતી સરકારી શાળામાં અને વડોદરાની સયાજી હાઈસ્કૂલમાં લીધું હતું. તેમણે થોડો વખત પત્રકાર તરીકે પણ કામગીરી બજાવી હતી.

બાળપણમાં માણેલું પ્રકૃતિ-સૌંદર્ય દાદીમાનાં પ્રભાતિયાં તેમ જ લગ્નગીતોનું શ્રવણ તથા ચિંતનાત્મક અને પ્રેરક સાહિત્યનું વાચન આ બધાંએ તેમના કવિવ્યક્તિત્વને ઘડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમના કાવ્યસંગ્રહ 'પરિક્રમા' (1955)માં પ્રકૃતિ, પ્રણય અને ભક્તિનાં કાવ્યો-ગીતો છે. તેમની કવિતાની વાણી શિષ્ટ અને પ્રાસાદિક છે. સાચકલી ભાવનાભૂતીના આલેખનને કારણે તેમની કવિતા મનોહારી બની છે. 'સહવાસ' (1976) તેમનાં કાવ્યોનું વેણીભાઈ પુરોહિતનાં કાવ્યો સાથે સુરેશ દલાલે કરેલું સંપાદન છે. એમણે બાલકાવ્યોના ત્રણ સંગ્રહો આપ્યા છે. આ ઉપરાંત પ્રૌઢશિક્ષણ માટે વ્યક્તિચિત્રોની પુસ્તિકા આપી છે.

### 13.10.2 સ્વરૂપ-પરિચય

ગુજરાતી કવિતામાં સૉનેટ વિદેશી કાવ્યપ્રકાર છે. ઈ.સ. 1883માં પહેલુંવહેલું સૉનેટ રચાયું

હતું. સૉનેટ-સ્વરૂપને ગુજરાતીમાં સ્થાયી કરીને ખીલવવાનું કામ બળવંતરાય ઠાકોરે કર્યું છે. બહિરંગમાં આ કાવ્યસ્વરૂપમાં ચૌદ પંક્તિની અનિવાર્યતા હોય છે. વસ્તુના ભરતી-ઓટની ક્રમયોજના ઉપસાવે તેવા પંક્તિખંડો 4, 4, 4, 2 અથવા 8, 6 મોટે ભાગે હોય છે.

ઈટાલીમાં 16મી સદીમાં પેટ્રાર્કે જે સ્વરૂપ પ્રચલિત કર્યું તેની યોજના 8, 6 એમ બે પરિચ્છેદોમાં વહેંચાતી હતી. ઇંગ્લેન્ડમાં 3 ચતુષ્ક અને છેલ્લે બે પંક્તિઓ એ પ્રકારની યોજના શેક્સપિયરશાઈ સૉનેટ તરીકે જાણીતી બની.

અત્યારે તો ચૌદ પંક્તિનો સળંગ, તેર અને એક, સાડા બાર અને દોઢ એમ અનેક પ્રયોગો સૉનેટની પંક્તિસંખ્યામાં થયા છે. આપણે એને અનિયમિત સૉનેટ કહી શકીએ.

સૉનેટમાં આવશ્યક ત્રણ લક્ષણો - વસ્તુવૈશિષ્ટ્ય, ચૌદ પંક્તિની નિશ્ચિત સંખ્યા તેમ જ પાઠ્યવૃત્ત સઘન વસ્તુવિચાર અને તેનો કાવ્યદેહમાં યોગ્ય પલટો.

સૉનેટમાં અક્ષરમેળ છંદો પર પસંદગી ઢળી છે. એ વધુમાં વધુ અગેય પૃથ્વી છંદ ઉપરાંત શિખરિણી, મદાંક્રાન્તા, હરિણી, વસંતતિલકા, ગુલબંકી વગેરેમાં રચાયાં છે. બળવંતરાય ઠાકોરનું ‘ભણકારા’ નામનું સૉનેટ 1888માં મળ્યું. પછી કાન્તે કેટલીક કલાત્મક રચનાઓ આપી છે. પછી નરસિંહરાવ, ન્હાનાલાલ, કાન્ત વગેરેમાંથી આગળ વધી ગાંધીયુગમાં રા.વિ. પાઠક, જયંત પાઠક, ઉમાશંકર, સુંદરમ્, અનુગાંધીયુગમાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, ઉશનસ્, બાલમુકુંદ દવે વગેરેએ સૉનેટને નવા કલાઘાટ આપ્યા છે. આજે પણ આ સ્વરૂપ વિકસતું રહ્યું છે.

**13.10.3 વશેષ વાચન**

નીચેના કવિઓનાં સૉનેટ વાંચો અને તમે જેનો અભ્યાસ કર્યો તેની તે સૉનેટો સાથે વિષય-દષ્ટિએ સ્વરૂપદષ્ટિએ શી વિશેષતા છે અથવા જુદાપણું છે તે તપાસો.

1. બળવંતરાય ઠાકોર (ભણકારા)
2. રામનારાયણ પાઠક (છેલ્લું દર્શન)
3. ઉમાશંકર જોશી (જઠરાગ્નિ)
4. ઉશનસ્ (વળાવી બા આવી)

---

• **ટિપ્પણ**

---

**ફંફોસ્યું** - બારીકાઈથી તપાસવું, ખોળવું; **વરશો** - વરદાન જેવો; **પનોતો** - શુભ, મંગળકારી, ઘણે વર્ષે થયેલું સંતાન; **અંકે** - ખોળે; **કોલેથી** - ખૂણામાંથી; **દગ** - આંખ; **કણિકા** - છેક ઝીણી કરચ; **મણીકા** - મણનું વજન.

એકમ ૧૪

# વળાવી બા આવી

- ઉશનસ્

રૂપરેખા

**14.1 ઉદ્દેશો**
**14.2 પ્રસ્તાવના**
**14.3 કૃતિ (સૉનેટ)**
**14.4 કૃતિનો સારાંશ**
**14.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન**
**ખંડ-1**
**ખંડ-2**
**14.6 વસ્તુલક્ષી કસોટી**
**14.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ**
**14.8 પુનરવલોકન**
**14.9 લેખન-પ્રવૃત્તિ**
**14.10 વિશેષ અધ્યયન**
**14.10.1 કવિ-પરિચય**
**14.10.2 સ્વરૂપ-પરિચય**
**14.10.3 વિશેષ વાચન**
**• ટિપ્પણી**

## 14.1 ઉદ્દેશો

આ સૉનેટના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી કાવ્યસાહિત્યની એક અનવદ્ય સૉનેટકૃતિનો આસ્વાદ મેળવશો.
- થોડાક દિવસ ઘેર રહ્યા પછી નોકરી-વ્યવસાયના સ્થળે ચાલ્યા જતાં દીકરાઓ અને વહુવારુઓને વળાવતી માતાની દારુણ વિરહવ્યથાનો પરિચય કરશો.
- સૉનેટના સાહિત્યસ્વરૂપનો ખ્યાલ મેળવશો.

## 14.2 પ્રસ્તાવના

આ અગાઉ તમે આપણા અર્વાચીન ગુજરાતી કવિઓની કેટલીક નોંધપાત્ર સૉનટકૃતિઓનો પરિચય મેળવ્યો છે. અહી તમે એક વધુ સૉનેટરચનાનો અભ્યાસ કરશો. આ કૃતિ અર્વાચીન ગુજરાતી સાહિત્યની એક ખૂબ જાણીતી અને મનહર સૉનેટરચના છે. સૉનેટના કાવ્યપ્રકાર વિશે હવે તમે જાણો છો. સૌપ્રથમ સૉનેટ ઇટાલીમાં રચાતાં હતાં. એ પછી અંગ્રેજીમાં રચાવા લાગ્યાં. અંગ્રેજી સાહિત્યની અસર હેઠળ આપણા ગુજરાતી કવિઓને હાથે પણ આ કાવ્યપ્રકાર સારી રીતે ખેડાયો. આપણા પહેલા સૉનેટ-કવિ બળવંતરાય ઠાકોર હતા.

બળવંતરાય ઠાકોરથી આરંભાયેલા સૉનેટ-સ્વરૂપને ખીલવવામાં ગાંધીયુગમાં સુન્દરમ્ અને ઉમાશંકરે અને તે પછીના સમયમાં ઉશનસે સૌથી નોંધપાત્ર ફાળો આપ્યો છે. સૉનેટ એ ઉશનસ્‌નું પ્રિય કાવ્યસ્વરૂપ છે. ‘વળાવી બા આવી’ એ કવિ ઉશનસે રચેલાં કેટલાંક ઉત્તમ સૉનેટોમાંનું એક છે.

આ કાવ્યમાં આલેખાયેલો પ્રસંગ અનન્ય કે અસાધારણ નથી પણ સામાન્ય માણસના ગૃહજીવનમાં અનેકવિધ નાના-મોટા સુખદ-દુઃખદ પ્રસંગો તો આવ્યા જ કરતા હોય છે. આવા પ્રસંગોના ખાટામીઠા અનુભવોથી જ આપણા ગૃહજીવનનું પોત વણાતું રહે છે. આવો જ એક પ્રસંગ તે વહાલસોયા કુટુંબીજનોની વિદાયનો છે. કુટુંબજીવનના આવા સાધારણ પ્રસંગની માર્મિક ક્ષણને પકડી લઈને કવિએ અસાધારણ કાવ્ય રચ્યું છે એમાં જ એમની સર્જકતાની સિદ્ધિ છે. કવિએ વિદાયના આ પરિચિત પ્રસંગને નિમિત્તે કુટુંબીજનો વચ્ચેના સ્નેહના તાણાવાણા કેટલા ગાઢ હોય છે, અને એથી એમનો વિરહ પણ કેટલો દુઃખદ થઈ પડે છે. તેનું વેધક નિરૂપણ તેમની સાહજિક નિરાડંબરી વાણીમાં કર્યું છે. આ કાવ્યમાં સંતાનોને વિદાય આપતાં વૃદ્ધ વડીલોની મનઃસ્થિતિનું અને વિશેષતઃ માતાની હૃદયવ્યથાનું કવિએ કરેલું મર્મસ્પર્શી આલેખન આપણા હૈયાને પણ સ્પર્શી જાય છે.

## 14.3 કૃતિ

### વળાવી બા આવી

રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂરસુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણાં.

સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ, સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સૂઈ ગયાં.

સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચન-મંદસ્મિતવતી;

વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

-**ઉશનસ્** ('પ્રસૂન'માંથી)

## 14.4 કૃતિનો સારાંશ

ઉશનસ્ આપણા સાહિત્યના અગ્રિમ પંક્તિના કવિ છે. તેમણે સંખ્યાબંધ સૉનેટ લખ્યાં છે. આ કાવ્ય તેમની એક જાણીતી અને મનોહર સૉનેટરચના છે.

આપણા કુટુંબજીવનનું પોત સ્નેહના તાણાવાણાથી વણાયેલું છે. કુટુંબના સભ્યો મળે છે ત્યારે વાતાવરણ ભર્યું ભર્યું લાગે છે પણ એમાંના કોઈ વિદાય લે છે ત્યારે વિરહની વ્યથાની સ્વજનોનાં હૃદયમાં ગમગીની છવાઈ જાય છે.

આ કાવ્યમાં આલેખાયેલો પ્રસંગ અસાધારણ નથી. પરિચિત કુટુંબીજનોના જુદા પડવાનો આ પ્રસંગ સાવ સાધારણ જ ગણાય પણ કવિએ આ સાધારણ પ્રસંગનેય પોતાની સર્જકપ્રતિભાથી અસાધારણ કાવ્યમયતા અર્પી છે. નોકરી-ધંધાર્થે દૂરદૂરના સ્થળે વસતા દીકરાઓ, તેમની વહુવારુઓ અને બાળકો સૌ દિવાળીની રજાઓના દિવસોમાં ઘેર આવ્યાં છે. આ ઘરમાં અત્યાર સુધી માતા, પિતા અને બાળવિધવા ગંગાસ્વરૂપ ફોઈ - એ ત્રણ વૃદ્ધો - વડીલો જ હતાં પણ રજાઓમાં દીકરાઓ અને તેમના કુટુંબ સાથે આવતાં આ સૂના ઘરમાં થોડા દિવસ

માટે કુટુંબમેળો જામે છે. મોટેરાંઓની વાતો અને બાળકોના કલશોરથી આખું ઘર ગાજી ઊઠે છે. એવું વાતાવરણ હજુ પૂરેપૂરું જામે એ પહેલાં જ વિયોગ લપાતો-છુપાતો આવીને એ સૌની વચ્ચે બેસી જાય છે! હજુ બધાં રાત્રિટાણે વાતો કરતાં ભેગાં બેઠેલાં છે પણ આવતી કાલે દીકરાઓ તેમના કુટુંબકબીલા સાથે ચાલ્યા જવાના છે એ વિચારથી પેલાં વૃદ્ધ વડીલો પોતાના કર્મે લખાયેલો વિરહ નજર સામે નિહાળી રહ્યાં છે. હવે સૌની વાતચીતનો સંદર્ભ બદલાઈ ગયો છે. ભાવિ વિરહનો ઓથાર સમગ્ર વાતાવરણમાં ફરી વળે છે.

અને એ વિરહની કલ્પેલી ક્ષણો બીજા દિવસે વાસ્તવ બનીને આવી પહોંચે છે. સવારે સૌપ્રથમ મોટાભાઈ પોતાની પત્ની તથા બાળકો સાથે વિદાય લે છે અને જાણે કે અર્ધું ઘર ખાલી થઈ ગયું! બપોરે બીજા બે ભાઈઓ પણ પોતપોતાની પત્નીઓને લઈને વિદાય થાય છે. હવે રહ્યા માત્ર પેલા ત્રણ વૃદ્ધ વડીલો, અને ઘરમાં જાણે સુનકાર વ્યાપી વળે છે. માતા પોતાનાં આ સંતાનોને એક પછી એક વિદાય કરીને ઘરમાં પાછી તો ફરે છે, પણ હવે એને આખાયે ઘરમાં સર્વત્ર પેલો વિરહ જ વ્યાપી વળેલો દેખાય છે. હવે આ સૂના ઘરમાં દાખલ થવાની હામ એ ખોઈ બેસે છે અને એથી એ ઘરના પગથિયે જ ફસડાઈ પડે છે!

કવિ ઉશનસે આપણા કુટુંબજીવનના આ સાધારણ પ્રસંગને પણ પોતાની સર્જકપ્રતિભાના સ્પર્શે અસાધાર કાવ્યમયતા અર્પી છે. વિરહની વ્યાપકતાને અને વેધકતાને કવિએ છેલ્લી પંક્તિમાં અત્યંત લાઘવપૂર્વક મૂર્ત કરી છે.

## 14.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા :**

હવે આપણે આ કાવ્યનો સવિસ્તર અભ્યાસ કરીશું. આપણી સરળતા ખાતર આપણે આ ચૌદ પંક્તિના કાવ્યને - બે ખંડમાં વહેંચીશું: 1થી 8 પંક્તિ સુધીનો પહેલો ખંડ અને 9થી 14 સુધીની પંક્તિઓનો બીજો ખંડ. હવે ખંડવાર ચર્ચા કરીએ.

**ખંડ : 1**

ધંધાર્થે દૂરદૂર વસતાં સંતાનો તેમના પરિવાર સાથે દિવાળીની રજાઓ દરમિયાન ઘેર આવ્યાં હતાં. તેમના આવવાથી માતાપિતા અને ગંગાસ્વરૂપ ફોઈ સૌનાં મન આનંદમાં હતાં. મોટેરાંઓની વાતો અને બાળકોના કલ્લોલથી ઘર ગુંજી ઊઠ્યું હતું. સંયુક્ત કુટુંબના આનંદ અને ઉલ્લાસના વાતાવરણથી એક પ્રકારની મધુર શાંતિ ફેલાઈ હતી પણ એટલામાં રજાઓ પૂરી થઈ અને આટલા દિવસ કુટુંબમાં જે આનંદ અને શાંતિ વ્યાપી હતી તેનો ભંગ થયો. અત્યાર સુધી વાતાવરણ સ્વજનોના સ્નેહ અને હૂંફથી ભર્યુંભર્યું હતું; સુખી સંસારથી સુંદર ભાત ઊપસી રહી હતી; ત્યાં વિદાયવેળા આવી પહોંચી છે. જોકે બધાં સંતાનો હજુ કાલે જવાના છે અને આજે રાત્રે તો કુટુંબીજનો વાતો કરતાં ભેગાં બેઠાં છે પણ ઘરનાં આ વડીલો તો એ રાત્રે જ પોતાના કર્મે લખાયેલો વિરહ પોતાની વચ્ચે આવીને બેઠેલો નિહાળે છે. ભાવિ વિરહ આ બધા કલ્લોલતા વાતાવરણમાં પણ તેમનાં મનઃચક્ષુ સમક્ષ દેખાતો હતો. આ વૃદ્ધો એ વિરહની વાતને વાચા આપતાં નથી; તે એની ઉપેક્ષા કરીને બધાં સાથે વાતો કરતાં-કરતાં છેવટે સૂઈ જાય છે.

આમ દિવાળીની રજાઓ દરમિયાન દૂરદૂર વસતા દીકરાઓ તેમના કુટુંબકબીલા સાથે ઘેર આવે છે ત્યારે ઘર આનંદ-ઉલ્લાસથી ભર્યુંભર્યું બની જાય છે અને આ વૃદ્ધ વડીલોના શુષ્ક જીવનમાં પણ એક પ્રકારનાં સુખ-શાંતિ આંનદનો સંચાર થાય છે. પણ કાલે આ બધાં ચાલ્યાં જશે એ ખ્યાલ માત્રથી આ ઘરમાં આ કુટુંબમેળો જામ્યો એ પહેલાંની જે શૂન્યતા વ્યાપી હતી તે પુનઃ સર્વત્ર વિસ્તરતી અનુભવાય છે. આગલા દિવસની રાત્રે સૌ ભેગા બેસીને વાતો કરી

રહ્યાં છે અને હજુ કાલે બધાં જવાનાં છે પણ આ વૃદ્ધો તો પેલો વિરહ જાણે અત્યારથી જ આ બધાંની વચ્ચે લપાતો-છુપાતો આવીને બેસી ગયેલો જુએ છે! એ ભાવિ વિરહને તેઓ અત્યારે જ તાદૃશ જોઈ રહ્યાં છે. એ બધા સાથે વાતો કરે છે ખરાં પણ વિરહનો ઓથાર એમના સમગ્ર વાણીવર્તનમાં ફરી વળ્યો છે. વિરહની આ મર્મસ્પર્શી ક્ષણોને કવિએ કેવી સુરેખતાથી અંકિત કરી છેઃ

> 'લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ,
> નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા.'

આ નોંધ વાંચ્યા પછી આ ખંડ ફરીથી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. ઘરમાંની પ્રથમની શાંતિ કેમ સ્ખલિત થઈ ?

............................................................................

............................................................................

............................................................................

2. કોણકોણ જવાના હતાં? શા માટે?

............................................................................

............................................................................

............................................................................

3. ઘરમાં કોણેકોણે પોતાના કર્મે લખાયેલો વિરહ નિહાળ્યો?

............................................................................

............................................................................

............................................................................

4. વિરહને તેમણે કઈ સ્થિતિમાં જોયો?

............................................................................

............................................................................

............................................................................

5. વૃદ્ધો વિરહને ઉવેખીને કેમ વાતે વળ્યાં?

............................................................................

............................................................................

............................................................................

**ખંડ : 2**

પ્રથમ ખંડમાં, બીજા દિવસે વિદાય લેનાર સંતાનો સાથેનું વડીલોનું અગાઉની રાત્રિએ અંતિમ મિલન દર્શાવ્યું છે. એમાં સ્વજનો સાથે વાતચીત વચ્ચે પણ વડીલોને છૂપી રીતે અનુભવાતા વિરહના ઓથારનો નિર્દેશ કવિએ કરી દીધો છે. આ બીજા ખંડમાં, આ સંતાનોની ખરેખરી વિદાયની અને એ પછી પ્રત્યક્ષ થતા ઘેરા વિરહની સાક્ષાત્ ક્ષણોને કવિએ આલેખી છે. આવતી

કાલે આ કુટુંબ-કલ્લોલની ક્ષણો વિરહની શૂન્યતામાં ફેરવાઈ જવાની છે, એવા ભાવિ વિરહને પ્રત્યક્ષ કરતાં વડીલો ઔપચારિક વાતો કરીને સૂઈ ગયાં છે.

બીજા દિવસની સવાર પડે છે અને એ વિરહની ક્ષણો આવી પહોંચે છે. સવાર પડતાં જ મોટાભાઈ અને ભાભી તેમનાં બાળકોને સાથે લઈને વિદાય લે છે. મોટાભાઈનું ઘર, તેમની ઘરકામ ઉપાડી લે તેવી પત્ની અને બાળકોને લઈને 'ભર્યુંભર્યું' લાગતું હતું એ બધાંના જવાની સાથે જ અરધું ઘર જાતે ખાલી થઈ જાય છે! અને બાળકોના કલશોર, તેમનાં તોફાનમસ્તી હવે ન હોવાથી આખું ઘર જાણે શાંત થઈ ગયું હોય એવું લાગે છે!

બપોર થતાં જ બીજા બન્ને ભાઈઓ તેમની નવોઢા પત્નીઓને લઈને વિદાય થાય છે. આ બે ભાઈઓ હજુ હમણાં જ પરણેલા અને તેમની પત્નીઓ હજુ હમણાં જ ઘરમાં આવેલી તેથી વડીલોનો મલાજો જાળવતી, મીઠુંમીઠું બોલતી અને ધીમુંધીમું હસતી હતી. એક દીર્ઘ સમાસ યોજીને કવિએ એક સરસ શબ્દચિત્ર આપણાં મનઃચક્ષુ સમક્ષ અંકિત કરી દીધું છેઃ 'પ્રિયવચનમંદસ્મિતવતી'. હવે આ બે ભાઈઓની સાથે આ ઘરમાં મંદ હાસ્ય કરતી અને ધીમુંધીમું બોલતી તેમની બે નવવધૂઓ પણ ગઈ! પ્રથમ મોટાભાઈને અને તેમના કુટુંબને અને પછીથી આ બન્ને નાના ભાઈઓને અને તેમની નવવધૂઓને વિદાય આપવા માટે બા છેક ગલીના નાકા સુધી જાય છે. સૌને વળાવ્યા પછી એ ભારે હૈયે પાછી ફરે છે ત્યારે તેના મનની અને તનની શી સ્થિતિ થાય છે કે તે કવિ વર્ણવે છે–

'ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે!'

આ રીતે સૌને એક પછી એક વળાવીને બા ઘરમાં પાછી ફરે છે ત્યારે તે પોતાના ઘરમાં પેલા વિરહને જ સર્વત્ર વ્યાપી વળેલો જુએ છે અને ઘરમાં દાખલ થવાની એની હામ હવે રહેતી નથી. એ વિરહની વેદના એને એટલી અસહ્ય થઈ પડે છે કે તે ઘરના પગથિયે જ ફસડાઈ પડે છે! છેલ્લી પંક્તિમાં કવિએ માતાની મનોવેદનાને અત્યંત લાઘવથી અને વેધકતાથી અંકિત કરી છે.

ઉપર્યુક્ત નોંધ વાંચી કાવ્યનો ખંડ-૨ ફરીથી વાંચો અને નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. સવારે ઘરમાંથી કોણેકોણે વિદાય લીધી? ઘર ઉપર એની શી અસર થઈ?

   .................................................................

   .................................................................

   .................................................................

2. બપોરે ઘરમાંથી કોણેકોણે વિદાય લીધી?

   .................................................................

   .................................................................

   .................................................................

3. નવોઢા ભાર્યાઓ માટે કવિએ શું વિશેષણ યોજ્યું છે? શા માટે?

   .................................................................

   .................................................................

   .................................................................

4. સંતાનોને વળાવીને પાછા ફરતાં બાએ ઘરમાં શું જોયું? શાથી?

........................................................................

........................................................................

........................................................................

5. બા પગથિયે શાથી બેસી પડી?

........................................................................

........................................................................

........................................................................

## 14.6 વસ્તુલક્ષી કસોટી

નીચે 'ક' વિભાગમાં કેટલાક શબ્દો કે પંક્તિખંડો આપ્યા છે. 'ખ' વિભાગમાં તેમની સાથે સંકળાયેલા શબ્દો આપ્યા છે. તમે જે તે પંક્તિખંડના ક્રમ સાથે સુસંગત શબ્દનો ક્રમ લખી જોડકાં બનાવો.

| ક | ખ |
|---|---|
| 1. ગંગાસ્વરૂપ | 1. વિરહ |
| 2. સૌ જરઠ | 2. પ્રિયવચનમંદસ્મિતવતી |
| 3. ગઈ અર્ધી વસ્તી | 3. વિધવા ફોઈ |
| 4. નવોઢા ભાર્યાઓ | 4. મોટાભાઈ, ભાભી, બાળકો |
| 5. નિયત કરી બેઠો નિજ જગા | 5. જનક, જનની, ગંગામા સ્વરૂપ ફોઈ |

## 14.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

'વળાવી બા આવી' એ સૉનેટ છે. કવિએ પોતાના વક્તવ્યને ચૌદ પંક્તિના નિશ્ચિત માળખામાં કાવ્યમયતાથી રજૂ કરવાનું છે અને એટલે એમાં કવિના અભિવ્યક્તિસામર્થ્યની કસોટી પણ થાય. ઉશનસ્ પીઢ સૉનેટકવિ છે. એથી આ કાવ્યમાં તેમના ભાષાકૌશલ્યનો પણ પરિચય થાય એ સ્વાભાવિક છે.

ઓછા શબ્દોમાં ઘણું કહી દેવાનું લાઘવ કવિની વાણીમાં પ્રતીત થાય છે. આ શબ્દલાઘવનો પરિચય તેમણે કાવ્યમાં અનેક સ્થળે આપી દીધો છે. 'દિવાળીની રજાઓ પૂરી થઈ અને ઘરમાં ઘણા દહાડાઓની પ્રથમની શાંતિ સ્ખલિત થઈ' - સ્વજનોના વિદાયવેળાના નિર્દેશથી કાવ્યનો આરંભ થાય છે પણ 'પ્રથમની શાંતિ' એ શબ્દો દ્વારા કવિએ દિવાળીની રજાઓમાં ઘેર આવેલાં સંતાનોના આનંદકલ્લોલથી ઘરમાં કેવો આનંદ, કેવી શાંતિ વ્યાપ્ત હતી તેનું સૂચન કરી દીધું છે. 'દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની' - એ પંક્તિ ઘરમાં દિવાળીની રજાઓ દરમિયાન જામેલા કુટુંબમેળાની યાદ તાજી કરાવે છે.

કેટલીક પંક્તિઓ કે પંક્તિખંડો દ્વારા તાદશ શબ્દચિત્રો ઉપસાવવાની કવિની સિદ્ધિમાં પણ તેમના ભાષાસામર્થ્યની પ્રતીતિ કરાવે છે. 'નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો જિન જગા', એ પંક્તિમાં વિરહ જેવા અમૂર્ત તત્ત્વને પણ બધા વૃદ્ધ વડીલોની વચ્ચે ચોરપગલે આવીને બેસી ગયેલો કવિએ તાદશ કરી દીધો છે! નવોઢા ભાર્યાઓનું કેવું સ્વભાવોક્તિપૂર્ણ શબ્દચિત્ર 'પ્રિયવચનમંદસ્મિતવતી' એ એક જ દીર્ઘ સમાસ દ્વારા ઉપસાવ્યું છે! 'ગૃહવ્યાપી જોયો વિરલ પડી બેસી પગથિયે' એ છેલ્લી એક જ પંક્તિમાં, સંતાનોને વળાવીને ઘરમાં પાછી ફરતી માતાની અસહ્ય વિરહવ્યથાનું ચિત્ર કવિની લાઘવપૂર્ણ અભિવ્યક્તિના નમૂનારૂપ છે.

'શિખરિણી' કવિ ઉશનસ્‌નો પ્રિય છંદ છે. અહીં શિખરણી છંદ કેવો સાહજિક અને અનાયાસ સિદ્ધ લાગે છે! ભાવની સઘનતાની અનુભૂતિ કરાવવામાં કવિની આ છંદસિદ્ધિ પણ દાદ માગી લે તેવી છે. કાવ્યની સરળ લયવાહી પદાવલિમાં પણ કવિએ કેટલાક અજ્ઞાન સંસ્કૃત શબ્દનો ઉપયોગ પણ સફળતાપૂર્વક કર્યો છે.'સ્ખલિત', 'જનકજનની', 'ગંગામા સ્વરૂપ', 'નિયત', 'જરઠ','નવોઢા ભાર્યાઓ', 'પ્રિયવચનમંદસ્મિતવતી', 'ગૃહવ્યાપી' જેવા સંસ્કૃત શબ્દો કાવ્યની લયવાહી પદાવલીમાં પણ સાહજિક બનીને આવે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

**(અ) નીચેની પંક્તિમાં કયો સમાસ છે તે કહો અને તેને સમજાવો:**

1. જવાના તો કાલે **જનકજનની** ને ઘર તણાં

   ..................................................................

2. નવોઢા ભાર્યાઓ **પ્રિયવચનમંદાસ્મિતવતી**

   ..................................................................

3. **ગૃહવ્યાપી** જોયો વિરહ, પડી બેસી પગથિયે.

   ..................................................................

**(બ) નીચેની પંક્તિઓમાં કયો અલંકાર છે તે કહો અને સમજાવો:**

1. નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નીજ જગા.

   ..................................................................

2. નવોઢા ભાર્યાઓ, પ્રિયવચનમંદસ્મિતવતી.

   ..................................................................

3. ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

   ..................................................................

## 14.8 પુનરવલોકન

આ કૃતિને આપણે અનુકૂળતા ખાતર બે ખંડમાં વિભાજિત કરીને તેનો અભ્યાસ કર્યો. હવે સમગ્ર કાવ્યને આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપો:

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. દિવાળીની રજાઓ દરમિયાન ઘરમાં શાથી શાંતિ વ્યાપી હતી? એ શાંતિ શાથી સ્ખલિત થઈ?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. ઘરમાં કોણેકોણે વિરહ અગાઉથી જ નિહાળ્યો? એમણે એની શાથી ઉપેક્ષા કરી ?

   ..................................................................

   ..................................................................

..............................................................

3. ઘરમાંથી કોણેકોણે વિદાય લીધ? એની શી અસર થઈ?

..............................................................

..............................................................

..............................................................

4. બા પોતાનાં સંતાનોને વળાવીને પાછી આવી ત્યારે તેના પર શી અસર થઈ? શાથી?

..............................................................

..............................................................

..............................................................

5. 'છેલ્લી પંક્તિમાં વિરહની વ્યાપકતાને કવિએ લાઘવપૂર્વક પણ મૂર્તરૂપે આલેખી છે.' - આ વિધાન સ્પષ્ટ કરો.

..............................................................

..............................................................

..............................................................

6. 'આ કાવ્યમાં કવિએ કુટુંબપ્રેમનું અને માતાની વિરહવ્યાથાનું વેધક ચિત્રણ કર્યું છે.' - સમજાવો

..............................................................

..............................................................

..............................................................

7. કવિની સર્જકતા આ કાવ્યમાં કઈ રીતે પ્રતીત થાય છે તે સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

## 14.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (ગ):**

આ કાવ્યનો આસ્વાદ આશરે પાંચસો શબ્દોમાં કરાવો.

કવિ ઉશનસ્‌ના કાવ્યસંગ્રહોમાંથી તમને પસંદ હોય એવાં દશ સૉનેટ અલગ તારવો અને એમાંથી તમને સૌથી વધુ ગમી હોય તેવી એક સોનેટકૃતિનો આસ્વાદ કરાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

..................................................................................................

## 14.10 વિશેષ અધ્યયન

### 14.10.1 કવિ-પરિચય

'ઉશનસ્' તખલ્લુસથી જાણીતા થયોલા આ કવિનું મૂળ નામ નટવરલાલ કુબેરભાઈ પડ્યા છે. તેમનું વતન સાવલી અને જન્મ 28 સપ્ટેમ્બર 1920માં. પ્રાથમિક શિક્ષણ વતન સાવલીમાં અને માધ્યમિક શિક્ષણ ડભોઈની હાઈસ્કૂલમાં લીધા પછી વડોદરા કૉલેજમાંથી 1942માં મુખ્ય વિષય સંસ્કૃત સાથે બી.એ. થયા. 1945માં મુખ્ય વિષય ગુજરાતી સાથે એમ.એ. થયા. વડોદરાની રોઝરી હાઈસ્કૂલમાં થોડોક સમય શિક્ષક તરીકે નોકરી કરી. એ પછી 1946માં નવસારીની એસ.બી. ગાર્ડા કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. એક દસકો અહીં અધ્યાપનકાર્ય કર્યા પછી વલાસાડ કૉલેજમાં જોડાયા. અહીં બારેક વર્ષ અધ્યાપક રહ્યા. પછી નોકરીનાં છેલ્લા અગિયાર વર્ષ આ જ કૉલેજમાં આચાર્ય પદે રહ્યા. 1980માં નિવૃત્ત થયા પછી તેઓએ વલસાડમાં જ રહી સર્જનકાર્ય કર્યુ. ઈ.સ. 2011માં વલસાડમાં તેમનું અવસાન થયું.

ઉશનસ્ સુન્દરમ્-ઉમાશંકર પછીની આપણી કવિપેઢીના એક અગ્રણી કવિ છે. શરૂઆતમાં સુન્દરમ્-ઉમાંકરની કવિતાના, તેમજ ગાંધીજીની સમાજાભિમુખતાના અને રવીન્દ્રનાથની સૌન્દર્યભાવનાના સંસ્કાર ઉશનસે ઝીલ્યા છતાં બળવંતરાય ઠાકોરની કાવ્યશૈલીનો પ્રભાવ પણ તેમના પર પડેલો છે. પણ પછીથી તેમણે કવિતામાં અનુભૂતિ અને અભિવ્યક્તિ પરત્વે પોતાની સર્જકતાની આગવી મુદ્રા ઉપસાવી છે. એક ડઝન ઉપરાંત કાવ્યસંગ્રહો દ્વારા આપણા કવિતાસાહિત્ય વિષય પરત્વે વિપુલ અને નિરૂપણરીતિ દ્વારા વૈવિધ્યપૂર્ણ પ્રદાન કરનાર ઉશનસ્‌ની કવિતામાં બળવંતરાય ઠાકોરથી આજના આધુનિકો સુધીનું સાતત્ય જોઈ શકાય છે. 'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા', 'મનોમુદ્રા', 'સ્પંદ અને છંદ', 'અશ્વત્થ', 'તૃણનો ગ્રહ', 'વ્યાકુળ વૈષ્ણવ' વગેરે તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે. પોતાના ઉત્તમ કાવ્યસર્જનના અર્પણ માટે 1959માં 'કુમારચંદ્ર', 1971માં 'નર્મદ સુવર્ણચંદ્રક', 1972માં 'રણજિતરામ સુવર્ણચંદ્ર' અને 1976માં 'અશ્વત્થ' કાવ્યસંગ્રહ બદલ ભારતીય સાહિત્ય અકાદમી તરફથી 'અકાદમી પુરસ્કાર' મેળવનાર આ પ્રતિભાવંત કવિએ પ્રકૃતિ પ્રણય, પ્રભુભક્તિ, રાષ્ટ્રપ્રેમ, વતનપ્રીતિ, કુટુંબજીવન નગરસંસ્કૃતિ વગેરે વિવિધ વિષયો પર માતબર કાવ્યસર્જન કર્યું છે. સ્વરૂપદષ્ટિએ પણ તેમનાં ગીતો, ભજનો, ગઝલ, સૉનેટ, મુક્તકો, સંવાદકાવ્યો વગેરેનું નોંધપાત્ર વૈવિધ્ય જોવા મળે છે.

આમ છતાં સૉનેટ એમનું પ્રિય કાવ્યસ્વરૂપ છે અને શિખરિણી એમનો પ્રિય છંદ છે. 'વળાવી બા આવી' જેવાં તેમનાં અનેક સુંદર સૉનેટોમાં આ કાવ્યસ્વરૂપની અને શિખરિણી છંદની સાર્થકતાની પ્રતીતિ થાય છે.

ઉશનસ્‌ની કવિતામાં સંવેદનની સચ્ચાઈનો રણકો સંભળાય છે. પ્રકૃતિ સાથે તેમનું તાદાત્મય મનોરમ પ્રકૃતિચિત્રો સર્જવામાં સહાયભૂત થાય છે. કલ્પનાનો વૈભવ, પ્રમે અને વિરહની સાહજિક અનુભૂતિ, ચિંતનનો સ્પર્શ અને પ્રૌઢીયુક્ત કાવ્યબાનીવાળી અભિવ્યક્તિ એમની

કવિતાને ગુજરાતી કાવ્યસાહિત્યમાં પોતીકું અને ગૌરવભર્યું સ્થાન અપાવે છે.

ઉશનસ્ વિવેચક પણ છે. 'રૂપ અને રસ', 'ઉપસર્ગ' અને 'મૂલ્યાંકનો' જેવા ગ્રંથોમાં એમના વિવેચનલેખો સંગ્રહાયા છે. તેમણે 'સરસ્વતીચંદ્ર', 'પૂર્વાલાપ અને 'મહાપ્રસ્થાન' જેવી નામાંકિત કૃતિઓ વિશે તેમ જ પોતાના પૂર્વકાલીન અને સમકાલીન કવિઓ વિશે અભ્યાસપૂર્ણ, મર્મલક્ષી અને તટસ્થ વિવેચનો આપ્યાં છે. સ્વાતંત્ર્યોત્તર કવિતામાં ભાષા, લય, છંદ, અલંકાર જેવાં તત્ત્વોની ગતિવિધિ વિશેનું વિશદ અને મનનીય નિરૂપણ તેમનાં 'મૂલ્યાંકનો'માં પ્રાપ્ત થાય છે. આમ છતાં 'ઉશનસ્'ની સાહિત્યિક પ્રતિભા તેમની માતબર અને નવોન્મેષશાલિની કવિતા પર નિર્ભર છે એમ કહેવું વિશેષ ઉપયુક્ત લેખાશે.

### 14.10.2 સ્વરૂપ-પરિચય

નોંધ : સૉનેટના સ્વરૂપ પરિચય માટે 'વધામણી' કાવ્યનું એકમ **8.10.2** જુઓ

### 14.10.3 વિશેષ વાચન

તમારે કવિ ઉશનસ્‌ના જીવન અને કવનનો વિશેષ પરિચય મેળવવો જોઈએ. ઉશનસ્‌ના વિવિધ કાવ્યસંગ્રહો 'કવિપરિચય'માં દર્શાવ્યા છે, તે સંગ્રહો પુસ્તકાલયમાંથી મેળવીને તેમાંનાં કાવ્યો વાંચવા-સમજવા પ્રયત્ન કરવો જોઈએ. કમ-સે-કમ ઉશનસ્‌ના કાવ્યસંગ્રહોમાંથી સૉનેટ અલગ તારવી તેમની સૉનેટ કવિ તરીકેની પ્રતિભાની લાક્ષણિકતાઓની જાણકારી મેળવવી જોઈએ.

### • ટિપ્પણ

**સ્ખલિત** - (વિ.) ભંગ; **નિજ** - (વિ.) પોતાનું; **જનક** - (પુ.) પિતા; **જનની** - (સ્ત્રી.) માતા; **જનકજનની** - જનક અને જનની, પિતા અને માતા; **ગંગાસ્વરૂપ** - (વિ.) વિધવાના નામ આગળ માનાર્થે વપરાતું ગં.સ્વ. (વિશેષણ) પવિત્ર; **રજની** - (સ્ત્રી.) રાત્રિ; **નિયત** - (વિ.) નક્કી, નિશ્ચિત; **ઉવેખી** - (ભૂ.કૃ.) ઉપેક્ષા કરીને, અવગણીને, અનાદર કરીને; **જરઠ** - (વિ.) વૃદ્ધ, ઘરડું, કઠણ; **અવર** - (વિ.) બીજું, અન્ય, ઇતર; **નવોઢા** - (સ્ત્રી.) નવવધૂ; **ભાર્યા** - (સ્ત્રી.) પત્ની; **મંદસ્મિતવતી** - (સ્ત્રી.) મંદ હાસ્ય કરનારી, ધીમું સ્મિત કરનારી; **સકલ** - (વિ.) સર્વ, બધા, તમામ; **ક્રમશઃ** - (અ.) નિયત ક્રમ પ્રમાણે, એક પછી એક; **ગૃહવ્યાપી**- (પુ.) ઘરમાં વ્યાપી રહેલો.

એકમ ૧૫

# થોડો વગડાનો શ્વાસ

- જયંત પાઠક

રૂપરેખા


15.1 ઉદ્દેશો

15.2 પ્રસ્તાવના

15.3 કૃતિ (ગીત)

15.4 કૃતિનો સારાંશ

15.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

ખંડ-1

ખંડ-2

15.6 વસ્તુલક્ષી કસોટી

15.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

15.8 પુનરવલોકન

15.9 લેખન-પ્રવૃત્તિ

15.10 વિશેષ અધ્યયન

14.10.1 કવિ-પરિચય

14.10.2 સ્વરૂપ-પરિચય

14.10.3 વિશેષ વાચન

- ટિપ્પણી


## 15.1 ઉદ્દેશો

આ ગીતના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી કાવ્યસાહિત્યની એક ઉલ્લેખનીય ઉત્તમ રચનાનો પરિચય પ્રાપ્ત કરશો.
- માનવ અને પ્રકૃતિ વચ્ચેના પ્રગાઢ સંબંધનો ખ્યાલ મેળવશો.
- ગીતના સાહિત્યસ્વરૂપનો પરિચય મેળવશો.

## 15.2 પ્રસ્તાવના

જયંત પાઠક અનુગાંધીયુગના સમર્થ કવિ છે. ઈયત્તા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ એમની કવિતા ઉશનસ્‌ની કવિતાની હરીફાઈ કરી શકે એમ છે. બંનેના કાવ્યવિષયો તથા તે પ્રત્યેનો અભિગમ લગભગ સમાન છે. જયંતમાં ઉશનસ્ કરતાં આવેગ ને બળકટપણું ઓછું છે પણ બીજી બાજુએ સંમાર્જન વિશેષ છે. વિષયની દૃષ્ટિએ પ્રેમ અને પ્રકૃતિ એમના મુખ્ય કવનવિષયો છે.

જયંતની કવિતાનો નોંધપાત્ર ઉન્મેષ પ્રગટ્યો છે પ્રકૃતિકવિતામાં. પ્રેમની અનુભૂતિ કરતાં પણ એમની પ્રકૃતિની અનુભૂતિ વધારે ગાઢ હોવાની છાપ પાડે છે. કવિ વનાંચલનું સંતાન છે. વનાંચલનો સમગ્ર અસબાબ એમની પ્રકૃતિકવિતામાં સાંગોપાંગ પ્રગટી શક્યો છે. એમનો કવિ તરીકેનો પ્રભાવ વિશેષ જેટલો પ્રકૃતિકવિતામાં પ્રગટ્યો છે તેટલો બીજા કોઈ વિષયની કવિતામાં પ્રગટી શક્યો નથી.

'થોડો વગડાનો શ્વાસ' જયંત પાઠકનું પ્રતિનિધિ પ્રકૃતિકાવ્ય છે. સુરેશ દલાલે જયંત પાઠકનાં પ્રતિનિધિ કાવ્યોનો સંચય કર્યો છે તેને 'વગડાનો શ્વાસ' શીર્ષક આપ્યું છે એ સૂચક છે. જયંતની સમગ્ર કવિતામાં 'થોડો વગડાનો શ્વાસ' અનુભવાય છે. વૃક્ષ શહેરમાં ઊગ્યું હોય તોપણ તેના અંગેઅંગમાં વગડાનો શ્વાસ અનુભવી શકાય છે. જેવું વૃક્ષનું તેવું જ મનુષ્યનું. શહેરની સભ્યતામાં સુસંસ્કૃત બનેલો મનુષ્ય મૂળભૂત રૂપે તો વન્ય છે એવો ભાવ આ ગીતમાં વ્યંજિત થાય છે.

## 15.3 કૃતિ

**થોડો વગડાનો શ્વાસ**

થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં,
પ્હાડોનાં હાડ મારા પિંડમાં ને
નાડીમાં નાનેરી નદીઓનાં નીર;
છાતીમાં બુલબુલનો માળો ને
આંગળીમાં આદિવાસીનું તીણું તીર;
રોમ મારાં ફરકે છે ઘાસમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.
સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ ને
પીએ માટીની ગંધ મારાં મૂળ,
અર્ધું તે અંગ મારું પીળાં પતંગિયાં ને
અર્ધું તે તમરાંનું કુળ;
થોડો અંધારે, થોડો ઉજાસમાં,
થોડો ધરતીમાં, થોડો આકાશમાં,
થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.

**- જયંત પાઠક**

## 15.4 કૃતિનો સારાંશ

જયંત પાઠકની સમગ્ર પ્રકૃતિ કવિતાનું પ્રતિનિધિત્વ કરતી આ રચનામાં કવિ વૃક્ષનું પ્રતીક લઈ મનુષ્યમાં રહેલી આદિમતા, વન્યતાને વ્યંજિત કરે છે. અભ્યાસના વિકાસ સાથે બાહ્ય રીતે મનુષ્યનું ગમે તેટલું પરિવર્તન થાય, તેની ભીતર રહેલી, તેના અસ્તિત્વ સાથે એકરૂપ થયેલી આદિમતાથી તે છુટકારો મેળવી શકતો નથી. શહેરમાં ઊગેલું વૃક્ષ વગડાના વૃક્ષ કરતાં મૂળભૂત રીતે જુદું નથી, તેમ મહાનગરોનો માનવી મૂળભૂત રીતે આદિવાસી માણસથી જુદો નથી એવું કવિ આ કાવ્ય દ્વારા સૂચવતા લાગે છે.

## 15.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

હવે આપણે આ ગીતનો વિસ્તૃત સઘન અભ્યાસ કરીએ. અભ્યાસની સરળતા ખાતર આપણે આ કૃતિને બે વિભાગમાં વહેંચીશું. આમેય ગીત ખંડમાં, બે કડીમાં વિભક્ત છે જ. આપણે બંને કડીઓને એક એક વિભાગમાં વહેંચી તેની ચર્ચા કરીએ.

આપણે જાણીએ છીએ કે ગીતની અધઝાઝેરી સફળતા તો ઉપાડની ધ્રુવપંક્તિ પર અવલંબિત હોય છે. આ અનવદ્ય ગીતની ઉપાડની પંક્તિ પણ એવી જ આકર્ષક છે. પાંચ શબ્દોની આ લઘુ પંક્તિમાં 'શ્વાસ' શબ્દ કવિએ પુનરાવૃત્ત કર્યો છે એ પરથી એ કાવ્યનો ખૂબ જ મહત્ત્વનો શબ્દ છે એનો ખ્યાલ આવી જાય છે. કાવ્યના શીર્ષકમાં પણ એ શબ્દ સ્થાન પામ્યો જ છે. સમગ્ર જીવસૃષ્ટિએ જીવવા માટે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવી પડે છે. આપણે જાણીએ જ છીએ કે જીવસૃષ્ટિના અસ્તિત્વને ટકાવવા માટે હવા, પાણી અને ખોરાકની આવશ્યકતા હોય છે. એ ત્રણેયમાં સૌથી પહેલી અને સૌથી વધુ આવશ્યકતા હવાની છે. ખોરાક વિના પ્રાણીઓ, મનુષ્યો દિવસો સુધી જીવી શકે, પાણી વિના કલાકો સુધી જીવી શકે પણ હવા વિના થોડી મિનિટ પણ માંડ જીવી શકે! એ હવા ગ્રહણ કરવાની ક્રિયાને 'શ્વાસ' કહેવામાં આવે છે. શ્વાસમાં આપણે જે હવા લઈએ છીએ તેમાં ઑક્સિજન, નાઇટ્રોજન, કાર્બન ડાયોક્સાઈડ વગેરે વાયુઓ હોય છે. એ વાયુઓ પૈકી મનુષ્યાદી પ્રાણીઓને જીવન ટકાવવા માટે ઑક્સિજનની સૌથી વધુ જરૂર હોય છે. શ્વાસ વાટે હવા શરીરમાં લઈ ઉચ્છવાસ વાટે આપણે હવા બહાર કાઢીએ છીએ. શ્વાસમાં લીધેલી હવા કરતાં ઉચ્છ્વાસમાં કાઢેલી હવામાં ઑક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે અને કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધુ હોય છે. અર્થાત્ આપણે શરીરમાં રક્તની શુદ્ધિ માટે ઑક્સિજનનો ઉપયોગ કરીએ છીએ અને કચરા રૂપે કાર્બન ડાયોક્સાઇડ બહાર ફેંકીએ છીએ.

વૃક્ષ વગેરે વનસ્પતિ પણ હવા શ્વાસમાં લે છે અને ઉચ્છ્વાસમાં બહાર કાઢે છે. પરંતુ દિવસે સૂર્યપ્રકાશમાં વનસ્પતિ કાર્બન ડાયોક્સાઈડ લે છે અને બદલામાં ઑક્સિજન બહાર ફેંકે છે. અર્થાત્ વનસ્પતિ પ્રાણીસૃષ્ટિથી ઊંધું જ કામ કરે છે. પ્રાણીસૃષ્ટિ કાર્બન ડાયોક્સાઇડ બહાર ફેંકી વાતાવરણને અશુદ્ધ બનાવે છે જ્યારે વનસ્પતિસૃષ્ટિ ઑક્સિજન બહાર ફેંકી વાતાવરણને શુદ્ધ કરે છે.

ઉપર્યુક્ત જાણકારીના પ્રકાશમાં આપણે 'શ્વાસ' એટલે શું એ વિચારીએ, શ્વાસનો અર્થ માત્ર હવા નહિ થાય પણ એવી હવા થશે જેમાં ઑક્સિજન હોય. સામાન્ય રીતે પૃથ્વી પર સર્વત્ર હવા છે અને તેમાં ઑક્સિજન પણ છે. પરંતુ ભિન્ન-ભિન્ન સ્થળની હવામાં ઑક્સિજનનું પ્રમાણ વત્તુંઓછું હોય છે. ઊંચા પહાડો પરની હવામાં ઑક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે તેથી પર્વતારોહણ કરનારાઓએ ખૂબ ઊંચાઈ પર જતી વખતે ઑક્સિજનના સિલિન્ડરો પોતાની સાથે રાખવા પડે છે.

પૃથ્વીનાં અન્ય સ્થળો પૈકી ગીચ માનવવસ્તીવાળાં અને કારખાનાં, વાહનોથી ભરચક શહેરો મહાનગરોમાં પણ ઑક્સિજનનું પ્રમાણ ઓછું હોય છે અને કાર્બન ડાયોક્સાઇડનું પ્રમાણ વધારે હોય છે. જેમ-જેમ માનવવસ્તી ઘટતી જાય અને વૃક્ષ-વનસ્પતિનું પ્રમાણ વધતું જાય તેમ-તેમ હવામાં ઑક્સિજનનું પ્રમાણ વધતું જાય છે તેથી 'વગડાનો શ્વાસ' શહેરના શ્વાસથી કેવો ભિન્ન છે એ સમજી શકાશે.

ગીતની ઉપાડની પંક્તિમાં બે વાર 'શ્વાસ' શબ્દ આવે છે એ આપણે જોયું. એ સિવાયના જે ત્રણ શબ્દો છે તે 'શ્વાસ'નાં વિશેષણો છે. પહેલો શ્વાસ વગડાનો છે, પણ થોડો છે. બીજો શ્વાસ 'મારો' છે. 'મારા' શબ્દ પરથી સમજાશે કે આ આખું ગીત કોઈની ઉક્તિ છે. કોની ઉક્તિ છે

એ સમગ્ર કાવ્ય વાંચ્યા પછી સમજી શકાશે. હમણાં તો આપણે કથકને ‘કાવ્યનાયક’ કહીશું.

કાવ્યનો કથક એવો કાવ્યનાયક ઉપાડની પંક્તિમાં કહે છે કે મારા શ્વાસમાં થોડો વગડાનો શ્વાસ છે. તે જ્યારે આવું કહે છે ત્યારે એ તો સ્પષ્ટ થાય છે જ કે તે અત્યારે (અર્થાત્ આ કહી રહ્યો છે ત્યારે) વગડામાં નથી કેમ કે, તે જો વગડામાં જ હોત તો તેણે આમ કહેવાનો પ્રશ્ન જ ઊભો ન થાત. તે વગડામાં નથી એટલે વગડા કરતાં ભિન્ન સ્થળે, સંભવતઃ શહેરમાં, મહાનગરોમાં હોઈ શકે. તે શહેરમાં હોય તો શહેરમાં જ શ્વાસ લઈ શકે, પણ પૂર્વે તે વગડામાં હશે અથવા વગડા સાથે તેનો કોઈ પ્રકારનો સંબંધ હશે કે,

‘થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં.’

ઉપાડની પંક્તિ પછી આગળ વધીએ છીએ ત્યારે સમજાય છે કે કાવ્યનાયકનો વગડા સાથેનો સંબંધ ઉપરચોંટિયો નથી પણ ઊંડો, ગાઢ છે કેમ કે, આગળ તો તે કહે કે ‘પ્હાડોનાં હાડ મારા પિંડમાં’. નાયકના શરીરમાં જે હાડકાં છે તે પહાડોમાંથી બન્યાં છે એટલું જ નહિ એની નાડીઓમાં રક્ત નહીં, નાનીનાની નદીઓનાં નીર વહી રહ્યાં છે! એની છાતીમાં હૃદયના સ્થાને બુલબુલનો માળો છે અને આંગળીમાં આદિવાસીનું તીર છે. તેના શરીર પર જે રુંવાડાં છે તે શરીર પર નહીં પણ શ્વાસમાં ફરકી રહ્યાં છે.

કાવ્યનાયકની આ ઉક્તિ સાંભળ્યા પછી આપણને આશ્ચર્ય થાય અને પ્રશ્ન પણ થાય કે વાસ્તવમાં તે છે કોણ? કાવ્યનાયક ગમે તે હોય પણ તે પોતાના વિશે જે વાત કરે છે તે પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે તેનું સમગ્ર અસ્તિત્વ અને વ્યક્તિત્વ વગડાને આભારી છે, તેની સાથે પ્રગાઢપણે સંકળાયેલું છે.

ઉપર્યુક્ત નોંધ વાંચ્યા પછી નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ક):**

1. ‘થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં’ એમ કહી કાવ્યનાયક શું સૂચવવા માંગે છે?

   .....................................................................

   .....................................................................

   .....................................................................

   .....................................................................

2. કાવ્યનાયકનું શરીર શાનું બનેલું છે? એ પરથી શું સમજાય છે?

   .....................................................................

   .....................................................................

   .....................................................................

   .....................................................................

3. કાવ્યનાયકની છાતી અને આંગળીમાં શું શું છે? એનો ધ્વનિ સ્પષ્ટ કરો.

.............................................................................................

.............................................................................................

.............................................................................................

.............................................................................................

**ખંડ : 2**

પ્રથમ કડીની વાત બીજી કડીમાં આગળ વધે છે પણ અહીં કવિ કેટલાક એવા સંકેતો કરે છે જેનાથી તેમની વાત સમજવી સરળ બને છે. પહેલી કડીના વર્ણન પરથી કાવ્યનાયકનું સ્વરૂપ પૂરેપૂરું સમજાતું ન હતું. બીજી કડીની પ્રથમ પંક્તિ વાંચતાં જ ઝબકારો થાય છે. કાવ્યનાયક કહે છે કે મારાં પાંદડાં સુરજનો રંગ પીએ છે અને મારાં મૂળ માટીની ગંધ પીએ છે. પાંદડાં અને મૂળનો અહીં ઉલ્લેખ થયો છે એ પરથી કાવ્યનાયક-કથક વૃક્ષ હશે એવું સમજાય છે. આપણે આરંભમાં જોયું કે વૃક્ષ શ્વાસમાં જે હવા લે છે તેમાં ઑક્સિજનનું જે પ્રમાણ હોય છે તેના કરતાં ઉચ્છ્વાસની હવામાં તેનું પ્રમાણ વધુ હોય છે. આ ઘટના દિવસે સૂર્યપ્રકાશમાં ઘટે છે. સૂર્યપ્રકાશમાં વૃક્ષે લીધેલી હવા પર એક એવી પ્રક્રિયા થાય છે જેને કારણે એ હવાના કાર્બન ડાયોકસાઇડનું પાચન થાય છે અને તેના બદલામાં ઑક્સિજન છૂટો પડે છે. આ આખી વૈજ્ઞાનિક પ્રક્રિયાને કવિએ બીજી કડીની પ્રથમ પંક્તિમાં કાવ્યાત્મક અભિવ્યક્તિ આપી છે. વૃક્ષ આ ક્રિયા પાંદડાંની મદદથી કરે છે તેથી 'સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ' એમ વૃક્ષ કહે છે. વૃક્ષ પાંદડાં મારફતે સૂર્યપ્રકાશમાં કાર્બન ડાયોક્સાઇડની મદદથી ખોરાક બનાવે છે. તો બીજી બાજુ મૂળ મારફતે જમીનમાંથી પાણી પીએ છે. પરંતુ તે માટીમાંથી જે પાણી પીએ છે, ચૂસે છે તેમાં માટીનાં તત્ત્વો, ક્ષાર, તેની ગંધ વગેરે સમાવિષ્ટ હોય છે, તેથી જ મૂળ પાણી પીએ એમ કહેવાને બદલે કવિએ 'પીએ માટીની ગંધ' એમ કહ્યું છે.

બીજી પંક્તિમાં વૃક્ષ પોતાનું અંગ શાનું બનેલું છે એ કહે છે. વૃક્ષ કહે છે કે મારું અડધું અંગ પીળાં પતંગિયાં છે અને અડધું તમરાંનું કુળ છે. દિવસે વૃક્ષ પર પીળાં અને રંગબેરંગી પતંગિયાં બેસતાં હોય છે. તો રાત્રે તમરાં તેના પર બેસી બોલતાં હોય છે. કવિ આ વાત સૂચવવા માંગે છે એમ સમજીશું ? પછીની પંક્તિમાં કવિ અંધકાર અને ઉજાશનો ઉલ્લેખ કરે જ છે એટલું જ નહિ ધરતી અને આકાશનો નિર્દેશ પણ કરે છે. બીજી કડીની પ્રથમ બે પંક્તિઓમાં કવિ કાવ્યનાયક અર્થાત્ વૃક્ષ જે રીતે હવાપાણી-ખોરાક લે છે તેની અને તેના અસ્તિત્વ સાથે પક્ષીસૃષ્ટિનો કેવો ઘનિષ્ઠ સંબંધ છે તેની વાત કાવ્યાત્મક રીતે કરે છે. પછીની બે પંક્તિઓમાં તેઓ એ વાતના અનુસંધાનમાં પ્રકાશ-અંધકાર અને ધરતી-આકાશનો ઉલ્લેખ કરે છે અને અંતે ધ્રુવપંક્તિ પુનરાવર્તિત કરી પોતાની વાત પૂરી કરે છે.

બીજી કડીમાં પાંદડાં અને મૂળનો નિર્દેશ છે એને આધારે કાવ્યનો નાયક-કથક વૃક્ષ છે એવું આપણે અનુમાન કર્યું. કાવ્યશીર્ષક અને ધ્રુવપંક્તિના અનુસંધાનમાં આ વૃક્ષ વગડામાં નથી અને મહદંશે વગડાથી ભિન્ન એવા સ્થળે, સંભવતઃ શહેરોમાં છે એમ પણ આપણે અનુમાન કરી શકીએ. વગડાના વૃક્ષ અને શહેરનાં વૃક્ષમાં મૂળભૂત રીતે તો ખાસ તફાવત નથી. પણ બંને

જે શ્વાસ લે છે તે હવામાં ઘણો ફેર હોય છે. શહેરની પ્રદૂષિત હવા કરતાં વગડાની હવા શુદ્ધ, સ્વચ્છ, તાજગીપ્રદ હોય છે. શહેરની પ્રદૂષિત હવા ગૂંગળામણનો અનુભવ કરાવે છે.

શહેરની દૂષિત હવાથી વૃક્ષ-વનસ્પતિ જ નહીં, પશુ-પક્ષી-મનુષ્ય પણ ગૂંગળામણ અનુભવે છે પરંતુ પ્રકૃતિની યોજનાના લીધે વગડાને શુદ્ધ સ્વચ્છ હવા પણ વહેતી-વહેતી શહેરમાં આવે છે. અલબત્ત શહેરમાં આવતાં-આવતાં તેની શુદ્ધતા, સ્વચ્છતા, ઓછી થઈ જાય છે તેથી જ કાવ્યનાયક કહે છે કે 'થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં'. અહીં 'થોડો' વિશેષણ મહત્ત્વનું છે. શહેરમાં રહેનારાંઓને કુદરતની કૃપાળુ યોજનાને લીધે વગડાનો શ્વાસ તો સાંપડે છે, પણ પૂરતો નહીં, થોડો જીવનને ટકાવી રાખવા માટે એ થોડો શ્વાસ પણ ઉપકાર નીવડે છે. આ વાત જેટલી શહેરના વૃક્ષને લાગુ પડે છે તેટલી જ મનુષ્ય આદિ પ્રાણીસૃષ્ટિને પણ લાગુ પડે છે, તેથી જ કાવ્યનાયક વૃક્ષ છે એમ કહીએ તોપણ તે સમગ્ર જીવસૃષ્ટિનું પ્રતિનિધિ છે, પ્રતીક છે એમ કહેવું પડે. પૃથ્વી પરની જીવસૃષ્ટિમાં વૃક્ષ પ્રાચીનતમ છે, આદિમ છે, સૌથી પુરાણું છે તેથી કવિએ તેને નિમિત્ત બનાવી વાત કરી છે તે પણ ઉચિત છે.

સૃષ્ટિ જ્યારે અસ્તિત્વમાં આવી ત્યારે તો નગરો, શહેરો ન હતાં, હતી માત્ર પ્રકૃતિ, વનવગડા, જંગલો. સંસ્કૃતિ-સભ્યતાના વિકાસની સાથેસાથે નગરસંસ્કૃતિ અસ્તિત્વમાં આવી. હજારો વર્ષોથી સંસ્કૃતિ-સભ્યતાનો વિકાસ થવાની સાથેસાથે નગરસંસ્કૃતિનો ફેલાવો થઈ રહ્યો છે, ગ્રામીણ સંસ્કૃતિ, આદિવાસી સંસ્કૃતિનો હ્રાસ થઈ રહ્યો છે. એમ છતાં એ સંસ્કૃતિ સમૂળી નષ્ટ નથી થઈ. તેના અંશો ઠેરઠેર રહ્યા જ છે અને એ બાબત જ આશ્વાસક છે. આદિમ સંસ્કૃતિનો, વન્ય સંસ્કૃતિનો જો સમૂળો નાશ થશે તો તે પ્રાણીસૃષ્ટિ માટે ઘાતક પુરવાર થશે.

આ કાવ્યના કવિ જયંત પાઠક પંચમહાલ જિલ્લાના ગોઠ (રાજગડ)ના મૂળ વતની, અર્થાત્ આદિવાસી સંસ્કૃતિ સાથે તેમનો નાભિસંબંધ. શહેરમાં સ્થાયી થયા પણ જન્મ જ્યાં થયો, બાળપણ જ્યાં પસાર થયું એ પહાડી વગડાના વાતાવરણના થોડાક અંશો એમની પ્રકૃતિ સાથે ગૂંથાઈ ગયા. શહેરમાં સ્થાયી થવા છતાં તેઓ પેલા વન્ય વાતાવરણથી સંપૂર્ણપણે છૂટી નથી શક્યા. રહીરહીને તેમને તેનું આકર્ષણ થાય છે. પોતાના અસ્તિત્વના અમુક અંશો પહાડી પરિવેશ સાથે સંકળાયેલા છે. એવું કવિ અનુભવે છે. કંઈક આ ભાવ તેમણે આ ગીતમાં વૃક્ષના પ્રતીક દ્વારા વ્યંજિત કરવાનો પ્રયાસ કર્યો છે એમ લાગે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

1. બીજી કડીની પ્રથમ પંક્તિ કાવ્યનાયકના સ્વરૂપને પામવામાં કેવી રીતે ઉપકાર નીવડે છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. વૃક્ષ સૂરજનો રંગ અને માટીની ગંધ કેવી રીતે પીએ છે?

.......................................................................

.......................................................................

.......................................................................

3. વૃક્ષનું અર્ધું અંગ શાનું છે અને બાકીનું અર્ધું શાનું છે? એ દ્વારા કવિ શું સૂચવે છે?

.......................................................................

.......................................................................

.......................................................................

4. કાવ્યની અંતિમ બે પંક્તિઓમાં થયેલો અંધાર-ઉજાસ અને ધરતી-આકાશનો ઉલ્લેખ શું સૂચવે છે?

.......................................................................

.......................................................................

.......................................................................

## 15.6 વસ્તુલક્ષી કસોટી

નીચે વિભાગ 'ક'માં કેટલાક શબ્દસમૂહ આપવામાં આવ્યા છે અને વિભાગ 'ખ'માં તેની સાથે સંકળાયેલા શબ્દો આપવામાં આવ્યા છે. જે તે શબ્દસમૂહ સાથે સંગત શબ્દનો ક્રમ લખી યોગ્ય જોડકાં બનાવોઃ

| ક | | ખ | |
|---|---|---|---|
| 1. | પહાડોનાં હાડ | 1. | છાતી |
| 2. | નદીઓનાં નીર | 2. | મૂળ |
| 3. | બુલબુલનો માળો | 3. | પાંદડાં |
| 4. | આદિવાસીનું તીર | 4. | પિંડ |
| 5. | ઘાસ | 5. | નાડી |
| 6. | સૂરજનો રંગ | 6. | આંગળી |
| 7. | માટીની ગંધ | 7. | રોમ |

## 15.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

પ્રસ્તુત કાવ્યરચના ગીત હોવાથી લય, પ્રાસ વગેરે ગીતનાં તત્ત્વો એમાં વિનિયોજાયાં છે. ગીતનો લય જાળવવા માટે કવિએ કોઈકોઈ શબ્દમાં તોડમરોડ કરવી પડે છે. 'પહાડ'નું 'પ્હાડ' કરવું પડ્યું છે. 'નાની'નું 'નાનેરી'. કાવ્યમાં છંદ-લય સાચવવા કવિએ આવા ફેરફારો કરવા

પડે છે. પ્રથમ પંક્તિમાં (ધ્રુવપંક્તિમાં) બે વાર 'ડ' વર્ણ આવે છે તો દ્વિતીય પંક્તિમાં ચાર વાર. બીજી પંક્તિના પૂર્વાર્ધમાં  કવિને પહાડોની કઠોરતા ઉપસાવવી છે તેથી 'હ','ડ' જેવા કઠોર વ્યંજનોનો વિપુલ વિનિયોગ કરે છે, જ્યારે ઉત્તરાર્ધમાં નદીઓનાં નીરની ભીનાશ પ્રગટાવવી છે તેથી તેમાં છ વાર 'ન' વર્ણ પ્રયોજ્યો છે અને ચાર વાર 'ઈ' કાર. 'ન'નો સુંદર વર્ણાનુપ્રાસ નદીનાં નીર સતત વહી રહ્યા હોય એવો ભાવ જગાવે છે. જયંતનો આ સુભગ વર્ણાનુપ્રાસ કાવ્યરસિકોનો કવિ કાન્તના 'સાગર અને શશી'  'કામિની કોકિલા કેલિ કૂજન કરે'ના અનવદ્ય વર્ણાનુપ્રાસની યાદ અપાવે તેવો છે. કોઈ વ્યક્તિ પ્રયત્નપૂર્વક ગદ્યમાં પણ વર્ણાનુપ્રાસ સર્જી શકે જેમ કે, 'કાકાએ કાચના કબાટમાંથી કાચી કેરી કાઢી કાકીને કાપવા કહ્યું'માં પણ વર્ણાનુપ્રાસ તો છે પણ તે પ્રયત્નસાધ્ય છે અને કૃતક પણ, જ્યારે જયંતના આ ગીતમાં કે કાન્તના ગીતમાં આવતો વર્ણાનુપ્રાસ પ્રયત્નસાધ્ય હોય તોપણ સહજ લાગે છે, કાવ્યાત્મક લાગે છે.

'પ્હાડોનાં હાડ'નો યમક (શબ્દાનુપ્રાસ) પણ આસ્વાદ્ય છે. ગીતમાં અંત્યાનુપ્રાસ તો અનિવાર્ય જ હોય છે. પ્રથમ કડીમાં કવિએ 'નીર' સાથે 'તીર' પ્રાસ મેળવ્યો છે એ કેટલો બધો સાર્થક છે! બીજી કડીમાં 'મૂળ' સાથે 'કુળ'નો પ્રાસ તો એથીયે વધુ સમુચિત નથી! આ બંને શબ્દોને સાંકળતી એક કહેવત ગુજરાતી ભાષામાં છે એ તમે જાણો છો ને?

ઉપાડની ધ્રુવપંક્તિનો અંતિમ શબ્દ 'શ્વાસમાં' છે. પ્રથમ કડીના અંતે 'ઘાસમાં' સાથે તેનો પ્રાસ કવિએ મેળવ્યો છે. બીજી કડીમાં કવિએ અંતે બે પંક્તિઓમાં ધ્રુવપંક્તિનો પ્રાસ 'ઉજાસમાં' અને 'આકાશમાં' સાથે મેળવ્યો છે. પ્રથમ કડીમાં ઉપાડની પંક્તિ અંતે આવવાથી કુલ સાત પંક્તિઓ થઈ હતી. બીજી કડીમાં ધ્રુવપંક્તિ એક વાર જ આવે છે તેથી પંક્તિઓની સંખ્યા જાળવી રાખવા કવિએ બીજી કડીમાં 'શ્વાસમાં' સાથે પ્રાસ મેળવતી બે પંક્તિઓ પ્રયોજી છે. આ રીતે ગીતની બંને કડીઓની પંક્તિસંખ્યા સાત-સાતની થાય છે અને એ રીતે સમતોલન સિદ્ધ કર્યું છે. કાવ્યમાં શબ્દાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ, અંત્યાનુપ્રાસ વગેરે શબ્દાલંકારોની જેમ અર્થાલંકારો પણ ઉચિત રીતે વિનિયોજાયા છે. 'સૂરજનો રંગ મારાં પાંદડાં પીએ.....'નો સજીવારોપણ કવિનો પ્રકૃતિ પ્રત્યેનો અભિગમ દર્શાવે છે. કોઈને અહીં વિરોધાભાસ પણ જણાય. 'રોમ મારા ફરકે છે ઘાસમાં'ની ઉત્પ્રેક્ષા પણ આસ્વાદ્ય છે.

કવિએ કાવ્યમાં પંક્તિએ-પંક્તિએ રમણીય કલ્પનો વેર્યાં છે. એ કલ્પનોની મદદથી કવિએ વૃક્ષનું વિશિષ્ટ રૂપ ખડું કર્યું છે પરંતુ આપણે જોઈ ગયા તેમ આ વૃક્ષ પ્રાણીસૃષ્ટિનું પ્રતિનિધિ બને છે, પ્રતીક બને છે. વૃક્ષની આ ઉક્તિ વગડાથી, પ્રકૃતિથી દૂરદૂર શહેરમાં રહેતા મનુષ્યાદિ પ્રાણી માત્રની ઉક્તિ બની રહે છે.

**તમારી પ્રગતિ ચકાસો (ઘ):**

નીચેની પંક્તિઓના શબ્દાલંકાર અને અર્થાલંકાર શોધી તેનાં નામ બતાવો:

1. તું ગીત; સૂર તણી ચંચલ તારી ચાલ;

   ને હું મૃદંગ પરનો સમ વેળ તાલ!

   ..............................................................

..............................................................

2. પરિચયનું પ્રસન્ન સ્મિત મને સ્પર્શતું કોમલ...

..............................................................

..............................................................

3. હથેલી તો નાગરવેલ કેરા કોળેલ, કોઈ નવ પર્ણ જેવી

સ્પર્શી હતી શીતલ લાલિમા ભરી.

..............................................................

..............................................................

4. આ ધરિત્રી મેઘનાં આલિંગનોથી વિશ્લથ :

વિશ્વની એકાંત કુંજે એકલી જાણે રતિ!

..............................................................

..............................................................

5. તને જોઈ જોઈ તોય તું અજાણી (જાણે)
બીજને ઝરૂખડે ઝૂકી'તી પૂર્ણિમા ઝાઝેરો ઘૂમટો તાણી.

..............................................................

..............................................................

6. જેવું વિલંબિત લયે મૃદુ મંદ ગાન,

તેવું જ મારું સહજે ઉર સ્પંદમાન.

..............................................................

..............................................................

7. ધીરેધીરે અરવ પગલે ઊતરે અંધકાર.

..............................................................

..............................................................

8. રજનિ થકીયે કાળા તારા સુકોમલ કુંતલ.

..............................................................

..............................................................

9. આવ વસંત હસંત, સ્વયંવરા,

નવવધૂ સમ સોહત આ ધરા.

.................................................................

.................................................................

૧૦. આજની ઘડી, સ્મરણે જડી, જુગના જુગો જાણું!

ગાઈ લે તારું ગાણું!

.................................................................

.................................................................

૧૧. અરધ પોપચે પણ નહીં, ખૂલ્યાં હજુય તિમિરનાં નેણ;

અધર મૌનમાં હજુ નહીં ડૂબ્યાં મધુર તેજનાં વેણ.

.................................................................

.................................................................

12. વિજનતાના વાસ જેવો પૃથ્વીનો એ પટ હતો.

.................................................................

.................................................................

13. પ્રખર મધ્યાહ્‌ન જ્યારે હતો પાસમાં,

ત્યાહરે મેં લીધી સૃષ્ટિને શ્વાસમાં!

.................................................................

14. શાંતિ? સર્વત્ર શું સ્તબ્ધ શાંતિ હતી?

સૃષ્ટિને અંગ પ્રત્યંગ ક્લાંતિ હતી?

.................................................................

.................................................................

## 15.8 પુનરવલોકન

આપણે આ ગીતને બે વિભાગમાં વહેંચી તેનો સઘન અભ્યાસ કર્યો. હવે સમગ્ર કાવ્યને આવરી લેતા નીચેના પ્રશ્નોના ઉત્તર આપોઃ

**તમારી પ્રગતિ ચકાસો (ચ):**

1. ‘થોડો વગડાનો શ્વાસ મારા શ્વાસમાં’ એમ કોણ કહે છે? શા માટે?

   ......................................................................

   ......................................................................

   ......................................................................

2. કાવ્યનાયકનું કવિએ કેવું વર્ણન કર્યું છે? એ દ્વારા શું સૂચવાય છે?

   ......................................................................

   ......................................................................

   ......................................................................

3. આ ગીતનું પ્રતીક સ્પષ્ટ કરી કાવ્યનો ધ્વનિ સ્ફુટ કરો.

   ......................................................................

   ......................................................................

   ......................................................................

4. આ ગીતનું શીર્ષક સમજાવી એની યથાર્થતા ચર્ચો.

   ......................................................................

   ......................................................................

   ......................................................................

5. ‘થોડો વગડાનો શ્વાસ’ પ્રકૃતિ અને સંસ્કૃતિના સંબંધને સ્ફુટ કરતું કાવ્ય છે. ચર્ચો.

   ......................................................................

   ......................................................................

   ......................................................................

6. જયંત પાઠકની સર્જકતા આ કાવ્યમાં કઈ રીતે પ્રતીત થાય છે એ દર્શાવો.

   ......................................................................

   ......................................................................

   ......................................................................

## 15.9 લેખન-પ્રવૃત્તિ

**તમારી પ્રગતિ ચકાસો (છ):**

1. આ કાવ્યનો આસ્વાદ લગભગ પાંચસો શબ્દોમાં કરાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. જયંત પાઠકના અન્ય કોઈ પણ એક કાવ્યનો આસ્વાદ કરાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 15.10 વિશેષ અધ્યયન

### 15.10.1 કવિ-પરિચય

કવિ, અને સ્મરણલેખ જયંત હિંમતલાલ પાઠકનો જન્મ ગોઠ (રાજગઢ)માં તા. 20-10-2020 ના રોજ. 1939માં મૅટ્રિક થયા. સૂરતની એમ.ટી.બી. કૉલેજમાંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે 1943માં બી.એ. અને એ જ વિષયો સાથે 1945માં વડોદરા કૉલેજમાંથી એમ.એ. પાસ થયા. 1953થી નિવૃત્તિપર્યંત એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહ્યા. 1957માં એમને કુમારચંદ્રક, 1976માં નર્મદ સુવર્ણચંદ્રક તથા 1976માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા. 1982-83નું ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક અને 1974નો સોવિયેટ દેશ નેહરુ ઍવોર્ડ એમને અર્પણ થયાં. 1979માં એમના કાવ્યસંગ્રહ 'અનુનય' માટે એમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર મળ્યો. 1990-91નાં વર્ષો દરમ્યાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા.

જયંત પાઠક રાજેન્દ્ર-નિરંજન યુગના પણ પોતાની નિરાળી ચાલ ચાલનાર સમર્થ કવિ છે. 'મર્મર' (1954), 'સંકેત' (1960), 'વિસ્મય'(1963), 'અંતરિક્ષ' (1975), 'અનુનય' (1978), 'મૃગયા' (1983), 'શૂળી ઉપર સેજ' (1988) અને 'બે અક્ષર આનંદના' (1992) એમના કાવ્યસંગ્રહો છે. ઈયત્તા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ એમની કવિતા નોંધપાત્ર છે. પ્રેમ અને પ્રકૃતિ એમના મુખ્ય કવન વિષયો છે.

જયંત પાઠકે વતનનાં સંસ્મરણોને આલેખતી ગદ્યકૃતિઓ 'વનાંચલ' (1967) અને 'તરુરાગ' (1968) આપી છે. સર્જનની સાથે સાથે શ્રી પાઠકે સ્વસ્થ, સમતોલ અને વિવેકપૂર્ણ વિવેચન પણ કર્યું છે. એમણે પીએચ.ડી.ના અભ્યાસ નિમિત્તે લખેલ મહાનિબંધ 'આધુનિક કવિતાપ્રવાહ' (1965) નામે પ્રગટ થયો છે. 'આલોક' (1966) ને 'ભાવયિત્રી' એમના વિવેચનલેખોના સંગ્રહો છે. 'કાવ્યલોક' (1973)માં તેમણે કાવ્યાસ્વાદો આપ્યા છે.

### 15.10.2 સ્વરૂપ-પરિચય

જયંત પાઠકની આ રચના ગીત છે. ગીત ઊર્મિકાવ્ય (lyric)નો પેટાપ્રકાર છે. ગીતની ગંગોત્રી કવિતાના ઉદ્ભવ જેટલી જ પ્રાચીન અને અવિરત છે. ગીત મનુષ્ય જાતિની સાહજિક અને મૂલ્યવાન આત્મીય સંપત્તિ છે. ત્રિવિધ તત્ત્વોના રાસાયણિક સંયોગથી જન્મતું ગીત માનવહૃદયને સાહજિકતાથી સ્પર્શે અને રસાર્દ્ર કરે તે સ્વાભાવિક છે. કાવ્યત્વ, સંગીતત્વ અને ગીતત્વના સંયોગથી એનો સમુચિત સ્વરદેહ અને રસગર્ભ નિર્માણ પામતો આવે. રવીન્દ્રનાથનાં ગીતોમાં આ ત્રણે તત્ત્વોની કલાત્મક સહસ્થિતિ દૃષ્ટિગોચર થાય છે. ગુજરાતી સાહિત્યમાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત અને જયંત પાઠકનાં ગીતો પણ આવા કલાત્મક છે. જયંતનું આ ગીત એનું લાક્ષણિક દૃષ્ટાંત છે. ગીત જ્યાં ફાલ્યુંફૂલ્યું છે તે તો પ્રકૃતિના ઉછંગે. પ્રકૃતિનું ગાન વિશેષ કલામયતા સાથે છે. આધુનિક યુગમાં જયંતનો કવિ તરીકેનો વિશેષ જેટલો પ્રકૃતિ-કવિતામાં પ્રગટ્યો છે તેટલો બીજા કોઈ વિષયની કવિતામાં પ્રગટી શક્યો નથી.

### 15.10.3 વિશેષ વાચન

સુરેશ દલાલે જયંત પાઠકનાં કેટલાક ઉત્તમ કાવ્યોનો સંચય વિસ્તૃત પ્રસ્તાવના સાથે 'વગડાનો શ્વાસ' નામે પ્રગટ કર્યો છે. આદર્શ પ્રકાશને 'જયંત પાઠકનાં શ્રેષ્ઠ કાવ્યો' નામક સંચય પ્રગટ

કર્યો છે. તમારે એનો અભ્યાસ કરવો જોઈએ. પ્રસાદ બ્રહ્મભટ્ટે ‘સત્તર સાંપ્રત કવિઓ’માં જયંત પાઠકની કવિતા’ વિશે લખ્યું છે એ પણ વાંચવું જોઈએ. દક્ષા વ્યાસે ‘સૌન્દર્યદર્શી કવિઓ’માં પણ જયંત પાઠકની કવિતા વિશે લખ્યું છે. વળી જયંત પાઠકે ‘કાવ્યલોક’માં કેટલાંક કાવ્યોના આસ્વાદો કરાવ્યા છે એનો પણ તમારે અભ્યાસ કરવો જોઈએ.

- **ટિપ્પણ**

**વગડો** - પુ. (પ્રા. विगड (સં. विकट); સર. મ. काष्ठ) જંગલ, વેરાન કે ઉજ્જડ પ્રદેશ, રાન; **શ્વાસ** - પુ. (સં.) નાકથી વાયુ લેવો મૂકવો તે, દમ; વર્ણનો એક બાહ્ય પ્રયત્ન (વ્યા) (અવશેષ વર્ણને શ્વાસ પણ કહે છે.); **હાડ** -(દે. दह) હાડકું બાંધો, કાઠું, અ. (શ.પ્ર.માં) છેલ્લી હદે, છેક જ ઘણું જ; **પિંડ** - પુ. (સં.) ગોળો, પિતૃઓ નિમિત્તે લોટ કે ભાતનો વાળેલો ગોળો, શરીર; **નાડી**- સ્ત્રી. (સં.) **નાડ**; રગ (૨) નાની દોરી; **રોમ** - પુ., નં. (સં.) રુવાંટું; રૂવું, શરીર ઉપરના વાળ; **તમરું** ન. (સં) तिमिर – અંધારુ પરથી? રાતે તીણા અવાજથી બોલતું એક જીવડું; **કુળ** ન. (સં.) કુલ-કુટુંબ, વંશ ખાનદાની, કુલીનતા, ટોળું; જૂથ અસીલ (વકીલનો); **ઉજાસ** (શ) પુ. (हिं. सं. उदभास?) અજવાળું; પ્રકાશ, ઉજ્જવળતા, તેજ.

**એકમ ૧૬**

# વિદાય

**- પ્રહ્લાદ પારેખ**

રૂપરેખા

**16.1** ઉદ્દેશો
**16.2** પ્રસ્તાવના
**16.3** કૃતિ (ગીત)
**16.4** કૃતિનો સારાંશ
**16.5** કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન
**16.6** વસ્તુલક્ષી કસોટી
**16.7** ભાષાકીય સામગ્રીનો અભ્યાસ
**16.8** પુનરવલોકન
**16.9** લેખન-પ્રવૃત્તિ
**16.10** વિશેષ અધ્યયન
**16.10.1** કવિ-પરિચય
**16.10.2** સ્વરૂપ-પરિચય
**16.10.3** વિશેષ વાચન
• ટિપ્પણી

## 16.1 ઉદ્દેશો

આ ગીતના અભ્યાસ દ્વારા તમે -

- ગુજરાતી સાહિત્યની એક સૉનેટ-સ્વરૂપ કવિતાનો પરિચય કરી શકશો.
- માનવજીવનમાં વારંવાર બનતી 'વિદાય'ની ઘટનાનું નવું રૂપ જોઈ શકશો.
- રીસે ભરાઈને ચાલી જવા તૈયાર થયેલી નાયિકાને નાયક કશુંક કહી રહ્યો છે જે આ કાવ્યનું વસ્તુ છે તે સમજશો.
- નાયક પોતાની જાતે જ નાયિકાના માર્ગમાં પોતે નહીં આવે એવું કહે છે. તેમાં તેનું ઉદાર માનસ ઓળખશો.
- પોતાના પ્રિયજન પોતાને છોડીને ચાલ્યા જાય તેમ છતાં પ્રિયજનનું કેવળ સુખ જ ઝંખનાર સાચી પ્રીતિનું ઉત્કટતાથી આ કાવ્યમાં આલેખન થયું છે તે સમજશો.
- આ કાવ્યમાં વિદાય એવા નાયક-નાયિકા વચ્ચે થાય છે જે એકબીજા સાથે લગ્ન પહેલાં મનહૃદયથી અત્યંત નજીક આવી ગયાં છે.

## 16.2 પ્રસ્તાવના

'વિદાય' આ સૉનેટ કાવ્ય પ્રહ્લાદ પારેખના 'બારી બહાર' કાવ્યસંગ્રહમાંથી લીધું છે. કવિની કવિતામાં આત્મલક્ષી અંતર્મુખતાનું વલણ ધ્યાન ખેંચે છે. પ્રેમ, પ્રકૃતિ જેવાં સૂક્ષ્મ સંવેદનોને કવિ સરળ, વિશદ અને ઇન્દ્રિયગ્રાહ્ય બાનીમાં વ્યક્ત કરે છે. તેથી તેમની કવિતાને આંખ, કાન ને નાકની કવિતા કહી છે. હૃદયની લાગણીઓને શબ્દબદ્ધ કરતી વખતે તેઓ મૌન અને

મુખરતા બંનેનો મહિમા કરે છે.

આ સૉનેટમાં દીકરીને માને ત્યાંથી, વિદ્યાર્થીને સ્કૂલ કે કૉલેજમાંથી, ઑફિસના કર્મચારીને ઑફિસમાંથી, મૃત્યુંને કારણે આલોકમાંથી મળતી 'વિદાય' નથી. અહીં જે 'વિદાય' છે તે એક પુરુષે પોતાની સ્નેહીજન સ્રીને આપેલી વિદાય છે, જેમાં કાવ્યનાયકની નાયિકાના જવાથી શી માનસિક સ્થિતિ છે, તેનું નાયિકા પ્રત્યેનું વલણ કેવું છે, ભવિષ્યમાં એ તેના પ્રત્યે શું વલણ રાખશે વગેરે હકીકતો આ કાવ્યનું વિષયવસ્તુ છે.

## 16.3 કૃતિ

### વિદાય

કદી નહિ કહું, 'મને જ સ્મરણે સદા રાખજે,
અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે;
પરંતુ ગગનાંગણે, અવનિમાં અને સિંધુમાં,
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.'

પરસ્પર કરી કથા રજનિ ને દિનો ગાળિયાં,
અનેક જગતો રચી સ્વપનમાં, વળી ભાંગિયાં,
કઠોર થઈને કદીક તુજ આંસુ જોયાં કર્યાં,
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં.

મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજનિ ને દિન આપણાં,
રચે સ્વપ્ન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,
ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડ્યાં.

છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું.

**- પ્રહ્લાદ પારેખ ('બારી બહાર'માંથી)**

## 16.4 કૃતિનો સારાંશ

જેની સાથે ગાઢ પ્રીતિ બંધાઈ હતી, ઘણો સમય જેની સાથે પસાર કર્યો હતો, ઘણાં રિસામણાં-મનામણાં કર્યાં હતાં તે કાવ્યનાયિકા નાયક પાસેથી જઈ રહી છે. નાયક તેને વિદાય આપે છે. નાયિકાનું નાયક પાસેથી જવું એ ઘટના જ કાવ્યના કેન્દ્રમાં છે. નાયિકા ક્યાંય કશું પણ બોલતી દેખાડી નથી. માત્ર નાયક જ પોતાનો હૃદયભાવ પ્રગટ કરે છે. એ હૃદયભાવના પ્રાગટ્યમાં એ પોતાના નાયિકા સાથે પસાર કરેલા ભૂતકાળના દિવસોને યાદ કરે છે, એનું વિગતે વર્ણન કરે છે. પછી નાયિકા પ્રત્યે તેના નવા જીવન માટેની શુભકામના પ્રગટ કરે છે. નાયિકાના નૂતન જીવનમાં પોતે ક્યારેય આડો નહીં આવે એવું વચન આપે છે અને કદાચ ભૂલથી પણ નાયિકાને તેનું સ્મરણ થઈ જાય તો તે અત્યારથી તેની માફી માગી લે છે. આમ, એક ઉદાર, નિખાલસ ને પ્રેમાળ નાયકનું ચિત્ર આ કાવ્યમાં ઊપસે છે.

## 16.5 કૃતિનું ક્રિયાત્મક સઘન અધ્યયન

**ભૂમિકા**

આ કાવ્યનો વિષય આવો છેઃ નાયક અને નાયિકાના જીવ એકબીજા સાથે મળી ગયા છે.લગ્ન હજી થયાં નથી પણ બંનેએ વાતો કરતાં-કરતાં ને નિત્ય નવીન સ્વપ્નસૃષ્ટિનાં સર્જન-વિસર્જન કરતાં-કરતાં રાતોની રાત ને દિનના દિન પસાર કર્યા છે. બંને ક્યારેક રિસાયાં છે, તો ક્યારેક મનાયાં છે. ક્યારેક હઠે ચડ્યાં છે. તો ક્યારેક સરલ ભાવથી નમી પડ્યાં છે. પણ આજે કશીક વિશેષ ગંભીર વેળા આવીને ઊભી છે. નાયિકા ચાલી જવા તૈયાર થઈ છે. નાયક ગૌરવપૂર્વક આ આઘાત જીરવી લે છે ને કહે છે : હું તને કદી પણ એમ નહીં કહું કે હંમેશાં તું મારું જ સ્મરણ કર્યા કરજે, બીજું કશું ન જોતી કે બીજા કશાનો વિચાર ન કરતી અને અહોરાત્ર મારા માટે જ હિજરાયા જ કરજે. ના, હું તને એમ નહીં કહું. હું તો ઊલટું તને એમ કહીશ કે મારે ખાતર તારે જીવન હારી બેસવાની જરૂર નથી. આપણે છૂટાં પડીએ છીએ તે વાત ખરી, પણ દુનિયામાં એકલો હું જ છું એવું કંઈ ઓછું છે? આવડું મોટું ગગન, આવડી વિશાળ પૃથ્વી, આવડો અફાટ સાગર, આમાંથી ક્યાંક ને ક્યાંક તને મારા કરતાં ચડિયાતું કોઈ મળી પણ આવે, ને એવું થાય તો તું એનો સ્વીકાર કરી લેજે, હૃદયપૂર્વક ને આનંદભેરઃ ને મને ભૂલી જજે.

આપણો એ આનંદસહચાર કેવો સ્મરણસુભગ હતો?

આપણે એકબીજા સાથે વાતો કરી,વાતો કર્યે જ રાખી. કેટલી બધી રાતની રાત ને દિવસના દિવસ સુધી? આપણા સહજીવનનાં આપણી કોઈ નિરાળી દુનિયાને રચવાનાં કેટલાં બધાં સ્વપ્નો આપણે બંનેએ હોંશભેર સેવ્યાં? ને કેટલાં સ્વપ્નો ભાંગી પણ નાખ્યાં? આપણી પ્રીતિનો પંથ સદાકાળ સરળ ને સુતર જ ન હતો. ક્યારેક આપણે હઠીલાં બની જતાં ને ખોટી મમતમાં પણ પડતાં. ક્યારેક તું રડી પડતી મને મનાવવાને કે ઠપકો આપવાને માટે, પણ હું કઠોર બની તને જોયા કરતો ને તું આંસુ સાર્યા કરતી. તો ક્યારેક જાણ્યે-અજાણ્યે હું તારા હૈયાને નંદવી બેસતો, પછી મારાથી જ મારી એ નઠોરતાનો ભાર સહન ન થઈ શકતાં, તારી ગોદમાં મારું માથું છુપાવી દઈને હું હીબકાં ભરતો.

અખૂટ એ રસભરી આપણી એ વાતો, નિતાંત રમણીય સ્વપ્નોની સૃષ્ટિનાં સર્જન ને વિસર્જન, આપણાં અકારણ રિસામણાં-મનામણાં, આપણી હઠ એ જીવનનો અંત આવે છે આજે. તું જઈ રહી છે મને છોડી ને, હવે કદાચ કાયમને માટે, તો બીજું તો શું કહું તને? મને તો નથી લાગતું કે આપણે જે મધુર સહચાર આ જગતમાં માણ્યો છે તેવો આ પૃથ્વી પર ક્યાંય હોય. તેમ છતાં, પૃથ્વી વિશાળ છે ને કશાની અછત નથી અહીં. એટલે મને ભૂલાવે એવું કોઈ તને મળી પણ આવે. એવું બને તો તું આપણે ગાળેલા ને માણેલા સમયને ખુશીથી ભૂલી જજે ને એની સાથે આપણે રચી હતી તેના કરતાં ભવ્યતર સ્વપ્નસૃષ્ટિની રચના કરજે. મારા કરતાં ચઢિયાતો કોઈ સાથ તને મળે તો તું ભય કે આશંકા વિના એને સ્વીકારી લેજે. આજથી હું તો તારા માર્ગમાં ક્યાય આડો નહીં આવું ને તું પણ ભૂતકાળનો કશો બોજ મન પર રાખ્યા વિના તારી નવી સૃષ્ટિમાં લીન બની જજે. હું તારા માર્ગમાંથી ગમે તેટલો ખસી જઈશ કે તું મને ભૂલવાનો ગમે તેટલો પ્રયત્ન કરીશ તોય આપણો ભૂતકાળ એમ ભૂલ્યો ભૂલાય એવો ક્યાં છે? આપ ણે એકબીજાના જીવનમાં એવાં વણાઈ ગયાં છીએ કે આપણે એકબીજાને કાયમ માટે વીસરી જઈએ તે શક્ય જ નથી. અને તેથી તું બીજા કોઈ સાથી સાથે ભવ્યતર જગતનું સ્વપ્ન રચે ત્યાર

પછી પણ હું તને ક્યારેક યાદ આવી પણ જાઉં અને તને અસ્વસ્થ કરી મૂકવાનું અજાણતાં પણ નિમિત્ત બનું. આપણી પ્રીતિની પ્રગાઢતા જોતાં એ ન બને એવું નથી. એટલે મારાથી એ અપ રાધ અજાણતાં થઈ જાય તો તેં જે ઉદાર હૈયે એકલા મને તારી પ્રીતિને પાત્ર ગણ્યો ને મારા અસંખ્ય અળવીતરાંને સહન કરી લીધાં તે જ ઉદાર હૈયે તું મને ક્ષમા આપજે એટલું પહેલાંથી જ માંગી લઉં છું.

આમ, આ કાવ્યમાં નાયકના હૃદયનાં ધૃતિ અને પૌરુષ, સ્વમાન અને ગૌરવ, આત્મશ્રદ્ધા અને પ્રચ્છન્ન ખુમારી અને પોતાના પ્રિયજનનું કેવળ સુખ ઝંખનાર સાચી પ્રીતિની ઉત્કટતાનું આલેખન થયું છે.

**તમારી પ્રગતિ ચકાસો. (ક):**

## 16.6 વસ્તુલક્ષી કસોટી

**તમારી પ્રગતિ ચકાસો (ખ):**

નીચેનાં વાક્યો સાચાં છે કે ખોટાં તે આપેલ ખાનામાં (✓) કે (✗)ની નિશાની કરી જણાવો:

1. 'વિદાય' કાવ્યમાં નાયકની વિદાય આલેખાઈ છે. ☐
2. નાયક નાયિકા પર અધિકારભાવ જમાવવાનો પ્રયત્ન કરે છે. ☐
3. નાયક નાયિકાને હંમેશાં પોતાનું જ સ્મરણ કરવાનું કહે છે. ☐
4. નાયક-નાયિકાને અહોરાત્ર પોતાના માટે હિજરાયા કરવાનું કહે છે. ☐
5. નાયક-નાયિકાનો ભૂતકાળનો સહચાર આનંદસભર હતો. ☐
6. ભૂતકાળમાં નાયક-નાયિકા બંને ક્યારેક ખોટી મમતમાં હઠીલાં બની જતાં હતાં. ☐
7. ભૂતકાળમાં નાયક-નાયિકાએ તેમના સહજીવનનાં સ્વપ્ન સેવ્યાં હતાં. ☐
8. કાવ્યનાયક સ્વમાન વિનાનો ને પોતાના સ્વજનને દુઃખી કરનાર હતો. ☐

## 16.7 ભાષાકીય સામગ્રીનો અભ્યાસ

કાવ્યમાં કવિએ ઘણા સંસ્કૃત શબ્દોનો ઉપયોગ કર્યો છે. આ શબ્દો શોધી તેની યાદી કરો. એ શબ્દને બદલે બીજો ગુજરાતી શબ્દ વાપરવાથી સંસ્કૃત શબ્દ જેવી અસરકારકતા સિદ્ધ થઈ શકે તે તપાસો.

નમૂનાના સંસ્કૃત શબ્દો:

નયન, ગગન, રજનિ, અવનિ વગેરે.

## 16.8 પુનરવલોકન

1. કવિએ આપેલું 'વિદાય' શીર્ષક યોગ્ય છે? શા માટે? વિગતે ચર્ચા કરો.

   ..............................................................

   ..............................................................

   ..............................................................

2. નાયક નાયિકાના સ્મરણમાં ક્યારેક ભૂલથી પણ આવે ને તેને અસ્વસ્થ કરે તે માટે અગાઉથી ક્ષમા માગે છે. આ વસ્તુ નાયકના કયા વ્યક્તિત્વનો પરિચય કરાવે છે?

..............................................................

..............................................................

..............................................................

3. કાવ્યનાયક નાયિકાને શું કરવાનું કહે છે?

..............................................................

..............................................................

..............................................................

4. કાવ્યનાયકની અતિ નિખાલસતા એ તેની ઉદારતા છે? ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

5. 'છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,

ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું'.

પ્રસ્તુત પંક્તિ સમજાવો.

..............................................................

..............................................................

..............................................................

## 16.9 લેખન-પ્રવૃત્તિ

સ્ત્રી-પુરુષોના સંબંધ અટપટા છે. જેની સાથે લગ્ન થયેલ હોય તેની સાથે મનમેળ ન હોય ને મનમેળ હોય તેની સાથે લગ્નસંબંધ શક્ય ન હોય! એટલે ઘણાં સ્ત્રી-પુરુષોએ મનોમન ઘણાં પાત્રોને આવકાર અને વિદાય બંને આપ્યાં હશે. તમે જીવો છો એ જગતમાં આવી ઘણી ઘટનાઓના તમે સાક્ષી છો. કાવ્યરૂપ બની શકે એવી કોઈ ઘટનાનું સ્મરણ કરી તેને કલ્પનાનો ઢોળ ચઢાવી શબ્દબદ્ધ કરવાનો પ્રયત્ન કરો.

## 16.10 વિશેષ અધ્યયન

### 16.10.1 કવિ-પરિચય

ઈ.સ.૧૯૧૨માં જન્મેલા પ્રહ્લાદ પારેખ આપણા ગુજરાતી સાહિત્યના ઉત્તમ ગીતકવિ છે. રવીન્દ્રનાથ ટાગોરના સાંનિધ્યમાં શાંતિનિકેતનમાં તેમણે અભ્યાસ કર્યો હતો તેની પ્રેરણા તેમના કાવ્યસર્જનને મળી છે. પ્રકૃતિપ્રેમ અને માનવપ્રેમ તેમની કવિતાના મુખ્ય વિષયો છે.

તેમની કવિ તરીકેની સિદ્ધિમાં ગીતાનો ફાળો વિશેષ છે. તેમનાં ગીતોમાં ખાસ ધ્યાનાકર્ષક છે લયસમૃદ્ધિ અને ઇન્દ્રિયગ્રાહ્ય રજૂઆત. તેમની કવિતાનું બીજું લક્ષણ તે સૌંદર્યાભિમુખતા.

'બારી બહાર' તેમનો ગાંધીયુગની સાહિત્યધારાથી જુદો પડતો કાવ્યસંગ્રહ છે. 'સરવાણી' તેમનો બીજો કાવ્યસંગ્રહ છે.

### 16.10.2 સ્વરૂપ-પરિચય

ગુજરાતી કવિતામાં સૉનેટ વિદેશી કાવ્યપ્રકાર છે. ઈ.સ.૧૮૮૩માં પહેલું-વહેલું સૉનેટ રચાયું હતું. બળવંતરાય ઠાકોરે ગુજરાતીમાં સૉનેટ-સ્વરૂપને સ્થાયી કર્યું અને વધારે ખીલવ્યું. બહિરંગમાં આ કાવ્ય સ્વરૂપમાં ૧૪ પંક્તિની અનિવાર્યતા હોય છે. વસ્તુના ભરતી-ઓટની ક્રમયોજના ઉપસાવે તેવા પંક્તિખંડો ૪, ૪, ૪, ૨ અથવા ૮, ૬ મોટે ભાગે હોય છે.

ઈટાલીમાં ૧૬મી સદીમાં પેટ્રાર્કે જે સ્વરૂપ પ્રચલિત કર્યું તેની યોજના ૮, ૬ એમ બે પરિચ્છેદોમાં વહેંચાતી હતી. ઈંગ્લૅન્ડમાં ૩ ચતુષ્ક અને છેલ્લે બે પંક્તિઓ એ પ્રકારની યોજના શેક્સપિયરશાઈ સૉનેટ તરીકે જાણીતી બની.

અત્યારે તો ચૌદ પંક્તિનો સળંગ, તેર અને એક, સાડા બાર અને દોઢ એમ અનેક પ્રયોગો સૉનેટની પંક્તિસંખ્યામાં થયા છે. આપણે એને અનિયમિત સૉનેટ કહી શકીએ.

સૉનેટમાં આવશ્યક ત્રણ લક્ષણો - વસ્તુવૈશિષ્ટ્ય, ચૌદ પંક્તિની નિશ્ચિત સંખ્યા તેમ જ પાઠ્યવૃત્ત, સઘન વસ્તુવિચાર અને તેનો કાવ્યદેહમાં યોગ્ય પલટો.

સૉનેટમાં અક્ષરમેળ છંદો પર પસંદગી ઢળી છે. એમાં વધુમાં વધુ અગેય પૃથ્વી છંદ ઉપરાંત શિખરિણી, મંદાક્રાન્તા, હરિણી, વસંતતિલકા, ગુલબંકી, વગેરેમાં રચાયાં છે. બળવંતરાય ઠાકોરનું 'ભણકારા' સૉનેટ ૧૮૮૮માં મળ્યું. પછી, કાન્તે કેટલીક કલાત્મક રચનાઓ આપી છે. પછી નરસિંહરાવ, ન્હાનાલાલ, કાન્ત વગેરેમાંથી આગળ વધી ગાંધીયુગમાં રા. વિ. પાઠક, ઉમાશંકર, સુંદરમ્; અનુગાંધીયુગમાં રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, જયંત પાઠક, ઉશનસ્, બાલમુકુંદ દવે વગેરેએ સૉનેટને નવા કલાઘાટ આપ્યા છે. આજે પણ આ સ્વરૂપ વિકસતું રહ્યું છે.

### 16.10.3 વિશેષ વાચન

(૧) નીચેનાં કાવ્યો વાંચો

- વિદાય (નરસિંહરાવ દિવેટિયા )
- વીરની વિદાય ( ન્હાનાલાલ )

આ બંને કાવ્યોમાં વિદાય વિષય તરીકે આવે છે. તમે જે 'વિદાય' કાવ્યનો અભ્યાસ કર્યો તે વિદાય અને આ કાવ્યોમાં આવતી 'વિદાય'ની તુલના કરો.

(૨) તમે સૉનેટકાવ્યનો અભ્યાસ કર્યો. બીજા સૉનેટકાવ્યો વાંચો.

'છેલ્લું દર્શન' (રામનારાયણ), 'ભણકારા' (બ.ક. ઠાકોર) 'રહ્યાં વર્ષો તેમાં' (ઉમાશંકર જોશી), 'આધુનિક અરણ્ય' (નિરંજન ભગત ), 'વાતો' (પ્રહ્લાદ પારેખ).

• **ટિપ્પણ**

**નયન** આંખ; **અવર**- બીજું; **ગગન** - આકાશ; **અવનિ** - ધરતિ; **કથા** - અહીં વાતો (ગોષ્ઠિ)ના અર્થમાં છે; **ઉર** - હૃદય; **થાપજે** - સ્થાપવું; **કઠોર** - કઠણ, નિર્દય; **ગોદ** - ખોળો; **શીશ** - મસ્તક; **હીબકાં** - ડૂસકાં; **રજનિ** - રાત્રી; **વિપળ** - પળ-ક્ષણનો, સાઠમો ભાગ; **ઉદાર** - વિસતૃત, ખુલ્લા મનનું.

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**